न्यायविशारद महामहोपाध्यायश्रीमद्यशोविजयजीविरचित

# द्वात्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् ।

## द्वितीयो भागः
(५ थी ९ बत्रीशी)

પરિશીલન

પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

આર્થિક સહકાર

શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દેરાસર ટ્રસ્ટ
છાપરીયા શેરી, મહિધરપુરા, સુરત-૩.

न्यायविशारद महामहोपाध्यायश्रीमद्यशोविजयजीविरचित

# द्वात्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् ।

## द्वितीयो भागः [५ थी ९ बत्रीशी]

પરિશીલન

પૂ. પરમશાસનપ્રભાવક સ્વ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્ર સૂ.મ.સા.ના
પટ્ટાલંકાર પૂ.સ્વ.આ.ભ.શ્રી.વિ. મુક્તિચન્દ્ર સૂ.મ.સા.ના શિષ્યરત્ન
પૂ.આ.ભ.શ્રી.વિ. અમરગુપ્ત સૂ.મ.સા.ના શિષ્યરત્ન
પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

પ્રકાશક

અનેકાંત પ્રકાશન

આર્થિક સહકાર

શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દેરાસર ટ્રસ્ટ
છાપરીયા શેરી, મહિધરપુરા, સુરત-૩.

- पुस्तक : द्वात्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् - द्वितीयो भागः
- આવૃત્તિ : દ્વિતીય, વિ.સં. ૨૦૭૪, મહાસુદ-આઠમ, તા. ૨૫-૦૧-૨૦૧૮, ગુરૂવાર
- નકલ : ૭૫૦
- મૂલ્ય : રૂા.૧૨૪૦/-(સેટના : ભાગ-૧ થી ૬)

**પ્રાપ્તિસ્થાન**

**મુકુંદભાઈ રમણલાલ શાહ**
૨૦૧, નવરત્ન એપાર્ટમેન્ટ, અન્નપૂર્ણા હોલની સામે,
નવા વિકાસગૃહ માર્ગ, પાલડી, **અમદાવાદ**-૩૮૦ ૦૦૭.
મો. ૯૯૦૯૪ ૩૧૩૬૨

**મુનીશભાઈ એસ. વખારિયા**
સી/૫૩, સર્વોદયનગર,
પાંજરાપોળ રોડ, **મુંબઈ**-૪૦૦ ૦૦૪.
મો. ૯૩૨૨૨ ૨૨૯૮૦

**જતીનભાઈ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયા શેરી,
મહીધરપુરા, **સુરત**-૩૯૫ ૦૦૩.
મો. ૯૮૭૯૫ ૪૫૮૮૦

**તનીલ એ. વોરા**
૪/૭૪, કૃષ્ણકુંજ, જુના પુલગેટ પાસે,
૨૩૯૨/૯૩, જનરલથીમૈયા રોડ, **પૂના**-૪૧૧ ૦૦૧.
મો. ૯૮૨૩૦ ૨૯૮૮૦

: મુદ્રક :

*Tejas Printers*
F/5, Parijat Complex, Swaminarayan Mandir Road, Kalupur,
**AHMEDABAD**-380 001. • **(M) 98253 47620** • **PH. (O) (079) 22172271**

**સૂચના : આ પુસ્તક જ્ઞાનખાતાની રકમના ઉપયોગથી છપાયેલું હોવાથી તેની સંપૂર્ણ કિંમત અથવા યોગ્ય નકરો જ્ઞાનખાતામાં આપીને આ પુસ્તકનો ઉપયોગ કરવા શ્રાવકોને ભલામણ છે.**

# अथ भक्तिद्वात्रिंशिका प्रारभ्यते ।

जिनमहत्त्वज्ञानानन्तरं तत्र भक्तिरावश्यकीति सेयमिदानीं प्रतिपाद्यते–

શ્રી જિનેશ્વરદેવનું મહત્ત્વ, આ પૂર્વેની બત્રીશીમાં વર્ણવ્યું. પરમાત્માના મહત્ત્વનું એ રીતે જ્ઞાન થયા પછી તેઓશ્રીની પ્રત્યે ભક્તિ રાખવાનું આવશ્યક છે. તેથી હવે ભક્તિનું નિરૂપણ કરાય છે–

**श्रमणानामियं पूर्णा, सूत्रोक्ताचारपालनात् ।**
**द्रव्यस्तवाद् गृहस्थानां, देशतस्तद्विधिस्त्वयम् ॥५-१॥**

श्रमणानामिति–इयं भक्तिः ॥५-१॥

"આગમાદિ સૂત્રમાં જણાવેલા આચારોનું પાલન કરતા હોવાથી શ્રમણભગવંતોને આ પરમાત્મભક્તિ પૂર્ણ હોય છે. પરંતુ દ્રવ્યસ્તવના કારણે ગૃહસ્થોને તે ભક્તિ દેશથી(અંશતઃ) હોય છે. તેનો વિધિ સામાન્યથી આ પ્રમાણે (હવે પછી વર્ણવવામાં આવે છે તે પ્રમાણે) છે." - આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે શ્રી જિનમહત્ત્વ બત્રીશીમાં પરમાત્માનું મહત્ત્વ જણાવ્યું છે. એના જ્ઞાનથી બધાય કરતાં મહાન એવા પરમાત્માને વિશે ભક્તિ આવશ્યક છે. તેથી આ બત્રીશીમાં હવે પરમાત્મા પ્રત્યેની ભક્તિનું સ્વરૂપ દર્શાવાય છે. પરમાત્માના પરમતારક વચનની આરાધનાને 'ભક્તિ' કહેવાય છે. પરમતારક આગમાદિ સૂત્રોના પારમાર્થિક અધ્યયનથી શ્રી તીર્થંકરપરમાત્માનાં પરમતારક વચનોનું જ્ઞાન થાય છે. એ મુજબનું સર્વથા પાલન કરવાનું પૂજ્ય શ્રમણભગવંતો માટે જ શક્ય છે. સર્વસાવદ્યયોગથી વિરામ પામ્યા વિના શ્રી વીતરાગપરમાત્માના વચનાનુસાર આચારનું પાલન શક્ય જ નથી. પૂ. શ્રમણભગવંતો સર્વસાવદ્યયોગથી વિરામ પામેલા છે. ત્રિવિધે ત્રિવિધે પાપથી વિરામ પામેલા એ પૂ. શ્રમણભગવંતોને આગમાદિ સૂત્રમાં જણાવેલા આચારોનું પાલન શક્ય બને છે. તેથી તેઓશ્રીને જ આચારપાલન સ્વરૂપ ભક્તિ પૂર્ણપણે હોય છે.

ગૃહસ્થોને સર્વસાવદ્યયોગથી વિરામ પામવાની ઇચ્છા હોય તોપણ સર્વસાવદ્યયોગથી વિરામ પામવાનું તેમના માટે કોઇ પણ રીતે શક્ય બનતું નથી.

ગૃહસ્થસંબંધી વ્યવહારોના નિર્વાહ માટે તેમને આરંભાદિ કર્યા વિના ચાલે એમ નથી. તેથી તેઓ સર્વસાવદ્યયોગથી વિરામ પામવાની પ્રતિજ્ઞાને કરી શકતા નથી. આવા સંયોગોમાં ગૃહસ્થોને શ્રી વીતરાગપરમાત્માના વચનની આરાધના દેશથી જ શક્ય બનતી હોય છે. દ્રવ્યસ્તવને આશ્રયીને ગૃહસ્થોને પરમાત્માની ભક્તિ દેશથી હોય છે. સર્વસાવદ્ય (પાપયુક્ત) યોગથી ગૃહસ્થો વિરામ પામેલા ન હોવાથી તેમના માટે શ્રી તીર્થંકરપરમાત્માએ વિહિત કરેલાં પૂજાદિ (સાવદ્ય) અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ સ્વરૂપ છે. તેને લઈને ગૃહસ્થોને અંશતઃ પરમાત્મભક્તિ(પરમતારક વચનનું પાલન) હોય છે. દ્રવ્યસ્તવનો સામાન્ય વિધિ આ પ્રમાણે છે અર્થાત્ હવે પછીના શ્લોકોથી તે વિધિ વર્ણવાય છે. ।।૫-૧।।

દ્રવ્યસ્તવ પરમતારક શ્રી જિનાલય વિના સંભવિત ન હોવાથી શ્રી જિનાલયસંબંધી વિધિ બીજાથી નવમા શ્લોક સુધીના આઠ શ્લોકોથી વર્ણવાય છે–

**न्यायार्जितधनो धीरः, सदाचारः शुभाशयः ।**
**भवनं कारयेज्जैनं, गृही गुर्वादिसम्मतः ।।५-२।।**

न्यायेति–धीरो मतिमान् । गुर्वादिसम्मतः पितृपितामहराजामात्यप्रभृतीनां बहुमत ईदृग्गुणस्यैव जिनभवनकारणाधिकारित्वमिति भावः ।।५-२।।

"ન્યાયથી પ્રાપ્ત કર્યું છે ધન જેણે એવા બુદ્ધિમાન સદાચારી શુભાશયવાળા ગૃહસ્થે પિતા વગેરેની સંમતિને મેળવીને શ્રી જિનભવન કરાવવું જોઈએ" - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. એનો આશય સમજી શકાય છે કે પરમતારક શ્રી જિનાલયનું નિર્માણકાર્ય કરાવતી વખતે જે ધનનો ઉપયોગ કરવાનો છે; તે ધન ન્યાય અને નીતિથી પ્રાપ્ત કરેલું હોવું જોઈએ. અન્યાય કે અનીતિથી મેળવેલા ધનથી શ્રી જિનાલય બનાવવાનું ઉચિત નથી. આ અંગે વર્તમાનમાં ખૂબ જ ઉપેક્ષા સેવાય છે, જે આત્માના હિતને કરનારી નથી. ભવ્યાતિભવ્ય શ્રી જિનાલયના નિર્માણકાર્યમાં ન્યાયથી પ્રાપ્ત જ ધનનો ઉપયોગ કરવાનું ધ્યાન મોટા ભાગે રખાતું નથી. આવી પ્રવૃત્તિની યોગ્યતાનું સમર્થન કરવા અનેક જાતની દલીલો કરી શકાય છે. પરંતુ એવી દલીલો કરતાં પૂર્વે એ યાદ રાખવું જોઈએ કે શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચન સામેની એ દલીલો હશે.

શ્રી વીતરાગપરમાત્માનું વચન આદરણીય છે, પરંતુ નિરાકરણીય નથી. વચન સમજાય નહિ; તો એકવાર નહિ દસવાર પૂછી શકાય. અજ્ઞાનને દૂર કરવું અને આવકાર આપવામાંથી છટકી જવું - એ બેમાં જે ભેદ છે તે સમજી ન શકાય એવું નથી.

શ્રી જિનમંદિર બનાવરાવનાર ન્યાયથી પ્રાપ્ત કરેલા ધનવાળો હોવો જોઇએ. તેમ જ ધીર-બુદ્ધિમાન હોવો જોઇએ. અન્યથા વિધિ વગેરેનું જ્ઞાન ન હોય તો શ્રી જિનમંદિર; વિધિ-શિલ્પ વગેરેના જ્ઞાનપૂર્વક નહિ બને. આવા પરમતારક શાસ્ત્રશુદ્ધ શ્રી જિનાલયનું નિર્માણ કરનાર સદાચારી અને શુભ આશયવાળો હોવો જોઇએ. દુરાચારને સેવનાર અને દુષ્ટ આશયને ધરનાર આત્મા જો શ્રી જિનમંદિર બનાવરાવે તો તે લોકમાં આદરણીય નહિ બને. ભવથી નિસ્તારનારાં આલંબનો આપણા દુરાચારાદિને આચ્છાદિત કરાવનારાં ના બને એનો સતત ખ્યાલ રાખવો જોઇએ. પાપનો વિનાશ કરવા માટે ધર્મ છે, પાપને ઢાંકવા માટે ધર્મ નથી.

પરમતારક શ્રી જિનમંદિર બંધાવનારાએ પોતાના પૂ. પિતાશ્રી તેમ જ પૂ. પિતામહ વગેરે ગુરુ(વડીલ)જનોની અનુમતિપૂર્વક જ કાર્ય કરવું જોઇએ. "મારા પૈસા છે. હું કમાઉં છું. મારી ઈચ્છા અને શક્તિ મુજબ હું ગમે ત્યાં પૈસા વાપરું એમાં ગુરુજનોની અનુમતિ શા માટે લેવી ?"... ઈત્યાદિનો વિચાર કર્યા વિના આવું સુંદર લોકોત્તર કાર્ય પણ ગુરુજનોની અનુમતિપૂર્વક જ કરવું જોઇએ. અન્યથા સ્વચ્છંદપણે કરેલું કાર્ય લોકોત્તર ફળને આપનારું નહિ બને. શ્રી વીતરાગપરમાત્માનું શાસન આજ્ઞાપ્રધાન છે. સ્વચ્છંદપણે કરાતા અનુષ્ઠાનમાં એનો જ ઉચ્છેદ થાય તો તે અનુષ્ઠાન ધર્મસ્વરૂપે કઇ રીતે પરિણમશે ? ગૃહસ્થપણાના સ્વચ્છંદતાના સંસ્કાર આગળ જતા સર્વવિરતિની આરાધનામાં અવરોધ કરનારા બને છે. તેથી મુમુક્ષુ જનોએ ગૃહસ્થપણાથી જ સ્વચ્છંદતાનો ત્યાગ કરવા માટે પૂ. ગુરુજનોની આજ્ઞા પ્રમાણે જ કાર્ય કરવાનો આગ્રહ સેવવો જોઇએ. ॥૫-૨॥

શ્રી જિનાલયસંબંધી વિધિમાં શ્રી જિનાલય માટે જે ભૂમિ લેવી જોઇએ તે જણાવાય છે–

**तत्र शुद्धां महीमादौ, गृह्णीयाच्छास्त्रनीतितः ।**
**परोपतापरहितां, भविष्यद्भद्रसन्ततिम् ।।५-३।।**

तत्रेति–तत्र जिनभवनकारणे प्रक्रान्ते । शास्त्रनीतितो वास्तुविद्याधर्मशास्त्रोक्तन्यायानतिक्रमेण । परोपतापः प्रातिवेश्मिकादिखेदः ।।५-३।।

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે શ્રી જિનાલયના નિર્માણ માટે સૌથી પ્રથમ એવી ભૂમિ લેવી જોઇએ કે જે વાસ્તુશાસ્ત્ર કે ધર્મશાસ્ત્રમાં જણાવ્યા મુજબની હોય. વાસ્તુવિદ્યા વગેરે શાસ્ત્રોમાં જેનો નિષેધ કરાયો હોય તે જગ્યામાં શ્રી જિનાલય બંધાવવાનું ઉચિત નથી. આ રીતે શાસ્ત્રનીતિથી ગ્રહણ કરાયેલી ભૂમિ પણ; આજુબાજુમાં રહેતા એવા લોકોના ખેદનું નિમિત્ત ના બને એનું ધ્યાન રાખવું જોઇએ અને ભવિષ્યમાં એ ભૂમિ કલ્યાણોની પરંપરાને સર્જનારી બનવી જોઇએ.

કહેવાનું તાત્પર્ય એ છે કે શાસ્ત્રીય નીતિ મુજબ શુદ્ધ પૃથ્વી ઉપર નિર્માણ કરાયેલું શ્રી જિનમંદિર સ્થિર અને પવિત્ર બને છે. તેની પાસે રહેનારા પાડોશી તેમ જ તે જગ્યાના માલિક વગેરે સંબંધિત જનોને કોઇ પણ જાતનો ખેદ ન રહે : એ રીતે જગ્યા મેળવવી જોઇએ. અન્યથા શ્રી જિનમંદિરની સુરક્ષામાં અનેક મુશ્કેલીઓનો સંભવ રહેશે. તેમ જ ભવિષ્યમાં કલ્યાણની પરંપરાનું કારણ બની શકે એવી લક્ષણવતી ભૂમિ લેવી. અન્યથા ઉત્તરોત્તર સાનુબંધ કલ્યાણનો અવરોધ પ્રાપ્ત થશે. એકાંતે કલ્યાણને કરનારું કાર્ય પણ જેમ-તેમ તો ન જ કરાય ને ? આથી સમજી શકાય છે કે કલ્યાણના અર્થી જનોએ શાસ્ત્રનીતિને અનુસરી શુદ્ધ વગેરે ભૂમિમાં જ શ્રી જિનમંદિરનું નિર્માપન કરવું જોઇએ. અન્યથા તે વિવક્ષિત ફળને પ્રાપ્ત કરાવનારું નહિ બને. ।।૫-૩।।

પાડોશી વગેરેને ખેદ ન થાય એવી જગ્યામાં શ્રી જિનાલયનું નિર્માણકાર્ય કરવાનું પ્રયોજન જણાવાય છે–

**अप्रीति र्नैव कस्यापि, कार्या धर्मोद्यतेन वै ।**
**इत्थं शुभानुबन्धः स्यादत्रोदाहरणं प्रभुः ।।५-४।।**

अप्रीतिरिति–धर्मोद्यतस्य परपीडापरिहारप्रयत्नातिशयो मुख्यमङ्गम् । यथा तापसाप्रीतिपरिहारार्थं भगवतो वर्षास्वपि गमनमिति भावः ।।५-४।।

"ધર્મ કરવામાં પ્રયત્નશીલ આત્માએ કોઇને પણ અપ્રીતિ થાય એવું ન કરવું. આમ કરવાથી શુભ અનુબંધની પ્રાપ્તિ થાય છે. આ વિષયમાં ભગવાન ઉદાહરણ છે." - આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે ધર્મ કરવા માટે પ્રયત્નશીલ બનેલા આત્માએ બીજાને કોઇ પણ જાતની પીડા ન થાય એ માટે પ્રયત્નશીલ બનવું જોઇએ. બીજાને પીડા ન થાય એ માટે કરાતો પ્રયત્નાતિશય: ધર્મકર્તાને ધર્મની સિદ્ધિનું મુખ્ય અંગ બને છે. આ વિષયમાં ભગવાન શ્રી મહાવીર દૃષ્ટાંત સ્વરૂપ છે. ભગવાન શ્રી મહાવીરપરમાત્મા એકવાર વર્ષાઋતુમાં ચાતુર્માસ માટે તાપસના આશ્રમમાં રહ્યા હતા. એ આશ્રમના સ્વામીએ એક ઘાસની કુટિર, ભગવાનને રહેવા માટે આપી હતી. બહાર ઘાસ ન મળવાથી ગાયો એ કુટિરનું ઘાસ, રોકટોક વિના ખાતી હતી. તે વખતે આશ્રમના સ્વામી કુલપતિએ ભગવાનને પોતાની કુટિરની રક્ષા કરવા જણાવ્યું. આ પ્રમાણે પોતાના રહેવાથી તાપસને અપ્રીતિ થાય છે - એમ જાણીને તાપસની અપ્રીતિના પરિહાર માટે વર્ષાઋતુમાં પણ ભગવાન અન્યત્ર વિહાર કરી ગયા. આવી જ રીતે ધર્મની આરાધનામાં તત્પર બનેલા બીજા આત્માઓએ પણ પરની પીડાના પરિહાર માટે શક્તિ અનુસાર પૂરતો પ્રયત્ન કરવો જોઇએ.

શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શ્રી જિનાલયના નિર્માણ-કાર્ય જેવા મહત્ત્વના કાર્યમાં ખૂબ જ ઉપયોગ રાખી પ્રયત્નપૂર્વક બીજાને પીડા ન થાય એ રીતે વર્તવું જોઇએ. "ધર્મનું કામ છે; એકાંતે સારું છે; લોકો અજ્ઞાની છે; આપણે તેમને પીડા પહોંચાડવા માટે કરતા નથી; છતાંય એમને પીડા પહોંચતી હોય તો આપણે શું કરીએ ? એમ કાંઇ ધર્મનું કામ કરવાનું છોડી દેવાય ?"... ઇત્યાદિ વિચારણા કરી પરપીડાપરિહાર કરવાની ઉપેક્ષા નહિ સેવવી જોઇએ. પૂરતા પ્રમાણમાં ઉદારતા કેળવી લેવાય તો પરની પીડાનો પરિહાર કરવાનું શક્ય છે. ઓછા પૈસે ભવ્યાતિભવ્ય કામ કરવાની વૃત્તિ ઉપર થોડો કાબૂ મૂકી દેવાથી તે તે અનુષ્ઠાનોમાં પરપીડાનું વર્જન કરવાનું શક્ય બને છે. શ્રી વીતરાગપરમાત્માએ એવું તો કોઇ પણ અનુષ્ઠાન કરવાનું ફરમાવ્યું નથી કે જેમાં પરને પીડા પહોંચાડવી પડે. કામ નાનું થાય, બહુ આકર્ષક ન થાય તોપણ ચાલે પરંતુ બીજાને ખેદ થાય એવું તો તે ન જ કરવું જોઇએ. આમ કરવાથી શુભ

અનુબંધ પ્રાપ્ત થાય છે અને તેથી ઉત્તરોત્તર કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે. ||૫-૪||

જે ભૂમિ ઉપર શ્રી જિનમંદિર બંધાવવાનું છે, તેની પાસે રહેનારા લોકોની પીડાનો પરિહાર કરવાનું જણાવીને તેમનું સન્માન કરવાનું પણ જણાવાય છે–

**आसन्नोऽपि जनस्तत्र, मान्यो दानादिना यतः ।**
**इत्थं शुभाशयस्फात्या, बोधिवृद्धिः शरीरिणाम् ॥५-५॥**

आसन्नोऽपीति–आसन्नोऽपि तद्देशवर्ती स्वजनादिसम्बन्धरहितोऽपि । इत्थं भगवद्भक्तिप्रयुक्तौदार्ययोगात् ॥५-५॥

કહેવાનો આશય એ છે કે, જે જગ્યામાં શ્રી જિનાલય બંધાવવાનું છે, તે જગ્યા ગ્રહણ કરતી વખતે પરપીડાનો પરિહાર કરવાથી જેમ ધર્મસિદ્ધિ થાય છે અર્થાત્ પરપીડાનો પરિહાર ધર્મસિદ્ધિનું અંગ બને છે; તેમ બીજું પણ ધર્મસિદ્ધિનું અંગ બને છે; તે આ શ્લોકથી જણાવાય છે. "શ્રી જિનાલયની આસપાસ રહેનાર લોકોનું; દાન આપવા દ્વારા અને સત્કારાદિ કરવા દ્વારા બહુમાન કરવું. જેથી એ પ્રમાણે તે લોકોને શુભભાવની વૃદ્ધિ થવાથી સમ્યગ્દર્શનની વૃદ્ધિ થાય છે." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે. ભાવાર્થ સ્પષ્ટ છે કે પરમતારક શ્રી જિનાલયની આસપાસ રહેતા લોકો પોતાના સંબંધી ન હોય તોપણ તેમને ઉચિત દાનાદિ આપવા દ્વારા અનુકૂળ બનાવવા જોઇએ. કારણ કે આવી રીતે ભગવાન શ્રી જિનેશ્વરદેવની ભક્તિના કારણે કરેલા ઔદાર્યથી એ લોકોને શુભ ભાવની પ્રાપ્તિ થતી હોય છે. "જૈનોનો ધર્મ કેવો છે કે આપણા જેવાનું પણ આવું ઔચિત્ય કરાય છે." - આવા પ્રકારના શુભભાવની પ્રાપ્તિથી તેમને બોધિ-સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વગેરે થાય છે.

શાસ્ત્રકારપરમર્ષિઓએ જણાવ્યા મુજબ દરેક અનુષ્ઠાનો કરવામાં આવે તો તે ખરેખર જ પરમતારક શ્રી જિનશાસનની પ્રભાવનાનું કારણ બન્યા વિના નહિ રહે. આવી પ્રભાવના કરવા માટે ખૂબ જ ઉદારતા કેળવવી પડતી હોય છે. સર્વશ્રેષ્ઠ અનુષ્ઠાન સર્વશ્રેષ્ઠ ફલનું કારણ ન બને તો તે ઉદારતાપૂર્વક કરાયું નથી - તેમ માનવું પડે. અત્યારે શ્રી જિનાલયોનું જે રીતે નિર્માણ થઇ રહ્યું છે તે અંગે થોડી વિચારણા કરવાનું ખૂબ જ આવશ્યક બન્યું છે. સ્વદ્રવ્યથી શ્રી જિનાલયો

બંધાવવાની વાત ક્વચિત જ સંભળાય છે. તેથી ઉદારતાની વાત તો લગભગ વિસારે પડવા માંડી છે. દેવદ્રવ્યનો ઉપયોગ કરીને મોટાભાગનાં શ્રી જિનમંદિરો તૈયાર થાય છે. એમાં કેટલો અપવ્યય થાય છે તેનો વિચાર કરવાનું પણ લગભગ આવશ્યક જણાતું નથી. સુવિહિત પૂ. સાધુભગવંતો પાસેથી ઉચિત વિધિનું જ્ઞાન મેળવી ખૂબ જ ઉદારતાપૂર્વક શ્રી જિનાલયનું નિર્માણકાર્ય સ્વદ્રવ્યથી કરવું જોઈએ. જ્યાં સ્વદ્રવ્યથી પૂજા કરવાનું પણ શક્ય લાગતું ન હોય ત્યાં સ્વદ્રવ્યથી શ્રી જિનાલયના નિર્માણની વાત કરવાનું થોડું વિચિત્ર જ લાગશે. પરંતુ એમાં વાંક શાસ્ત્રકાર પરમર્ષિઓનો નથી, આપણી અનુદારતાનો છે. ।।૫-૫।।

આ રીતે શ્રી જિનાલયના નિર્માણના કાર્ય માટે ભૂમિસંબંધી વિધિ જણાવીને હવે તેની સામગ્રીસંબંધી વિધિ જણાવાય છે–

**इष्टकादि दलं चारु, दारु वा सारवन्नवम् ।**
**गवाद्यपीडया ग्राह्यं, मूल्यौचित्येन यत्नतः ।।५-६।।**

इष्टकादीति–आदिना पाषाणादिग्रहः । चारु गुणोपेतम् । दारु वा चारु । यत्नानीतं देवताद्युपवनादेः प्रगुणं च । सारवत् स्थिरं खदिरसारवत् । गवादीनामपीडा बहुभारारोपण-कृतपीडापरिहाररूपा तया । मूल्यौचित्येन ग्राह्यं तत्कारिवर्गतः । तद्ग्रहणं च पूर्णकल-शादिसुशकुनपूर्वं श्रेयः, सुशकुनश्च चित्तोत्साहानुग इति भावनीयम् ।।५-६।।

"સારી ઇંટ વગેરે અને મજબૂત સારવાળું લાકડું, બળદ વગેરેને પીડા ન થાય તે રીતે ઉચિત મૂલ્ય વડે શકુનાદિપૂર્વક લેવું." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે શ્રી જિનાલયના નિર્માણ માટે ઇંટ અને પાષાણ વગેરે સુંદર ગુણથી યુક્ત લેવા. લાકડું પણ સુંદર દેવતાદિથી અધિષ્ઠિત એવા ઉપવન કે વનાદિથી લાવેલું, સીધું અને ખદિરાદિ લાકડાની જેમ સારભૂત લેવું.

એ ઇંટ, પાષાણ કે લાકડા વગેરે લાવતી વખતે, તેને વહન કરનારા બળદ વગેરે ઉપર અધિક ભાર નાખવાથી અથવા તો વધારે પડતા ફેરા કરાવવાથી બળદ વગેરેને પીડા ન પહોંચે તેનો ખ્યાલ રાખવો. ઇંટ, પાષાણ વગેરે લેતી વખતે તેને બનાવનારા પાસેથી તે અંગે જે ઉચિત મૂલ્ય હોય તે આપીને તે સામગ્રી લેવી. "દેરાસર માટે જોઈએ છે. સારામાં સારી સામગ્રી આપશો અને વ્યાજબી ભાવ લેશો."... વગેરે કહીને તે તે સામગ્રી લેવી નહિ.

આ પ્રમાણે સામગ્રીનું ગ્રહણ પણ; સુંદર પાણીથી ભરેલા કળશ વગેરે શુભ શકુનો પૂર્વકનું હોય તો તે કલ્યાણનું કારણ બને છે. સુશકુનો ચિત્તના ઉત્સાહને અનુસરતાં હોય છે અર્થાત્ ચિત્તના ઉત્સાહને સૂચવનારાં એ સુશકુનો હોય છે. ચિત્તનો ઉત્સાહ અભ્યંતર શકુન છે અને પૂર્ણકળશાદિ બાહ્ય શુભશકુનો છે, જે અભ્યંતર શકુનને જણાવે છે. આ વિષયમાં ચૌદમી બત્રીશીમાં વર્ણવેલા ત્રિવિધ પ્રત્યયોનું પણ અનુસંધાન કરી લેવું જોઇએ. આશય એ છે કે આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય અને લિંગપ્રત્યય - આ ત્રણ પ્રત્યય છે. કરવા ધારેલાં અનુષ્ઠાનો ફલપ્રદ થશે કે નહિ આવી શંકાને દૂર કરવાનું કાર્ય પ્રત્યય કરે છે. આત્માને કરવાની ઇચ્છા હોય, આપણા એ ઇષ્ટને કરવાનું ગુરુભગવંત કહેતા હોય અને એ કરતી વખતે શુભશકુનો થતાં હોય ત્યારે આ રીતે ત્રણ પ્રત્યયથી કરાતું કાર્ય સિદ્ધ થતું હોય છે. આવી જ રીતે શ્રી જિનમંદિરના નિર્માણ પ્રસંગે ઇંટ, પાષાણ અને કાષ્ઠ વગેરે ગ્રહણ કરતી વખતે ત્રિવિધ પ્રત્યયને અનુસરવાનું આવશ્યક છે, જેથી વિના વિઘ્ને કાર્યની સિદ્ધિ અવશ્ય થશે. ॥૫-૬॥

શ્રી જિનાલયના નિર્માણ પ્રસંગે નોકરોની સાથે કઇ રીતે વર્તવું તે જણાવાય છે–

**भृतका अपि सन्तोष्याः, स्वयं प्रकृतिसाधवः ।**
**धर्मो भावेन न व्याजाद्, धर्ममित्रेषु तेषु तु ॥५-७॥**

भृतका इति–स्वयं प्रकृतिसाधव एव भृतका नियोज्याः । तेऽपि सन्तोष्याः । तेषामपि धर्मनिमित्तत्वेन धर्ममित्रत्वात्, तेषु वञ्चनविरहितभावेनैव धर्मोपपत्तेः ॥५-७॥

"સ્વભાવથી સરળ એવા નોકરોને પણ સંતોષવા. કારણ કે ધર્મ, ભાવથી થાય છે. તેથી ધર્મમાં સહાયક એવા તેમના વિશે છળ-પ્રપંચ કરવાથી ધર્મ ન થાય." - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. તેનું તાત્પર્ય એ છે કે શ્રી જિનાલયના નિર્માણકાર્ય માટે સ્વભાવથી જ પોતે સરળપરિણામી હોય એવા નોકરો વગેરે કાર્યકરોને રાખવા અને તેમને પણ યોગ્ય વેતન (પગાર) વગેરે આપીને સંતોષ આપવો જોઇએ. 'તમે પણ શ્રી જિનાલયના નિર્માણમાં સહાયક છો'... ઇત્યાદિ રીતે વચનોથી તેમને પ્રસન્ન કરવા. એ નોકર કે મજૂર છે, એમ વિચારવાને બદલે શ્રી જિનાલયના નિર્માણકાર્ય સ્વરૂપ ધર્મમાં કારણ હોવાથી

ખરી રીતે તેમને ધર્મમિત્ર માનવા જોઇએ. આવા ધર્મમિત્રોને વિશે કોઇ પણ જાતનું કપટ વગેરે કરવું નહિ. ગમે તે રીતે પૈસા ઓછા આપીને તેમની પાસેથી કામ વધારે લેવું; તેમને સમયસર પગાર આપવો નહિ અને આવશ્યક હોવા છતાં રજા ન આપવી... વગેરે દ્વારા તેમને ઠગવા નહિ. કારણ કે એવા વિશુદ્ધ ભાવથી જ ધર્મની ઉપપત્તિ થાય છે. અન્યથા ધર્મસંગત નહીં બને. ઉદારતાનો આશય ન હોય તો ઉપર જણાવ્યા મુજબ નોકર વગેરે કર્મકરોની પ્રત્યે ધર્મમિત્રનો ભાવ નહિ આવે. ॥૫-૭॥

શ્રી જિનાલયના નિર્માણના વિષયમાં ભૂમિ વગેરે બાહ્ય શુદ્ધિને આશ્રયીને વિધિ જણાવીને હવે આંતરિક ભાવના વિષયમાં વિધિ જણાવાય છે–

**स्वाशयश्च विधेयोऽत्रानिदानो जिनरागतः ।**
**अन्यारम्भपरित्यागाज्जलादियतनावता ॥५-८॥**

स्वाशयश्चेति–स्वाशयश्च शुभाशयश्च विधेयः । अत्र जिनभवनकृत्ये । अनेनालम्वनत्वाख्यविषयतया शुद्धिरभिहिता । अनिदानो निदानरहितः । जिनरागतो भगवद्भक्तेः । अनेनोद्देश्यत्वाख्यविषयतया शुद्धिरभिहिता । अन्येषां गृहादिसम्वन्धिनामारम्भाणां परित्यागात् । जलादीनां या यतना स्वकृतिसाध्यजीवपीडापरिहाररूपा तद्वता । अनेन साध्यत्वाख्यविषयतया शुद्धिरभिहिता ॥५-८॥

અન્ય (ગૃહાદિસંબંધી) આરંભના પરિત્યાગથી જલાદિની યતનાવંતે શ્રી જિનાલયના નિર્માણકાર્યના વિષયમાં ભગવાન શ્રી જિનેશ્વરદેવ પ્રત્યેની ભક્તિથી નિયાણાથી રહિત એવો શુભ આશય કરવો જોઇએ. (અર્થાત્ એવા શુભ આશયથી શ્રી જિનાલયનું નિર્માણકાર્ય કરવું જોઇએ.) - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે શ્રી જિનાલયના નિર્માણકાર્યમાં શુભ આશય કેળવવો જોઇએ. શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિના આશયથી જ એ કાર્ય કરવું જોઇએ. પોતાની કીર્તિ કે ખ્યાતિ વધે... વગેરે કોઇ પણ જાતના આ લોકસંબંધી કે પરલોકસંબંધી ફળની અપેક્ષાથી રહિત બની માત્ર તરવાના આશયથી શ્રી જિનાલયનું નિર્માણકાર્ય કરવું જોઇએ. તેમ જ ગૃહાદિસંબંધી અન્ય આરંભોનો

ત્યાગ કરીને જલાદિસંબંધી યતનાપૂર્વક શ્રી જિનમંદિર બંધાવવું જોઈએ. શક્ય પ્રયત્ને જલાદિ જીવોની પીડાનો પરિહાર કરવા સ્વરૂપ યતના છે. શ્રી જિનાલયનું અહીં નિર્માણ કરાય છે તેથી કૃતિનો વિષય મંદિર છે અને તેના વિષય શ્રી વીતરાગપરમાત્મા છે. આ રીતે આલંબનસ્વરૂપ વિષય શુદ્ધ છે. એ વિષયમાં રહેલી વિષયતા આલંબનતા નામવાળી છે. **स्वाशयश्चात्र विधेयः** આ પ્રમાણે કહેવાથી આલંબનતાખ્ય(નામવાળી)વિષયતાને લઈને શુદ્ધિનું વર્ણન કર્યું છે.

**अनिदानो जिनरागतः** આ પ્રમાણે કહેવાથી શ્રી જિનાલયની ઉદ્દેશ્યતાને લઈને શુદ્ધિનું વર્ણન કર્યું છે. શ્રી જિનાલયનો ઉદ્દેશ્ય આ લોક કે પરલોકસંબંધી કોઈ પણ જાતનું ફળ નથી. માત્ર પરમાત્માની ભક્તિના ઉદ્દેશથી જ શ્રી જિનાલય બંધાવાય છે. તેથી તે ઉદ્દેશ્યમાં રહેલી ઉદ્દેશ્યતાસ્વરૂપ વિષયતાને આશ્રયીને શુદ્ધિનું વર્ણન કર્યું છે.

શ્રી જિનાલયના નિર્માણકાર્યથી સાધ્ય વિરતિ હોવાથી તેને લઈને **अन्यारम्भपरित्यागा-ज्जलादियतनावता** - આ પ્રમાણે કહીને સાધ્યત્વાખ્યવિષયતાને આશ્રયીને શુદ્ધિ વર્ણવી છે. આરંભપરિત્યાગ અને યતના સાધ્ય છે. એમાં રહેલી સાધ્યત્વાખ્યવિષયતાને આશ્રયીને આશય-શુદ્ધિ **अन्यारम्भ**... ઇત્યાદિથી જણાય છે.

આલંબન, ઉદ્દેશ્ય અને સાધ્ય : આ ત્રણેય શ્રી જિનાલયના નિર્માણકાર્યમાં શુદ્ધ હોવાં જોઈએ. અન્યથા વિવક્ષિત ફળની પ્રાપ્તિ નહિ થાય. આ શ્લોકમાંનું '**अनिदान**' પદ ધ્યાનમાં રાખવાની ખૂબ જ આવશ્યકતા છે. પરમતારક શ્રી જિનાલયનું નિર્માણકાર્ય કરતી વખતે પણ આ લોક કે પરલોકસંબંધી કોઈ પણ ફળની આશંસા જો રાખવાની ન હોય તો શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલા પરમતારક ધર્મની આરાધના કરતી વખતે એવી આશંસા કઈ રીતે રાખી શકાય ? ॥૫-૮॥

આ રીતે આરંભનો ત્યાગ કરવાથી યતનાપૂર્વક પણ શ્રી જિનમંદિરના નિર્માણમાં આરંભ તો થાય છે અને તેથી પાપબંધ પણ થાય છે તો તે વિવક્ષિત ફળનું કારણ કઈ રીતે થાય - આ શંકાનું સમાધાન કરતાં જણાવાય છે–

**इत्थं चैषोऽधिकत्यागात्, सदारम्भः फलान्वितः ।**
**प्रत्यहं भाववृद्ध्यास्मै र्भावयज्ञः प्रकीर्तितः ॥५-९॥**

इत्थमिति–इत्थं च यतनावत्त्वे च । एष प्रकृत आरम्भः । अधिकत्यागान्निष्फलाधिकारम्भनिवृत्तेः । फलान्वितः श्रेयः-फलयुक्तः सदारम्भः । प्रत्यहं प्रतिदिवसम् । भाववृद्ध्या कृताकृतप्रत्युपेक्षणादिशुभाशयानुबन्धरूपया । आप्तैः साधुभिः । भावयज्ञो भावपूजारूपः प्रकीर्तितः । तदाह–"एतदिह भावयज्ञः" इति । न चैवं द्रव्यस्तवव्यपदेशानुपपत्तिः, द्रव्यभावयोरन्योऽन्यसमनुवेधेऽपि द्रव्यप्राधान्येन तदुपपादनादिति द्रष्टव्यम् ।।५-९।।

"આ પ્રમાણે યતના હોવાથી નિષ્ફળ એવા આરંભની નિવૃત્તિના કારણે આ શ્રી જિનાલયના નિર્માણનો આરંભ કલ્યાણનું કારણ બને છે. દરરોજ ભાવની વૃદ્ધિ થતી હોવાથી તે કાર્યને ભાવયજ્ઞ તરીકે વર્ણવ્યું છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. તેનો આશય એ છે કે - પૂર્વે જણાવ્યા મુજબની વિધિ અનુસારે શ્રી જિનાલયનું નિર્માણકાર્ય કરતી વખતે નિષ્ફળ (બિનજરૂરી) અન્ય આરંભનો ત્યાગ કરવાથી; જયણાથી યુક્ત જે આરંભ થાય છે; તે કલ્યાણકર ફળનું કારણ બને છે.

શ્રી જિનાલયના નિર્માણકાર્યના કાળમાં દરરોજ 'કેટલું કામ થયું, કેટલું કામ બાકી છે; એ બાકીનું કામ કેવી રીતે વિલંબ વિના પૂર્ણ કરવું...' ઇત્યાદિ શ્રી જિનમંદિરસંબંધી વિચારણામાં મગ્ન હોવાથી ભાવની વૃદ્ધિ થાય છે. આવા શુભ આશયના અનુબંધના કારણે આ સદારંભને (શ્રી જિનમંદિરના નિર્માણકાર્યને) આપ્ત-સાધુજનોએ ભાવયજ્ઞ અર્થાત્ ભાવપૂજા સ્વરૂપ વર્ણવ્યો છે. ષોડશકપ્રકરણના છઠ્ઠા ષોડશકની ચૌદમી ગાથામાં **एतदिह भावयज्ञः** આ પદોથી ઉપર જણાવ્યા મુજબ સદારંભને ભાવપૂજા-ભાવયજ્ઞ સ્વરૂપ વર્ણવ્યો છે.

'આ રીતે શ્રી જિનાલયના નિર્માણકાર્યને ભાવપૂજાસ્વરૂપ ભાવયજ્ઞરૂપે વર્ણવવામાં આવે તો તેને દ્રવ્યસ્તવ તરીકે વર્ણવવાનું ઉચિત નથી' - આ પ્રમાણે નહિ કહેવું જોઇએ; કારણ કે આ સદારંભમાં દ્રવ્ય અને ભાવમાં એકબીજાનો સારી રીતે અનુવેધ હોવા છતાં શ્રી જિનાલયના નિર્માણકાર્યમાં દ્રવ્યનું (ધનાદિ દ્રવ્યનું) પ્રાધાન્ય હોવાથી તે કાર્યને દ્રવ્યસ્તવ તરીકે ઉપપન્ન કર્યું છે, તેથી તેમાં કોઇ દોષ નથી. ઉપર જણાવ્યા મુજબ વિધિ અને શુદ્ધિપૂર્વક કરાયેલું આ શ્રી જિનાલયનું નિર્માણકાર્ય દ્રવ્યસ્તવ સ્વરૂપ હોવા છતાં શ્રી તીર્થંકર પરમાત્માની

પરમતારક આજ્ઞાની આરાધના સ્વરૂપ ભાવથી ગર્ભિત હોવાથી ભાવપૂજાસ્વરૂપ પણ છે. ।।૫-૯।।

શ્રી જિનાલયના નિર્માણ પછી જે કરવાનું છે તે જણાવાય છે–

**जिनगेहं विधायैवं, शुद्धमव्ययनीवि च ।**
**द्राक् तत्र कारयेद् बिम्बं, साधिष्ठनं हि वृद्धिमत् ।।५-१०।।**

जिनगेहमिति–अव्ययनीवि परिपालनसंवर्धनद्वाराऽहीयमानमूलधनम् ।।५-१०।।

"આ રીતે શુદ્ધ શ્રી જિનમંદિર અને અક્ષયનીવિને કરીને જેમ બને તેમ શીઘ્ર શ્રી જિનબિંબ કરાવવું. કારણ કે શ્રી જિનબિંબના અધિષ્ઠાનવાળું શ્રી જિનાલય વૃદ્ધિને પામે છે." - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે પૂર્વે જણાવેલા વિધિવિધાનથી શ્રી જિનાલયનું નિર્માણ કરીને પૂ. સાધુભગવંતોને સોંપી ના દેવું. 'આ તમને સોંપ્યું. જીર્ણ-શીર્ણ થાય તો તમે જ તેની સારસંભાળ રાખશો...' વગેરે કહીને શ્રી જિનાલયના સારસંભાળની જવાબદારી પૂ. સાધુભગવંતનો ઉપર નાંખવી નહિ પરંતુ અક્ષયનીવિનું નિર્માણ કરી ભવિષ્યમાં શ્રી જિનાલયની સુરક્ષા સરળતાથી થાય તેમ કરવું. શ્રી જિનાલયના જીર્ણોદ્ધારાદિ માટે સ્થાપન કરેલી મૂડી(મૂલધન)ને અક્ષયનીવિ કહેવાય છે. શક્ય પ્રયત્ને તેનો ઉપયોગ કર્યા વિના તેનું પરિપાલન અને સંવર્ધન કરવા પ્રયત્નશીલ બનવું જોઇએ. જેથી ભવિષ્યમાં કોઇ વાર વિષમસ્થિતિમાં શ્રી જિનાલયની સારસંભાળ સારી રીતે કરી શકાય. આ રીતે શ્રી જિનમંદિરોનું નિર્માણકાર્ય કરાય તો શ્રી જિનાલયોના જીર્ણોદ્ધારાદિનાં કાર્યો વ્યવસ્થિત થાય. આ વિષયમાં વર્તમાન કાર્યપદ્ધતિનો નવેસરથી વિચાર કરવાની આવશ્યકતા છે. શ્રી જિનાલયનું નિર્માણ, તેનો જીર્ણોદ્ધાર, તેની સારસંભાળ અને તેનો વહીવટ તેમ જ આ બધામાં પૂ. સાધુભગવંતોનો પુરુષાર્થ... વગેરે બાબતો ફરીથી વિચારણા માંગે છે. આ શ્લોકમાં જણાવ્યા મુજબ આપત્કાલમાં જેનો ઉપયોગ કરવાનો છે એવાં દ્રવ્યોથી નૂતન મંદિરોનું નિર્માણ થઇ રહ્યું છે - એ કેટલા અંશે ઉચિત છે, તે વિચારવું જોઇએ.

શ્રી વીતરાગપરમાત્માનું મંદિર પૂર્ણ થયે છતે તુરત જ શ્રી જિનબિંબ ભરાવીને શ્રી જિનાલયમાં પ્રતિષ્ઠિત કરવું જોઇએ. કારણ કે શ્રી જિનબિંબથી અધિષ્ઠિત થયેલું એ મંદિર વૃદ્ધિવાળું બને છે. ।।૫-૧૦।।

શ્રી વીતરાગપરમાત્માના પરમતારક બિંબના નિર્માણને આશ્રયીને વિધિ જણાવાય છે–

**विभवोचितमूल्येन, कर्तुः पूजापुरस्सरम् ।**
**देयं तदनघस्यैव, यथा चित्तं न नश्यति ।।५-११।।**

विभवेति–पूजा भोजनपत्रपुष्पफलादिना । अनघस्याव्यसनस्य । एवकारेण स्त्रीमद्यद्यूतादिव्यसनिनो निषेधः । यथा येन प्रकारेण । चित्तं न नश्यति कारयितृ-वैज्ञानिकयोः कालुष्यलक्षणश्चित्तनाशो न भवति । प्रतिषिद्धो ह्येष धर्मप्रक्रमेऽमङ्गल-रूपस्तत्त्वज्ञैरिति ।।५-११।।

"પોતાની સંપત્તિને અનુરૂપ મૂલ્ય આપવા વડે; (શ્રી જિનબિંબના કર્ત્તા શિલ્પીની) ભોજનપાનપુષ્પાદિથી પૂજા કરવા પૂર્વક; જે રીતે બંન્નેના ચિત્તનો નાશ ન થાય તે રીતે જુગારાદિ વ્યસનથી રહિત એવા શિલ્પીને શ્રી જિનબિંબ ઘડાવવા (ભરાવવા) આપવું." - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો સામાન્ય અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ વિધિપૂર્વક નિર્માણ પામેલા શ્રી જિનાલયમાં બિરાજમાન કરવા માટે શ્રી જિનબિંબ ભરાવવું જોઇએ. જે શિલ્પીને આ કાર્ય સોંપવાનું છે; તે કાર્ય અંગે પોતાની સંપત્તિ પ્રમાણે ઉચિત મૂલ્ય આપવું જોઇએ. કોઇ પણ જાતની કૃપણતા કર્યા વિના ઉદારતાપૂર્વક આ કાર્ય કરવું જોઇએ. આ કાર્ય કરનાર શિલ્પીને કાર્ય સોંપતાં પૂર્વે; ભોજન કરાવવું, પાનનું બીડું આપવું, પુષ્પ અર્પણ કરવાં અને શ્રીફળાદિ આપવાં... વગેરે રીતે તેની પૂજા કરવી. પ્રતિમાજી ભરાવવા માટે શિલ્પી એવો પસંદ કરવો કે જે સ્ત્રી-મદિરા અને જુગાર વગેરેનો વ્યસની ન હોય. અન્યથા વ્યસનવાળા શિલ્પીને પ્રતિમાજી ઘડવાનું કાર્ય સોંપવામાં આવે તો કાલાંતરે પ્રતિમાજી ભરાવનારને પશ્ચાત્તાપ (આને ક્યાં કામ આપ્યું, ન આપ્યું હોત તો સારું થાત... ઇત્યાદિ રીતે પશ્ચાત્તાપ) થશે અને શિલ્પી-વૈજ્ઞાનિકને ઠપકો સાંભળવાનો પ્રસંગ આવશે. તેથી વ્યસનથી રહિત જ શિલ્પીને; કરનાર વૈજ્ઞાનિક અને કરાવનાર ગૃહસ્થ બંનેના ચિત્તનો અનુક્રમે ઉપાલંભ (ઠપકો) અને અનુશય (પશ્ચાત્તાપ) દ્વારા વિનાશ ન થાય એ રીતે પ્રતિમાજી ભરાવવાનું કામ આપવું જોઇએ. તત્ત્વના

જાણકારોએ ધર્મકાર્ય પ્રારંભે અમંગલસ્વરૂપ એવા આ ચિત્તવિનાશનો નિષેધ કર્યો છે. તેથી પ્રતિમાજી ભરાવવા સ્વરૂપ પરમમંગલકાર્યમાં ચિત્તનો વિનાશ ન થાય - એનું ચોક્કસ ધ્યાન રાખવું જોઇએ. શિલ્પી, મહેતાજી, કાર્યકર્તા વગેરે પૈસા લઇ ગયા... વગેરે પ્રકારની અનેક ફરિયાદો આજે સાંભળવા મળે છે. માટે આ વિષયમાં ચોક્કસ ખાતરી કરીને જ કાર્ય સોંપવું જોઇએ. અન્યથા સંક્લિષ્ટ ચિત્ત બન્યા વિના નહિ રહે. સંક્લિષ્ટ કાર્યો સ્વ-પરના હિતને કરનારાં નહીં થાય : એ યાદ રાખવું જોઇએ. ॥૫-૧૧॥

ઉપર જણાવ્યા મુજબ બિંબ ભરાવનાર અને શિલ્પી : એ બંનેના ચિત્તનો નાશ ન થાય એ માટે નિર્વ્યસનીને જ તે કાર્ય કરવા માટે આપવું જોઇએ. તેથી બંનેના સંબંધમાં કોઇ પણ જાતની વિકલતા પ્રાપ્ત થતી નથી. થોડો પણ ચિત્તનો ભેદ ફળની હાનિને કરે છે. તેથી બંનેના સંબંધમાં કોઇ પણ પ્રકારની વિકલતા ન જ આવવી જોઇએ. આથી સમજી શકાશે કે શ્રી જિનબિંબના નિર્માણકાર્યમાં ભાવનું જ પ્રાધાન્ય છે. એ ભાવનું પ્રાધાન્ય જણાવાય છે–

**यावन्तश्चित्तसन्तोषास्तदा बिम्बसमुद्भवाः ।**
**तत्कारणानि तावन्तीत्युत्साह उचितो महान् ॥५-१२॥**

यावन्त इति–तदा बिम्बकारणे । तावन्ति तावद्बिम्बकारणसाध्यफलोदयात् ॥५-१२॥

"શ્રી જિનબિંબ કરાવતી વખતે; બિંબના કારણે ઉત્પન્ન થયેલા જેટલા ચિત્તના સંતુષ્ટ પરિણામો છે તે બધા જ બિંબના નિર્માણકાર્યનાં કારણ છે. તેથી ઉચિત ઉત્સાહ મહાન છે." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો ભાવ એ છે કે ઉપર જણાવ્યા મુજબ વિધિપૂર્વક શ્રી જિનબિંબ ભરાવવાથી બંન્નેના ચિત્તનો નાશ થતો નથી. જેમ જેમ બિંબ ભરાવવાનું કાર્ય આગળ આગળ ચાલવા માંડે છે તેમ તેમ બિંબ ભરાવનારને ચિત્તમાં સંતોષ (પ્રીતિવિશેષ) ઉત્પન્ન થાય છે. એ બધા જ ચિત્તપરિણામો બિંબની નિર્મિતિમાં કારણ બને છે. કારણ કે તાત્ત્વિક રીતે તે પરિણામોથી જ બિંબ ભરાવવાના કાર્યની સમાપ્તિ થાય છે. બિંબ કરાવવા સ્વરૂપ સાધ્ય-ફળની પ્રાપ્તિ, એ ચિત્તના સંતોષોથી થાય છે. ભાવને અનુરૂપ ફળ પ્રાપ્ત થતું હોવાથી અહીં પ્રીતિવિશેષ સાનુબંધ (ઉત્તરોત્તર વૃદ્ધિમત્) કરવો

જોઇએ. જે ઉત્સાહથી કાર્યનો આરંભ કર્યો હતો તેની અપેક્ષાએ કાર્યની સમાપ્તિ સુધી એ ઉત્સાહ વધતો રહેવો જોઇએ. 'કામ શરૂ કર્યું છે તો હવે પતાવો'... ઇત્યાદિ રીતે ઉત્સાહભંગ થવો ના જોઇએ. અન્યથા બિંબનિર્માણાદિ કાર્યમાં ભલીવાર નહિ રહે. આથી સમજી શકાશે કે કાર્યની સિદ્ધિમાં ઉચિત ઉત્સાહ (ચિત્તના સંતોષાત્મક પરિણામ)નું પ્રાધાન્ય છે. ઔદાર્ય અને ધૈર્ય વગેરે ગુણો ન હોય તો ચિત્તનો ઉત્સાહ જાળવવાનું ખૂબ જ કઠિન છે. લોકોત્તર અનુષ્ઠાનો તાત્ત્વિક રીતે ઉત્સાહને લઇને પરમનિર્જરાનાં કારણ બને છે. ।।૫-૧૨।।

ચિત્તનો વિનાશ નહિ કરવાનું જણાવવા પાછળ જે આશય છે, તેને સ્પષ્ટ કરાય છે–

**तत्कर्त्तरि च याऽप्रीतिस्तत्त्वतः सा जिने स्मृता ।**
**पूर्या दौर्हृदभेदास्तज्जिनावस्थात्रयाश्रयाः ।।५-१३।।**

तत्कर्तरि चेति–तत्कर्तरि च बिम्बनिर्मातरि च । याऽप्रीतिः सा तत्त्वतः फलतो जिने स्मृता । तदालम्बनकाया अपि तस्या जिनोद्देशकत्वात् । सा च सर्वापायहेतुरिति तत्परिहारे यत्नो विधेयः । तदाह–"अप्रीतिरपि च तस्मिन् भगवति परमार्थनीतितो ज्ञेया । सर्वापायनिमित्तं ह्येषा पापा न कर्तव्या ।।१।।" तदप्रीतेः सर्वथा परिहार्यत्वात् । दौर्हृदभेदाः शिल्पिगता बालकुमारयुवलक्षणावस्थात्रयगामिनो मनोरथाः । तदवस्थात्रयमनादृत्य जिनावस्थात्रयाश्रयाः प्रतिमागतावस्थात्रयोद्भावनेन मनसोत्थापिताः सन्तः पूरणीयाः क्रीडनकाद्युपढौकनादिना । इत्थमेव भगवद्भक्तिप्रकर्षोपपत्तेः । यदाह–"अधिकगुणस्थैर्नियमात् कारयितव्यं स्वदौर्हृदैर्युक्तम् । न्यायार्जितवित्तेन तु जिनबिम्बं भावशुद्धेन ।।१।।" अत्रावस्थात्रयगामिनो बुधैर्दौर्हृदाः समाख्याताः । बालाद्याश्चैत्ता यत्तत् क्रीडनकादिदेयमिति ।।५-१३।।

"શ્રી જિનબિંબના કર્ત્તા(નિર્માતા) શિલ્પીને વિશે જે અપ્રીતિ છે; તે વાસ્તવિક રીતે શ્રી જિનેશ્વરદેવસંબંધી જ જાણવી અર્થાત્ એવી અપ્રીતિના પરિહાર માટે પ્રયત્ન કરવો જોઇએ. તેમ જ શિલ્પીને તેની ત્રણ અવસ્થાને લઇને ઉત્પન્ન થયેલા મનોરથો ખરેખર તો શ્રી જિનની જ અવસ્થાત્રયને લઇને તે મનોરથો છે - એમ માનીને પૂર્ણ કરવા જોઇએ." - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો ભાવ એ છે કે - શ્રી વીતરાગપરમાત્માના પરમતારક બિંબને કરનાર શિલ્પીને વિશે કોઇ પણ કારણસર અપ્રીતિ થાય તો તે દેખીતી રીતે શિલ્પીના કારણે થયેલી દેખાતી હોવા છતાં ખરી રીતે તો તે પરમાત્માને ઉદ્દેશીને જ થયેલી માનવી જોઇએ. એ અપ્રીતિ સર્વ અપાયોનું કારણ હોવાથી તેને દૂર કરવા માટે પ્રયત્ન કરવો જોઇએ. શ્રી ષોડશકપ્રકરણમાં (૭-૭) એના અનુસંધાનમાં જણાવ્યું છે કે - "શિલ્પીને વિશે કરાયેલી અપ્રીતિ પણ પરમાર્થથી ભગવાન શ્રી જિનેશ્વરદેવને વિશે જાણવી. આ અપ્રીતિ સર્વ અપાયનું નિમિત્ત છે. તેથી પાપસ્વરૂપ આ અપ્રીતિ કરવી નહિ." તેથી શિલ્પીને વિશે થતી અપ્રીતિ સર્વથા પરિહાર(ત્યાગ) કરવા યોગ્ય છે. 'શિલ્પી પ્રત્યે અપ્રીતિ તો કરવી જ નહિ' - એ પ્રમાણે જણાવી ઉત્તરાર્દ્ધથી તેને પ્રીતિ થાય એ પ્રમાણે કરવાનું જણાવ્યું છે.

એનો આશય એ છે કે પ્રતિમાજીનું નિર્માણકાર્ય કરતી વખતે શિલ્પીને જે જે વિશિષ્ટ મનોરથો થાય તે તે મનોરથો વિના વિલંબે પૂર્ણ કરવા જોઇએ. સામાન્યથી પ્રતિમાજીનો નિર્માતા શિલ્પી બાલ, કુમાર અને યુવાન હોય છે. તેને પોતાની અવસ્થાનુસાર રમકડાથી રમવાની, મિત્રોની સાથે હરવા-ફરવાની અને ભોજનવિશેષ... વગેરેની ઇચ્છા થાય - એ બનવાજોગ છે. એ ઇચ્છાઓને તુરત જ પૂરી કરી દેવાનું ખાસ ધ્યાન રાખવું. એ વખતે બાલાદિ અવસ્થા શિલ્પીની છે - એમ માન્યા વિના પરમાત્માની જ એ ત્રણ અવસ્થા સમજીને પરમાત્માની જ ઇચ્છાને આપણે પૂર્ણ કરી રહ્યા છીએ - એમ સમજવું. એ અવસ્થાત્રયનું પ્રતિમાજીમાં ઉદ્ભાવન કરી મનમાં ઉત્પન્ન થયેલા એ શિલ્પીના મનોરથો; રમકડાં વગેરે આપવા વડે વિલંબ વિના પૂર્ણ કરવા જોઇએ. અન્યથા શિલ્પીની તે તે ઇચ્છાઓ પૂર્ણ નહિ થવાના કારણે તેને અપ્રસન્નતા પ્રાપ્ત થશે. જેથી પરિણામે પ્રતિમાજી ભરાવવાનું કાર્ય બગડશે. તેથી શિલ્પીના મનોરથો શિલ્પીના નથી, પરંતુ શ્રી જિનેશ્વરદેવની અવસ્થાત્રયને (બાલ-કુમાર-યુવાનાવસ્થાત્રયને) આશ્રયીને પ્રતિમાજીમાં ઉદ્ભાવન કરાયેલી અવસ્થાત્રયના જ એ મનોરથો છે - એમ માનીને તે પૂર્ણ કરવા જોઇએ. આ રીતે કરવાથી જ ભગવાન પ્રત્યેની ભક્તિનો પ્રકર્ષ સંગત થાય છે.

એ પ્રમાણે શ્રી ષોડશકપ્રકરણમાં કહ્યું પણ છે કે - 'અધિક ગુણવાળા એવા પરમાત્માસંબંધી શિલ્પીને પોતાને થયેલા જે મનોરથો છે; તેનાથી યુક્ત એટલે

કે તેને પૂરા કરવા દ્વારા ચોક્કસપણે ન્યાયથી પ્રાપ્ત થયેલા ધનથી નિર્મળ અંતઃકરણે શ્રી જિનબિંબ કરાવવું જોઇએ. (૭-૮) અહીં શ્રી જિનબિંબ કરાવવાના પ્રસંગે બાલાદિ અવસ્થાત્રણને અનુસરનારા મનોરથો વિદ્વાનોએ કહ્યા છે. શિલ્પીના ચિત્તમાં ઉદ્ભવેલા એ બાલાદિ અવસ્થાનુરૂપ મનોરથો હોય; તેથી તે ઇચ્છાઓની પૂર્તિ માટે રમકડાં વગેરે આપવાં જોઇએ.' (૭-૯)

આ રીતે ઉપયોગપૂર્વક શિલ્પીની તે તે ઇચ્છાઓને પૂર્ણ કરવાથી ચોક્કસ જ કાર્યની સિદ્ધિ થાય છે. ચાલુ વ્યવહારમાં પણ જેમની પાસેથી કામ લેવાનું છે; તે કાર્યકરોની તે તે જરૂરિયાત અંગે ખૂબ જ ઉપયોગપૂર્વક ધ્યાન આપીએ અને તેઓને તે અંગે કહેવાની જરૂર જ ન પડે તો તે કાર્યકરો આપણું કામ સત્ત્વર અને સરસ કરી આપે છે - એ આપણે નજરે જોઇએ છીએ. તેથી પ્રતિમાજી ભરાવતી વખતે એ રીતે ધ્યાન રાખી શિલ્પીને ખુશ રાખવો જોઇએ - એ પરમાર્થ છે. ॥૫-૧૩॥

શ્રી જિનબિંબ કરાવતી વખતે જે વિશેષ વિધિ કરવાનો છે તે જણાવાય છે–

**स्ववित्तस्थेऽन्यवित्ते तत्पुण्याशंसा विधीयते ।**
**मन्त्रन्यासोऽर्हतो नाम्ना, स्वाहान्तः प्रणवादिकः ॥५-१४॥**

स्ववित्तस्थ इति–स्ववित्तस्थे कथञ्चित्स्वधनान्तःप्रविष्टे परवित्ते सति । तस्य परस्य पुण्याशंसा, अत्रस्थात्परधनांशात् परस्यापि पुण्यं भवत्विितीच्छारूपा विधीयते । एवं हि परकीयवित्तेन स्ववित्तानुप्रविष्टेन पुण्यकरणानभिलाषाद् भावशुद्धं न्यायार्जितं वित्तं भवतीति । तदिदमुक्तम्–"यद्यस्य सत्कमनुचितमिह वित्ते तस्य तज्जमिह पुण्यम् । भवतु शुभाशयकरणादित्येतद् भावशुद्धं स्यात् ॥१॥" इति । तथाऽर्हतोऽधिकृतस्य नाम्ना मध्यगतेन पणवादिकः स्वाहान्तश्च मन्त्रन्यासो विधीयते । मननत्राणहेतुत्वेनास्यैव परममन्त्रत्वात् । यदाह–"मन्त्रन्यासश्च तथा प्रणवनमःपूर्वकं च तन्नाम । मन्त्रः परमो ज्ञेयो मननत्राणे ह्यतो नियमात् ॥१॥" इति ॥५-१४॥

"પોતાના ધનમાં ગમે તે રીતે બીજાનું ધન હોતે છતે તે વ્યક્તિને તેના પ્રમાણમાં પુણ્ય પ્રાપ્ત થાઓ - આવી ઇચ્છાસ્વરૂપ આશંસા, પ્રતિમાજી ભરાવતી વખતે કરાય છે. શ્રી અરિહંત પરમાત્માના નામ સાથે ૐ છે શરૂઆતમાં જેના

અને સ્વાહા છે અંતમાં જેના એવો મંત્રન્યાસ કરાય છે." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રતિમાજી ભરાવવા માટે ન્યાયોપાત્ત સ્વદ્રવ્યનો ઉપયોગ કરવાનો છે. કોઈ કારણે એ ધનમાં જો પરધન આવી ગયું હોય તો આ પ્રતિમાજીના નિર્માણકાર્યથી તે ધનના સ્વામી(બીજા)ને પણ પુણ્ય પ્રાપ્ત થાઓ : આવી ઇચ્છા રાખવી જોઇએ. આ રીતે પોતાના ધનમાં પ્રવેશેલા(આવી ગયેલા) બીજાના ધનથી પુણ્ય કરવાની ઇચ્છાનો અભાવ હોવાથી, ન્યાયથી ઉપાર્જેલું ધન ભાવશુદ્ધ બને છે. શ્રી ષોડશકપ્રકરણમાં એ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે - "અહીં પ્રતિમાજીના નિર્માણમાં જે સ્વરૂપે જેટલા પ્રમાણમાં જેનું વિત્ત(ધન) મારા વિત્તમાં જાણે-અજાણે આવી ગયું છે, તે પુરુષને તેટલા પ્રમાણમાં, પ્રતિમાજીના નિર્માણથી ઉત્પન્ન થયેલું પુણ્ય પ્રાપ્ત થાઓ ! - આ પ્રમાણે શુભાશય કરવાથી પ્રતિમાજીના નિર્માણ માટેનું ન્યાયપ્રાપ્ત વિત્ત ભાવશુદ્ધ બને છે. (૭-૧૦)" આવા ભાવશુદ્ધ સ્વદ્રવ્યથી પ્રતિમાજીનું નિર્માણકાર્ય કરાવવું.

તેમ જ અધિકૃત (કોઈ એક) શ્રી તીર્થંકરપરમાત્માનું નામ જેના મધ્યભાગમાં છે અને ૐ તથા સ્વાહા અનુક્રમે જેના પ્રારંભે અને પ્રાંતે છે એવો (**ॐ ऋषभाय स्वाहा**... ઇત્યાદિ) મંત્રન્યાસ કરવો જોઇએ. કારણ કે મનન કરવા માત્રથી રક્ષા કરતો હોવાથી તે જ પરમમંત્ર છે. આ વાત શ્રી ષોડશકપ્રકરણમાં નીચે મુજબ જણાવી છે. શ્રી જિનબિંબમાં મંત્રન્યાસ કરવો. **ॐ नमः** પૂર્વક શ્રી વીતરાગ પરમાત્માનું જે નામ છે તે પરમમંત્ર જાણવો. કારણ કે તેથી નિયમે કરી મનન (જ્ઞાન) અને ત્રાણ (રક્ષા) થાય છે. (૭-૧૧) આથી સ્પષ્ટ છે કે ૐ **नमः ऋषभाय**... ઇત્યાદિ પણ મંત્રન્યાસ કરી શકાય છે. શ્રી ષોડશકપ્રકરણનો પાઠ મંત્રન્યાસમાત્રના સંવાદ માટે અહીં જણાવ્યો છે. ||૫-૧૪||

શ્રી જિનબિંબ સુવર્ણ, રત્ન કે પાષાણાદિનું બનાવીએ તો તેમ જ મોટું કે નાનું વગેરે રીતે બનાવીએ તો વિશિષ્ટ ફળ પ્રાપ્ત થાય છે કે સામાન્યથી પરિણામની વિશેષતાએ ફળવિશેષની પ્રાપ્તિ થાય છે - આ શંકાના સમાધાન માટે જણાવાય છે—

**हेमादिना विशेषस्तु, न बिम्बे किन्तु भावतः ।**
**चेष्टया स शुभो भक्त्या, तन्त्रोक्तस्मृतिमूलया ।।५-१५।।**

हेमादिनेति–हेम सुवर्णमादिना रत्नादिग्रहः । तेन तु न विशेषः कश्चन विम्वे । किं तु भावतः परिणामात् । स परिणामः । तन्त्रोक्तस्मृतिमूलया आगमवचनस्मरण-पूर्विकया । चेष्टया प्रवृत्त्या । शुभो भवति । भक्तिबहुमानविनयादिलिङ्गानामा-गमानुसरणमूलत्वात् । तदिदमाह–बिम्बं महत् सुरूपं कनकादिमयश्च यः खलु विशेषः । नास्मात्फलं विशिष्टं भवति तु तदिहाशयविशेषात् ।।१।। आगमतन्त्रः सततं तद्वद्भक्त्यादिलिङ्गसंसिद्धः । चेष्टायां तत्स्मृतिमान् शस्तः खल्वाशयविशेषः ।।२।।" इति ।।५-१५।।

"સુવર્ણ વગેરેના કારણે શ્રી જિનબિંબમાં કોઇ વિશેષ નથી; પરંતુ ભાવ-પરિણામના કારણે વિશેષ છે. આગમોક્તવચનના સ્મરણપૂર્વકની ભક્તિથી કરાતી પ્રવૃત્તિના કારણે એ ભાવ શુભ થાય છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો ભાવ એ છે કે સામાન્ય રીતે સુવર્ણ, રત્ન વગેરેનાં પ્રતિમાજી બનાવવામાં આવે કે પછી પાષાણાદિનાં પ્રતિમાજી બનાવવામાં આવે તેમ જ નાનાં કે મોટાં પ્રતિમાજી બનાવવામાં આવે તેથી કોઇ વિશેષ ફળની પ્રાપ્તિ થતી નથી. એવા પ્રકારની કોઇ વિશેષતા પ્રતિમાજીમાં નથી કે જેથી ફળવિશેષની પ્રાપ્તિ થાય. પરંતુ ભાવવિશેષથી આત્માને વિશિષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે.

એ આત્મપરિણામસ્વરૂપ ભાવવિશેષ; ભક્તિના પ્રભાવે આગમવચનના સ્મરણના કારણે થનારી પ્રવૃત્તિથી શુભ બને છે. ભક્તિ, બહુમાન, વિનય અને પૂજા વગેરે આગમવચનના સ્મરણમૂલક હોય છે. આશય એ છે કે પરમાત્મા પ્રત્યેની ભક્તિથી તેમ જ તેઓશ્રીની પ્રત્યેના બહુમાનાદિથી પરમાત્માનાં પરમતારક પ્રતિમાજી ભરાવતી વખતે જે ફળવિશેષ પ્રાપ્ત થાય છે તે, સુવર્ણાદિની વિશેષતાને લઇને પ્રાપ્ત થતું નથી. પરંતુ તે વખતના શુભ ભાવથી તે પ્રાપ્ત થાય છે. પરમાત્માની પ્રત્યેના ભક્તિબહુમાનાદિ ભાવો આગમવચનના અનુસરણથી જ પ્રાપ્ત થાય છે અર્થાત્ આગમવચનના અનુસરણમૂલક એ ભક્તિબહુમાનાદિ ભાવો છે અને તેથી આગમોક્તના સ્મરણપૂર્વકની તે તે પ્રવૃત્તિના કારણે ભાવ શુદ્ધ બને છે. આથી સમજી શકાશે કે ભાવથી શૂન્ય માત્ર બાહ્યવિશેષને લઇને ફળવિશેષની પ્રાપ્તિ થતી નથી. પરંતુ ભાવને લઇને જ પ્રતિમાજીના બાહ્યવિશેષ કોઇ વાર ફળવિશેષનું કારણ બને છે.

શ્રી ષોડશકપ્રકરણમાં એ અંગે જણાવતાં ફરમાવ્યું છે કે - "શ્રી જિનબિંબ મોટું સુંદર આકૃતિવાળું કે સુવર્ણાદિનું હોય; એમાં જે બાહ્યવિશેષ છે, તેથી જ વિશિષ્ટ ફળની પ્રાપ્તિ થતી નથી. વિશિષ્ટ ફળની પ્રાપ્તિ તો આશયવિશેષના કારણે થાય છે." (૭-૧૨) "નિરંતર આગમને અનુસરનારો, આગમને અનુસરનારાઓ પ્રત્યેની ભક્તિ વગેરે લિંગોથી જણાતો અને તે તે કાર્ય કરતી વખતે આગમના સ્મરણથી યુક્ત જે આશય હોય છે તેને પ્રશસ્ત આશય કહેવાય છે." (૭-૧૩) ॥૫-૧૫॥

ઉપર જણાવેલા આશયવિશેષથી અને તેના અભાવથી કરાવાતા શ્રી જિનબિંબના નામમાં અને ફળમાં જે વિશેષ (ફરક) છે; તે જણાવાય છે–

**लोकोत्तरमिदं ज्ञेयमित्थं यद् बिम्बकारणम् ।**
**मोक्षदं लौकिकं चान्यत्, कुर्यादभ्युदयं फलम् ॥५-१६॥**

लोकोत्तरमिति–इत्थमागमोक्तविधिस्मृतिगर्भचेष्टाशुद्धेन । यद् बिम्बकारणम् । इदं लोकोत्तरं मोक्षदं च ज्ञातव्यम् । अन्यच्च उक्तविपरीतं च बिम्बकारणं लौकिकं सदभ्युदयं फलं कुर्यात् । पूर्वस्मिन्नभ्युदयस्यानुषङ्गिकत्वम्, अत्र च मुख्यत्वमिति विशेषः । तदिदमुक्तम्–'एवंविधेन यद् बिम्बकारणं तद्वदन्ति समयविदः । लोकोत्तरमन्यदतो लौकिकमभ्युदयसारं च ॥१॥ लोकोत्तरं तु निर्वाणसाधकं परमफलमिहाश्रित्य । अभ्युदयोऽपि हि परमो भवति त्वत्रानुषङ्गेण ॥२॥" ॥५-१६॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. એનો આશય એ છે કે આ પ્રમાણે આગમમાં કહેલ વિધિના સ્મરણથી યુક્ત પ્રવૃત્તિથી શુદ્ધ એવા આશયથી જે બિંબ ભરાવવામાં આવે છે તે લોકોત્તર કોટિનું અને મોક્ષને આપનારું જાણવું. આનાથી વિપરીત અશુદ્ધ પ્રવૃત્તિથી અશુદ્ધ એવા આશયથી જે બીજું બિંબ ભરાવાય છે તે લૌકિક કોટિનું અને અભ્યુદય (ખ્યાતિ વગેરે) ફળને કરવાવાળું જાણવું.

યદ્યપિ લોકોત્તર કોટિનું જે બિંબ ભરાવાય છે તેનું ફળ મોક્ષ અને અભ્યુદય પણ છે, પરંતુ લોકોત્તર સ્થળે તે અભ્યુદય ફળ આનુષંગિક છે અને લૌકિક સ્થળે અભ્યુદય ફળ મુખ્ય છે, ત્યાં મોક્ષસ્વરૂપ ફળ તો મળતું જ નથી. આટલો ફરક તે બેમાં છે. આ વાતને સ્પષ્ટ કરતાં શ્રી ષોડશકપ્રકરણમાં ફરમાવ્યું છે કે–

"આવી રીતે શુદ્ધ આશયથી જે જિનબિંબ કરાવાય છે, તેને શાસ્ત્રના જાણકારો લોકોત્તર અર્થાત્ આગમાનુસારી તરીકે જણાવે છે. આશયવિશેષથી કરાવાતા શ્રી જિનબિંબને છોડીને અન્ય રીતે જે શ્રી જિનબિંબ કરાવાય છે - તે લૌકિક છે અને એનાથી અભ્યુદયની પ્રાપ્તિ થાય છે." (૭-૧૪)

"પરમપ્રકૃષ્ટ (છેલ્લું) ફળને આશ્રયીને લોકોત્તર અનુષ્ઠાન નિર્વાણ-મોક્ષસાધક છે અર્થાત્ લોકોત્તર અનુષ્ઠાનનું ફળ મોક્ષ છે. આનુષંગિક રીતે લોકોત્તર અનુષ્ઠાનનું પરમ (શ્રેષ્ઠ) અભ્યુદય પણ ફળ છે." (૭-૧૫)

આથી સમજી શકાશે કે લોકોત્તર અનુષ્ઠાનનું ફળ મોક્ષ છે અને આનુષંગિક રીતે અભ્યુદય ફળ છે. ગ્રંથકાર પરમર્ષિએ આનુષંગિક ફળનું સ્વરૂપ વર્ણવતાં ફરમાવ્યું છે કે મુખ્ય ફળ સ્વરૂપ ઉદ્દેશ્યની સિદ્ધિ પ્રસંગે જેની ઉત્પત્તિ ટાળી શકાતી નથી; તેને આનુષંગિક કહેવાય છે. લોકોત્તર તે તે અનુષ્ઠાનોનો મુખ્ય ઉદ્દેશ્ય મોક્ષ છે. પરંતુ તે તે અનુષ્ઠાનો તે ઉદ્દેશ્યથી કરતી વખતે કાલાદિના પરિપાક સ્વરૂપ કારણસામગ્રીના અભાવે જ્યારે મોક્ષની સિદ્ધિ ન થાય ત્યારે જે પુણ્યબંધ થાય છે અને તેના વિપાક(ફળ)સ્વરૂપે જે અભ્યુદય પ્રાપ્ત થાય છે; તેના અવર્જનને અનુષંગ કહેવાય છે. લોકોત્તર અનુષ્ઠાનસ્થળે મોક્ષનો ઉદ્દેશ હોવાથી શ્રેષ્ઠ કોટિનો અભ્યુદય અનુષંગથી પ્રાપ્ત થાય છે. લૌકિક અનુષ્ઠાનો સ્થળે તો મોક્ષનો તેવો ઉદ્દેશ ન હોવાથી અભ્યુદય મુખ્ય રીતે પ્રાપ્ત થાય છે અને મોક્ષનો ઉદ્દેશ જ ન હોવાથી તેને પ્રાપ્ત કરવાનો કોઈ પ્રશ્ન જ નથી. ॥૫-૧૬॥

શ્રી જિનબિંબ ભરાવવાના વિધિનું વર્ણન કરીને હવે તેની પ્રતિષ્ઠાસંબંધી વિધિનું વર્ણન કરાય છે—

**इत्थं निष्पन्नबिम्बस्य, प्रतिष्ठाप्तैस्त्रिधोदिता ।**
**दिनेभ्योऽर्वाग् दशभ्यस्तु, व्यक्तिक्षेत्रमहाह्वयाः ॥५-१७॥**

इत्थमिति–इत्थमुक्तविधिना । निष्पन्नस्य बिम्बस्य प्रतिष्ठा । आप्तैः शिष्टैः । त्रिधा उदिता । दशभ्यस्तु दशभ्य एव दिनेभ्योऽर्वाक् "दशदिवसाभ्यन्तरतः" इत्युक्तेः । व्यक्तिक्षेत्रमहाह्वया व्यक्तिप्रतिष्ठा क्षेत्रप्रतिष्ठा महाप्रतिष्ठा चेति । तत्र वर्तमानस्य तीर्थकृतः प्रतिष्ठा व्यक्तिप्रतिष्ठा । ऋषभादिचतुर्विंशतितीर्थकृतां प्रतिष्ठा च क्षेत्रप्रतिष्ठा ।

सप्तत्यधिकशतजिनप्रतिष्ठा च सर्वक्षेत्रापेक्षया महाप्रतिष्ठा । तदाह—"व्यक्त्याख्या खल्वेका क्षेत्राख्या च परा महाख्या च । यस्तीर्थकृद्यदा किल तस्य तदाद्येति समयविदः ॥१॥ ऋषभाद्यानां तु तथा सर्वेषामेव मध्यमा ज्ञेया । सप्तत्यधिकशतस्य तु चरमेह महाप्रतिष्ठेति ॥२॥" ॥૫-૧૭॥

"પૂર્વે જણાવેલા વિધિથી તૈયાર કરાવેલ શ્રી જિનબિંબની પ્રતિષ્ઠા દશ દિવસની અંદર કરાવવાનું જણાવાયું છે. આપ્તપુરુષોએ ત્રણ પ્રકારની પ્રતિષ્ઠા વર્ણવી છે. એક વ્યક્તિનામની, બે ક્ષેત્રનામની અને ત્રણ મહાનામની અર્થાત્ વ્યક્તિપ્રતિષ્ઠા, ક્ષેત્રપ્રતિષ્ઠા અને મહાપ્રતિષ્ઠા : આ ત્રણ પ્રકારવાળી પ્રતિષ્ઠા છે." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો ભાવ સ્પષ્ટ છે કે '**दशदिवसाभ्यन्तरतः**' - આ ષોડશકપ્રકરણના વચન મુજબ દશ દિવસની અંદર પૂર્વોક્ત વિધિ મુજબ ભરાવેલ શ્રી જિનબિંબની પ્રતિષ્ઠા કરવી જોઇએ. શિષ્ટ પુરુષોએ ત્રણ પ્રકારની પ્રતિષ્ઠા વર્ણવી છે. જેઓશ્રીનું તીર્થ પ્રવર્ત્તતું હોય તે પરમતારક શ્રી તીર્થંકરપરમાત્માના બિંબની પ્રતિષ્ઠાને પહેલી વ્યક્તિપ્રતિષ્ઠા કહેવાય છે. ઋષભાદિ શ્રી ચોવીશ તીર્થંકરપરમાત્માનાં બિંબોની પ્રતિષ્ઠાને બીજી ક્ષેત્રપ્રતિષ્ઠા કહેવાય છે અને સર્વક્ષેત્રોની અપેક્ષાએ એકસો સિત્તેર જિનનાં પરમતારક બિંબોની પ્રતિષ્ઠાને ત્રીજી મહાપ્રતિષ્ઠા કહેવાય છે. આ વાતને જણાવતાં શ્રી ષોડશક પ્રકરણમાં નીચે જણાવ્યા મુજબ જણાવ્યું છે.

"એક વ્યક્તિપ્રતિષ્ઠા, બીજી ક્ષેત્રપ્રતિષ્ઠા અને ત્રીજી મહાપ્રતિષ્ઠા. જે કાળે જે શ્રી તીર્થંકરપરમાત્માનું શાસન પ્રવર્ત્તતું હોય તે કાળે તે શ્રી તીર્થંકરપરમાત્માની જે જે પ્રતિષ્ઠા કરાય છે તેને આગમના જાણકારો પહેલી વ્યક્તિપ્રતિષ્ઠા કહે છે. (૮-૨)"

"શ્રી ઋષભદેવ આદિ ચોવીશ તીર્થંકરપરમાત્માની પ્રતિષ્ઠાને મધ્યમ (બીજી) ક્ષેત્રપ્રતિષ્ઠા કહેવાય છે અને એકસો સિત્તેર શ્રી તીર્થંકરપરમાત્માની પ્રતિષ્ઠાને છેલ્લી (ત્રીજી) મહાપ્રતિષ્ઠા કહેવાય છે. (૮-૩)" ॥૫-૧૭॥

પ્રતિષ્ઠાનું સ્વરૂપ જણાવાય છે–

**देवोद्देशेन मुख्येयमात्मन्येवात्मनो धियः ।**
**स्थाप्ये समरसापत्तेरुपचाराद् बहिः पुनः ॥५-१८॥**

देवोद्देशेनेति–देवोद्देशेन मुख्यदेवमुद्देश्यतया विषयीकृत्य । आत्मन्येव कारयितर्येव । आत्मनः स्वस्य धियो वीतरागत्वादिगुणावगाहिन्याः । मुख्या निरुपचरिता । इयं प्रतिष्ठा । स्वार्थावाधात्प्रतिष्ठाकर्मणा वचननीत्या स्वभावस्यैव स्थापना । तदिदमुक्तं– "भवति च खलु पतिष्ठा निजभावस्यैव देवतोद्देशात् । स्वात्मन्येव परं यत् स्थापनमिह वचननीत्योच्चैः ।।१।।" इति । तथेत एव स्थाप्ये वीतरागे । समरसापत्ते र्वचनानलक्रियादग्धकर्ममलस्यात्मनो वीतरागत्वलक्षणस्वर्णभावापत्तिरूपपरमप्रतिष्ठाया हेतुत्वादप्यस्य मुख्यत्वम् । यदाह–"बीजमिदं परमं यत्परमाया एव समरसापत्तेः । स्थाप्येन तदपि मुख्या हन्तैषैवेति विज्ञेया ।।१।।" इति । तथा–"भावरसेन्द्रात्तु ततो महोदयाज्जीवताम्रस्वरूपस्य । कालेन भवति परमाप्रतिबद्धा सिद्धकाञ्चनता ।।१।। वचनानलक्रियातः कर्मेन्धनदाहतो यतश्चैषा । इतिकर्तव्यतयातः सफलैषाप्यत्र भावविधौ ।।२।।" नन्वेवं प्रतिष्ठाकारयितर्येव प्रतिष्ठोपपादने प्रतिमायां प्रतिष्ठितत्वव्यवहारः, तस्यां च पूजादिफलप्रयोजकत्वं कथं स्याद् ? अत आह–उपचाराद् वहिः प्रतिमायां पुनरियं प्रतिष्ठा भवति । यत् पोडशकवृत्तिकृत्–"बाह्यजिनबिम्वगता तु प्रतिष्ठा वहिर्निजभावोपचारद्वारेण निज एव हि भावो मुख्यदेवतास्वरूपालम्वनः स एवायमित्यभेदोपचारेण विदुषां भक्तिमतां पूज्यतापदवीमासादयतीति ।" न चैवं तदध्यवसायनाशात् प्रतिमाया अप्रतिष्ठितत्वापत्तिरिति शङ्कनीयं, तन्नाशेऽपि तदाहितस्योपचरितस्वभावविशेषस्यानाशात् । द्विविधो ह्युपचरितस्वभावो गीयते-स्वाभाविक औपाधिकश्च । आद्यः परज्ञतापरदर्शकत्वलक्षणः, अन्त्यश्च विचित्र इति न दोषः ।।५-१८।।

આશય એ છે કે અહીં પ્રતિષ્ઠાના સ્વરૂપમાં પ્રશ્ન એ થાય છે કે આ પ્રતિષ્ઠા શું છે ? જે મોક્ષસ્વરૂપને પામ્યા છે એવા મુખ્યદેવવિશેષની પ્રતિષ્ઠા કરાય છે કે પછી સંસારમાં રહેલા દેવવિશેષની પ્રતિષ્ઠા કરાય છે ? આ બે વિકલ્પમાં પ્રથમ વિકલ્પ માની શકાય એવો નથી. કારણ કે જેઓશ્રી મોક્ષે પહોંચ્યા છે; તેઓશ્રીને મંત્રસંસ્કારથી અહીં લાવી શકાય એમ નથી. મંત્રાદિના પ્રયોગથી તેઓ અહીં આવે તો તેઓ મુક્ત થયા છે : એમ મનાશે નહિ. આવી જ રીતે બીજો વિકલ્પ પણ માની શકાય એમ નથી. કારણ કે સંસારમાં રહેલા દેવવિશેષનું સંનિધાન; કોઈ વાર હોય તોપણ કાયમ માટે શક્ય નહીં બને. તેથી બીજા વિકલ્પમાં પણ અનુપપત્તિ છે જ. તેથી પ્રતિષ્ઠા કોને કહેવાય છે : આ પ્રશ્નના સમાધાન માટે હવે પ્રતિષ્ઠાનું સ્વરૂપ અઢારમા શ્લોકથી જણાવ્યું છે.

"મુખ્યદેવને (મોક્ષે ગયેલા શ્રી વીતરાગ પરમાત્માને) ઉદ્દેશીને પોતાની જે બુદ્ધિ છે, તે બુદ્ધિની આત્મામાં(પોતામાં) જે સ્થાપના છે તે મુખ્ય પ્રતિષ્ઠા છે, કારણ કે તેથી શ્રી વીતરાગપરમાત્માની સાથે સમરસાપત્તિ થાય છે. શ્રી જિનાલયમાં જે પ્રતિષ્ઠા કરાય છે તે ઔપચારિક છે." - આ પ્રમાણે અઢારમી ગાથાનો અર્થ છે. એનો આશય એ છે કે મુખ્ય (મુક્ત, અસંસારી) દેવને ઉદ્દેશીને (ઉદ્દેશ્ય બનાવીને) પ્રતિષ્ઠા કરાવનારમાં જ, શ્રી વીતરાગત્વ, સર્વજ્ઞત્વ, સર્વદર્શિત્વ અને સિદ્ધત્વ વગેરે ગુણોનું અવગાહન કરનારી પોતાની જે બુદ્ધિ છે, તે બુદ્ધિસ્વરૂપ ભાવની જે સ્થાપના છે તે મુખ્ય પ્રતિષ્ઠા છે. "શ્રી વીતરાગપરમાત્મામાં જે ગુણો છે; તેઓશ્રીનું જે શુદ્ધ સ્વરૂપ છે, એવા જ ગુણો અને એવું જ સ્વરૂપ મારા આત્મામાં અને મારું છે."... આવા પ્રકારની બુદ્ધિને વીતરાગત્વાદિગુણાવગાહિની બુદ્ધિ કહેવાય છે, જે પરમાત્માની સાથે પોતાના આત્માના અભેદનું અવગાહન કરે છે. 'હું જ પરમાત્મા છું' - આવા પ્રકારનો, પરમાત્માને ઉદ્દેશ્ય બનાવીને જે ભાવ પ્રગટે છે તે ભાવની પોતાના આત્મામાં જે સ્થાપના છે, તેને ઉપચારથી રહિત એવી મુખ્ય-તાત્ત્વિક પ્રતિષ્ઠા કહેવાય છે. કારણ કે પ્રતિષ્ઠા શબ્દનો અર્થ અહીં બાધિત નથી. (અર્થાત્ સંગત છે.) આગમને અનુસરી સ્વભાવની જ સ્થાપનાને પ્રતિષ્ઠા કહેવાય છે. 'હું તે જ વીતરાગ છું' આવા અભેદભાવસ્વરૂપ સ્વભાવની જ અહીં પોતાના આત્મામાં સ્થાપના છે. તેથી આ મુખ્ય પ્રતિષ્ઠા છે.

આ વાતને જણાવતાં શ્રી ષોડશકપ્રકરણમાં જણાવ્યું છે કે 'મુખ્ય દેવતાને ઉદ્દેશીને પોતાના ભાવનું જ આગમના અનુસારે સારી રીતે પોતાના આત્મામાં જ જે સ્થાપન કરાય છે તે અહીં પ્રતિષ્ઠા છે.' આથી સમજી શકાશે કે પોતાના તેવા પ્રકારના ભાવના વિષય સ્વરૂપ મુખ્ય દેવતાની પોતાના આત્મામાં જ આગમમાં જણાવેલી રીતે જે સ્થાપના છે; તેને પ્રતિષ્ઠા કહેવાય છે. એ સિવાય બીજી કોઇ જ પ્રતિષ્ઠા નથી. આ વિષયમાં અધિક જાણવાની ઇચ્છા હોય તો આઠમા ષોડશકમાં જોવું.

ઉપર જણાવ્યા મુજબ સ્વભાવની સ્થાપનાને જ અહીં મુખ્ય પ્રતિષ્ઠા કહેવાય છે. એનું એ પણ એક કારણ છે કે એવી પ્રતિષ્ઠાથી સ્થાપ્ય એવા શ્રી વીતરાગપરમાત્માની સાથે સમરસાપત્તિ થાય છે. શ્રી વીતરાગપરમાત્માના શુદ્ધ

સ્વરૂપ જેવું જ શુદ્ધ સ્વરૂપ જ્યારે આપણું આવિર્ભૂત થાય છે ત્યારે આપણને સમરસાપત્તિ પ્રાપ્ત થાય છે. આવી સમરસાપત્તિમાં ઉપર જણાવેલી પ્રતિષ્ઠા કારણ બને છે. તેથી તે મુખ્ય ઉપચાર વિનાની (તાત્ત્વિક) પ્રતિષ્ઠા મનાય છે.

શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચન સ્વરૂપ અગ્નિની (દાહાનુકૂલ) ક્રિયા વડે જેનો કર્મમલ બળી ગયો છે એવા આત્માને શ્રી વીતરાગપરમાત્માના શુદ્ધ આત્મતત્ત્વ સ્વરૂપ સુવર્ણભાવ-(સિદ્ધકાંચનતા)ની પ્રાપ્તિ થાય છે, જેને સમરસાપત્તિ કહેવાય છે. આત્માનું આ રીતે પરમાત્મભાવમાં પ્રતિસ્થાપન થવાથી પરમપ્રતિષ્ઠા સ્વરૂપ સમરસાપત્તિ છે અને તેનો હેતુ ઉપર જણાવ્યા મુજબની સ્વમાં સ્વભાવની સ્થાપના સ્વરૂપ મુખ્ય પ્રતિષ્ઠા છે. આ વાતને સ્પષ્ટ કરતાં શ્રો ષોડશકપ્રકરણમાં ફરમાવ્યું છે કે - 'જેથી પોતાના આત્મામાં પરમાત્માનું સ્થાપન કરવું - એ પરમ સમરસાપત્તિનું કારણ છે; બાહ્ય બિંબની સાથે પણ એ રીતે ઉપચારથી પરમાત્માનું સ્થાપન કરવું - એ પરમ સમરસાપત્તિનું કારણ બને છે. તેથી આ રીતે પોતાના આત્મામાં જ કરાતી નિજભાવની પ્રતિષ્ઠા મુખ્ય-તાત્ત્વિક જાણવી." (૮-૫) "તે ભાવસ્વરૂપ રસેન્દ્રથી પુણ્યાનુબંધી પુણ્યસંપત્તિ(મહોદય)નો લાભ થવાથી કાલાંતરે જીવસ્વરૂપ તાંબું; પ્રકૃષ્ટ અને અપ્રતિહત એવા સિદ્ધભાવ સ્વરૂપ સુવર્ણપણાને પ્રાપ્ત કરે છે." (૮-૮) "વચન એટલે આગમ(શાસ્ત્ર); એ વચનસ્વરૂપ અગ્નિના પ્રયોગથી કર્મસ્વરૂપ ઇંધનનો દાહ થવાથી જે કારણે આ સિદ્ધકાંચનતા થાય છે; તેથી અહીં ભાવવિધિમાં શાસ્ત્ર મુજબ કરાયેલી પ્રતિષ્ઠા પણ સફળ છે." (૮-૯)

ઉપર જણાવ્યા મુજબ સ્વમાં સ્વભાવની જ પ્રતિષ્ઠા ગણાતી હોય તો તે પ્રતિષ્ઠા કરાવનારમાં જ હોવાથી 'આ પ્રતિમા પ્રતિષ્ઠિત છે...' ઇત્યાદિ વ્યવહાર કઇ રીતે સંગત થશે અને તે પ્રતિમા પૂજાદિ ફળની પ્રત્યે પ્રયોજક કઇ રીતે બનશે ? કારણ કે અહીં પ્રતિષ્ઠા, આત્મામાં આત્મસ્વભાવની જ થઇ છે. પ્રતિમાજીની પ્રતિષ્ઠા થઇ નથી - આવી શંકાનું સમાધાન કરવા માટે '**उपचाराद् बहिः पुनः**' આવો પાઠ અઢારમા શ્લોકમાં છે. એનો આશય એ છે કે બહાર પ્રતિમાજીમાં પણ ઉપચારથી આ પ્રતિષ્ઠા કરાય છે. શ્રી ષોડશક પ્રકરણમાં આઠમા ષોડશકની ચોથી ગાથાની વૃત્તિમાં જણાવ્યું છે કે - બાહ્ય શ્રી જિનબિંબની જે પ્રતિષ્ઠા છે તે બહાર, પોતાના ભાવના ઉપચાર દ્વારા બીજાઓ માટે પૂજ્યતાનું

સ્થાન બને છે. "પ્રતિષ્ઠા કરાવનારે જે મુખ્યદેવતાને ઉદ્દેશ્ય બનાવીને પોતાના આત્મામાં પોતાના ભાવની પ્રતિષ્ઠા કરી હતી તે જ આ મુખ્યદેવતા - શ્રી વીતરાગપરમાત્મા છે." આવો ઉપચાર બહાર પ્રતિમામાં ભક્તિથી યુક્ત એવા વિદ્વાન પુરુષો કરતા હોય છે અને તેથી તે પ્રતિમાજીની પૂજાદિથી તેઓ ફળને પ્રાપ્ત કરે છે. આ રીતે બાહ્ય પ્રતિષ્ઠા ફળની પ્રત્યે પ્રયોજિકા બને છે.

આ રીતે પ્રતિષ્ઠા કરાવનારના ભાવના વિષયભૂત પરમાત્માના અભેદનું (તે જ આ વીતરાગપરમાત્મા છે) પરમાત્માની પ્રતિમામાં જે અવગાહન થાય છે, તેવા પ્રકારના અધ્યવસાયવિશેષથી જ પ્રતિમાજીના પ્રતિષ્ઠિતત્વના જ્ઞાન દ્વારા પૂજાદિનું ફળ પ્રાપ્ત થાય છે. પરંતુ તે અધ્યવસાયનો નાશ થયે છતે પ્રતિમાજીના પ્રતિષ્ઠિતત્વનું જ્ઞાન ન થવાથી પ્રતિમાજીમાં અપ્રતિષ્ઠિતત્વ માનવાનો પ્રસંગ આવશે અને તેથી તેની પૂજાદિથી ફળના અભાવનો પ્રસંગ આવશે... આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે તેવા અધ્યવસાયનો નાશ થવા છતાં તે અધ્યવસાયથી ઉત્પન્ન થયેલ ઉપચરિત (ઉપચારયુક્ત) સ્વભાવવિશેષનો નાશ થતો નથી અર્થાત્ એ ઉપચરિત સ્વભાવવિશેષને લઇને; પ્રતિમાજીમાં અપ્રતિષ્ઠિતત્વનો વ્યવહાર નહિ થાય અને તેથી પૂજાદિના ફળની અનુપપત્તિ પણ નહિ થાય. આશય એ છે કે ઉપચરિત સ્વભાવ બે પ્રકારનો છે. સ્વાભાવિક ઉપચરિત સ્વભાવ અને ઔપાધિક ઉપચરિત સ્વભાવ. પ્રતિમાજીમાં સર્વજ્ઞ અને સર્વદર્શીપણાનો જે ઉપચાર કરાય છે તે સ્વાભાવિક ઉપચરિત સ્વભાવ છે. સ્વભાવભૂત સ્વતત્ત્વનો જે ઉપચાર કરાય છે તે સ્વાભાવિક ઉપચરિત સ્વભાવ છે અને તેનાથી ભિન્ન ઉપાધિવિશેષને લઇને વિભાવભૂતતત્ત્વનો જે ઉપચાર કરાય છે તે ઔપાધિક ઉપચરિતસ્વભાવ છે. આ બીજો ઉપચરિત સ્વભાવ અનેક પ્રકારનો છે. અહીં પ્રતિમાજીમાં સ્વાભાવિક ઉપચરિત સ્વભાવ હોવાથી તેનો નાશ નહિ થાય. તેથી પ્રતિમાજીના અપ્રતિષ્ઠિતત્વાદિનો પ્રસંગ નહિ આવે... ઇત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઇએ. ।।૫-૧૮।।

અહીં નિજભાવની જ પ્રતિષ્ઠા હોવાથી મુખ્યદેવતાનું સંનિધાન નથી ? તેથી પ્રતિમાજીની પૂજાદિથી ફળ કઇ રીતે મળશે ? આવી શંકાનું સમાધાન કરાય છે–

**प्रतिष्ठितत्वज्ञानोत्थसमापत्त्या परेष्वपि ।**
**फलं स्याद् वीतरागाणां, सन्निधानं त्वसम्भवि ।।५-१९।।**

प्रतिष्ठितत्वेति–प्रतिष्ठितत्वज्ञानोत्थया पूर्वपूर्वप्रतिष्ठितत्वप्रतिसन्धानोत्थापितवचनादरभगवद्बहुमानाहितया समापत्त्या । परेष्वपि प्रतिमापूजाकारिष्वपि । फलं विपुलनिर्जरालक्षणं स्यात् । वीतरागाणां रागरहितानाम् । सन्निधानं तु समीपागमनरूपं कायिकम्, अहङ्कारममकाररूपं मानसं च, मन्त्रसंस्कारादिना असम्भवि । तदुक्तं–"मुक्त्यादौ तत्त्वेन प्रतिष्ठिताया न देवतायास्तु । स्थाप्ये न च मुख्येयं तदधिष्ठानाद्यभावेन ।।१।। इज्यादेर्न च तस्या उपकारः कश्चिदत्र मुख्य इति । तदतत्त्वकल्पनैषा बालक्रीडासमा भवति ।।२।।" एतेन प्रतिष्ठाविधिना प्रतिमादौ देवतासन्निधिरहङ्कारममकाररूपः क्रियते, विशेषदर्शनेऽपि स्वसादृश्यदर्शिनश्चित्रादाविवाहार्यारोपसम्भवाद् ज्ञानस्य, नाशेऽपि संस्कारसत्त्वाच्च न पूजाफलानुपपत्तिः, अस्पृश्यस्पर्शनादिना च तन्नाश इति यत्परैरुच्यते तन्निरस्तं भवति, वीतरागदेवस्थले इत्थं वक्तुमशक्यत्वात् । सरागे देवत्वबुद्धेरेव च मिथ्यात्वात् । देवतायां सर्वज्ञत्वाभावे व्यासङ्गदशायां व्यवहितनानादेशेषु प्रतिष्ठाकर्मबाहुल्ये चाहङ्कारममकारानुपपत्तेः । संस्कारनाशेऽपूज्यत्वापत्तेः । तज्ज्ञानसंस्कारनयोरननुगतयोः पूजाफलप्रयोजकत्वे गौरवाच्चेति । न च भवतामपि व्यासङ्गवशात्प्रतिष्ठितत्वज्ञानाभावे पूजाफलानुपपत्तिरिति, विशेषफलाभावेऽपि प्रीत्यादिना सामान्यफलानपायात् । यैस्तु यथार्थं प्रतिष्ठितत्वप्रत्यभिज्ञानं पूजाफलसामान्य एव प्रयोजकमिष्यते, तेषामयमपि दोष एव । ये तु नव्यनैयायिकाः-प्रतिष्ठाविधिना जनितं विचित्रमदृष्टं स्वाश्रयात्मसंयोगाश्रयस्य पूज्यताप्रयोजकमभ्युपयन्ति, तेषां तद्व्यक्तिविशिष्टसम्बन्धाग्रहेऽतिप्रसङ्गः, तद्ग्रहे चाननुगम इति । यत्पुनरुच्यते चिन्तामणिकृता–"प्रतिष्ठितं पूजयेदिति" विधिवाक्येन प्रतिष्ठितायाः कारणत्वं न बोध्यते, किं तु भूतार्थे क्तानुशासनादतीतप्रतिष्ठे पूज्यत्वं बोध्यते । तथा च प्रतिष्ठाध्वंसः प्रतिष्ठाकालीनयावदस्पृश्यस्पर्शादिप्रतियोगिकानादिसंसर्गाभावसहितः पूज्यत्वप्रयोजकः, स च प्रागभावोऽत्यन्ताभावश्च क्वचिदिति । तदप्यविचारितरमणीयं । प्रतिष्ठायाः क्रियेच्छारूपत्वे तद्ध्वंसस्य प्रतिमानिष्ठत्वात्, संयोगरूपत्वेऽपि द्विष्ठत्वात्, कारणीभूताभावप्रतियोगित्वेन पूजाफले प्रतिष्ठायाः प्रतिबन्धकत्वव्यवहाराऽऽपत्तेः । क्तप्रत्ययस्थलेऽपि "प्रोक्षिता व्रीहयः" इत्यादौ ध्वंसव्यापारकत्वाकल्पनात् कालान्तरभाविनि फले चिरविनष्टस्य भावव्यापारकत्व-

नियमाच्च, अन्यथाऽपूर्वोच्छेदापत्तेश्च । किं च किञ्चिदवयवनाशेन प्रतिमान्तरोत्पत्तौ तव तत्र प्रतिष्ठाध्वंसानभ्युपगमात्पूज्यतानापत्तिः, प्रतिष्ठितत्वबुद्धिबलाद् व्रीहिषु संस्कृतत्वस्येव तेन तस्य न क्षतिरित्यभ्युपगमे च यथाप्रतीतिशबलवस्त्वभ्युपगमोऽपि बलादापतेदिति किमतिपल्लवितेन ।।५-१९।।

"આ પ્રતિમા પ્રતિષ્ઠિત છે... ઇત્યાદિ જ્ઞાનના કારણે ઉત્પન્ન થયેલી સમાપત્તિથી; પ્રતિમાજીની પૂજાદિને કરનારાઓને પણ ફળ પ્રાપ્ત થતું હોય છે. શ્રી વીતરાગપરમાત્માનું સંનિધાન તો સંભવતું નથી." - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે સામાન્ય રીતે દરેક પૂજા કરનારને પ્રતિષ્ઠા જોયેલી ન હોવાથી પ્રતિમાજીમાં ઉપર જણાવ્યા મુજબ પ્રતિષ્ઠિતત્વનું જ્ઞાન હોતું નથી. પરંતુ પોતાની પૂર્વેના પૂજાદિને કરનારાને જોઇને પ્રતિષ્ઠિતત્વનું તેઓ અનુસંધાન કરી લે છે. આ પ્રતિષ્ઠિતત્વના પ્રતિસંધાનથી ભગવાન શ્રી જિનેશ્વરદેવોનાં અવિસંવાદિવચનો પ્રત્યે આદર જાગે છે અને ભગવાન પ્રત્યે બહુમાન જન્મે છે. શ્રી વીતરાગપરમાત્માની મૂર્તિ જોઇને તેઓશ્રીનાં પરમતારક અવિસંવાદિ વચનોનું અનુસ્મરણ થાય : એ બનવાજોગ છે. કારણ કે એક સંબંધીનું જ્ઞાન બીજા સંબંધીનું સ્મરણ કરાવે છે. આ પ્રતિમાજીમાં જેઓશ્રી પ્રતિષ્ઠિત છે તે શ્રી વીતરાગપરમાત્માની વીતરાગતાદિના જ્ઞાનથી તેઓશ્રીની યથાર્થવાદિતાનું સ્મરણ થાય છે તેમ જ હૃદયમાં ભગવાન પ્રત્યે બહુમાન જન્મે છે. વચન પ્રત્યેનો આદર અને ભગવાન પ્રત્યેનું બહુમાન : આ બેથી પ્રાપ્ત થયેલી સમાપત્તિ(વચનોની સાથે એકાત્મતા)ના કારણે પ્રતિમાજીની પૂજા કરનારાઓને પણ વિપુલ પ્રમાણમાં નિર્જરાસ્વરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. રાગરહિત આત્માઓનું કાયાથી કે મનથી સંનિધાન શક્ય નથી. પ્રતિમાજીની પાસે આવવા સ્વરૂપ કાયિક સંનિધાન છે અને ત્યાં મોક્ષમાં રહીને 'આ હું છું અથવા આ મારી પ્રતિમા છે' આવા પ્રકારના અહંકાર કે મમકાર સ્વરૂપ વિચારને માનસિક સંનિધાન કહેવાય છે. કોઇ પણ પ્રકારના મંત્રના સંસ્કારથી શ્રી વીતરાગ પરમાત્માઓનું એવું સંનિધાન શક્ય નથી. શ્રી ષોડશકપ્રકરણમાં એ અંગે ફરમાવ્યું છે કે "પારમાર્થિક રીતે મુક્તિ વગેરે સ્થાનમાં પ્રતિષ્ઠિત થયેલ દેવતાની; પ્રતિમાજીને વિશે તે દેવતાનું અધિષ્ઠાન વગેરે સંભવિત ન હોવાથી આ મુખ્ય પ્રતિષ્ઠા શક્ય નથી." (૮-૬) "પૂજા વગેરે દ્વારા પ્રતિષ્ઠિત કરાતા દેવતાને કોઇ મુખ્ય ઉપકાર અહીં

નથી, તેથી આ અતત્ત્વની કલ્પના બાલક્રીડા જેવી છે.'' (૮-૭) આથી ઉપર જણાવ્યા મુજબના પ્રતિષ્ઠાના સ્વરૂપને માનવાથી નીચે જણાવ્યા મુજબની અન્યમતવાળાની માન્યતાઓનું નિરાકરણ થાય છે.

કેટલાક લોકોની એવી માન્યતા છે કે - ''પ્રતિષ્ઠાવિધિથી પ્રતિમાદિમાં દેવતાનું અહંકાર અને મમકાર સ્વરૂપ સંનિધાન કરાય છે. 'પ્રતિમા જડ છે અને પોતે ચેતન છે. આવું વિશેષનું દર્શન હોવા છતાં દેવતા સંનિધાન કરે એ શક્ય નથી' - આ પ્રમાણે નહિ કહેવું; કારણ કે પોતાનું સાદૃશ્ય(સરખાપણું) જોવાથી ચિત્ર વગેરેમાં જેમ આપણને 'આ હું છું અથવા આ મારું ચિત્ર છે' - એમ આરોપિત જ્ઞાન થાય છે; તેમ પ્રતિમાદિમાં અહંત્વ અને મમત્વ બાધિત હોવા છતાં દેવતાને આરોપિત જ્ઞાન સંભવી શકે છે. 'આવું પણ જ્ઞાન જ્યારે નાશ પામશે ત્યારે તે પ્રતિમાજીની પૂજા કરવાથી ફળ મળશે નહિ' - આવી શંકા ના કરવી. કારણ કે જ્ઞાનનો નાશ થયા પછી પણ તેનાથી ઉત્પન્ન થયેલા સંસ્કાર તો રહે છે. અસ્પૃશ્ય ચાંડાલાદિના સ્પર્શ વગેરેથી સંસ્કારનો નાશ થાય છે અને તેથી તેવી પ્રતિમાની પૂજાદિથી ફળ પ્રાપ્ત થતું નથી.'' આવી જે માન્યતા છે તે બરાબર નથી.

કારણ કે જ્યાં વીતરાગદેવની સ્થાપના કરાય છે ત્યાં અહંકાર કે મમકાર સ્વરૂપ સંનિધાન શક્ય નથી. કારણ કે રાગ વગરના તેઓશ્રીને અહંકારાદિ સંભવિત નથી. યદ્યપિ આ રીતે સરાગી દેવની તેવી સ્થાપના શક્ય છે; પરંતુ સરાગીને દેવ માનવાનું જ મિથ્યાસ્વરૂપ છે તો તેમની સ્થાપના કરવાની વાત જ કઇ રીતે સંભવે ? યદ્યપિ વીતરાગ પરમાત્મામાં રાગ ન હોવાથી અહંકારાદિ સ્વરૂપ સંનિધાન તેઓશ્રીને ન હોવા છતાં ઉપર જણાવ્યા મુજબ ચિત્રાદિની જેમ આરોપિત સંનિધાન શક્ય છે. પરંતુ એવા દેવતામાં સર્વજ્ઞપણું ન હોય તો વ્યાસંગદશામાં (બીજા બીજા કામમાં વ્યગ્ર હોય ત્યારે) વ્યવહિત(અવરુદ્ધ) અનેક સ્થાનોમાં પ્રતિષ્ઠાઓની ક્રિયાઓમાં અહંકાર અને મમકાર સ્વરૂપ સંનિધાન ઉપપન્ન નહિ બને. ગમે તે રીતે વ્યાસંગ ટાળીને સમુદાયમાં તે તે રીતે સંનિધાન કરવામાં આવે તોપણ સંસ્કારનો નાશ થયે છતે પ્રતિમામાં અપૂજ્યત્વનો પ્રસંગ આવશે. જોકે એવા પ્રસંગે પ્રતિમા પૂજ્ય મનાતી નથી. પરંતુ જ્યારે જ્ઞાન હોય ત્યારે પ્રતિમાજીની પૂજાથી પ્રાપ્ત થનારા ફળની પ્રત્યે જ્ઞાનની પ્રયોજકતા અને જ્ઞાનનો નાશ થયે છતે સંસ્કાર હોય ત્યારે તેવા પ્રકારના ફળની પ્રત્યે સંસ્કારની

પ્રયોજકતા માનવી પડશે. આ રીતે અનનુગત(અનેકરૂપે) સ્વરૂપે પ્રયોજકતા માનવામાં ગૌરવ થાય છે. તેથી પ્રતિષ્ઠાવિધિથી પ્રતિમાજીમાં અહંકાર-મમકારસ્વરૂપ દેવતાસંનિધાન કરાય છે... ઈત્યાદિ માન્યતા બરાબર નથી.

પ્રતિમાજીની પ્રતિષ્ઠા થઈ છે... ઈત્યાદિ સ્વરૂપ પ્રતિષ્ઠિતત્વના જ્ઞાનથી ઉત્પન્ન થયેલી સમાપત્તિના કારણે પૂજાદિનું જે ફળ પ્રાપ્ત થાય છે, તે ફળની અનુપપત્તિ; વ્યાસંગદશામાં જ્ઞાન(ઉપયોગ)ના અભાવે થશે જ. પરંતુ એ રીતે વિશેષ ફળની અનુપપત્તિ થાય તોપણ પ્રીતિ વગેરેને લઈને સામાન્ય ફળ તો મળે છે જ. બાકી તો પ્રતિમાજીમાં પ્રતિષ્ઠિતત્વના યથાર્થજ્ઞાનને જ પૂજાના સામાન્ય ફળની પ્રત્યે જેઓ પ્રયોજક માને છે, તેમને તો આવા સ્થળે (વ્યાસંગના કારણે થનારા જ્ઞાનાભાવના સ્થળે) પ્રતિમાજીની પૂજા વગેરેના ફળની અનુપપત્તિ થવાની જ છે અર્થાત્ તે દોષ તેમને રહેવાનો જ છે. તેથી તેમની પણ માન્યતા ઉચિત નથી.

જે નવ્યનૈયાયિકો એ પ્રમાણે માને છે કે - પ્રતિષ્ઠાવિધિથી આત્મામાં જે અદૃષ્ટ ઉત્પન્ન થાય છે તે અદૃષ્ટ; સ્વાશ્રયાત્મસંયોગાશ્રય (સ્વ=અદૃષ્ટ, તેનો આશ્રય આત્મા, તેનો સંયોગ પ્રતિમામાં છે.) એવી પ્રતિમામાં પૂજ્યત્વનું પ્રયોજક બને છે. આવી માન્યતાને ધરનારા એ નવ્યનૈયાયિકોને તદ્વ્યક્તિવિશિષ્ટ સંબંધનું જ્ઞાન ન હોય તો 'અતિપ્રસંગ'નો પ્રસંગ આવશે. આશય એ છે કે નૈયાયિકો આત્માને વિભુ માનતા હોવાથી સઘળાય મૂર્ત્ત(રૂપાદિયુક્ત દ્રવ્ય) દ્રવ્યોની સાથે તેનો સંયોગ માને છે. તેથી પ્રતિષ્ઠા કરનારે જે પ્રતિમાની પ્રતિષ્ઠા કરી છે તે પ્રતિમાની સાથે પ્રતિષ્ઠા કરનારનો જે સંયોગ છે એવો જ સંયોગ બીજી (અપ્રતિષ્ઠિત) પ્રતિમામાં પણ હોવાથી તે પ્રતિમામાં પણ પૂજ્યત્વનો પ્રસંગ આવશે. આ અતિપ્રસંગનું નિવારણ કરવા પ્રતિમાવિશેષનું ગ્રહણ કરીએ તો તેનો અનુગમ(જ્ઞાન) શક્ય નહિ બને. તેથી નવ્યનૈયાયિકોનું કથન અનુચિત છે.

ચિંતામણિકાર આ વિષયમાં જે નીચે મુજબ જણાવે છે તે પણ તેનો વિચાર ન કરીએ ત્યાં સુધી જ રમણીય લાગે છે. તેમનું કહેવું એ છે કે - '**प्रतिष्ठितं पूजयेत्**' આ વિધિવાક્ય પ્રતિષ્ઠામાં પૂજ્યતાનું કારણત્વ જણાવતું નથી; પરંતુ **क्त** પ્રત્યય ભૂતકાલીન અર્થને જણાવવા માટે વિહિત હોવાથી અતીતપ્રતિષ્ઠમાં

પૂજ્યત્વ જણાવે છે અર્થાત્ એ વાક્યથી 'પ્રતિષ્ઠાનો ધ્વંસ પૂજ્યત્વપ્રયોજક છે' - આવો અર્થ સૂચિત થાય છે. તે પ્રતિષ્ઠાધ્વંસ; પ્રતિષ્ઠાકાલસંબંધી; અસ્પૃશ્યસ્પર્શાદિકના અનાદિકાલીન સંસર્ગાભાવ જેટલા હોય તેનાથી સહિત હોવો જોઇએ. ધ્વંસ, પ્રાગભાવ અને અત્યંતાભાવ આ ત્રણ સંસર્ગાભાવ છે. પ્રાગભાવ (ઉત્પત્તિ પૂર્વેનો) અને અત્યંતાભાવ અનાદિકાળના છે. પ્રતિષ્ઠાના ધ્વંસના કાલ દરમ્યાન અસ્પૃશ્યસ્પર્શાદિ થયેલા ન હોવા જોઇએ. અન્યથા પ્રતિષ્ઠાનો ધ્વંસ પૂજ્યતાનો પ્રયોજક નહિ બને.

ચિંતામણિકારનું એ કથન ઉચિત નથી. કારણ કે પ્રતિષ્ઠા ક્રિયા અથવા ઇચ્છા સ્વરૂપ હોય તો તેનો ધ્વંસ પ્રતિમામાં નહિ રહે. (કારણ કે ધ્વંસ સ્વપ્રતિયોગીના સમવાયી કારણમાં રહે છે.) સંયોગસ્વરૂપ પ્રતિષ્ઠા માનીએ તો તેનો ધ્વંસ પ્રતિષ્ઠા કરનાર અને પ્રતિમાજી બંનેમાં હોવાથી પ્રતિમાજીની જેમ પ્રતિષ્ઠા કરનારમાં પણ પૂજ્યત્વ માનવાનો પ્રસંગ આવશે. પ્રતિમાજીમાં રહેલા જ તાદૃશ સંયોગવિશેષને પ્રતિષ્ઠાસ્વરૂપ માનવાથી (અનુયોગિતાવિશેષથી સંયોગાશ્રયમાં પ્રતિષ્ઠા માનવાથી) પ્રતિષ્ઠા કરાવનારમાં પૂજ્યત્વ માનવાનો પ્રસંગ યદ્યપિ નહિ આવે પરંતુ આ રીતે પ્રતિષ્ઠાના ધ્વંસને; પ્રતિમાજીની પૂજાથી પ્રાપ્ત થનારા ફળની પ્રત્યે પ્રયોજક માનવામાં આવે તો પ્રતિષ્ઠાને તે ફળની પ્રત્યે પ્રતિબંધક માનવાના વ્યવહારનો પ્રસંગ આવશે. કારણ કે કારણભૂત અભાવના પ્રતિયોગીને(જેનો અભાવ હોય તેને) પ્રતિબંધક કહેવાય છે. કારણભૂત અભાવ અહીં પ્રતિષ્ઠાનો ધ્વંસ છે. તેનો પ્રતિયોગી પ્રતિષ્ઠા છે. તેને પૂજાફળની પ્રત્યે પ્રતિબંધક માનવાનો પ્રસંગ આવશે... એ સ્પષ્ટ છે.

યદ્યપિ અહીં પ્રતિષ્ઠાધ્વંસ દ્વારા પ્રતિષ્ઠાને પ્રતિમાજીની પૂજાદિથી પ્રાપ્ત થનારા ફળની પ્રત્યે પ્રયોજક માનવાથી પ્રતિષ્ઠાધ્વંસને લઇને પ્રતિષ્ઠામાં ઉપર જણાવ્યા મુજબ પ્રતિબંધકત્વના વ્યવહારનો પ્રસંગ નિવારી શકાય છે. પરંતુ ભૂતકાલીન અર્થમાં વિહિત **क्त** પ્રત્યયસ્થલે પણ **प्रोक्षिता व्रीहयः** ઇત્યાદિ સ્થળે ધ્વંસ દ્વારા ફળ મનાતું નથી. આશય એ છે કે સંસ્કૃત (સંસ્કાર કરાયેલા) વ્રીહિ (અનાજવિશેષ)ને અનુષ્ઠાન પ્રસંગે વાવવા જોઇએ. આ પ્રમાણે જણાવતી વખતે ત્યાં પ્રોક્ષિતવ્રીહિને જ ફળની પ્રત્યે પ્રયોજક મનાય છે. પરંતુ પ્રોક્ષણ - (સંસ્કરણ)ધ્વંસને પ્રયોજક માનવામાં આવતો નથી. તો અહીં પ્રતિષ્ઠાધ્વંસને

ફળની પ્રત્યે દ્વાર(અવાંતર વ્યાપાર)રૂપે પ્રયોજક માનવાનું કઇ રીતે ઉચિત મનાય ? કારણ કે જે કારણના નાશ પછી લાંબા કાળે જે ફળની પ્રાપ્તિ થાય છે (અર્થાત્ જે ફળની પ્રાપ્તિ થતાં પૂર્વે જ લાંબા કાળે તેના કારણનો નાશ થયો છે) તે ફળની પ્રત્યે તે કારણનું દ્વાર કલ્પાય છે અને તે ભાવસ્વરૂપ જ મનાય છે. દાનાદિ ધર્મની આરાધનાથી ઘણા લાંબા કાળે સ્વર્ગાદિની પ્રાપ્તિ થતી હોય છે. તે વખતે દાનાદિ નાશ પામેલા હોવાથી દાનાદિથી ઉત્પન્ન અપૂર્વ (પુણ્યાદિ) દ્વારા દાનાદિને સ્વર્ગાદિની પ્રત્યે કારણ મનાય છે. અન્યથા અહીં પણ દાનાદિના ધ્વંસને સ્વર્ગાદિની પ્રત્યે કારણ માની શકાય છે. પરંતુ અપૂર્વના ઉચ્છેદની આપત્તિના કારણે એમ કરાતું નથી. અન્યથા અપૂર્વના ઉચ્છેદનો પ્રસંગ આવશે - એ સ્પષ્ટ છે.

યદ્યપિ ક્વચિદ્ યાગાદિધ્વંસમાં સ્વર્ગાદિની પ્રયોજકતા મનાય છે; પરંતુ પ્રતિષ્ઠાધ્વંસમાં દ્વારસ્વરૂપે પ્રયોજકતા માનવાનું જ શક્ય નથી. કારણ કે પ્રતિષ્ઠાધ્વંસના અભાવમાં પૂજ્યત્વ તેમના મતે પ્રસિદ્ધ હોવાથી પ્રતિષ્ઠાધ્વંસમાં પ્રતિમાજીની પૂજાદિથી પ્રાપ્ત થનાર ફળની પ્રત્યે પ્રયોજકતા માનવાનું શક્ય નથી; તે જણાવાય છે **किञ्च...** ઇત્યાદિ ગ્રંથથી. એનો આશય એ છે કે પ્રતિમાજીના કોઇ અવયવનો નાશ થવાથી તે પ્રતિમાંતર છે; એમ ચિંતામણિકાર માને છે. તેવા પ્રસંગે પ્રતિમાની પ્રતિષ્ઠા થયેલી ન હોવાથી તેનો ધ્વંસ પણ હોતો નથી અને આમ છતાં પ્રતિમાજીને તેઓ પૂજ્ય માને છે. આથી સમજી શકાશે કે પ્રતિષ્ઠાના ધ્વંસમાં પૂજાદિ ફળની પ્રયોજકતા માને તો વિનષ્ટઅવયવવાળી પ્રતિમામાં પૂજ્યત્વ માની શકાશે નહીં.

યદ્યપિ સંસ્કૃત વ્રીહિમાં તે ખંડિત થવા છતાં તેમાં જેમ સંસ્કૃતત્વની બુદ્ધિ થાય છે; તેમ કોઇ અવયવ નાશ પામવાના કારણે પ્રતિમાંતરની ઉત્પત્તિ થવા છતાં ત્યાં તે પ્રતિમા પ્રતિષ્ઠિત છે; તેવી (પ્રતિષ્ઠિતત્વની) બુદ્ધિ થાય છે. તે બુદ્ધિના સામર્થ્યથી જ તે પ્રતિમામાં પૂજ્યત્વ મનાય છે, તેથી કોઇ દોષ નથી. પરંતુ આ રીતે પ્રતીતિના બળે જો પદાર્થની સિદ્ધિ માને તો નિત્યત્વાદિ અનેક ધર્મોથી યુક્ત એવી શબલ વસ્તુને માનવાનો પણ તેમને પ્રસંગ આવશે, કારણ કે 'દ્રવ્યસ્વરૂપે વસ્તુ નિત્ય છે અને પર્યાયસ્વરૂપે તે અનિત્ય છે...' ઇત્યાદિ પ્રતીતિ સર્વસિદ્ધ છે. તેના સામર્થ્યથી સ્યાદ્વાદમુદ્રાએ વસ્તુને શબલ માનવામાં

આવે તો તે લોકોને સ્વસિદ્ધાંતની હાનિનો પ્રસંગ આવશે... ઇત્યાદિ સ્વયં સમજી લેવું. અત્યંત વિસ્તારથી સર્યું. ॥૫-૧૯॥

પ્રતિષ્ઠાવિધ્યંતર્ગત મંત્રન્યાસાદિને જણાવવા માટે વીસમો શ્લોક છે—

**सम्प्रदायागतं चेह, मन्त्रन्यासादियुक्तिमत् ।**
**अष्टौ दिनान्यविच्छित्त्या, पूजा दानं च भावतः ॥५-२०॥**

सम्प्रदायेति—इह प्रतिष्ठाविधौ । मन्त्रन्यासादिकं च क्षेत्रसंशोधनाभिवर्षणादिनिष्पत्तये वायुमेघकुमारादिविषयम् । सम्प्रदायागतं शिष्टपारम्पर्यायातं युक्तिमद्भवति । [परः प्राह[1]—इत्थं विशिष्टन्यायार्जने भावशुद्धनिष्पन्नविम्वस्य स्थापनावसरे वल्यादेर्विघ्नोपशान्त्यर्थमापादनमसारं, भावशुद्धेनैव सिद्धेः, मैवम्, भावसत्यान्तरितस्थापनायां तत्प्राधान्यात्सत्यतातिशयेन स्वारसिकेनैव सिद्धेः । अत्र तूपचारादेव क्षेत्राधिष्ठातृप्रस्तुतशान्त्याद्यर्थं शासनोन्नतित्वेन विशेषाभ्युदयतासिद्धेरन्यथाप्रतिष्ठापत्तेः । केवलं भावसिद्धत्वे पद्मासनपर्यङ्कादिमुद्राविधीयमानत्वे सिद्धावस्थात्वे जलाभिषेकादिव्यवहृतित्वमनापत्ति र्यत्परैरुच्यते तन्न, तदेवाभिमतफलेप्सितावाप्तिपूर्वकज्ञायकसिद्धद्रव्यशरीरमत्त्वेनामरैरपि तद्विहितत्वात्सर्वसावद्यवृत्तिमतामनिष्टापत्तिर्भवितेत्यारेकापहारः । तस्मात्स्थापनात्वेऽवस्थान्तरकल्पनाविशेषाद्भाववृद्ध्यैव विहितत्वात्तवापि सिध्येद्येन स्थापनमपि अश्लीलं स्यादतो नैव शङ्काव्यभिचारित्वम्] अष्टौ दिनानि यावदविच्छित्त्या नैरन्तर्येण । पूजा विम्वस्य । दानं च विभवानुसारेण शासनोन्नतिनिमित्तमिति ॥५-२०॥

"શિષ્ટમાન્ય પરંપરાથી આવેલ મંત્રન્યાસાદિ અહીં યુક્તિયુક્ત છે. આઠ દિવસ સુધી નિરંતર પ્રતિમાજીની પૂજા અને યાચકોને દાન ભાવપૂર્વક આપવું જોઇએ." - આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે આ પ્રતિષ્ઠાવિધિમાં ક્ષેત્રશુદ્ધિ માટે અને પાણીની વર્ષા માટે વાયુકુમાર અને મેઘકુમાર દેવસંબંધી મંત્રન્યાસાદિ કરવાનું શિષ્ટ જનોની પરંપરાથી આવેલું છે - તે યુક્તિયુક્ત છે. આઠ દિવસ સુધી દરરોજ પરમાત્માના પરમતારક બિંબની પૂજા (અંગરચનાદિ સ્વરૂપ વિશિષ્ટ પૂજા) અને યાચકોને પોતાની સંપત્તિને અનુસરી દાન આપવું જોઇએ. ભાવપૂર્વક અપાયેલ દાન વગેરે શાસનની પ્રભાવનાનાં પ્રબળ કારણ છે. શાસનની તેવા પ્રકારની પ્રભાવના માટે ઉપર

१. अयं पाठो मूलप्रतौ (सं) न विद्यते ।

જણાવ્યા મુજબ નિરંતર આઠ દિવસ સુધી પૂજા અને દાન કરવાં જોઈએ. શક્તિસંપન્ન આત્માઓ પોતાની શક્તિ અનુસારે દાનાદિ કરે તો શાસનની પ્રભાવના ચોક્કસ જ થયા વિના નહિ રહે. શાસન ઉન્નતિના કારણ તરીકે નહિ જણાય ત્યાં સુધી તેની ઉન્નતિ કરવાનું શક્ય નથી. જેમ બને તેમ વધારે આત્માઓના હૃદયમાં શાસન પ્રત્યે બહુમાન પ્રગટે : એ આશયવિશેષ શાસનોન્નતિનું પ્રબળ કારણ બને છે. શાસનોન્નતિના નામે પોતાનો પ્રભાવ પાડવાનો ભાવ આવી ન જાય - એનું સતત ધ્યાન રાખવું જોઈએ. જાતને ભૂલીને શાસન-ઉન્નતિ માટે પ્રયત્ન કરવાથી શાસનોન્નતિ પારમાર્થિક બને છે.

અહીં **परः प्राह** થી આરંભીને **नैव शङ्काव्यभिचारित्वं** અહીં સુધીનો ગ્રંથ (   ) આ મુજબ કૌંસમાં જણાવ્યો છે. પ્રાચીન હસ્તલિખિત પ્રતમાં એ પાઠ ઉપલબ્ધ નથી. અહીં જે ઉપલબ્ધ છે તેમાં અશુદ્ધિ પણ લાગે છે. એટલે તેનું વિવરણ કરવાનું થોડું અઘરું જ છે. છતાં સંભાવ્ય પાઠને આશ્રયીને તે ગ્રંથનો આશય નીચે મુજબ જણાવું છું. અન્યવિવેચનકર્ત્તાનાં વિવેચનોથી પણ તે સમજવાનો પ્રયત્ન જિજ્ઞાસુઓએ કરવો જોઈએ.

**परः प्राह**... ઇત્યાદિ - અહીં કેટલાક લોકો કહે છે કે વિશેષ પ્રકારના ન્યાયથી પ્રાપ્ત દ્રવ્યાદિ દ્વારા શ્રી જિનબિંબનું નિર્માણકાર્ય ભાવની શુદ્ધિપૂર્વક થયેલું હોવાથી તેની સ્થાપના વખતે વિઘ્નશાંતિ માટે બલિ વગેરે અપાય છે - તે ઉચિત નથી. કારણ કે ભાવની શુદ્ધિથી જ વિઘ્નની શાંતિ થઈ જાય છે. કેટલાક લોકોનું એ કથન યુક્ત નથી. ભાવની વાસ્તવિક અભ્યંતર સ્થાપનામાં ભાવની પ્રધાનતા હોવાથી સ્વભાવથી જ પારમાર્થિક ભાવ વડે વિઘ્નોની શાંતિ થઈ જાય છે. અહીં તો બાહ્યબિંબસ્થાપના વખતે બલિ વગેરેના ઉપચારથી જ ક્ષેત્રાધિષ્ઠાયક દેવાદિને ઉદ્દેશીને શાંતિ વગેરે માટે ઉપર જણાવ્યા મુજબ મંત્રન્યાસાદિ કરાય છે. તેથી શાસનની ઉન્નતિ થવાના કારણે વિશેષ અભ્યુદયની સિદ્ધિ (પુણ્યાનુબંધી પુણ્યવિશેષની સિદ્ધિ) થાય છે. અન્યથા અભ્યંતર પ્રતિષ્ઠાની સિદ્ધિ થઈ ગયા પછી બાહ્યપ્રતિષ્ઠા જ અસિદ્ધ બનશે. કારણ કે શાસનની ઉન્નતિ વગેરેના ઉદ્દેશથી તે કરાય છે. કર્મનિર્જરાદિ ફળ તો અભ્યંતર પ્રતિષ્ઠાથી પ્રાપ્ત જ છે.

માત્ર ભાવથી જ કાર્ય(ફળ) સિદ્ધ થતું હોય તો; પ્રતિમાજીમાં પદ્માસન અને પર્યંકાસન વગેરે મુદ્રા દ્વારા સિદ્ધાવસ્થાની સ્થાપના કરાય છે, પરંતુ તેમ

કરવાથી સિદ્ધાવસ્થામાં જળનો અભિષેક વગેરે ન હોવાથી પ્રતિમાજીનો પણ જલાભિષેક વગેરે નહિ કરવાનો પ્રસંગ આવશે (અર્થાત્ જલાભિષેકાદિ વ્યવહાર ઉચિત નહિ મનાય) - આ પ્રમાણે બીજા લોકો જે કહે છે - તે બરાબર નથી. કારણ કે પોતાના ઈષ્ટફળની પ્રાપ્તિ પૂર્વે, જ્ઞાયક શ્રીસિદ્ધભગવંતોના દ્રવ્યશરીરને ઈન્દ્રાદિદેવતાઓએ પણ જલાભિષેકાદિ કાર્ય કર્યું છે. કહેવાનો આશય એ છે કે શ્રી તીર્થંકરપરમાત્માના નિર્વાણ વખતે પૂ. ગણધરભગવંતાદિ મહાત્માઓ પણ શ્રી સિદ્ધપદને તેમ જ સદ્ગતિને પ્રાપ્ત કરે છે. કાળધર્મ પામતાં પૂર્વેના તેમના શરીરને જ્ઞાયકસિદ્ધ દ્રવ્યશરીર કહેવાય છે. તે સિદ્ધદ્રવ્યાવસ્થામાં તેઓશ્રી જલાભિષેકાદિથી રહિત હતા તોપણ દેવતાઓએ તે શરીરને જલાભિષેકાદિ કર્યા છે. વિવેકસંપન્ન દેવતાઓ પણ જો તે કાર્ય કરે છે; તો સર્વસાવદ્યયોગમાં પ્રવર્ત્તનારા ગૃહસ્થો તે ન કરે તો તેમના માટે તે અનિષ્ટની આપત્તિનું કારણ બનશે. આ રીતે બીજાની શંકાનો પરિહાર થાય છે.

અહીં યાદ રાખવું જોઈએ કે શંકાકાર સ્થાપનાનો નિષેધ કરતા નથી. માત્ર જલાભિષેકાદિનો નિષેધ કરે છે. તેથી ઉપર જણાવ્યા મુજબ તેમની શંકાનો પરિહાર કર્યો છે. હવે **तस्मात्स्थापनात्त्वे**... ઈત્યાદિ ગ્રંથથી એ જણાવાય છે કે સ્થાપનાને કર્યા પછી જલાભિષેકાદિ પણ તારે માનવા પડશે. **तदेवाभिमत** અહીંના **तदेव** નો અન્વય **सिद्ध्येद्** ની સાથે કરવો. આથી ગ્રંથાશય સમજી શકાશે કે સ્થાપનામાં સિદ્ધાવસ્થાપૂર્વેની જન્મ, દીક્ષા અને અનશનાદિ અવસ્થાવિશેષની કલ્પનાએ થતી ભાવવૃદ્ધિના કારણે જલાભિષેકાદિ કરાય છે. અન્યથા શંકાકાર એ ન માને તો સ્થાપના અશ્લીલ (નગ્નતાદિસૂચક) માનવી પડશે. આથી સ્પષ્ટ છે કે શંકાના કારણે જે વ્યભિચાર (વ્યર્થત્વ) જણાતો હતો તે નહિ જણાય... આ રીતે **परः प्राह.. व्यभिचारित्वम्** આ ગ્રંથનો યથાશ્રુતાર્થ મને જે જણાયો તે જણાવ્યો છે. **द्वात्रिंशद्-द्वात्रिंशिका भा.१** (પ્રકાશક : દિવ્યદર્શન ટ્રસ્ટ-ધોળકા) આ પુસ્તકના પે.નં. ૧૪૭-૧૪૮-૧૪૯-૧૫૦ માં એ વિષયમાં જે જણાવ્યું છે તેનો પણ વિચાર કરવો. ॥૫-૨૦॥

ઉપર જણાવ્યા મુજબ પ્રતિષ્ઠાનું કાર્ય પૂર્ણ થયા પછી જે કરવાનું છે તે જણાવાય છે–

**पूजा प्रतिष्ठितस्येत्थं, बिम्बस्य क्रियतेऽर्हतः ।**
**भक्त्या विलेपनस्नानपुष्पधूपादिभिः शुभैः ॥५-२१॥**

पूजेति–व्यक्तः ॥५-२१॥

"આ પ્રમાણે વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલા શ્રી અરિહંતપરમાત્માના પરમતારકબિંબની શુભ એવાં વિલેપન, સ્નાન, પુષ્પ અને ધૂપ વગેરે દ્રવ્યોથી ભક્તિપૂર્વક પૂજા કરાય છે." - એકવીસમા શ્લોકનો એ અર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. પ્રતિમાની પૂજા કરતી વખતે સુગંધી એવા જળથી સ્નાત્ર કરવું. સુગંધી ચંદન, કંકુ વગેરેથી વિલેપન કરવું. સુગંધી અને ઉત્તમ જાતિનાં પુષ્પો ચઢાવવાં; સુગંધી ધૂપ અને બીજાં એ જાતિનાં સુગંધી દ્રવ્યોના ઉપયોગથી પૂજા કરતી વખતે વાતાવરણ સુવાસિત કરવું. સ્વ-પરના મનને હરી લે - એ રીતે પોતાની સંપત્તિને અનુસારે ઉદારતાપૂર્વક ત્રિકાળ પૂજન કરવું. શાસ્ત્રમાં જણાવેલ તે તે કાળે અથવા પોતાની આજીવિકાને હાનિ ન પહોંચે તે કાળે પૂજન કરવું.

તેમ જ "જેઓએ પોતાની ઉપર ઉપકાર કર્યો નથી; એવા પણ પરજનોના હિતમાં તત્પર; મોક્ષને આપનારા તથા દેવેન્દ્રોથી પૂજાયેલા ભગવાન હિતના અર્થીઓ માટે પૂજ્ય છે."... આવી ભક્તિભાવનાથી શ્રી અરિહંતપરમાત્માની પૂજા કરવી જોઇએ. આવી પૂજાને પૂજા કહેવાય. વર્તમાનમાં આવું ઓછું જોવા મળે. શાસ્ત્રોક્ત વિધિનું પાલન; ઉદારતાપૂર્વક શુદ્ધ દ્રવ્યોનો ઉપયોગ; કાલાદિનું નૈયત્ય અને ઉપર જણાવેલો ભક્તિભાવ વગેરેથી કરાતી પૂજા વિવક્ષિત ફળને આપનારી છે. શાસ્ત્રવિહિત પણ અનુષ્ઠાન વિધિના પાલનાદિ વિના તારક બનતું નથી. અનુષ્ઠાન કરવા છતાં તેનું વિવક્ષિત ફળ ન મળે તો તે અનુષ્ઠાન સુધારવું જ જોઇએ. - એટલો ખ્યાલ અનુષ્ઠાનના કરનારાને હોવો જોઇએ. ॥૫-૨૧॥

હવે પૂજાના પ્રકાર જણાવાય છે–

**सा च पञ्चोपचारा स्यात्, काचिदष्टोपचारिका ।**
**अपि सर्वोपचारा च, निजसम्पद्विशेषतः ॥५-२२॥**

सा चेति–पञ्चोपचारा जानुकरद्वयोत्तमाङ्गैरुपचारयुक्ता, आगमप्रसिद्धैः पञ्चभिर्विनयस्थानैर्वा । अष्टोपचारिका अष्टभिरङ्गैरुपचारो यस्यां भवति, तानि चामूनि–

“सीसमुरोअरपिट्ठी दो बाहू उरूआ य अट्ठंगा” । सर्वोपचारापि च देवेन्द्रन्यायेन निजसम्पद्विशेषतः सर्वबलविभूत्यादिना ।।५-२२।।

“તે પૂજા ત્રણ પ્રકારની છે. પઞ્ચોપચારા, અષ્ટોપચારા અને પોતાની સંપત્તિવિશેષને આશ્રયીને સર્વોપચારા” - આ પ્રમાણે બાવીશમી ગાથાનો અર્થ સુગમ છે. કહેવાનો ભાવ એ છે કે બે જાનુ (ઢીંચણ), બે હાથ અને મસ્તક - એ મળીને પાંચ અંગોથી વિનયઉપચાર કરવા વડે ‘પઞ્ચોપચારા’ પૂજા થાય છે તેમ જ આગમમાં પ્રસિદ્ધ એવાં પાંચ વિનયના સ્થાનના આસેવનથી પણ ‘પઞ્ચોપચારા’ પૂજા થાય છે. સચિત્ત પુષ્પમાલાદિનો ત્યાગ કરવો; અચિત્ત હાર વગેરેનો ત્યાગ ન કરવો; ખેસ ધારણ કરવો; પ્રતિમાજીનાં દર્શન થતાંની સાથે અંજલિ કરવી અને મનની એકાગ્રતા કરવી - આ પાંચ પ્રકારના વિનયના ઉપચારથી પૂજાને પઞ્ચોપચારા પૂજા કહેવાય છે.

‘અષ્ટોપચારા’ પૂજા આઠ અંગના ઉપચારથી કરાય છે. મસ્તક, છાતી, પેટ, પીઠ, બે હાથ અને બે સાથળ - આ આઠ અંગોથી જે દંડવત્ પ્રણામ કરાય છે, તેને ‘અષ્ટોપચારા’ પૂજા કહેવાય છે અને ત્રીજી પૂજામાં ઇન્દ્રાદિદેવોની જેમ પોતાની સંપત્તિને અનુરૂપ સર્વ બલ (ચતુરંગસેના સર્વવાહનાદિ); સર્વપરિવાર, સર્વસંપત્તિ, સર્વ અલંકાર અને સર્વ આદર વડે પરમાત્માની પૂજા-ભક્તિ કરાય છે, તેને ‘સર્વોપચારા’ પૂજા કહેવાય છે. **सव्वबलेणं**... ઇત્યાદિ આગમમાં વર્ણવેલી ઇન્દ્રાદિની જેમ શ્રી દશાર્ણભદ્રાદિએ કરેલી જે પૂજા છે, તેને ‘સર્વોપચારા’ પૂજા કહેવાય છે. ।।૫-૨૨।।

ઉપર જણાવેલી પણ પૂજા કેવા પૈસાથી અને કેવા આત્માએ કરવી જોઇએ તે જણાવાય છે–

**इयं न्यायोत्थवित्तेन, कार्या भक्तिमता सता ।**
**विशुद्धोज्ज्वलवस्त्रेण, शुचिना संवृतात्मना ।।५-२३।।**

इयमिति–इयं पूजा न्यायोत्थवित्तेन भावविशेषात्परिशोधितद्रव्येण । भक्तिमता सता कार्या । विशुद्धं पट्टयुग्मादि रक्तपीतादिवर्णमुज्ज्वलं च वस्त्रं यस्य तेन । तदुक्तं– “सितशुभवस्त्रेणेति” । शुचिना द्रव्यतो देशसर्वस्नानाभ्यां भावतश्च विशुद्धाद्यवसायेन । संवृतात्मना अङ्गोपाङ्गेन्द्रियसंवरवता ।।५-२३।।

"ન્યાયથી પ્રાપ્ત અને પરિશુદ્ધ એવા વિત્ત(ધનાદિ દ્રવ્ય)થી વિશુદ્ધ અને ઉજ્જવળ એવા વસ્ત્રને ધારણ કરી દ્રવ્ય અને ભાવથી પવિત્ર, એવા ભક્તિમાને ઇન્દ્રિયાદિની અશુભ ચેષ્ટાઓનો નિરોધ કરીને આ પૂજા કરવી જોઇએ." - આ પ્રમાણે ત્રેવીશમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે - પૂર્વશ્લોકમાં વર્ણવેલી પૂજા ન્યાયથી પ્રાપ્ત થયેલા દ્રવ્યથી જ કરવી જોઇએ. અન્યાયથી પ્રાપ્ત એવા વિત્તથી પૂજા કરવાનું ઉચિત નથી. સામગ્રી ગમે તેટલી શ્રેષ્ઠ હોય પરંતુ તે અન્યાયથી ઉપાર્જિત દ્રવ્યથી મેળવેલી ન હોવી જોઇએ. ન્યાયથી પ્રાપ્ત વિત્તમાં બીજા કોઇનું વિત્ત આવી ગયું હોય તો 'તેટલા પ્રમાણમાં તેનું પુણ્ય તેને પ્રાપ્ત થાઓ' આવી ભાવનાથી તેમ જ ન્યાયથી પ્રાપ્ત પણ ધન છોડવાજેવું છે, રાખવાજેવું નથી. આજે નહિ તો કાલે ગમે ત્યારે જે અવશ્ય નાશ પામવાનું છે તો તેનો સદુપયોગ કરી લેવો - એ જ હિતાવહ છે... ઇત્યાદિ ભાવથી ન્યાયોપાત્તવિત્તને પરિશુદ્ધ બનાવીને તે દ્રવ્યથી પૂજા કરવી.

પૂજા કરતી વખતે વિશુદ્ધ વસ્ત્રયુગલ લાલ, પીળા વગેરે વર્ણવાળું પહેરવું - આ પ્રમાણે શ્રી ષોડશકપ્રકરણમાં જણાવતાં ફરમાવ્યું છે કે '**सितशुभवस्त्रेण**' - પવિત્ર ઉજ્જવળ વસ્ત્રને ધારણ કરવા વડે પૂજા કરવી. પૂજા કરતાં પૂર્વે દેશથી અથવા સર્વથા સ્નાન કરવાનું આવશ્યક છે. હાથ, પગ અને મુખના પ્રક્ષાલનને દેશસ્નાન કહેવાય છે અને પગથી મસ્તક સુધીના પ્રક્ષાલનને સર્વસ્નાન કહેવાય છે. આ બે પ્રકારનું દ્રવ્યસ્નાન છે. આગમમાં પ્રસિદ્ધ એવા કર્મમલના પ્રક્ષાલનના અધ્યવસાયવિશેષને ભાવસ્નાન કહેવાય છે. આવાં બંને પ્રકારનાં (દ્રવ્ય-ભાવ) સ્નાનથી પવિત્ર બનીને પૂજા કરવાની છે. પૂજા કરતી વખતે અંગ(હસ્તાદિ), ઉપાંગ(આંગળી વગેરે) અને ઇન્દ્રિયોની અશુભચેષ્ટાઓનો નિરોધ કરવા વડે સંવૃત (સંયત) બનેલા આત્માએ પૂજા કરવી જોઇએ. શરીર કે ઇન્દ્રિયો દ્વારા કર્મબંધ જે રીતે ન થાય તે રીતે પૂજા કરવી. શરીરાદિને સંયમિત બનાવ્યા વિના આત્માને સંવરભાવની પ્રાપ્તિ થતી નથી. કાયાનો સંયમ, મનની એકાગ્રતા માટે ખૂબ જ આવશ્યક છે. અપ્રશસ્ત વિષય-ખાનપાનાદિમાં એ અનુભવસિદ્ધ છે. ॥૫-૨૩॥

પ્રતિષ્ઠા પછી પૂજાનું નિરૂપણ શરૂ કર્યું છે. તેમાં પુષ્પાદિપૂજાનું નિરૂપણ કર્યું. હવે સ્તોત્રપૂજાનું નિરૂપણ કરાય છે–

**पिण्डक्रियागुणोदारैरेषा स्तोत्रैश्च सङ्गता ।**
**पापगर्हापरैः सम्यक्प्रणिधानपुरःसरैः ॥५-२४॥**

पिण्डेति–पिण्डं शरीरमष्टोत्तरलक्षणसहस्रकलितम् । क्रिया आचारो दुर्वारपरीषहोपसर्गजयलक्षणः । गुणाः श्रद्धाज्ञानविरतिपरिणामादयः, केवलज्ञानदर्शनादयश्च । तैरुदारैर्गम्भीरैः । पापानां रागद्वेषमोहपूर्वं स्वयङ्कृतानाम् । गर्हा भगवत्साक्षिकनिन्दारूपा तया परैः प्रकृष्टैः । सम्यक् समीचीनं यत् प्रणिधानमैकाग्र्यं तत्पुरःसरैः स्तोत्रैश्च । एषा पूजा सङ्गता ॥५-२४॥

"શરીર, ક્રિયા અને ગુણોના વર્ણનથી ગંભીર, પોતાના પાપની ગર્હા કરવામાં તત્પર અને સારી રીતે કરાતા પ્રણિધાનપૂર્વકનાં સ્તોત્રોથી આ પૂજા સંગત છે." - આ પ્રમાણે ચોવીસમી ગાથાનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે પુષ્પાદિ ઉત્તમ દ્રવ્યોથી જેમ પૂજા કરાય છે તેમ ઉત્તમ સ્તોત્રોથી પૂજા કરવી જોઈએ. એક હજાર આઠ લક્ષણોથી અને અદ્‌ભુતરૂપાદિથી યુક્ત શરીરને પિંડ કહેવાય છે. દુઃખે કરીને જેનું નિવારણ કરી શકાય એવા પરીસહ અને ઉપસર્ગ ઉપર વિજય પ્રાપ્ત કરવા વગેરે સ્વરૂપ આચારને ક્રિયા કહેવાય છે. શ્રદ્ધા, જ્ઞાન, વિરતિ વગેરે પરિણામ સ્વરૂપ ગુણો છે. પિંડ, ક્રિયા અને ગુણોના વર્ણનથી ગંભીર એવાં સ્તોત્રો દ્વારા પરમાત્માની સ્તોત્રપૂજા કરવી જોઈએ. તેમ જ રાગ, દ્વેષ અને મોહપૂર્વક પોતે કરેલાં પાપોની ભગવંતાદિની સાક્ષીએ કરાતી નિંદાને પાપગર્હા કહેવાય છે. એ ગર્હા વખતે 'હું કેવો પાપી છું અને પરમાત્મા કેવા પાપરહિત છે'... ઈત્યાદિ પ્રકારના ભાવથી વાસિત હોવાથી પાપગર્હાથી યુક્ત એવાં સ્તોત્રો પ્રકૃષ્ટ હોય છે. એવાં સ્તોત્રોથી પૂજા કરવી જોઈએ. આ સ્તોત્રો પણ સારી રીતે સુંદર પ્રણિધાન(એકાગ્રતા)પૂર્વક બોલવાનાં હોવાથી આ પૂજા સમ્યક્પ્રણિધાનપુરઃસર સ્તોત્રોથી થતી હોય છે. એવી સ્તોત્રપૂજા સંગત છે અર્થાત્ ફળને આપનારી છે.

શ્રી ષોડશકપ્રકરણમાં સ્તોત્રનું સ્વરૂપ જણાવતાં ફરમાવ્યું છે કે–

(૧) પિંડ, ક્રિયા અને ગુણને જણાવનારાં.
(૨) અર્થગંભીર.
(૩) છંદ અને અલંકારોની રચનાના કારણે વિવિધ વર્ણવાળાં.

(૪) આશયશુદ્ધિને કરનારાં.
(૫) સંવેગ પ્રાપ્ત કરાવનારાં.
(૬) પરમપવિત્ર.
(૭) પોતાના પાપનું નિવેદન કરનારાં.
(૮) ઉપયોગપ્રધાન.
(૯) વિવિધ અર્થને જણાવનારાં.
(૧૦) અસ્ખલિતાદિ ગુણોવાળાં અને
(૧૧) મહાબુદ્ધિમાનોએ રચેલાં સ્તોત્રથી પૂજા કરવી જોઇએ.

ઉત્તમોત્તમ દ્રવ્યોથી જેમ દ્રવ્યપૂજા કરવાની છે તેમ સ્તોત્રપૂજા પણ ઉત્તમોત્તમ સ્તોત્રથી કરવાની છે. ઉપર જણાવેલી અગિયાર વિશેષતાથી વિશિષ્ટ સ્તોત્રથી સ્તોત્રપૂજા કરવાનું સદ્ભાગ્ય મળે તો ખરેખર જ આનંદની અવધિ ન રહે. આજે રચાતાં સ્તોત્રોમાં એવી વિશેષતા પ્રાયઃ જોવા મળે નહિ. ઉપર જણાવ્યા મુજબનાં સ્તોત્રો બધા જ રચી શકે એવું ન જ બને. પરંતુ પૂર્વના આચાર્યભગવંતાદિ મહાબુદ્ધિમાન મહાત્માઓએ રચેલાં સ્તોત્રોથી સ્તોત્રપૂજા કરવાનું સદ્ભાગ્ય મળ્યું હોય ત્યારે; આપણે નવાં સ્તોત્રો બનાવીને પૂજા કરવાની ખરેખર જ આવશ્યકતા નથી. એક તો ભાવ આવે નહિ અને કદાચ આવે તો શબ્દથી એ વર્ણવતાં ફાવે નહિ. આવી સ્થિતિમાં ભાવાવવાહી વિશિષ્ટ સ્તોત્રોની રચનાથી મહાત્માઓએ આપણી ઉપર ખૂબ જ અનુગ્રહ કર્યો છે. એ અનુગ્રહને ઝીલીને ઉપર જણાવ્યા મુજબનાં ઉત્તમોત્તમ સ્તોત્રોથી સ્તોત્રપૂજા કરવી જોઇએ... એ પરમાર્થ છે. ।।૫-૨૪।।

પ્રકારાંતરે પૂજાના ત્રણ પ્રકાર જણાવાય છે–

**अन्ये त्वाहुस्त्रिधा योगसारा सा शुद्धिचित्ततः (वित्तशुद्धितः) ।**
**अतिचारोज्झिता विघ्नशमाभ्युदयमोक्षदा ।।५-२५।।**

अन्ये त्विति–अन्ये त्वाचार्याः प्राहुः-सा पूजा । योगसारा त्रिधा काययोगप्रधाना वाग्योगप्रधाना मनोयोगप्रधाना च । शुद्धिचित्ततः (वित्तशुद्धितः) कायादिदोषपरिहाराभिप्रायादतिचारोज्झिता शुद्ध्यतिचारविकला यथाक्रमं विघ्नशमदा अभ्युदयदा मोक्षदा च । तदुक्तं षोडशके–"कायादियोगसारा त्रिविधा तच्छुद्ध्युपात्तवित्तेन । या तदतिचाररहिता

सा परमाऽन्ये तु समयविदः ।।१।। विघ्नोपशमन्याद्या गीताऽभ्युदयप्रसाधनी चान्या । निर्वाणसाधनीति च फलदा तु यथार्थसञ्ज्ञाभिः ।२।' ।।૫-૨૫।।

"બીજા આચાર્યભગવંતો કહે છે કે યોગ જેમાં સાર-પ્રધાનભૂત છે એવી મનોયોગસારા, વચનયોગસારા અને કાયયોગસારા : આ ત્રણ પ્રકારે પૂજા ત્રણ પ્રકારની છે. શુદ્ધિથી યુક્ત ચિત્તને આશ્રયીને અતિચારથી રહિત એવી એ પૂજા અનુક્રમે વિઘ્નના શમને આપનારી, અભ્યુદયને આપનારી અને મોક્ષને આપનારી બને છે." - આ પ્રમાણે ઉપર જણાવેલા પચીશમા શ્લોકનો અર્થ છે.

એનો આશય સ્પષ્ટ છે કે પૂજા કરતી વખતે મન, વચન અને કાયાનો પરિશુદ્ધ ઉપયોગ હોવો જોઈએ. પૂજા માટે જે રીતે મનની એકાગ્રતા કેળવવાની છે, સૂત્ર, સ્તુતિ વગેરે જે રીતે બોલવાનાં છે અને કાયાને જે રીતે વંદનાદિમાં પ્રવર્ત્તાવવાની છે, તે રીતે ચોક્કસપણે ઉપયોગ રાખી તે તે જે પૂજા કરાય છે; તેને અનુક્રમે મનોયોગસારા, વચનયોગસારા અને કાયયોગસારા પૂજા કહેવાય છે. પૂજામાં મન-વચન-કાયાની શુદ્ધિનું ખૂબ જ મહત્ત્વ છે. યોગશુદ્ધિ અને યોગપ્રણિધાન વગેરે સ્વરૂપે એનું વર્ણન અનેક ગ્રંથોમાં કર્યું છે. પૂજા કરનારાએ એનો ખ્યાલ રાખી મન-વચન-કાયાના યોગોને સારભૂત-પ્રધાન બનાવવા જોઈએ. મનમાં તરવાનો ભાવ હોય, જ્ઞાનની પ્રત્યે અગાધ પ્રેમ હોય અને વિધિ પ્રત્યે ઉત્કટ રાગ હોય તો ઉપર જણાવ્યા મુજબની યોગના સારવાળી પૂજા ખૂબ જ સરળતાપૂર્વક કરી શકાશે.

શુદ્ધિથી યુક્ત એવા ચિત્તને આશ્રયીને કાયાદિ દોષોના પરિહારના કારણે અતિચારરહિત પૂજા થાય છે. એવી અતિચારરહિત પૂજા અનુક્રમે વિઘ્નશાંતિને કરનારી, અભ્યુદયને આપનારી અને નિર્વાણપદને સાધી આપનારી બને છે. અહીં શ્લોકમાં '**शुद्धिचित्ततः**' ના સ્થાને '**वित्तशुद्धितः**' આવો પાઠ મનાય તો તેનો આશય એ સમજવો કે મન-વચન-કાયાની એકાગ્રતાપૂર્વક પ્રાપ્ત કરેલા તેવા પ્રકારના શુદ્ધ વિત્ત-દ્રવ્યથી જે પૂજા થાય છે તે અતિચારથી રહિત પૂજા શ્રેષ્ઠ છે.

આ વિષયમાં શ્રી ષોડશકપ્રકરણમાં જણાવ્યું છે કે - કાયાદિયોગો જેમાં સારભૂત છે એવી કાયયોગસારા, વચનયોગસારા અને મનોયોગસારા - આ પ્રમાણે પૂજા ત્રણ પ્રકારની છે. કાયાદિની શુદ્ધિથી પ્રાપ્ત કરેલા વિત્તથી જે પૂજા થાય છે તે પૂજા શ્રેષ્ઠ છે - એમ બીજા આગમના જાણકારો કહે છે. પહેલી

'કાયયોગસારા' પૂજા વિઘ્નોને ઉપશમાવતી હોવાથી 'વિઘ્નોપશમની' કહેવાય છે. બીજી 'વાગ્યોગસારા' પૂજા અભ્યુદયને આપનારી હોવાથી 'અભ્યુદય-પ્રસાધની' કહેવાય છે અને ત્રીજી 'મનોયોગસારા' પૂજા વાસ્તવિક (પારમાર્થિક-મોક્ષ) ફળને આપનારી હોવાથી તેને નિર્વાણસાધની કહેવાય છે. આ રીતે તે તે અર્થને જણાવનારાં તે તે નામવાળી (અર્થને અનુસરતા નામવાળી) તે તે પૂજા છે. ॥૫-૨૫॥

કાયયોગસારાદિ ત્રણ પૂજામાં જે થાય છે-તે જણાવાય છે–

**आद्ययोश्चारुपुष्पाद्यानयनैतन्नियोजने ।**
**अन्त्यायां मनसा सर्वं, सम्पादयति सुन्दरम् ॥५-२६॥**

आद्ययोरिति–आद्ययोः कायवाग्योगसारयोः पूजयोः क्रमात् पुष्पादिकं प्रधान-पुष्पगन्धमाल्यादिकं सेवते च स्वयमेव ददाति, आनयति च वचनेन अन्यतोऽपि क्षेत्रात् । तदुक्तं–"प्रवरं पुष्पादि सदा चाद्यायां सेवते तु तद्दाता । आनयति चान्यतोऽपि हि नियमादेव द्वितीयायाम् ॥१॥" अन्त्यायां मनोयोगसारं (सारायां) । सर्वं सुन्दरं पारिजात-कुसुमादि मनसा सम्पादयति । तदुक्तं–"त्रैलोक्यसुन्दरं यन्मनसापादयति तत्तु चरमायाम्" । इति ॥५-२६॥

"પ્રથમ બે પૂજામાં અનુક્રમે પૂજક સુંદર પુષ્પ વગેરે લાવે છે અને બીજાની પાસે બીજા સ્થાનેથી મંગાવે છે. છેલ્લી પૂજામાં મનથી, તે બધી સુંદર સામગ્રી પ્રાપ્ત કરાય છે." આ પ્રમાણે છવ્વીશમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે; પહેલી કાયયોગસારા નામની પૂજામાં સુંદર પુષ્પાદિ દ્રવ્યોને તે પૂજા કરનારા સેવે છે અર્થાત્ તે દ્રવ્યો પૂજા વખતે ચઢાવે છે - અર્પણ કરે છે. બીજી વાગ્યોગસારા નામની પૂજામાં સારાં પુષ્પાદિ ઉત્તમ દ્રવ્યો કોઈને કહીને બીજે સ્થાનેથી મંગાવીને પણ પૂજા કરનારા વાપરે છે. શ્રી ષોડશકપ્રકરણમાં પણ આ અંગે જણાવ્યું છે કે - 'પ્રથમ વિઘ્નોપશમની (કાયયોગસારા) પૂજા વખતે તે પૂજા કરનારા સારામાંનાં પુષ્પ વગેરે સદા સેવે છે અર્થાત્ પોતાના હાથે અર્પણ કરે છે. બીજી અભ્યુદયપ્રસાધની (વાગ્યોગસારા) પૂજામાં તે પૂજા કરનારા ચોક્કસ રીતે બીજે સ્થાનેથી સારામાંનાં પુષ્પાદિ મંગાવે પણ છે.' આથી સમજી શકાશે કે પ્રથમ પૂજાને કરનારા પૂજામાં પુષ્પો, સુગંધી દ્રવ્યો અને પુષ્પોના ગૂંથેલી માળા

વગેરે પૂજાનાં દ્રવ્યો કાયમ માટે સારાંમાં સારાં જે દ્રવ્યો છે તે જ વાપરે છે. ગમે તેવાં પુષ્પાદિ દ્રવ્યોથી 'કાયયોગસારા' પૂજા થતી નથી. પ્રારંભિકપૂજામાં પણ જે રીતે દ્રવ્યશુદ્ધિ કરવાનું ફરમાવ્યું છે એ જોતાં તો એમ જ લાગે કે પ્રથમ પૂજા કરવાનું પણ અઘરું છે. જે દ્રવ્ય ઉપલભ્ય છે તેમાંથી જ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ દ્રવ્યોને લઈને પહેલા પ્રકારની પૂજા કરવાની છે. વર્તમાન સ્થિતિ ખૂબ જ દયનીય છે. દરરોજ કરાતી પૂજામાં તો દૂર રહ્યું પરંતુ વિશેષ રીતે કરાતી પૂજામાં પણ દ્રવ્યશુદ્ધિ અંગે તેવો ઉપયોગ રાખવાનું બનતું નથી.

બીજી અભ્યુદયપ્રસાધની પૂજામાં થોડું આગળ વધવાનું છે. પોતાના સ્થાનમાં ઉત્તમ દ્રવ્યો મળતાં ન હોય તો બીજે સ્થાનેથી કોઈને કહીને તે તે દ્રવ્યો મંગાવીને પણ તે તે દ્રવ્યોથી પૂજા કરવાની છે. એવી પૂજાને બીજી વાગ્યોગસારા પૂજા કહેવાય છે. હૈયાની ઉદારતા અને પરમાત્માની પ્રત્યે ઉત્કટ બહુમાન હોય તો જ એ પૂજા શક્ય બનશે. 'આ દ્રવ્ય વિના નહિ જ ચાલે' આવા પરિણામને કારણે આ રીતે બીજે સ્થાનેથી પણ દ્રવ્યો મંગાવીને પૂજા કરવામાં આવે છે. શક્તિસંપન્નતા કરતાં પણ ભાવસંપન્નતાનું મહત્ત્વ ઘણું છે. પરમાત્માની સર્વોત્કૃષ્ટતાનો ખ્યાલ આવે તો ભાવ આવ્યા વિના નહીં રહે. સામાન્ય કોટિનો ઉપકાર કરનારા પ્રત્યે જો અહોભાવ આવતો હોય તો સર્વોત્કૃષ્ટ ઉપકાર કરનારા પરમાત્માની પ્રત્યે અહોભાવ ન આવવાનું કોઈ જ કારણ નથી.

છેલ્લી મનોયોગસારા (નિર્વાણપ્રસાધની) પૂજામાં જે દ્રવ્યો ઉપલબ્ધ નથી અને જે દ્રવ્યો મંગાવી પણ શકાતાં નથી - એવાં ઉત્તમોત્તમ પારિજાતનાં પુષ્પ વગેરે દ્રવ્યો મનથી પ્રાપ્ત કરાય છે. તેવા દ્રવ્યથી મનથી પૂજા કરાય છે. આ લોકમાં જે ઉત્તમોત્તમ દ્રવ્ય છે તેનાથી તો ત્રીજી પૂજાને કરનારા દરરોજ પૂજા કરતા હોય છે. પરંતુ ત્રણ લોકમાં જે સુંદર છે એવાં નંદનવનાદિ સ્થાનોમાં પ્રાપ્ત થનારાં પારિજાતનાં પુષ્પ વગેરે દ્રવ્યોને છેલ્લી પૂજામાં મનથી પ્રાપ્ત કરાય છે. જે મળ્યું છે એને સારામાં સારું માનીને ઉપયોગમાં લેવાનું કાર્ય દરરોજ કરીને પરમતૃપ્તિનો અનુભવ આપણે કરતા જ હોઈએ છીએ. ઈન્દ્રાદિદેવો પરમાત્માની પૂજા માટે જેવાં દ્રવ્યો વાપરે છે; એવાં દ્રવ્યોના અભાવે મનથી જ એ દ્રવ્યની કલ્પના કરીને ઉપલભ્ય ઉત્તમોત્તમ દ્રવ્યોથી છેલ્લી નિર્વાણપ્રસાધની પૂજા કરાય છે. નવમા ષોડશકની બારમી ગાથાના પૂર્વાર્દ્ધમાં જણાવ્યું છે કે ત્રણ લોકમાં જે

સુંદર છે તેવાં પુષ્પાદિને તેઓ મનથી પ્રાપ્ત કરે છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું. ॥૫-૨૬॥

પૂજા કરવા માટે સ્નાન વગેરે કરવું પડતું હોવાથી છકાય જીવોના વધનો પ્રસંગ આવે છે તેથી તે પૂજા યુક્ત નથી. આ પ્રમાણેની શંકાનું નિરાકરણ કરાય છે—

**न च स्नानादिना कायवधादत्रास्ति दुष्टता ।**
**दोषादधिकभावस्य, तत्रानुभविकत्वतः ॥५-२७॥**

न चेति– न चात्र पूजाविधौ । कायवधाज्जलवनस्पत्यादिविराधनात् स्नानादिना दुष्टताऽस्ति । दोषात् कायवधदोषाद् । अधिकभावस्य स्नानादिजनिताधिकशुभाध्यवसायस्य । अनुभविकत्वतोऽनुभवसिद्धत्वात् । तदिदमुक्तं–"स्नानादौ कायवधो न चोपकारो जिनस्य कश्चिदपि । कृतकृत्यश्च स भगवान् व्यर्था पूजेति मुग्धमतिः ॥१॥ कूपोदाहरणादिह कायवधोऽपि गुणवान् मतो गुणिनाम् (गृहिणः) । मन्त्रादेरिव च ततस्तदनुपकारेऽपि फलभावः ॥२॥ कृतकृत्यत्वादेव च तत्पूजा फलवती गुणोत्कर्षात् । तस्मादव्यर्थैषारम्भवतोऽन्यत्र विमलधियः ॥३॥" ॥५-२७॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે, અહીં પૂજા કરવામાં સ્નાનાદિના કારણે અપ્કાય અને વનસ્પતિકાય વગેરેની વિરાધના થતી હોવાથી પૂજામાં દોષ છે - આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે એ કાયવધસ્વરૂપ દોષ કરતાં પણ સ્નાન પૂજા વગેરેના કારણે ઉત્પન્ન થનારો શુભભાવ અધિક છે - એ અનુભવસિદ્ધ છે અર્થાત્ દોષ કરતાં પણ ગુણની પ્રાપ્તિ અધિક છે. શ્રી ષોડશકપ્રકરણમાં આ વસ્તુને જણાવતાં ફરમાવ્યું છે કે - સ્નાનાદિમાં છકાયજીવોનો વધ સ્પષ્ટ છે. તેનાથી શ્રી જિનેશ્વરદેવને કોઇ ઉપકાર નથી. કારણ કે ભગવાન કૃતકૃત્ય છે. તેથી પૂજા વ્યર્થ છે - આ પ્રમાણે મૂઢબુદ્ધિવાળા શંકા કરે છે.

એ શંકાનું સમાધાન કરતાં જણાવ્યું છે કે કૂવાના દૃષ્ટાંતથી અહીં પૂજાના વિષયમાં થતો કાયવધ પણ ગૃહસ્થો માટે ગુણવાન મનાય છે. મંત્ર વગેરેની જેમ તેના સ્મરણ વગેરેથી તેને (મંત્ર વગેરેને) લાભ ન હોવા છતાં તેના સ્મરણાદિ કરનારાને લાભ થાય છે તેમ પૂજા કરનારાને પણ પૂજા કરવાથી લાભ થાય છે. ભગવાન કૃતકૃત્ય હોવાથી જ તે સ્વરૂપે ગુણોત્કર્ષના કારણે તેઓશ્રીની પૂજા

ફળવાળી છે. આથી સિદ્ધ થાય છે કે પોતાના શરીરાદિ માટે આરંભ(હિંસાદિ)ને કરનારા નિર્મળબુદ્ધિવાળા ગૃહસ્થો માટે પૂજા વ્યર્થ(નકામી) નથી.

આશય એ છે કે મૂઢબુદ્ધિવાળા શંકા કરનારાએ જે શંકા કરી છે એ શંકાના સમાધાનમાં અહીં કૂવાનું દૃષ્ટાંત જણાવ્યું છે. કૂવો ખોદતી વખતે થાક લાગે છે; પરસેવો થાય છે; તરસ લાગે છે અને ધૂળથી શરીર ખરડાય છે. આ બધા દોષો હોવા છતાં જેમ કૂવાના પાણીથી એ બધું દૂર થાય છે અને દરરોજ પાણી મળી રહે છે. તેમ પૂજા માટે સ્નાનાદિ કરવાથી કાયવધદોષ હોવા છતાં પૂજા કરવાથી પ્રાપ્ત થનારા સમ્યગ્દર્શનાદિના ગુણોના કારણે સ્વપરને અનેક ગુણો પ્રાપ્ત થાય છે. આથી સમજી શકાશે કે કૂપખનનની જેમ અહીં પણ દોષ દોષરૂપ રહેતો નથી.

શંકાકારે જણાવ્યું હતું કે પૂજાથી ભગવાનને કોઈ જ ઉપકાર નથી. એના જવાબમાં અહીં જણાવ્યું છે કે મંત્રસ્મરણ, અગ્નિનું સેવન અને વિદ્યાનો અભ્યાસ કરવાથી મંત્ર, અગ્નિ કે વિદ્યાને કોઈ લાભ ન હોવા છતાં તેના કર્તાને (સ્મરણાદિ કરનારને) વિષની બાધાનો પરિહાર, શીતનો અપહાર અને વિદ્યાની સિદ્ધિ સ્વરૂપ લાભ જેમ પ્રાપ્ત થાય છે તેમ પૂજાથી ભગવાનને કોઈ જ ઉપકાર ન હોવા છતાં પૂજા કરનારને વિશિષ્ટ પુણ્યનો લાભ થાય છે.

પૂજાને વ્યર્થ જણાવવા શંકાકારે ભગવાનની કૃતકૃત્યતા જણાવી હતી પરંતુ તે ઉચિત નથી. કારણ કે ભગવાન કૃતકૃત્ય હોવાથી જ સર્વોત્કૃષ્ટ ગુણોના સ્વામી છે. એ ગુણોના ઉત્કર્ષને લઈને જ ભગવાનની પૂજા સફળ છે, વ્યર્થ નથી. આથી સ્પષ્ટ થાય છે કે પોતાના શરીરાદિ માટે અનેક જાતિના આરંભ કરનારા એવા નિર્મળમતિવાળા ગૃહસ્થોને માટે પૂજા દુષ્ટ નથી, પરંતુ વિશિષ્ટ લાભનું કારણ છે. ॥૫-૨૭॥

આ રીતે પૂજા જો વિશિષ્ટ લાભનું કારણ હોય તો પૂ. સાધુભગવંતોને પણ તેનો અધિકાર હોવો જોઈએ ને ? આવી શંકા કરવાપૂર્વક તેનું સમાધાન જણાવાય છે–

**यतिरप्यधिकारी स्यान्न चैवं तस्य सर्वथा ।**
**भावस्तवाधिरूढत्वादर्थाभावादमूदृशा ॥५-२८॥**

यतिरपीति–न चैवं स्नानादेरदुष्टत्वाद्यतिरप्यत्राधिकारी स्यात्, विभूषार्थस्नानादेस्तस्य निषेधेऽपि पूजार्थस्नानादेर्निषेद्धुमशक्यत्वाद्, अन्यथा गृहस्थस्यापि तन्निषेधप्रसङ्गात् । न च कुटुम्बाद्यर्थमारम्भप्रवृत्तत्वाद् गृहस्थस्य तत्राधिकारः, यतो "नैकं पापमाचरितमित्यन्यदप्याचरितव्यं स्याद्, गुणान्तरलाभस्तु द्वयोरपि समान" इति शङ्कनीयं, तस्य यतेः सर्वथा सर्वप्रकारेण भावस्तवाधिरूढत्वाद् । अमूदृशा जिनपूजादिकर्मणा अर्थाभावात्प्रयोजनासिद्धेः । न हि यदाद्यभूमिकावस्थस्य गुणकरं तदुत्तरभूमिकावस्थस्यापि तथा, रोगचिकित्सावद्धर्मस्य शास्त्रे नियताधिकारिकत्वेन व्यवस्थितत्वात् । तदुक्तम्-अधिकारिवशाच्छास्त्रे धर्मसाधनसंस्थितिः । व्याधिप्रतिक्रियातुल्या विज्ञेया गुणदोषयोः ॥१॥५-२८॥

"આ રીતે સાધુભગવંતને પણ પૂજાના અધિકારી માનવા જોઇએ; કારણ કે પૂજા માટે કરાતાં સ્નાનાદિમાં કોઇ દોષ નથી : આવી શંકા કરવી ના જોઇએ. કારણ કે પૂ. સાધુભગવંતો સર્વથા ભાવસ્તવાધિરૂઢ હોવાથી આવી પૂજા (દ્રવ્યપૂજા)થી તેઓશ્રીને કોઇ પણ પ્રયોજનની સિદ્ધિ થતી નથી." - આ પ્રમાણે અઠ્ઠાવીશમા શ્લોકનો અર્થ છે.

એનો આશય એ છે કે - "ઉપર જણાવ્યા મુજબ પૂજા કરવા માટે સ્નાનાદિ કરવામાં દોષ ન હોય અને વિશિષ્ટ લાભ હોય તો પૂ. સાધુભગવંતોને પણ પૂજા કરવાનો અધિકાર માનવો જોઇએ. 'પૂ. સાધુભગવંતોને સ્નાનાદિનો નિષેધ હોવાથી તેમને પૂજાનો અધિકાર મનાતો નથી' - આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી. કારણ કે શરીરની વિભૂષાદિ માટે સ્નાનાદિનો નિષેધ હોવા છતાં પૂજા માટે સ્નાનાદિ કરવાનો તેમને નિષેધ કરવાનું શક્ય નથી. અન્યથા ગૃહસ્થોને પણ તેવો નિષેધ કરવાનો પ્રસંગ આવશે.

'પોતાના કુટુંબાદિ માટે ગૃહસ્થો આરંભ કરતા હોવાથી પૂજાનો અધિકાર ગૃહસ્થોને મનાય છે. પરંતુ પૂ. સાધુમહાત્માને તેવો અધિકાર અપાતો નથી.' - આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી. કારણ કે પોતાના કુટુંબાદિ માટે આરંભાદિ સ્વરૂપ એક પાપ કરે છે તેથી તેણે પૂજા માટે સ્નાનાદિ કરવા સ્વરૂપ બીજું પણ પાપ આચરવું જોઇએ : એવો નિયમ નથી. પૂજા કરવાથી સમ્યગ્દર્શનાદિગુણોનો લાભ તો ગૃહસ્થ અને પૂજ્ય સાધુભગવંતો ઉભય માટે સમાન છે. તેથી પૂજ્ય સાધુમહાત્માને પણ પૂજાનો અધિકાર માનવો જોઇએ" - આ પ્રમાણે શંકાકારનું કથન છે.

તેનું નિરાકરણ કરતાં **न चैवं**... ઇત્યાદિ ગ્રંથથી જણાવ્યું છે કે પૂ. સાધુભગવંતો સર્વ રીતે ભાવસ્તવને પામેલા છે. તેથી તેમને આવી દ્રવ્યપૂજાથી કોઇ જ પ્રયોજન સિદ્ધ થવાનું નથી. દ્રવ્યસ્તવનું ફળ ભાવસ્તવ છે. તેને તો પૂ. સાધુભગવંતોએ પ્રાપ્ત કરી લીધું છે. તેથી તેઓશ્રીને દ્રવ્યપૂજાનું કોઇ જ પ્રયોજન નથી. જે શરૂઆતની ભૂમિકામાં ગુણને કરનારું હોય તે ત્યાર પછીની ઉત્તરભૂમિકામાં પણ ગુણને કરનારું હોય : એવું નથી હોતું. રોગને દૂર કરતી વખતે જે ઔષધ ગુણને કરનારું હોય તે ઔષધ નીરોગી અવસ્થામાં પણ ગુણને કરનારું હોય : એવું કઇ રીતે બને ? રોગની ચિકિત્સાની જેમ ધર્મ પણ તે તે અધિકારીઓ માટે શાસ્ત્રમાં નિયત કરેલો છે. અષ્ટક પ્રકરણમાં આ વિષયમાં જણાવ્યું છે કે 'શાસ્ત્રમાં અધિકારીની અપેક્ષાએ ધર્મસાધનની વ્યવસ્થા જણાવી છે. ગુણ કે દોષના વિષયમાં એ વ્યવસ્થા રોગચિકિત્સાની જેમ જાણવી.' ||૫-૨૮||

ઉપર જણાવ્યા મુજબ પૂ. સાધુભગવંતો સર્વથા આરંભથી નિવૃત્ત હોવાથી તેઓશ્રીને તો પૂજાનો (દ્રવ્યપૂજાનો) અધિકાર નથી જ. પરંતુ કેટલાક ગૃહસ્થોને પણ તે નથી, તે જણાવવાપૂર્વક અધિકારીની અપેક્ષાએ ધર્મસાધનની વ્યવસ્થાનું સમર્થન કરાય છે–

**प्रकृत्यारम्भभीरुर्वा, यो वा सामायिकादिमान् ।**
**गृही तस्याऽपि नात्रार्थेऽधिकारित्वमतः स्मृतम् ।।५-२९।।**

प्रकृत्येति–अतो भावस्तवाधिरूढस्य यतेरत्रानधिकारित्वाद् । यः प्रकृत्या आरम्भभीरु र्यो वा सामायिकादिमान् तस्याप्यत्रार्थे जिनपूजारूपेऽधिकारित्वं न स्मृतम् । यदष्टकवृत्तिकृद्–"अत एव सामायिकस्थः श्रावकोऽप्यनधिकारी" तस्यापि सावद्यनिवृत्ततया भावस्तवारूढत्वेन श्रमणकल्पत्वाद्, अत एव गृहिणोऽपि प्रकृत्या पृथिव्याद्युपमर्दनभीरोर्यतनावतः सावद्यसङ्क्षेपरुचेर्यतिक्रियानुरागिणो न धर्मार्थं सावद्यारम्भप्रवृत्तिर्युक्तेति ।।५-२९।।

"ભાવસ્તવાધિરૂઢ એવા પૂ. સાધુભગવંતોને દ્રવ્યપૂજાનો અધિકાર ન હોવાથી જે સ્વભાવથી જ હિંસાદિ આરંભના ભયવાળો છે અથવા જે ગૃહસ્થ સામાયિકાદિમાં રહેલો છે તેને પણ શ્રી જિનપૂજાના વિષયમાં અધિકારી તરીકે માનવામાં આવતો નથી." - આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અર્થ સ્પષ્ટ

છે. આ વાતના અનુસંધાનમાં શ્રી અષ્ટકપ્રકરણની ટીકાને કરનારા ફરમાવે છે કે 'તેથી જ સામાયિકમાં રહેલો શ્રાવક પણ પૂજાનો અનધિકારી છે. કારણ કે તે પણ સાવદ્યથી નિવૃત્ત હોવાથી ભાવસ્તવારૂઢ છે અને સાધુ જેવો છે. આથી જ પૃથ્વીકાયાદિની હિંસાદિથી ભય પામનાર; યતનાવંત અને સાવદ્યના સંક્ષેપમાં રુચિને ધરનાર એવા સાધુક્રિયાના અનુરાગી શ્રાવકને ધર્મ માટે સાવદ્યઆરંભપ્રવૃત્તિ યુક્ત મનાતી નથી. ॥૫-૨૯॥

પોતાના કુટુંબાદિ માટે આરંભ કરતો હોવા છતાં શ્રી જિનપૂજા કરતી વખતે આરંભથી ભય લાગે તો તે પૂજા ન કરે તો શું વાંધો ? - આ શંકાના સમાધાન માટે જણાવાય છે—

**अन्यत्रारम्भवान् यस्तु, तस्यात्रारम्भशङ्किनः ।**
**अबोधिरेव परमा, विवेकौदार्यनाशतः ॥५-३०॥**

अन्यत्रेति—यस्तु अन्यत्र कुटुम्बाद्यर्थे आरम्भवाँस्तस्यात्र जिनपूजानिमित्तपुष्पादौ आरम्भशङ्किनः स्तोकपुष्पादिग्रहणाभिव्यङ्ग्यारम्भशङ्कावतः । परमा प्रकृष्टा । अवोधिरेव वोधिहानिरेव । विवेकः कार्याकार्यज्ञानम्, औदार्यं च विपुलाशयलक्षणं, तयोर्नाशतः । तदुक्तं—"अण्णच्छारंभवओ धम्मेणारंभओ अणाभोगो । लोए पवयणखिंसा अवोहिवीअंति दोसा अ" ॥१॥५-३०॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. તેનો આશય પણ સમજી શકાય છે કે કુટુંબાદિને માટે જે આરંભાદિ કરે છે, તેને શ્રીજિનપૂજાદિ માટે પુષ્પાદિ લાવવાં વગેરેમાં આરંભની શંકા પડે છે અર્થાત્ તેવા આરંભનો ડર લાગે છે. આવા જીવોને વિવેક અને ઔદાર્યનો નાશ થવાથી પ્રકૃષ્ટ રીતે બોધિસમ્યગ્દર્શનની હાનિ થાય છે. કાર્ય અને અકાર્યના જ્ઞાનને વિવેક કહેવાય છે અને વિપુલ-ઉદાર આશયને ઔદાર્ય કહેવાય છે. કુટુંબાદિ માટેના આરંભને; અકાર્ય હોવા છતાં તેને કાર્ય માને છે અને બોધિબીજાદિને પ્રાપ્ત કરાવનાર પૂજાદિ કાર્ય હોવા છતાં, સામાન્ય આરંભને જોઇને તેને અકાર્ય માને છે. તેથી વિવેક નષ્ટ થયેલો સ્પષ્ટ જણાય છે તેમ જ ભવિષ્યમાં સ્વ-પરને બોધિ વગેરેને પ્રાપ્ત કરવાનો ઉદાર આશય નષ્ટ થયેલો સ્પષ્ટ જણાય છે. આ વાતને જણાવતાં શ્રી પંચાશકમાં ફરમાવ્યું છે કે - 'અન્યત્ર

(કુટુંબાદિ માટે) આરંભ કરનાર ધર્મસંબંધી આરંભ ન કરે તો તે તેનું અજ્ઞાન છે. તેનાથી લોકમાં પ્રવચનની લઘુતા થાય છે અને તે અબોધિનું કારણ બને છે.'

પોતાના કુટુંબાદિ માટે પાપ કરનારા અને ધર્મમાં સામાન્ય આરંભને જોઈને પૂજા વગેરે નહિ કરનારાને જોઈને લોકને એમ થાય છે કે જૈન ધર્મમાં પૂજાદિનું પણ વિધાન નથી લાગતું. જૈન શાસન આવું કેવું ! - આ રીતે લોકમાં જૈન શાસનની લઘુતા થાય છે અને તે અબોધિનું બીજ છે. આ રીતે એવા ગૃહસ્થને અજ્ઞાન અને અબોધિ(મિથ્યાત્વ)ના બીજ સ્વરૂપ બે દોષોની પ્રાપ્તિ થાય છે. અજ્ઞાનના કારણે પ્રાપ્ત થતા દોષનો વિચાર કરીએ તો અજ્ઞાનની ભયંકરતા સમજાયા વિના નહિ રહે. ॥૫-૩૦॥

नन्वेवं धर्मार्थमप्यारम्भप्रवृत्तिप्राप्तौ–"धर्मार्थं यस्य वित्तेहा तस्यानीहा गरीयसी । प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम् ॥१॥" तथा–"शुद्धागमैर्यथालाभं प्रत्यग्रैः शुचिभाजनैः । स्तोकैर्वा बहुभिर्वापि पुष्पैर्जात्यादिसम्भवैः ॥१॥" इत्यादिकं विरुध्येतेत्याशङ्क्याह–

જો આ રીતે ધર્મ માટે પણ આરંભની પ્રવૃત્તિ (હિંસાદિ આરંભ) કરવાનું માનીએ તો '**धर्मार्थं यस्य वित्तेहा**...' અને '**शुद्धागमैर्यथालाभं**...' ઇત્યાદિ વચનોનો વિરોધ આવશે. ધર્મ કરવા માટે વિત્ત(ધન)ની ઇચ્છા જે કરે છે તેના માટે તો તેની ઇચ્છા ન કરવી : એ શ્રેષ્ઠ છે. કારણ કે કાદવમાં ખરડાવું અને પછી તેનું પ્રક્ષાલન કરવું એના કરતાં પહેલેથી જ કાદવને સ્પર્શ ન કરવો - એ સારું છે. - આ પ્રમાણે શ્રી અષ્ટકપ્રકરણમાં ચોથા અષ્ટકના છઠ્ઠા શ્લોકમાં જણાવ્યું છે. તેનો અને તેના ત્રીજા અષ્ટકમાં બીજા શ્લોકમાં જે જણાવ્યું છે કે 'ન્યાયથી શુદ્ધ રીતે જેટલાં મળી શકે એટલાં તાજાં અને પવિત્રપાત્રમાં રહેલાં થોડાં કે ઘણાં વિશિષ્ટ પુષ્પો વડે પૂજા કરવી' : આ વચનનો વિરોધ આવે છે. કારણ કે એ શ્લોકો આરંભનો નિષેધ કરે છે. આ શંકા કરીને તેનું સમાધાન જણાવાય છે–

**यच्च धर्मार्थमित्यादि, तदपेक्ष्य दशान्तरम् ।**
**सङ्काशादेः किल श्रेयस्युपेत्यापि प्रवृत्तितः ॥५-३१॥**

यच्चेति–यच्च धर्मार्थमित्यादि भणितं, तद्दशान्तरं सर्वविरत्यादिरूपमपेक्ष्य, आद्यश्लोकस्य सर्वविरत्यधिकारे पाठाद्, द्वितीयस्य च पूजाकालोपस्थिते मालिके दर्शनप्रभावनाहेतोर्वणिक्कला न प्रयोक्तव्येत्येतदर्थख्यापनपरत्वाद्, अन्यथा–"सुच्चइ दुग्गयनारी जगगुरुणो सिंदुवारकुसुमेहिं । पूआ पणिहाणेणं उववन्ना तियसलोअंमि ।।१।।" इत्यादिवचनव्याघातप्रसङ्गाद् । इत्थं चैतदङ्गीकर्तव्यं–सङ्काशादेः किल श्रेयसि धर्मकार्ये, उपेत्यापि विषयविशेषपक्षपातगर्भत्वेन पापक्षयकरीं वाणिज्यादिक्रियामङ्गीकृत्यापि प्रवृत्तितः । सङ्काशश्रावको हि प्रमादाद्भक्षितचैत्यद्रव्यो निबद्धलाभान्तरायादिक्लिष्टकर्मा चिरं पर्यटितदुरन्तसंसारकान्तारोऽनन्तकालाल्लब्धमनुष्यभावो दुर्गतनरशिरःशेखररूपः पारगतसमीपोपलब्धस्वकीयपूर्वभववृत्तान्तः पारगतोपदेशतो दुर्गतत्वनिबन्धनकर्मक्षपणाय–"यदहमुपार्जयिष्यामि द्रव्यं तद्ग्रासाच्छादनवर्जं सर्वं जिनायतनादिषु नियोक्ष्ये" इत्यभिग्रहं गृहीतवान्, कालेन च निर्वाणमवाप्तवानिति । अथ युक्तं सङ्काशस्यैतत्तथैव तत्कर्मक्षयोपपत्ते र्न पुनरन्यस्य, नैवं, सर्वथैवाशुभस्वरूपव्यापारस्य विशिष्टनिर्जराकारणत्वायोगादिति ।।५-३१।।

"સંકાશાદિ શ્રાવકની આરંભને પ્રાપ્ત કરીને પણ ધર્મકાર્યમાં પ્રવૃત્તિ થયેલી હોવાથી **धर्मार्थं यस्य**... ઈત્યાદિ શ્લોકમાં ઉપર મુજબ જે જણાવ્યું છે તે અવસ્થાવિશેષને આશ્રયીને છે, તેથી વિરોધ નથી." - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. તેનો કહેવાનો ભાવ એ છે કે, '**धर्मार्थं यस्य वित्तेहा**...' આ શ્લોકમાં જે ઉપર જણાવ્યા મુજબ જણાવાયું છે તે સર્વવિરતિ તેમ જ સ્વભાવથી જે આરંભના ભયવાળા વગેરેની દશાવિશેષને આશ્રયીને છે. કારણ કે તે શ્લોકનો પાઠ સર્વવિરતિના અધિકારમાં આવેલો છે. ગૃહસ્થોની પૂજાદિ માટેની એ વાત નથી. તેમ જ '**शुद्धागमैर्यथालाभं**...' આ શ્લોકમાં જણાવેલી વાતનું તાત્પર્ય એ છે કે પૂજાના અવસરે ઉપસ્થિત થયેલ માળી પાસેથી વિકસ્વર ઉત્તમજાતિનાં થોડાં કે ઘણાં જે પુષ્પો ઉપલભ્ય હોય તેટલાં ઉચિત મૂલ્યનું પ્રદાન કરીને લઈ લેવાં. પરંતુ ત્યાં ભાવતાલ કરીને પોતાની વ્યાપાર કરવાની કલા ન કરવી - આ અર્થને જણાવવા માટેની એ વાત છે. પૂજા માટે સ્વયં પુષ્પો ચૂંટવાં નહિ અને જે વેચાતાં મળે તે લઈ લેવાં : આ રીતે આરંભનો નિષેધ કરવાનું ત્યાં તાત્પર્ય નથી. શાસનની પ્રભાવના થાય એ હેતુથી પુષ્પો ખરીદતી વખતે વ્યાપારકલા ન કરવાનું જણાવવાનો જ ત્યાં આશય છે. અન્યથા શ્રી પંચાશકમાં

જે જણાવ્યું છે કે, 'શ્રી જિનપ્રવચનમાં સંભળાય છે કે દુર્ગતા નારી; સિંદુવાર પુષ્પોને ગ્રહણ કરી (જંગલમાં મળતાં એ પુષ્પોને ચૂંટીને) એ પુષ્પોથી જગદ્ગુરુની પૂજા કરવાના પ્રણિધાનથી દેવલોકમાં ઉત્પન્ન થઇ.' તેનો વિરોધ આવશે. **शुद्धागमै**... ઇત્યાદિ શ્લોકથી એમ જ જણાવવાનું હોય કે તૈયાર ચૂંટેલાં પુષ્પો જ માળી પાસેથી લઇ લેવાં પરંતુ પુષ્પોને ચૂંટીને આરંભ ન કરવો તો '**सुच्चइ**...' ઇત્યાદિ ગાથામાં જણાવેલી તે વાતમાં વિરોધ આવશે - એ સ્પષ્ટ છે. આથી સમજી શકાશે કે ધર્મ માટે પોતાની અવસ્થાને ઉચિત આરંભ કરવામાં ઉપર જણાવેલાં તે તે વચનોનો વિરોધ આવતો નથી.

સંકાશ શ્રાવકાદિની ધર્મકાર્યને વિશે વિષયવિશેષના પક્ષપાતવાળી અને પાપક્ષયને કરનારી વ્યાપારાદિ ક્રિયાને સ્વીકારીને કરેલી પ્રવૃત્તિથી પણ ઉપર જણાવેલી વાત માનવી જોઇએ. આશય એ છે કે સંકાશ શ્રાવકે પ્રમાદથી દેવદ્રવ્યનું ભક્ષણ કરેલું. તેથી ક્લિષ્ટ એવા અંતરાયકર્માદિ કર્મનો તેણે બંધ કર્યો. દુઃખે કરીને જેનો અંત આવે એવા દુરંત સંસારમાં એ કર્મના યોગે તે ભટક્યો. અનંતકાળે તેણે મનુષ્યભવ પ્રાપ્ત કર્યો. એ વખતે તે દુર્ગત (દુઃસ્થ-દરિદ્રાદ્રિ) માણસોમાં શ્રેષ્ઠ (અત્યંત દુર્ગત) હતો. શ્રી પારગત-શ્રી સર્વજ્ઞ પરમાત્મા પાસેથી તેણે પોતાના પૂર્વભવને જાણ્યો. પરમાત્માના ઉપદેશથી; દુર્ગતિના કારણભૂત એવા કર્મની નિર્જરા માટે તેણે એવો અભિગ્રહ ધારણ કર્યો કે 'જેટલું હું દ્રવ્ય કમાઇશ તેમાંથી ભોજન અને વસ્ત્ર માટે રાખીને જે વધે તે સઘળું ય દ્રવ્ય શ્રી જિનાલયાદિમાં વાપરીશ.' ત્યાર બાદ કાલાંતરે તે, અભિગ્રહનું પાલન કરીને મોક્ષમાં ગયો. આ દૃષ્ટાંતથી સમજાશે કે વેપાર વગેરેની ક્રિયા કરીને પણ ધર્મ કર્યાની વાત છે.

'સંકાશશ્રાવકને એ પ્રમાણે કરવું ઉચિત હતું. કારણ કે તેના કર્મનો ક્ષય તે પ્રમાણે કરવાથી જ થઇ શકે એમ હતું. તેથી બીજાએ એ પ્રમાણે નહિ કરવું જોઇએ.' - આ પ્રમાણે કહેવાનું યોગ્ય નથી. કારણ કે સર્વથા અશુભ(આરંભાદિ) ક્રિયાથી વિશિષ્ટ કર્મનિર્જરા થાય નહિ. સામાન્ય રીતે આરંભાદિ ક્રિયા અશુભ જ હોય તો તેવી ક્રિયાથી સંકાશ શ્રાવકને પણ કર્મનિર્જરા કઇ રીતે થાય ? આથી સ્પષ્ટ છે કે ધર્મ માટે કરાતો આરંભ અવસ્થાવિશેષને આશ્રયીને ઉચિત છે. ।।૫-૩૧।।

પૂજાથી પૂજ્ય પરમાત્માને કોઇ ઉપકાર નથી તો પરમાત્મા પરમાનંદને કઇ રીતે આપે : આવી શંકા કરવા પૂર્વક તેનું નિરાકરણ કરાય છે–

**पूजया परमानन्दमुपकारं विना कथम् ।**
**ददाति पूज्य इति चेच्चिन्तामण्यादयो यथा ।।५-३२।।**

पूजयेति–व्यक्तः ।।५-३२।।

પૂજાથી કૃતકૃત્ય એવા પરમાત્માને કોઇ ઉપકાર તો થતો નથી તો તેઓ પરમાનંદ શી રીતે આપે છે ? આવી જો શંકા હોય તો તેનું સમાધાન એ છે કે ચિંતામણિ, કલ્પવૃક્ષ વગેરેને કોઇ ઉપકાર ન હોવા છતાં સ્વભાવથી જ તે જે રીતે ફળ આપે છે તે રીતે પરમાત્મા પણ ફળને આપે છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ।।૫-૩૨।।

**।। इति भक्ति-द्वात्रिंशिका ।।**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ।।**

# अथ साधुसामग्र्यद्वात्रिंशिका प्रारभ्यते ।

जिनभक्तिप्रतिपादनानन्तरं तत्साध्यं साधुसामग्र्यमाह–

પાંચમી બત્રીશીમાં શ્રી જિનપૂજાનું પ્રતિપાદન કરતાં દ્રવ્યપૂજાનું વર્ણન કર્યું. પરમાત્માની ભક્તિના એક અંગ સ્વરૂપે દ્રવ્યપૂજા કરતી વખતે તેનાથી સાધ્ય તરીકે ભાવપૂજા અભીષ્ટ હોય છે. તેથી અહીં ભાવપૂજાસ્વરૂપ સાધુસામગ્ર્યનું વર્ણન કરાય છે. ભાવપૂજા (ભાવસ્તવ) સાધુની પૂર્ણતામાં છે. તેથી ભક્તિના વર્ણન પછી હવે તેનું વર્ણન કરાય છે–

**ज्ञानेन ज्ञानिभावः स्याद्, भिक्षुभावश्च भिक्षया ।**
**वैराग्येण विरक्तत्वं, संयतस्य महात्मनः ।।६-१।।**

ज्ञानेनेति–व्यक्तः ।।६-१।।

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે 'સંયમી મહાત્માને જ્ઞાનથી જ્ઞાનીભાવ હોય છે, ભિક્ષાથી ભિક્ષુભાવ હોય છે અને વૈરાગ્યના કારણે વિરાગીભાવ હોય છે.' આશય એ છે કે સાધુપણાની સમગ્રતા યદ્યપિ અસંખ્યાત પ્રકારની છે. પરંતુ તે સામગ્ર્યનું અહીં ત્રણ પ્રકારે વર્ણન કરવાનું છે. જ્ઞાન, ભિક્ષા અને વૈરાગ્ય : આ ત્રણના કારણે પૂ. સાધુભગવંતોની સમગ્રતા અહીં વર્ણવાય છે. જ્ઞાન, ભિક્ષા અને વૈરાગ્યના કારણે સાધુભગવંતો ચારિત્રની પૂર્ણતાને પામવા સમર્થ બને છે. એક રીતે વિચારીએ તો જ્ઞાન, ભિક્ષા અને વૈરાગ્ય હોય તો બીજી એવી કોઇ વસ્તુ નથી કે જેને લઇને સાધુસમગ્રતામાં ન્યૂનતા જણાય અને જ્ઞાન, ભિક્ષા તેમ જ વૈરાગ્ય ન હોય તો એવી બીજી કોઇ વસ્તુ નથી કે જેને લઇને સાધુસમગ્રતા જણાય. તેથી જ્ઞાન, ભિક્ષા અને વૈરાગ્યની અપેક્ષાએ સાધુસમગ્રતાનું વર્ણન કરવાનું; આ બત્રીશીથી ઉદ્દિષ્ટ છે. આમ પણ સાધુસામગ્ર્યના અસંખ્ય પ્રકારોને વર્ણવવાનું અશક્ય જ છે. તેથી તે ભેદોને એકબીજામાં સમાવીને તેના કેટલાક ભેદોનું જ નિરૂપણ અહીં શક્ય બન્યું છે. જેના પરિશીલનથી સાધુસમગ્રતાનો સારી રીતે પરિચય કરી શકાશે. ।।૬-૧।।

જ્ઞાન, ભિક્ષા અને વૈરાગ્ય : આ ત્રણની વિચારણામાં પ્રથમ જ્ઞાનનું નિરૂપણ કરાય છે–

**विषयप्रतिभासाख्यं, तथाऽऽत्मपरिणामवत् ।**
**तत्त्वसंवेदनं चेति, त्रिधा ज्ञानं प्रकीर्त्तितम् ।।६-२।।**

विषयेति–विषयप्रतिभास इत्याख्या यस्य, विषयस्यैव हेयत्वादिधर्मानुरक्तस्य प्रतिभासो यत्र तत् । तथा आत्मनः स्वस्य परिणामो अर्थानर्थप्रतिभासात्मा विद्यते यत्र तद्, आत्मनो जीवस्य परिणामोऽनुष्ठानविशेषसम्पाद्यो विद्यते यत्रेति नये सम्यक्त्वलाभ-प्रयोज्यवस्तुविषयतावत्त्वमर्थो लभ्यते । तत्त्वं परमार्थस्तत्सम्यक्प्रवृत्त्याद्युपहितत्वेन वेद्यते यस्मिंस्तच्च । तत्त्वपदेन मिथ्याज्ञाननिवृत्तिः तद्विषयस्येतरांशनिषेधावच्छिन्नत्वेनातत्त्व-त्वात्, सम्यक्पदेनाविरतसम्यग्दृष्टिज्ञाननिवृत्तिः, तस्य ज्ञानाज्ञानसाधारणप्रतिभासत्व-प्रयोज्यविषयप्रवृत्त्याद्युपहितत्वेऽपि ज्ञानत्वप्रयोज्यविरतिप्रवृत्त्याद्युपहितत्वाभावादिति । इत्यमुना प्रकारेण त्रिधा ज्ञानं प्रकीर्तितम् । तदाह–"विषयप्रतिभासं चात्मपरिणतिमत्तथा । तत्त्वसंवेदनं चैव ज्ञानमाहुर्महर्षयः ।।१।।" ।।६-२।।

'વિષયપ્રતિભાસ, આત્મપરિણતિમત્ અને તત્ત્વસંવેદન : આ પ્રમાણે ત્રણ પ્રકારે જ્ઞાન કહેવાયું છે.' - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે જે જ્ઞાનમાં માત્ર વિષયનો જ પ્રતિભાસ થાય છે તે જ્ઞાનને 'વિષયપ્રતિભાસ' નામનું જ્ઞાન કહેવાય છે. સામાન્ય રીતે જ્ઞાનમાત્રમાં તે તે વિષયનો પ્રતિભાસ થતો હોય છે. પરંતુ તે તે વિષયોને શાસ્ત્રે જે રીતે હેય, ઉપાદેય અને ઉપેક્ષણીય વગેરે સ્વરૂપે વર્ણવેલા છે; તે રીતે તેના હેયત્વ, ઉપાદેયત્વ અને ઉપેક્ષણીયત્વ વગેરે ધર્મોના સંબંધના પ્રતિભાસ વિના માત્ર વિષયનો જ પ્રતિભાસ જે જ્ઞાનમાં થાય છે, તે જ્ઞાનને 'વિષયપ્રતિભાસ' નામનું જ્ઞાન કહેવાય છે.

આનાથી અર્થ-લાભ થશે અને આનાથી અનર્થ-ગેરલાભ થશે... ઇત્યાદિ સ્વરૂપનો પ્રતિભાસાત્મક આત્માનો પોતાનો જે પરિણામ છે, તે પરિણામવાળું જે જ્ઞાન છે તેને 'આત્મપરિણતિમત્' જ્ઞાન કહેવાય છે. અનુષ્ઠાનવિશેષથી જે પ્રાપ્ત કરી શકાય છે તે પરિણતિવિશેષ સ્વરૂપ આત્માનો પરિણામ જેમાં છે એ જ્ઞાનને 'આત્મપરિણતિમદ્' જ્ઞાન કહેવાય છે. આવી વ્યાખ્યા કરાય તો તેનો અર્થ એ થાય છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિથી પ્રયોજ્ય(થનારી) વસ્તુની વિષયતાવાળા (વસ્તુના પ્રતિભાસવાળા) જ્ઞાનને 'આત્મપરિણતિમદ્'

જ્ઞાન કહેવાય છે. આશય એ છે કે આત્મપરિણતિમદ્ જ્ઞાન વખતે વિષયના પ્રતિભાસની સાથે વિષયના હેયત્વાદિ (છોડવા યોગ્ય વગેરે) ધર્મોનો પણ પ્રતિભાસ થાય છે. તેનાથી પ્રવૃત્તિ કે નિવૃત્તિનો પરિણામ થતો ન હોવા છતાં શ્રદ્ધાનો પરિણામ તો વિદ્યમાન હોય છે, જે ધર્મશ્રવણાદિ અનુષ્ઠાનથી પ્રાપ્ત થાય છે અને નિવૃત્તિ કે પ્રવૃત્તિ દ્વારા ભવિષ્યમાં ચારિત્રસ્વરૂપે પરિણમાવાય છે. આ સ્વરૂપે વસ્તુને વિષય બનાવનારા આ જ્ઞાનને આત્મપરિણતિમદ્ જ્ઞાન કહેવાય છે. એ સમ્યક્ત્વની પ્રાપ્તિથી થાય છે. સ્થૂલ શબ્દોથી આ વાતને સમજવી હોય તો એટલું જ કહેવાનું છે કે સમ્યક્ત્વના લાભથી થતા હેયોપાદેયાદિના વિવેકયુક્ત જ્ઞાનને આત્મપરિણતિમદ્ જ્ઞાન કહેવાય છે.

તત્ત્વ એટલે પરમાર્થ; તેનું સમ્યક્ પ્રવૃત્તિ વગેરેની સાથે વેદન જે જ્ઞાનમાં થાય છે તેને 'તત્ત્વસંવેદન' જ્ઞાન કહેવાય છે. આત્મપરિણતિમદ્ જ્ઞાનનું સ્વરૂપ સમજાય તો તત્ત્વસંવેદનજ્ઞાનનું સ્વરૂપ ખૂબ જ સ્પષ્ટપણે સમજી શકાશે. સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાથી શ્રદ્ધાના બળે જેમ હેયત્વાદિના વિવેકપૂર્વકનું જ્ઞાન થાય છે તેમ અહીં ચારિત્રના પરિણામના કારણે સર્વસાવદ્યયોગની નિવૃત્તિ અને નિરવદ્ય પ્રવૃત્તિ વગેરેથી ઉપહિત(સંબદ્ધ); વસ્તુના પરમાર્થનું જ્ઞાન થાય છે અર્થાત્ શ્રદ્ધા અને કરવાના પરિણામથી ઉપહિત તત્ત્વનું સંવેદન આ જ્ઞાનમાં હોય છે.

સમ્યક્ પ્રવૃત્ત્યાદિથી ઉપહિત એવું વિષયસંવેદન મિથ્યાજ્ઞાનસ્થળે પણ હોય છે. તેથી અહીં **तत्त्व** પદનો નિવેશ કર્યો છે. મિથ્યાજ્ઞાન તત્ત્વવિષયક ન હોવાથી તેનું ગ્રહણ નહિ થાય. આશય એ છે કે સ્યાદ્વાદ શૈલીએ કથંચિદ્ નિત્યાનિત્યત્વાદિ અનંતધર્માત્મક વસ્તુ છે. વસ્તુના એક અંશને લઇને જ્યારે એકાંતે નિત્યત્વાદિનો તે તે વસ્તુમાં પ્રતિભાસ થાય છે ત્યારે નિત્યત્વાદિ ધર્મથી ઇતર અનિત્યત્વાદિ ધર્મનો નિષેધ થાય છે. આ રીતે ઇતરાંશના નિષેધ સાથેના (સમનિયત) સ્વજ્ઞાનના વિષયભૂત સ્વને તત્ત્વ મનાતું નથી. મિથ્યાજ્ઞાન એ રીતે તત્ત્વસંવેદનવાળું હોતું નથી પરંતુ ઇતરાંશનિષેધાવચ્છિન્ન(સમનિયત)વિષયના સંવેદનવાળું હોય છે. તેથી **तत्त्व** પદના નિવેશથી તેનું ગ્રહણ થતું નથી... ઇત્યાદિ સ્વયં સમજી લેવું. અથવા ભણાવનાર પાસેથી બરાબર સમજી લેવું જોઇએ.

આવી જ રીતે **सम्यक्** પદનું ઉપાદાન ન કરે તો અવિરત સમ્યગ્દષ્ટિના જ્ઞાનને પણ તત્ત્વસંવેદનસ્વરૂપ માનવાનો પ્રસંગ આવશે. કારણ કે તેનું જ્ઞાન

સ્યાદ્વાદમુદ્રાએ તાત્ત્વિક હોય છે અને પ્રવૃત્ત્યાદિથી ઉપહિત પણ હોય છે. પરંતુ તે સમ્યક્ પ્રવૃત્ત્યાદિથી ઉપહિત હોતું નથી. તેથી '**सम्यक्**' પદના ઉપાદાનથી; અવિરતસમ્યગ્દષ્ટિના જ્ઞાનનું ગ્રહણ નહિ થાય. અવિરતસમ્યગ્દષ્ટિ આત્માઓને સમ્યગ્દર્શન હોવાથી જ્ઞાન હોય છે. વિરતિ ન હોવાથી તેની અપેક્ષાએ અજ્ઞાન હોય છે. મિથ્યાત્વીઓને તો અજ્ઞાન જ હોય છે અને પૂ. સાધુભગવંતોને સમ્યગ્દર્શન અને વિરતિ હોવાથી જ્ઞાન જ હોય છે. આથી સમજી શકાશે કે મિથ્યાત્વીની પ્રવૃત્તિ અજ્ઞાન-પ્રયોજ્ય છે. અવિરત સમ્યગ્દષ્ટિની પ્રવૃત્તિ જ્ઞાન અને અજ્ઞાન પ્રયોજ્ય છે અને પૂ. સાધુભગવંતોની પ્રવૃત્તિ જ્ઞાનપ્રયોજ્ય છે. અર્થાત્ પ્રતિભાસ ઉપર જણાવ્યા મુજબ ત્રણ પ્રકારના છે. મિથ્યાત્વીને થનાર પ્રતિભાસ, અવિરતસમ્યગ્દષ્ટિને થનાર પ્રતિભાસ અને સર્વવિરતિધર મહાત્માને થનાર પ્રતિભાસ. એ ત્રણમાં અનુક્રમે અજ્ઞાનત્વ, જ્ઞાનાજ્ઞાનત્વ અને જ્ઞાનત્વ રહેલું છે. અને તે તે અજ્ઞાનત્વાદિથી પ્રયોજ્ય તે તે આત્માની પ્રવૃત્તિ છે. જ્ઞાનત્વપ્રયોજ્ય પ્રવૃત્ત્યાદિને સમ્યક્ મનાય છે. જ્ઞાનાજ્ઞાનત્વાદિથી પ્રયોજ્ય પ્રવૃત્તિને સમ્યક્ તરીકે મનાતી નથી. તેથી **सम्यक्** પદોપાદાનથી અવિરતસમ્યગ્દષ્ટિના જ્ઞાનને તત્ત્વસંવેદન માનવાનો પ્રસંગ નહીં આવે.

યદ્યપિ આ રીતે **सम्यक्** પદના ઉપાદાનથી અવિરત સમ્યગ્દષ્ટિના જ્ઞાનની નિવૃત્તિ જેમ થાય છે તેમ મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ પણ થઇ શકે છે. પરંતુ **सम्यक्** પદથી જે અર્થ ગ્રાહ્ય છે તે અર્થનું પરિચાયક **तत्त्व** પદ છે... ઇત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું. ઉપર જણાવ્યા મુજબ ત્રણ પ્રકારનું જ્ઞાન કહેવાયું છે. શ્રી અષ્ટક પ્રકરણના નવમા અષ્ટકમાં તે કહ્યું છે કે - "વિષયપ્રતિભાસ, આત્મપરિણતિમત્ અને તત્ત્વસંવેદન : આ ત્રણ પ્રકારના જ્ઞાનને મહર્ષિઓએ કહ્યું છે." ॥૬-૨॥

ઉપર્યુક્ત ત્રણ પ્રકારનાં જ્ઞાનમાંના પ્રથમ જ્ઞાનના સ્વરૂપાદિને જણાવાય છે–

**आद्यं मिथ्यादृशां मुग्धरत्नादिप्रतिभासवत् ।**
**अज्ञानावरणापायाद्, ग्राह्यत्याद्यविनिश्चयम् ॥६-३॥**

आद्यमिति–आद्यं विषयप्रतिभासज्ञानं मिथ्यादृशामेव । मुग्धस्याज्ञस्य रत्नप्रतिभासादिवत् तत्तुल्यम् । तदाह–"विषकण्टकरत्नादौ बालादिप्रतिभासवद्" इति । अज्ञानं

मत्यज्ञानादिकं तदावरणं यत्कर्म तस्यापायः क्षयोपशमस्तस्मात् । तदाह–"अज्ञानावरणापायम्" इति । ग्राह्यत्वादीनामुपादेयत्वादीनामविनिश्चयोऽनिर्णयो यतस्तत् । तदाह–"तद्धेयत्वाद्यवेदकम्" इति । यद्यपि मिथ्यादृशामपि घटादिज्ञानेन घटादिग्राह्यता निश्चीयत एव, तथापि स्वविषयत्वावच्छेदेन तदनिश्चयान्न दोषः, स्वसंवेद्यस्य स्वस्यैव तदनिश्चयात् ॥६-३॥

મતિ-અજ્ઞાનાદિઆવરણ સ્વરૂપ કર્મના અપાય-વિગમથી થનારું અને હેયત્વાદિના નિશ્ચયને નહિ કરનારું એવું; મુગ્ધ જીવોને રત્નાદિમાં થનારા પ્રતિભાસ જેવું પહેલું 'વિષયપ્રતિભાસ' જ્ઞાન; મિથ્યાદૃષ્ટિઓને જ હોય છે - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે મુગ્ધ, બાળકો વગેરેને રત્ન, વિષ કે કાંટા વગેરેનો જે પ્રતિભાસ થાય છે, તે સમયે તેમને હેય-ઉપાદેયનો જેમ વિવેક હોતો નથી તેમ અહીં મિથ્યાદૃષ્ટિઓને પણ તે તે વિષયનો પ્રતિભાસ હેયોપાદેયતાના વિવેક વગરનો જ હોય છે. શ્રી અષ્ટકપ્રકરણમાં એ મુજબ જણાવ્યું છે.

આવું પણ વિવેકશૂન્ય જ્ઞાન તેમને અજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે આત્માનો ગુણ જ્ઞાન જ છે. પરંતુ મિથ્યાત્વના ઉદયને લઇને તેને જ્ઞાન નથી માનતા પણ અજ્ઞાનરૂપ માને છે. તેના આવરણ સ્વરૂપ જ્ઞાનાવરણીય કર્મને પણ અજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. એ અજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (મંદરસવાળાં દળિયાના ઉદયથી) આ વિષયપ્રતિભાસજ્ઞાન થતું હોય છે. **अज्ञानावरणापायं**... આ પદથી અષ્ટકપ્રકરણમાં એ પ્રમાણે જણાવ્યું છે.

મિથ્યાદૃષ્ટિઓને જ થનારું આ વિષયપ્રતિભાસજ્ઞાન; '**तद्धेयत्वाद्यवेदकं**' આ પદથી શ્રી અષ્ટકપ્રકરણમાં જણાવ્યા મુજબ ઉપાદેયત્વ અને હેયત્વ વગેરેના નિર્ણયને કરાવતું નથી. યદ્યપિ મિથ્યાદૃષ્ટિઓને પણ ઘટાદિના જ્ઞાનથી ઘટાદિની ગ્રાહ્યતા(ઉપાદેયતા)દિનો નિશ્ચય થાય છે પરંતુ સ્વવિષયતા જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં ગ્રાહ્યતાદિનો નિર્ણય થતો નથી અર્થાત્ વિષયપ્રતિભાસ-જ્ઞાનમાત્રમાં ગ્રાહ્યતાદિનો નિર્ણય થતો નથી. કારણ કે સ્વસંવેદ્ય એવું વિષયપ્રતિભાસ જે જ્ઞાન છે તે સ્વયં અગ્રાહ્ય-હેય હોવા છતાં તેનો નિર્ણય તેનાથી (વિષયપ્રતિભાસજ્ઞાનથી) થતો નથી. કોઇ એક વિષયપ્રતિભાસજ્ઞાનથી તેવો નિર્ણય થાય તોપણ તેની વિવક્ષા કરાતી નથી. સકલ વિષયપ્રતિભાસ-

જ્ઞાનથી ગ્રાહ્યતાદિનો નિર્ણય થતો નથી : આ વસ્તુને જણાવવા શ્લોકનું છેલ્લું પદ છે. ||૬-૩||

આત્મપરિણતિમદ્ જ્ઞાનનું સ્વરૂપ વગેરે જણાવાય છે–

**भिन्नग्रन्थे र्द्वितीयन्तु, ज्ञानावरणभेदजम् ।**
**श्रद्धावत् प्रतिबन्धेऽपि, कर्मणा सुखदुःखयुक् ।।६-४।।**

भिन्नग्रन्थेरिति–भिन्नग्रन्थेः सम्यग्दृशस्तु । द्वितीयमात्मपरिणामवत् । ज्ञानावरणस्य भेदः क्षयोपशमस्तज्जम् । तदाह–"ज्ञानावरणह्रासोत्थम्" इति । श्रद्धावद् वस्तुगुणदोषपरिज्ञानपूर्वकचारित्रेच्छान्वितम् । प्रतिबन्धेऽपि चारित्रमोहोदयजनितान्तरायलक्षणे सति । कर्मणा पूर्वार्जितेन । सुखदुःखयुक् सुखदुःखान्वितम् । तदाह–"पातादिपरतन्त्रस्य तद्दोषादावसंशयम् । अनर्थाद्याप्तियुक्तं चात्मपरिणतिमन्मतम् ।।१।।" ।।६-४।।

"જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલું; પ્રતિબંધ (અવરોધ) હોવા છતાં શ્રદ્ધાવાળું અને પૂર્વકર્મના યોગે સુખદુઃખથી યુક્ત એવું બીજું આત્મપરિણતિમદ્ જ્ઞાન સમ્યગ્દષ્ટિ આત્માઓને હોય છે." - આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે; રાગ-દ્વેષની તીવ્ર પરિણતિ સ્વરૂપ ગ્રંથિનો ભેદ જેણે કરી લીધો છે - એવા ભિન્નગ્રંથિક સમ્યગ્દષ્ટિ આત્માઓને બીજું આત્મપરિણતિમદ્ જ્ઞાન હોય છે, જે જ્ઞાનાવરણીયકર્મના ભેદથી (ક્ષયોપશમથી) થતું હોય છે. એ પ્રમાણે અષ્ટકપ્રકરણમાં જણાવ્યું છે કે એ આત્મપરિણતિમદ્જ્ઞાન; જ્ઞાનાવરણીયકર્મના હ્રાસ(ક્ષયોપશમ)થી ઉત્પન્ન થાય છે. એ જ્ઞાન શ્રદ્ધાવાળું હોય છે. વસ્તુના ગુણ અને દોષના પરિજ્ઞાનપૂર્વકની ચારિત્ર ગ્રહણ કરવાની ઇચ્છાને શ્રદ્ધા કહેવાય છે. સમ્યગ્દષ્ટિ આત્માને સંસારની અસારતાનું અને મોક્ષની પરમાર્થતાનું જ્ઞાન હોવાથી સંસારથી મુક્ત બની મોક્ષને પ્રાપ્ત કરવા માટે એકમાત્ર ચારિત્ર ગ્રહણ કરવાની ઇચ્છા હોય - એ સમજી શકાય છે. એવી ઇચ્છાસ્વરૂપ જ અહીં શ્રદ્ધા છે. એ શ્રદ્ધાથી પૂર્ણ એવું બીજું જ્ઞાન છે. ચારિત્રમોહનીયકર્મના ઉદયથી ચારિત્ર ગ્રહણ કરવામાં અંતરાય (પ્રતિબંધ-વિઘ્ન) હોવા છતાં સમ્યગ્દર્શનના પ્રભાવે ચારિત્રની ઇચ્છાસ્વરૂપ શ્રદ્ધા હોવામાં કોઇ જ બાધ નથી.

પૂર્વકાળમાં બાંધેલા કર્મના કારણે આત્મપરિણતિમદ્ જ્ઞાન સુખદુઃખથી સંબદ્ધ હોય છે. શ્રી અષ્ટકપ્રકરણમાં આ અંગે જણાવ્યું છે કે 'નીચે પડવા વગેરેમાં પરતંત્ર એવા માણસને તેના સંબંધમાં દોષ અને ગુણનો નિર્ણય હોવા છતાં જેમ પડવા વગેરેનું બને છે તેમ સમ્યગ્દષ્ટિ આત્માને વિષયકષાયાદિની પરિણતિ અને તેના વિપાક વગેરેનું સંશય વિનાનું નિર્ણયાત્મક જ્ઞાન હોવા છતાં પૂર્વબદ્ધ કર્મની પરવશતાથી અનર્થાદિની પ્રાપ્તિથી યુક્ત એવું એ જ્ઞાન આત્મ-પરિણતિમદ્ મનાય છે.' અહીં શ્લોકમાં **सुख** પદ અને **दुःख** પદ અનુક્રમે અર્થ અને અનર્થને સમજાવનારાં છે. કહેવાનો આશય એ છે કે જે કોઇ પણ માણસ પડવા વગેરેમાં પરવશ હોય ત્યારે ત્યારે તે તે ક્રિયાથી કોઇ પણ રીતે તે અટકી શકતો નથી. પડવા વગેરેના કારણે શું થવાનું છે તેનો તેને ચોક્કસ જ નિર્ણય હોય છે. તેમાં તેને સંશય, વિપર્યય કે અનધ્યવસાય જેવું કશું જ હોતું નથી. છતાં પરતંત્રતાના કારણે દુઃખાદિની પ્રાપ્તિ થઇને જ રહે છે. બસ ! આવું જ અહીં સમ્યગ્દષ્ટિ આત્માઓ માટે બને છે. તેમને સંસારની અસારતાનો અને વિષયકષાયાદિની ભયંકરતાનો ચોક્કસ જ ખ્યાલ હોવાથી એક ક્ષણ માટે પણ તેમને સંસારમાં રહેવાનું મન નહિ હોવા છતાં ભૂતકાળનાં કર્મોની પરતંત્રતાદિના કારણે અનર્થાદિને પ્રાપ્ત કરવા જ પડે છે. આમ છતાં તેમની શ્રદ્ધા અને જ્ઞાનની પરિણતિમાં કોઇ જ ફરક પડતો નથી. કર્મની પરતંત્રતાનો જેને અનુભવ છે, તેને એ સમજાવવાની આવશ્યકતા નથી. રોજિંદા વ્યવહારમાં કંઇકેટલીયે એવી પ્રવૃત્તિઓ છે કે જે પરતંત્રતાથી થતી હોય છે. તેથી સમ્યગ્દષ્ટિ આત્માઓને જે કાંઇ પણ કરવું પડે છે તે પ્રાયઃ કર્મપરવશતાથી કરવું પડે છે... ઇત્યાદિ ઉપયોગપૂર્વક વિચારવું જોઇએ. ॥૬-૪॥

ત્રીજા 'તત્ત્વસંવેદન' જ્ઞાનનું સ્વરૂપ વગેરે જણાવાય છે–

**स्वस्थवृत्तेस्तृतीयन्तु, सज्ज्ञानावरणव्ययात् ।**
**साधोर्विरत्यवच्छिन्नमविघ्नेन फलप्रदम् ॥६-५॥**

स्वस्थेति–स्वस्थाऽनाकुला वृत्तिः कायादिव्यापाररूपा यस्य तस्य साधोः तृतीयम् । विरतिः सदसत्प्रवृत्तिनिवृत्त्यात्मिका तयाऽवच्छिन्नमुपहितम् । अविघ्नेन

विघ्नाभावेन । फलप्रदम् । तदाह–"स्वस्थवृत्तेः प्रशान्तस्य तद्धेयत्वादिनिश्चयम् । तत्त्वसंवेदनं सम्यग् यथाशक्ति फलप्रदम् ॥१॥" इदं च सज्ज्ञानावरणस्य व्ययात् क्षयोपशमात् प्रादुर्भवति, तदाह–"सज्ज्ञानावरणापायम्" इति ॥६-५॥

"અનાકુલવૃત્તિવાળા સાધુમહાત્માને સદ્જ્ઞાનાવરણીયકર્મના વ્યયથી(ક્ષયોપશમથી) પ્રગટ થતું; વિરતિથી યુક્ત અને વિના વિઘ્ને ફળને આપનારું ત્રીજું 'તત્ત્વસંવેદન' જ્ઞાન હોય છે." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ, અનાકુલ છે જેમની એવા સાધુભગવંતને આ ત્રીજું તત્ત્વસંવેદનજ્ઞાન હોય છે. ગૃહસ્થોની પ્રવૃત્તિ સ્વસ્થ નથી હોતી. અનેક જાતની ઉપાધિથી ગૃહસ્થોને સ્વસ્થ રહેવાનું શક્ય બનતું નથી. તેથી તેમને તત્ત્વસંવેદન હોતું નથી. કારણ કે એ જ્ઞાન વિરતિથી યુક્ત હોય છે. સદ્‌ની પ્રવૃત્તિ અને અસદ્‌ની નિવૃત્તિ સ્વરૂપ વિરતિ પૂ. સાધુભગવંતોને જ હોય છે. ગૃહસ્થોને એનો સંભવ નથી. વિના વિઘ્ને ફળનું પ્રદાન તત્ત્વસંવેદનજ્ઞાન કરે છે. આ વાત નવમા અષ્ટકમાં જણાવતાં કહ્યું છે કે 'સ્વસ્થવૃત્તિવાળા પ્રશાંત અવસ્થાને પામેલા સાધુમહાત્માને; હેયત્વાદિ ધર્મોનો નિશ્ચય કરાવનારું અને શક્તિ અનુસાર સારી રીતે વિરતિ આદિ ફળને આપનારું જે જ્ઞાન છે, તે તત્ત્વસંવેદન છે.'

આ સર્વવિરતિફળને આપનારું તત્ત્વસંવેદનાત્મક જ્ઞાન સદ્જ્ઞાનાવરણીયકર્મના વ્યયના કારણે પ્રગટ થાય છે. વિરતિ વગેરે સ્વરૂપ ફળને આપનારું જ્ઞાન સદ્જ્ઞાન છે. તે તેના આવરણભૂત કર્મના ક્ષયોપશમથી પ્રગટ થાય એ સ્પષ્ટ છે. ત્રણ જ્ઞાનના નિરૂપણમાં મતિજ્ઞાનાદિની અવસ્થા ત્રણનો વિભાગ યાદ રાખવો જોઈએ. જે જ્ઞાન વિષયપ્રતિભાસ સ્વરૂપ છે તે અજ્ઞાન છે. જે જ્ઞાન આત્મપરિણતિમદ્ છે તે જ્ઞાન છે અને જે જ્ઞાન તત્ત્વસંવેદનસ્વરૂપ છે, તે સદ્જ્ઞાન છે, જે સદ્જ્ઞાનાવરણના અપાય(અપગમ-ક્ષયોપશમ)થી પ્રાદુર્ભૂત થાય છે-એમ અષ્ટકપ્રકરણના નવમા અષ્ટકમાં જણાવ્યું છે. ॥૬-૫॥

ઉપર જણાવેલાં ત્રણ જ્ઞાનોનાં લિંગો જણાવાય છે–

**निष्कम्पा च सकम्पा च, प्रवृत्तिः पापकर्मणि ।**
**निरवद्या च सेत्याहु, र्लिङ्गान्यत्र यथाक्रमम् ॥६-६॥**

निष्कम्पा चेति–अत्रोक्तेषु त्रिषु भेदेष्वज्ञानज्ञानसज्ज्ञानत्वेन फलितेषु । यथाक्रमं पापकर्मणि निष्कम्पा दृढा प्रवृत्तिः, सकम्पा चादृढा, निरवद्या च । सा प्रवृत्तिरिति लिङ्गान्याहुः । तदुक्तं–"निरपेक्षप्रवृत्त्यादि - लिङ्गमेतदुदाहृतम् ।" तथा–"तथाविध-प्रवृत्त्यादिव्यङ्ग्यं सदनुबन्धि च" तथा–"न्याय्यादौ शुद्धवृत्त्यादिगम्यमेतत्प्रकीर्तितम् ।" इति ॥६-६॥

"પાપકાર્યને વિશે દૃઢ પ્રવૃત્તિ અને અદૃઢ પ્રવૃત્તિ તેમ જ નિરવદ્ય પ્રવૃત્તિ : આ અનુક્રમે વિષયપ્રતિભાસ, આત્મપરિણતિમદ્ અને તત્ત્વસંવેદન જ્ઞાનનાં લિંગો છે." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે મિથ્યાત્વગુણસ્થાનકે વિષયપ્રતિભાસ જ્ઞાન વખતે પાપના વિષયમાં નિષ્કંપ પ્રવૃત્તિ હોય છે. પાપ કરતી વખતે સહેજ પણ કંપ-દયાદિનો પરિણામ હોતો નથી. શ્રી વીતરાગપરમાત્માની (દેવની) આજ્ઞા શું છે ? ગુરુજનો શું કહે છે ? આનું પરિણામ કયું આવશે ? પરલોકાદિમાં આથી શું થશે ?... વગેરે પ્રકારની વિચારણાથી શૂન્ય એવી નિરપેક્ષપણે દૃઢતાથી પાપપ્રવૃત્તિ થતી હોય ત્યારે ત્યાં વિષયપ્રતિભાસજ્ઞાનનો આવિર્ભાવ સમજવો.

આત્મપરિણતિમદ્ જ્ઞાન વખતે પાપની પ્રવૃત્તિ કંપવાળી હોય છે. શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞા વગેરેની વિચારણાના કારણે સાપેક્ષપણે શિથિલ (અદૃઢ) પ્રવૃત્તિ બને છે. સમ્યગ્દર્શનના પ્રભાવે પાપની પ્રવૃત્તિમાં પણ પાપનો બંધ અલ્પ (નહિવત્) થાય છે અને સદ્નો અનુબંધ પડે છે. આવા સ્થાને આત્મપરિણતિમદ્ જ્ઞાનનો આવિર્ભાવ સમજવો.

'તત્ત્વસંવેદન' જ્ઞાન તો વિરતિથી યુક્ત હોવાથી નિરવદ્ય પ્રવૃત્તિ જ ત્યાં હોય છે. પાપની પ્રવૃત્તિ હોતી જ નથી. મોક્ષમાર્ગની શુદ્ધ (અતિચારરહિત) આરાધના અને ભવમાર્ગની અનારાધનાથી જણાતું તત્ત્વસંવેદનજ્ઞાન છે. શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલા સર્વવિરતિધર્મનો જેમને પરિચય છે, તેઓ નિરવદ્યપ્રવૃત્તિ અને સાવદ્યની નિવૃત્તિને સારી રીતે સમજી શકે છે. આવા સ્થળે જ તત્ત્વસંવેદનજ્ઞાનનો પ્રાદુર્ભાવ હોય છે. બીજે એનો સંભવ નથી. શ્રી અષ્ટકપ્રકરણમાં આ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે 'નિરપેક્ષ પ્રવૃત્તિ વગેરે જેનું લિંગ છે, તે વિષયપ્રતિભાસજ્ઞાન છે. તેવા પ્રકારની સંક્લેશથી રહિત પ્રવૃત્તિ

વગેરે જેનું લિંગ છે, તે આત્મપરિણતિમદ્ જ્ઞાન છે અને ન્યાય્ય-મોક્ષમાર્ગાદિને વિશે શુદ્ધ વૃત્તિ વગેરેથી જણાતું તત્ત્વસંવેદનજ્ઞાન છે.' ॥૬-૬॥

ननु क्वैतानि लिङ्गान्युपयुज्यन्ते इत्यत आह–

ઉપર જણાવેલાં નિષ્કંપ-પાપપ્રવૃત્તિ વગેરે લિંગોનો ક્યાં ઉપયોગ છે - આવી શંકાનું સમાધાન કરાય છે–

**जातिभेदानुमानाय, व्यक्तीनां वेदनात् स्वतः ।**
**तेन कर्मान्तरात् कार्यभेदेऽप्येतद् भिदाऽक्षता ॥६-७॥**

जातीति–जातिभेदस्य निष्कम्पपापप्रवृत्त्यादिजनकतावच्छेदकस्याज्ञानादिगतस्य अनुमानाय उक्तानि लिङ्गानीति सम्बन्धः । व्यक्तीनामज्ञानादिव्यक्तीनां स्वतो लिङ्गनैरपेक्ष्येणैव वेदनात् परिज्ञानात् । तेन कर्मान्तरात् चारित्रमोहादिरूपादुदयक्षयोपशमावस्थावस्थितात् । कार्यभेदेऽपि सावद्यानवद्यप्रवृत्तिवैचित्र्येऽपि । तद्भिदाऽज्ञानादिभिदाऽक्षता । प्रवृत्तिसामान्ये ज्ञानस्य हेतुत्वात्तद्वैचित्र्येणैव तद्वैचित्र्योपपत्तेः । प्रवृत्तौ कर्मविशेषप्रतिबन्धकत्वस्यापि हेतुविशेषविघटनं विनाऽयोगात् । वस्तुतः कार्यस्वभावभेदे कारणस्वभावभेदः सर्वत्राप्यावश्यकः, अन्यथा हेत्वन्तरगमवधानस्याप्यकिञ्चित्करत्वादिति विवेचितमन्यत्र ॥६-७॥

"અજ્ઞાન, જ્ઞાન અને સદ્જ્ઞાન : આ ત્રણનું જ્ઞાન તેના લિંગાદિની અપેક્ષા વિના જ થતું હોવાથી એ ત્રણની અંદર રહેલી અજ્ઞાનત્વ, જ્ઞાનત્વ અને સદ્જ્ઞાનત્વ સ્વરૂપ જે જાતિવિશેષ છે, તેના અનુમાન માટે ઉપર જણાવેલાં લિંગો છે. તેથી કર્માંતરને લઇને કાર્યભેદ(વિશેષ)ની સિદ્ધિ થવા છતાં અજ્ઞાનાદિનો ભેદ અક્ષત જ છે." - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે સામાન્યથી પ્રવૃત્તિમાત્રની પ્રત્યે જ્ઞાન કારણ હોવાથી ઉપર જણાવેલાં અજ્ઞાનાદિસ્થળે જ્ઞાનસામાન્ય તો સિદ્ધ જ હોવાથી અજ્ઞાનાદિ જ્ઞાનસામાન્ય સ્વરૂપે જ્ઞાત છે. પરંતુ નિષ્કંપપાપપ્રવૃત્તિ, સકંપપાપપ્રવૃત્તિ અને નિરવદ્ય પ્રવૃત્તિ વિશેષના કારણ સ્વરૂપ જ્ઞાનમાં જે અજ્ઞાનત્વ, જ્ઞાનત્વ અને સદ્જ્ઞાનત્વ સ્વરૂપ ધર્મવિશેષ છે તેના જ્ઞાન માટે તે તે પ્રવૃત્તિ વગેરે સ્વરૂપ લિંગોની ઉપયોગિતા છે. અજ્ઞાનાદિ સ્વરૂપ જ્ઞાનમાં કોઇ પણ જાતિવિશેષ ન હોય તો તે પ્રવૃત્તિવિશેષ(નિષ્કંપ પાપપ્રવૃત્તિવિશેષાદિ)નું

કારણ નહિ બને. એ પ્રવૃત્તિવિશેષના જનક (કારણ) તરીકે જ્ઞાનવિશેષને જે ધર્મના લીધે મનાય છે, તે તે અજ્ઞાનત્વ વગેરે ધર્મો અહીં જનકતાવચ્છેદક તરીકે મનાય છે. અજ્ઞાનાદિમાં રહેલી જનકતાના અવચ્છેદક તરીકે અજ્ઞાનત્વ વગેરેને મનાય છે. તેનું અનુમાન કરવા માટે નિષ્કંપપાપપ્રવૃત્તિ વગેરે લિંગો ઉપયોગી બને છે. **[निष्कम्पपापप्रवृत्तिनिष्ठजन्यतानिरूपितजनकता(अज्ञाननिष्ठ-जनकता); यत्किञ्चिद्धर्मावच्छिन्ना जनकतात्वात्**... આ અનુમાનથી અજ્ઞાનત્વ સિદ્ધ થાય છે. આવી જ રીતે તે તે અનુમાનથી જ્ઞાનત્વાદિ પણ સિદ્ધ થાય છે.] આથી સમજી શકાશે કે જ્ઞાનસામાન્યથી પ્રવૃત્તિસામાન્ય જન્ય હોવા છતાં પ્રવૃત્તિવિશેષ તો જ્ઞાનવિશેષથી જ જન્ય છે. જેને લઈને જ્ઞાનમાં વિશેષતા મનાય છે તે અજ્ઞાનત્વ વગેરે ધર્મો છે અને તેના અનુમાપક નિષ્કંપપાપપ્રવૃત્તિ વગેરે લિંગો છે.

યદ્યપિ પ્રવૃત્તિસામાન્યની પ્રત્યે જ્ઞાનસામાન્ય કારણ હોવા છતાં મિથ્યાત્વમોહનીયકર્મના ઉદય વગેરેના કારણે જ્ઞાનસામાન્યથી પણ પ્રવૃત્તિવિશેષ થઈ શકે છે. તેથી જ્ઞાનમાં અજ્ઞાનત્વાદિસ્વરૂપ વિશેષ માનવાની આવશ્યકતા નથી. પરંતુ આ રીતે મિથ્યાત્વમોહનીય કે ચારિત્રમોહનીય કર્મના ઉદયની કે ક્ષયોપશમની અવસ્થામાં અવસ્થિત કર્માંતરથી સાવદ્ય કે નિરવદ્ય પ્રવૃત્તિ સ્વરૂપ કાર્યવિશેષની ઉત્પત્તિ થવા છતાં અજ્ઞાનાદિવિશેષ સિદ્ધ જ છે. કારણ કે પ્રવૃત્તિસામાન્યની પ્રત્યે જ્ઞાનસામાન્ય કારણ હોવાથી જ્ઞાનની વિચિત્રતા (વિશેષતા)થી જ પ્રવૃત્તિમાં વૈચિત્ર્ય સિદ્ધ થશે. તેથી પ્રવૃત્તિની વિશેષતાના કારણે અજ્ઞાનાદિવિશેષ અક્ષત છે.

યદ્યપિ અજ્ઞાનાદિની કોઈ વિશેષતા નથી. જ્ઞાનસામાન્ય એક હોવા છતાં ચારિત્રમોહનીયાદિ કર્મના ઉદય વગેરેના કારણે નિરવદ્ય પ્રવૃત્તિ વગેરે સ્વરૂપ વિશેષ પ્રવૃત્તિ થતી નથી અર્થાત્ જ્ઞાનસામાન્યથી જ થનારી તે તે પ્રવૃત્તિની પ્રત્યે કર્માંતર પ્રતિબંધક બને છે. તેથી જ્ઞાનવિશેષ માનવાની આવશ્યકતા નથી; પરંતુ કાર્યના કારણની વિશેષતાનો નાશ ન કરે તો કર્માંતરને પ્રતિબંધક માનવાનું પણ શક્ય નથી. એ પ્રતિબંધકત્વના નિર્વાહ માટે પણ અજ્ઞાનાદિવિશેષ માન્યા વિના ચાલે એવું નથી.

વસ્તુતઃ કાર્યનો સ્વભાવવિશેષ માને તો કારણનો સ્વભાવવિશેષ પણ તેના પ્રયોજક તરીકે માનવો જ જોઈએ. અન્યથા એ પ્રમાણે ન માને તો હેત્વન્તરનું

સમવધાન પણ કશું જ નહીં કરે. આશય એ છે કે એક જ કારણ કારણાંતરના સમવધાનમાં ભિન્ન ભિન્ન સ્વભાવે તે તે કાર્યની પ્રત્યે કારણ બને છે. કારણનો સ્વભાવ એક જ હોય તો કારણાંતરના સમવધાનમાં પણ તે બીજું કાર્ય નહીં કરે... ઇત્યાદિ અન્યત્ર વિવેચિત છે. જિજ્ઞાસુઓએ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઇએ. પ્રકૃતકાર્યાનુકૂલ કારણવિઘટકને પ્રતિબંધક ન માને અને કારણભૂત અભાવ જેનો (કર્માંતરનો) છે તેને પ્રતિબંધક માને તો ઉપર જણાવ્યા મુજબ અજ્ઞાનાદિવિશેષ માનવાની આવશ્યકતા નથી - આ પ્રમાણેના કથનનું નિરાકરણ કરવા **वस्तुतः**... ઇત્યાદિ ગ્રંથ છે. ॥૬-૭॥

ઉપર જણાવેલાં ત્રણ જ્ઞાનમાંથી જે જ્ઞાનના કારણે સાધુની સમગ્રતા થાય છે તે જણાવાય છે–

**योगादेवान्त्यबोधस्य, साधुः सामग्र्यमश्नुते ।**
**अन्यथाकर्षगामी स्यात्, पतितो वा न संशयः ॥६-८॥**

योगादिति - अन्त्यबोधस्य तत्त्वसंवेदनस्य । योगादेव संस्काररूपसम्बन्धादेव । साधुः सामग्र्यं पूर्णभावमश्नुते । अन्यथा तत्त्वज्ञानसंस्काराभावे पुनर्योगशक्त्यनुवृत्तौ शङ्काकाङ्क्षादिनाकर्षगामी वा स्यात्, तदननुवृत्तौ च पतितो वा. न संशयोऽत्र कश्चिद्, बाह्यलिङ्गस्याकारणत्वात् ॥६-८॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. કહેવાનો આશય એ છે કે વિષય-પ્રતિભાસાદિ ત્રણ પ્રકારનાં જ્ઞાનમાં જે છેલ્લું તત્ત્વસંવેદનસ્વરૂપ જ્ઞાન છે; તેના સંસ્કાર સ્વરૂપ સંબંધથી જ સાધુમહાત્મા પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. અન્યથા તત્ત્વજ્ઞાનના સંસ્કાર ન હોય પરંતુ યોગશક્તિની અનુવૃત્તિ (ફરીથી યોગને પ્રાપ્ત કરવાની યોગ્યતા સ્વરૂપ શક્તિ જળવાઇ હોય) વિદ્યમાન હોય તો સાધુ આકર્ષને પ્રાપ્ત કરે છે. અર્થાત્ શંકા, કાંક્ષા વગેરે અતિચારોના કારણે પૂર્ણતા પામે અને ગુમાવે, પામે અને ગુમાવે આવું થયા જ કરે. યોગશક્તિની અનુવર્ત્તના ચાલતી ન હોય તો સાધુનું અવશ્ય પતન જ થાય છે, એમાં કોઇ જ સંદેહ નથી. આવા પ્રસંગે બાહ્યસાધુવેષાદિ લિંગ પૂર્ણતાનું કારણ બનતું નથી. યોગ્યતા પડી હોય તો કોઇ વાર બાહ્યલિંગો ઉપકારક બને. પરંતુ તેવા પ્રકારની યોગ્યતા જ ન હોય તો બાહ્યલિંગો કોઇ પણ રીતે ઉપયોગી બનતાં નથી.

આથી સમજી શકાશે કે તત્ત્વસંવેદન જ પૂ. સાધુમહાત્માની પૂર્ણતામાં કારણ છે. વિષયપ્રતિભાસ અને આત્મપરિણતિમદ્ જ્ઞાન પૂર્ણતાનાં કારણ નથી. આ રીતે પૂ. સાધુભગવંતોની સમગ્રતાના અંગભૂત જ્ઞાનનું નિરૂપણ પૂર્ણ થયું. ||૬-૮||

હવે ક્રમપ્રાપ્ત ભિક્ષાનું વર્ણન કરાય છે–

**त्रिधा भिक्षापि तत्राद्या, सर्वसम्पत्करी मता ।**
**द्वितीया पौरुषघ्नी स्याद्, वृत्तिभिक्षा तथान्तिमा ।।६-९।।**

त्रिधेति–व्यक्तः ।।६-९।।

"જ્ઞાનની જેમ ભિક્ષા પણ ત્રણ પ્રકારની છે. એમાં 'સર્વસંપત્કરી' ભિક્ષા પહેલી છે. બીજી ભિક્ષા 'પૌરુષઘ્ની' છે અને છેલ્લી ત્રીજી ભિક્ષા વૃત્તિભિક્ષા છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. આ લોક સંબંધી સંપત્તિથી માંડીને મોક્ષ સુધીની સર્વ સંપત્તિને કરવાના સ્વભાવવાળી ભિક્ષાને સર્વસંપત્કરી ભિક્ષા કહેવાય છે. ધર્મ અને મોક્ષ સ્વરૂપ પુરુષાર્થને હણનારી ભિક્ષાને પૌરુષઘ્ની ભિક્ષા કહેવાય છે. અને આજીવિકા ચલાવવા માટેની ભિક્ષાને વૃત્તિભિક્ષા કહેવાય છે. યાચ્ઞા(યાચના)વિશેષ સ્વરૂપ ભિક્ષા છે. આ ત્રણ પ્રકારની ભિક્ષામાંની સર્વસંપત્કરી ભિક્ષા જ આત્માને ગુણસમૃદ્ધ જ નહિ ગુણથી પૂર્ણ બનાવનારી છે. છેલ્લી બે ભિક્ષા આત્માને ગુણથી દરિદ્ર બનાવે છે. ||૬-૯||

પ્રથમ સર્વસંપત્કરી ભિક્ષાનું નિરૂપણ કરાય છે–

**सदानारम्भहेतु र्या, सा भिक्षा प्रथमा स्मृता ।**
**एकबाले द्रव्यमुनौ, सदाऽनारम्भिता तु न ।।६-१०।।**

सदेति–सदाऽनारम्भस्य हेतुर्या भिक्षा । सा प्रथमा सर्वसम्पत्करी स्मृता । तद्धेतुत्वं च सदारम्भपरिहारेण सदाऽनारम्भगुणानुकीर्तनाभिव्यङ्ग्यपरिणामविशेपाहितयतनया वा । सदाऽनारम्भिता तु एकवाले द्रव्यमुनौ संविग्नपाक्षिकरूपे न सम्भवति । इदमुपलक्षण-मेकादशीं प्रतिमां प्रतिपन्नस्य श्रमणोपासकस्यापि प्रतिमाकालावधिकत्वादनारम्भकत्वस्य न तत्सम्भवः, न च तद्भिक्षायाः सर्वसम्पत्करीकल्पत्वोक्त्यैव निस्तारः। इत्थं हि यथा-कथञ्चित्सर्वसम्पत्करीयमिति व्यवहारोपपादनेऽपि न पौरुषघ्नीत्यादिव्यवहारानुपपादनात् ।

तथा च–"यतिर्ध्यानादियुक्तो यो गुर्वाज्ञायां व्यवस्थितः । सदाऽनारम्भिणस्तस्य सर्वसम्पत्करी मता ।।१।।" इत्याचार्याणामभिधानं सम्भवाभिप्रायेणैव, जिनकल्पिकादौ गुर्वाज्ञाव्यवस्थितत्वादेरिव सदाऽनारम्भित्वस्य फलत एव ग्रहणाद् । अन्यथा लक्षणाननुगमापत्तेर्द्रव्यसर्वसम्पत्करीमुपेक्ष्य भावसर्वसम्पत्करीलक्षणमेव वा कृतमिदमिति यथातन्त्रं भावनीयम् ।।६-१०।।

"સદા અનારંભનું જે કારણ બને છે તે ભિક્ષાને પ્રથમ સર્વસંપત્કરી ભિક્ષા કહેવાય છે. એક રીતે બાલ એવા દ્રવ્યમુનિમાં સદા અનારંભિતા (અનારંભ) હોતી નથી." - આ પ્રમાણે દશમા શ્લોકનો અક્ષરાર્થ છે."

કહેવાનો આશય એ છે કે સદા અનારંભના કારણભૂત ભિક્ષાને સર્વસંપત્કરી ભિક્ષા કહેવાય છે. હણવું, રાંધવું અને ખરીદવું... વગેરેને આરંભ કહેવાય છે. તેના અભાવને અનારંભ કહેવાય છે. જે ભિક્ષા ગ્રહણ કરતી વખતે ભિક્ષાપ્રદાતા ગૃહસ્થે ભિક્ષા ગ્રહણ કરનાર માટે એવો આરંભ કર્યો ન હોય તે ભિક્ષાને ગ્રહણ કરવાથી આરંભનો પરિહાર થાય છે. પોતાના શરીરને સંયમપાલનાદિ માટે, એ રીતે ભિક્ષા-ગ્રહણ દ્વારા ધારણ કરવાનું શક્ય બને છે. તેથી સદા અનારંભનું કારણ ભિક્ષા બને છે. સામાયિક કે પૌષધાદિ અવસ્થામાં ક્વચિદ્ આરંભનો પરિહાર કરનારા ગૃહસ્થો પણ હોવાથી તેમની ભિક્ષાનો વ્યવચ્છેદ કરવા માટે અહીં **सदा** પદનું ગ્રહણ છે. સદાનારંભિતા પૂ. સાધુભગવંતોમાં છે, ગૃહસ્થોમાં નથી. ભિક્ષાથી જ સદાનારંભિત્વ સંગત બને છે. અન્યથા ભિક્ષા ગ્રહણ કરવામાં આવે નહિ તો આરંભ કર્યા વિના ચાલે એવું ન હોવાથી આરંભિત્વનો જ પ્રસંગ આવશે. આ રીતે આરંભના પરિહાર વડે ભિક્ષા ગ્રહણ કરાય છે. તેથી તેમાં (ભિક્ષામાં) સદાનારંભની હેતુતા સ્પષ્ટ છે.

અથવા 'મોક્ષની સાધનામાં કારણભૂત એવા સાધુના શરીરની ધારણા માટે શ્રી જિનેશ્વરદેવોએ અહો ! અસાવદ્ય એવી ભિક્ષા સાધુભગવંતોને ઉપદેશી છે.'... ઇત્યાદિ રીતે સદાઅનારંભ સ્વરૂપ ગુણના અનુસ્મરણથી જણાતા પરિણામવિશેષથી થયેલી યતના વડે સદાઅનારંભની હેતુ; ભિક્ષા બને છે. આવી યતના ન હોય તો ખરેખર જ એ ભિક્ષા સર્વસંપત્કરી નહિ બને. યતનાપૂર્વક ગ્રહણ કરાયેલી એ ભિક્ષા સદાનારંભના પરિણામને સુરક્ષિત રાખે છે. અન્યથા પરિણામની નિર્ધ્વંસતાને લઇને પૌરુષઘ્ની ભિક્ષા થશે.

તાદૃશ ભિક્ષાથી સાધ્ય એવી સદાનારંભિતા એક રીતે બાલ અને દ્રવ્યમુનિ સ્વરૂપ સંવિગ્નપાક્ષિકોમાં મનાતી નથી. તેમનામાં આચારહીનતા હોવાથી એક પ્રકારની બાલતા છે. પરંતુ પ્રરૂપણાની દૃષ્ટિએ હીનતા ન હોવાથી બીજી બાલતા નથી. તેમ જ ભવિષ્યમાં તેઓને (ભાવસાધુપણાની પ્રાપ્તિ થવાની હોવાથી) ભાવના કારણભૂત દ્રવ્યમુનિપણું હોવાથી તેઓ દ્રવ્યમુનિ છે. જેમ એક બાલ એવા દ્રવ્યમુનિસ્વરૂપ સંવિગ્નપાક્ષિક આત્માઓને સદાઅનારંભિતાનો નિષેધ છે તેમ અગિયારમી પ્રતિમાને વહન કરનાર શ્રાવકને પણ પ્રતિમાકાળ દરમિયાન અનારંભકત્વ હોવાથી સદાનારંભકત્વનો નિષેધ છે : એ ઉપલક્ષણથી સમજવું.

આ રીતે શ્રાવકને સદાઅનારંભિતા ન હોય તો તેની ભિક્ષાને કેવી માનવી : આવી શંકાના સમાધાન માટે જો એમ કહી દેવાય કે સર્વસંપત્કરીકલ્પ (સર્વસંપત્કરીજેવી) એ ભિક્ષા છે તો તેથી નિસ્તાર નહિ થાય. કારણ કે એ રીતે ઉપચારથી સર્વસંપત્કરી ભિક્ષાનો વ્યવહાર સંગત થાય તોપણ એ પૌરુષઘ્નીભિક્ષા નથી અને વૃત્તિભિક્ષા નથી : આવો વ્યવહાર ઉપપન્ન થતો નથી. આથી સમજી શકાશે કે શ્રાવકને કેવી ભિક્ષા માનવી : આ શંકાના સમાધાન માટે નીચે જણાવ્યા મુજબ માનવું જોઇએ.

શ્રી અષ્ટકપ્રકરણમાં જણાવ્યું છે કે ધ્યાનાદિથી યુક્ત, ગુર્વાજ્ઞામાં વ્યવસ્થિત અને સદા અનારંભી જે સાધુ છે તેને સર્વસંપત્કરી ભિક્ષા હોય છે. અહીં થોડો વિચાર કરીએ તો સમજાશે કે શ્રી જિનકલ્પિકાદિ મહાત્માઓની ભિક્ષા સર્વસંપત્કરી હોય છે. બાહ્યદૃષ્ટિએ ગુર્વાજ્ઞામાં વ્યવસ્થિત ન હોવા છતાં ફળને આશ્રયીને તેઓશ્રી ગુર્વાજ્ઞામાં વ્યવસ્થિત જ છે તેથી પૂજ્યપાદ આ.ભ.શ્રી. હરિભદ્રસૂ. મહારાજાએ સદા અનારંભિત્વ અને ગુર્વાજ્ઞા-વ્યવસ્થિતત્વનું જે ઉપાદાન કર્યું છે તે સંભવાભિપ્રાયથી કર્યું છે. તેથી બાહ્યદૃષ્ટિએ ગુર્વાજ્ઞામાં વ્યવસ્થિત ન હોવા છતાં; ગુર્વાજ્ઞામાં વ્યવસ્થિતત્વનું જે ફળ છે તે મળતું હોય તો તેની અપેક્ષાએ ત્યાં ગુર્વાજ્ઞાવ્યવસ્થિતત્વ જેમ મનાય છે તેમ સદાઅનારંભિત્વ ન હોવા છતાં તેનું ફળ મળી જતું હોવાથી પ્રતિમાપન્ન શ્રાવકને તેની અપેક્ષાએ સદાનારંભિત્વ માનવામાં આવે છે. તેથી પ્રતિમાધારી શ્રાવકની ભિક્ષા પણ સર્વસંપત્કરી છે. આ રીતે ફળને આશ્રયીને સંભવાભિપ્રાયે **सदानारम्भित्व** વગેરેનો નિવેશ ન માનીએ તો સર્વસંપત્કરીભિક્ષાનું લક્ષણ તેનું

અનુગમક નહીં બને. કારણ કે સાધુની ભિક્ષાને તે સ્વરૂપે તે જણાવશે પરંતુ શ્રાવકની ભિક્ષાને તે સ્વરૂપે તે જણાવશે નહિ. લક્ષણ લક્ષ્યના અનુગમ માટે છે. તેથી લક્ષણથી અનનુગમની આપત્તિ ન આવે એ માટે ઉપર જણાવ્યા મુજબ **सदानारम्भित्व** પદનો નિવેશ સંભવાભિપ્રાયે છે : એ માનવું જોઇએ.

અથવા દ્રવ્યસર્વસંપત્કરી ભિક્ષાને છોડીને ભાવસર્વસંપત્કરી ભિક્ષાનું આ લક્ષણ છે : એમ માનવું જોઇએ. આ પ્રમાણે માનવાથી શ્રાવકની ભિક્ષા વગેરે દ્રવ્યભિક્ષા હોવાથી તેમાં લક્ષણ જાય નહિ તો ય કોઇ દોષ નથી. તેમ જ આ શ્લોકમાંનું ઉત્તરાર્દ્ધ પણ સંગત થશે... ઇત્યાદિ તે તે ગ્રંથાનુસાર વિચારવું. ॥૬-૧૦॥

બીજી 'પૌરુષઘ્ની' ભિક્ષાનું સ્વરૂપ વર્ણવાય છે–

**दीक्षाविरोधिनी भिक्षा, पौरुषघ्नी प्रकीर्त्तिता ।**
**धर्मलाघवमेव स्यात्, तया पीनस्य जीवतः ॥६-११॥**

दीक्षेति–दीक्षाया विरोधिनी दीक्षावरणकर्मबन्धकारिणी भिक्षा पौरुषघ्नी प्रकीर्तिता । तया जीवतः पीनस्य पुष्टाङ्गस्य धर्मलाघवमेव स्यात् । तथाहि–गृहीतव्रतः पृथिव्याद्युपमर्दनेन शुद्धोञ्छजीविगुणनिन्दया च भिक्षां गृह्णन् स्वस्य परेषां च धर्मस्य लघुतामेवापादयति । तथा गृहस्थोऽपि यः सदाऽनारम्भविहितायां भिक्षायां तदुचितमात्मानमाकलयन् मोहमाश्रयति, सोऽप्यनुचितकारिणोऽमी खल्वार्हता इति शासनावर्णवादेन धर्मलघुतामेवापादयतीति । तदिदमुक्तं–"प्रव्रज्यां प्रतिपन्नो यस्तद्विरोधेन वर्तते । असदारम्भिणस्तस्य पौरुषघ्नीति कीर्तिता ॥१॥ धर्मलाघवकृन्मूढो भिक्षयोदरपूरणम् । करोति दैन्यात्पीनाङ्गः पौरुषं हन्ति केवलम् ॥२॥" अत्र प्रतिमाप्रतिपन्नभिक्षायां दीक्षाविरोधित्वाभावादेव नातिव्याप्तिरिति ध्येयम् ॥६-११॥

"શ્લોકાર્થ સ્પષ્ટ છે કે દીક્ષાની વિરોધિની (પ્રતિબંધ કરનારી) એવી ભિક્ષાને 'પૌરુષઘ્ની' ભિક્ષા કહેવાય છે. પુષ્ટ માણસ આવી ભિક્ષાથી જીવનનિર્વાહ કરે તો તેનાથી ધર્મની લઘુતા જ થવાની છે." - કહેવાનો આશય એ છે કે જે ભિક્ષાના કારણે ચારિત્રમોહનીય કર્મ બંધાય છે તે ભિક્ષાને પૌરુષઘ્ની ભિક્ષા કહેવાય છે. પુષ્ટ શરીરવાળા એવી ભિક્ષાથી પોતાના જીવનનો નિર્વાહ કરે તો તેથી ધર્મની લઘુતા જ થતી હોય છે.

મહાવ્રતોને ગ્રહણ કર્યા પછી પૃથ્વીકાયાદિ જીવોનો વધાદિઆરંભ કરીને અને શુદ્ધભિક્ષાને ગ્રહણ કરનારની નિંદા કરીને ભિક્ષાને ગ્રહણ કરનારા; ધર્મની લઘુતા જ કરે છે. આવી જ રીતે ગૃહસ્થો પણ સદા અનારંભના કારણે વિહિત એવી ભિક્ષા માટે પોતાની જાતને યોગ્ય માની મોહથી ભિક્ષા વડે જીવનનિર્વાહ કરે તો 'આ કેવા અનુચિત કરનારા શ્રાવકો છે'... ઇત્યાદિ રીતે શાસનની નિંદા કરાવવા દ્વારા ધર્મની લઘુતા જ કરાવનારા બને છે; જે, સ્વ અને પર ઉભય માટે અનર્થનું કારણ બને છે.

એ વાતને જણાવતાં શ્રી અષ્ટકપ્રકરણમાં જણાવ્યું છે કે પ્રવ્રજ્યાને ગ્રહણ કર્યા પછી જે તેના વિરોધ વડે વર્તે છે એવા અસદ્નો આરંભ કરનારાની ભિક્ષા 'પૌરુષઘ્ની ભિક્ષા' કહેવાય છે. દીનતાથી ભિક્ષા વડે પેટ પૂરું કરનારો એવો પુષ્ટ, મૂઢ અને ધર્મની લઘુતાને કરનારો પુરુષાર્થને હણવાનું જ માત્ર કામ કરે છે. પ્રતિમાપન્નશ્રાવકની ભિક્ષા દીક્ષાવિરોધિની ન હોવાથી તે ભિક્ષામાં આ ભિક્ષાનું લક્ષણ સમન્વિત થતું ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવતી નથી. જેનું લક્ષણ કરાય છે તેના સિવાય બીજે પણ લક્ષણ સમન્વય થાય તો તે લક્ષણ અતિવ્યાપ્તિ દોષથી દુષ્ટ મનાય છે. એવું અહીં બનતું નથી. ।।૬-૧૧।।

હવે ત્રીજી વૃત્તિભિક્ષાનું સ્વરૂપ વર્ણવાય છે–

**क्रियान्तरासमर्थत्वप्रयुक्ता वृत्तिसञ्ज्ञिका ।**
**दीनान्धादिष्वियं सिद्धपुत्रादिष्वपि केषुचित् ।।६-१२।।**

क्रियान्तरेति–क्रियान्तरासमर्थत्वेन प्रयुक्ता, न तु मोहेन चारित्रशुद्धीच्छया वा । वृत्तिसञ्ज्ञिका भिक्षा भवति । इयं च दीनान्धादिषु सम्भवति । यदाह–"निःस्वान्धपङ्गवो ये तु न शक्ता वै क्रियान्तरे । भिक्षामटन्ति वृत्त्यर्थं वृत्तिभिक्षेयमुच्यते ।।१।। नातिदुष्टापि चामीषामेषा स्यान्न ह्यमी तथा । अनुकम्पानिमित्तत्वाद्धर्मलाघवकारिणः ।।२।। तथा सिद्धपुत्रादिष्वपि केषुचिद् वृत्तिभिक्षा सम्भवति । आदिना सारूपिकग्रहः । दीनादिपदाव्यपदेश्यत्वाच्चैषां पृथगुक्तिः । श्रूयन्ते चोत्प्रव्रजिता अमी जिनागमे भिक्षुका यतो व्यवहारचूर्ण्यामुक्तं–"जो अणुसासिओ ण पडिनियत्तो सो सारूविअत्तणेण वा सिद्धपुत्तत्तणेण वा अच्छिउं कंचिकालं । सारूविओ णाम सिरमुंडो अरजोहरणो अलाउयाहिं भिक्खं हिंडइ अभज्जो अ । सिद्धपुत्तो णाम सबालओ भिक्खं हिंडइ वा णवा वराडएहिं वेंठलिअं

करेइ लट्ठिं वा धरेतित्ति" । केषुचिदित्यनेन ये उत्प्रव्रजितत्वेन क्रियान्तरासमर्थास्ते गृह्यन्ते । येषां पुनरत्यन्तावद्यभीरूणां संवेगातिशयेन प्रव्रज्यां प्रति प्रतिबद्धमेव मानसं तेषामाद्यैव भिक्षा । एतद्व्यतिरिक्तानामसदारम्भाणां च पौरुषघ्न्येव । तत्त्वं पुनरिह केवलिनो विदन्तीति अष्टकवृत्तिकृद्वचनं च तेषां नियतभावापरिज्ञानसूचकमित्यवधेयम् ।।६-१२।।

"ભિક્ષા સિવાયની અન્ય ક્રિયા કરવાનું સામર્થ્ય ન હોવાના કારણે જે ભિક્ષા ગ્રહણ કરાય છે તેને 'વૃત્તિ' નામની ભિક્ષા કહેવાય છે. દીન, અંધ વગેરેને આ ભિક્ષા હોય છે. તેમ જ કેટલાક સિદ્ધપુત્રાદિને પણ આ ભિક્ષા હોય છે." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. એનો ભાવાર્થ સ્પષ્ટ છે કે ભિક્ષા ગ્રહણ કરવા સિવાય બીજો કોઇ ઉપાય ન હોવાથી જ વૃત્તિભિક્ષા થતી હોય છે. મોહથી અથવા ચારિત્રની શુદ્ધિની ઇચ્છાથી આ ભિક્ષા ગ્રહણ કરાતી નથી.

શ્રી અષ્ટકપ્રકરણમાં આ ત્રીજી ભિક્ષાનું વર્ણન કરતી વખતે જણાવ્યું છે કે 'જેઓ અન્ય ક્રિયા કરવા માટે અસમર્થ છે, તેવા નિર્ધન, અંધ અને પંગુ વગેરે લોકો પોતાના જીવનનિર્વાહ માટે ભિક્ષાએ ફરે છે, તે ભિક્ષાને વૃત્તિભિક્ષા કહેવાય છે.' "આવા જીવો માટે આ ભિક્ષા, પૌરુષઘ્નીભિક્ષાની જેમ અત્યંત દુષ્ટ નથી. કારણ કે એ ભિક્ષા અનુકંપાનું નિમિત્ત હોવાથી આ લોકો ધર્મની લઘુતાને કરનારા હોતા નથી." તેમ જ આવી ભિક્ષા કેટલાક સિદ્ધપુત્ર અને સારૂપિકને પણ હોય છે. દીન, અંધ, પંગુ કે દરિદ્ર વગેરે જીવોમાં સિદ્ધપુત્રાદિની ગણના હોવાથી '**सिद्धपुत्रादिष्वपि**' - આ પ્રમાણે શ્લોકમાં તેમનું સ્વતંત્ર ઉપાદાન કર્યું છે.

આગમમાં દીક્ષા છોડી દીધેલા તરીકે તેમનું વર્ણન છે. ચારિત્ર છોડી દેવાના તેમના પરિણામને જોઇને ગુર્વાદિકે ઘણી હિતશિક્ષા આપવા છતાં જેઓ સંયમના પરિણામમાં પાછા ફરતા નથી, તેઓ સારૂપિક કે સિદ્ધપુત્ર તરીકે થોડા કાળ માટે રહે. સારૂપિક તેને કહેવાય છે કે જે શિરોમુંડન કરાવે છે. રજોહરણ રાખતા નથી. તુંબડું લઇને ભિક્ષાએ જાય છે અને પત્ની રાખતા નથી. સિદ્ધપુત્ર તેને કહેવાય છે કે જે વાળ રાખે છે. ભિક્ષાએ જાય અથવા ન જાય. વરાટકોથી વેંટલિકા કરે. અથવા લાકડી ધારણ કરે. શ્લોકમાં **केषुचित्** આ પદથી એવા જ સિદ્ધપુત્રાદિ ગ્રહણ કરાય છે કે જેઓએ દીક્ષા છોડી દીધી છે અને બીજી કોઇ (ભિક્ષાન્ય) ક્રિયા કરવા સમર્થ ન હોય. પરંતુ જેઓ અત્યંત અવદ્યભીરુ છે અને

મોક્ષની તીવ્ર અભિલાષાના કારણે પ્રવ્રજ્યામાં ચિત્ત જેમનું પ્રતિબદ્ધ છે, તેમને પ્રથમ સર્વસંપત્કરી જ ભિક્ષા હોય છે. આવા આત્માઓને છોડીને બીજા અસદ્આરંભીને પૌરુષઘ્ની જ ભિક્ષા હોય છે.

ઉપર જણાવ્યા મુજબ સિદ્ધપુત્રાદિને કઇ ભિક્ષા હોય છે - તે સ્પષ્ટપણે સમજી શકાય છે. છતાં પણ અષ્ટકપ્રકરણની વૃત્તિને કરનારાએ આ વિષયમાં એમ જણાવ્યું છે કે તત્ત્વ તો કેવલીભગવંતો જાણે છે : તે આ સંશયને જણાવવા માટે નથી જણાવ્યું. પરંતુ દીક્ષાને છોડી જનારા આત્માઓનો ચોક્કસ કયો ભાવ છે - તે જાણી શકાતો નથી - એ જણાવવા માટે છે... ઇત્યાદિ ઉપયોગપૂર્વક વિચારવું. ॥૬-૧૨॥

ઉપર જણાવેલી ત્રણ ભિક્ષામાંથી જે ભિક્ષાને લઇને સાધુ ભગવંતો પૂર્ણતાને પામે છે; તે જણાવાય છે—

**अन्याबाधेन सामग्र्यं, मुख्यया भिक्षयालिवत् ।**
**गृह्णतः पिण्डमकृतमकारितमकल्पितम् ॥६-१३॥**

अन्येति—अन्येषां स्वव्यतिरिक्तानां दायकानामबाधेनापीडनेन । मुख्यया सर्वसम्पत्कर्या भिक्षया । अलिवद् भ्रमरवद् । अकृतमकारितमकल्पितं च पिण्डं गृह्णतः । सामग्र्यं चारित्रसमृद्ध्या पूर्णत्वं भवति । अलिवदित्यनेनानय(ट)नप्रतिषेधः । तथा सत्यभ्याहृतदोषप्रसङ्गात् । साधुवन्दनार्थमागच्छद्भिः गृहस्थैः पिण्डानयने नायं भविष्यति, तदागमनस्य वन्दनार्थत्वेन साध्वर्थपिण्डानयनस्य प्रासङ्गिकत्वादिति चेन्नैवमपि माला-पहृताद्यनिवारणादिति वदन्ति ॥६-१३॥

"અકૃત, અકારિત અને અકલ્પિત પિંડને; દાતા વગેરેને તકલીફ ન પડે એ રીતે ભમરાની જેમ સર્વસંપત્કરી ભિક્ષા વડે ગ્રહણ કરનાર પૂ. સાધુમહાત્માને સામગ્ર્ય પ્રાપ્ત થાય છે." - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે પૂ. સાધુભગવંતોને સર્વસંપત્કરી પ્રથમભિક્ષા હોય છે. એ ભિક્ષા વડે જે પિંડગ્રહણ તેઓશ્રી કરે છે તે વખતે પોતાને છોડીને અન્ય કોઇને (દાતા વગેરેને) પણ બાધા થાય નહિ એ રીતે ભમરાની જેમ ગ્રહણ કરે છે. ભમરો પુષ્પને કિલામણા ન થાય - એ રીતે તેમાંથી રસને ગ્રહણ કરે છે. તેમ સાધુભગવંતો પણ દાતા વગેરેને બાધા ન થાય એ રીતે પિંડગ્રહણ કરે છે.

એ પિંડ કૃત, કારિત કે કલ્પિત ન હોય તો જ ગ્રહણ કરે છે. પૂ. સાધુમહાત્મા માટે બનાવેલા, બનાવરાવેલા અને કલ્પેલા પિંડને અનુક્રમે કૃત, કારિત અને કલ્પિત કહેવાય છે. કાપવાથી, રાંધવાથી અને ખરીદવાથી પિંડ બને છે. જાતે કાપવા વગેરેથી કૃત પિંડ બને છે. બીજા દ્વારા એમ કરાવવાથી કારિત પિંડ બને છે અને વહોરાવવાની ભાવનાથી ગૃહસ્થો જે બનાવે તે કલ્પિત પિંડ કહેવાય છે. હનન (કાપવું-હણવું) વગેરે દ્વારા જે પિંડ કૃતાદિ નથી; તેવા નવકોટિપરિશુદ્ધ પિંડને પૂ. સાધુમહાત્મા ભિક્ષા દ્વારા ગ્રહણ કરે છે. તેથી જ પૂ. સાધુભગવંતો પૂર્ણતાને પ્રાપ્ત કરે છે.

શ્લોકમાં **भिक्षयालिवत्** અહીં 'ભ્રમરની જેમ' આ પ્રમાણે જણાવેલું હોવાથી ભિક્ષા માટે નહિ ફરવાનો નિષેધ થાય છે અર્થાત્ ભિક્ષા માટે ફરવું જોઇએ, પરંતુ ગૃહસ્થો પાસે મંગાવવી નહિ અથવા તો સામેથી લઇ આવેલી ભિક્ષાને ગ્રહણ ન કરવી - એ પ્રમાણે સૂચવ્યું છે. કારણ કે સામેથી લાવેલી ભિક્ષાને ગ્રહણ કરવાથી અભ્યાહૃત દોષનો પ્રસંગ આવે છે. યદ્યપિ સાધુઓને વંદન માટે આવતા ગૃહસ્થો પિંડ લઇ આવે તો આ અભ્યાહૃત દોષનો પ્રસંગ નહીં આવે. કારણ કે ગૃહસ્થોનું આગમન વંદન માટે છે. સાધુ માટે પિંડ લઇ આવવાનું તો પ્રાસંગિક છે; પરંતુ આ રીતે અભ્યાહૃતદોષનો પ્રસંગ નિવારી શકાય તોય માલાપહૃત વગેરે દોષનું નિવારણ શક્ય નહીં બને. કારણ કે વાહનમાંથી નીચે સામાન ઉતારવાદિના કારણે અને સાધુઓને વહોરાવવા માટે મૂકી રાખવાના કારણે માલાપહૃત અને સ્થાપના વગેરે દોષોનો પ્રસંગ આવવાનો જ. ||૬-૧૩||

તેરમા શ્લોકમાં **अकल्पितम्** આ પદથી સર્વસંપત્કરીભિક્ષામાં ગૃહસ્થે સંકલ્પ પણ ન કર્યો હોય (સાધુને વહોરાવવાનો સંકલ્પ પણ ન કર્યો હોય) એવા પિંડને ગ્રહણ કરવાનું જણાવ્યું છે. પરંતુ એવો પિંડ મળી શકશે નહિ : એવી શંકા કરનારના આશયને જણાવાય છે—

**नन्वेवं सद्गृहस्थानां, गृहे भिक्षा न युज्यते ।**
**अनात्मम्भरयो यत्नं, स्वपरार्थं हि कुर्वते ॥६-१४॥**

नन्वेवमिति—ननु एवं सङ्कल्पितपिण्डस्याप्यग्राह्यत्वे । सद्गृहस्थानां शोभन-ब्राह्मणाद्यगारिणां गृहे भिक्षा न युज्यते यतः । हि यतोऽनात्मम्भरयोऽनुदरम्भरयो यत्नं

पाकादिविषयं स्वपरार्थं कुर्वते । भिक्षाचरदानासङ्कल्पेन स्वार्थमेव पाकप्रयत्ने सद्गृहस्थत्वभङ्गप्रसङ्गाद्, देवतापित्रतिथिभर्तव्यपोषणशेषभोजनस्य गृहस्थधर्मत्वश्रवणात् । न च दानकालात्पूर्वं देयत्वबुद्ध्याऽसङ्कल्पितं दातुं शक्यत इत्यपि द्रष्टव्यम् ।।६-१४।।

"આ રીતે સંકલ્પિત પિંડ પણ ગ્રહણ કરવા માટે યોગ્ય ન હોય તો સારા ગૃહસ્થોના ઘરે ભિક્ષા માટે સાધુભગવંતોએ જવું યોગ્ય નથી. કારણ કે તેઓ પોતાનું જ પેટ ભરનારા નથી હોતા. રાંધવા વગેરેના વિષયમાં પોતાના અને બીજાના માટે તેઓ પ્રયત્ન કરતા હોય છે." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અક્ષરાર્થ છે.

કહેવાનો આશય સ્પષ્ટ છે કે હનન, પચન અને ક્રયણ (ખરીદવું) દ્વારા પિંડ બનાવતી વખતે સાધુઓને આપવાનો જેમાં સંકલ્પ ન હોય એવો જ પિંડ ગ્રહણ કરવાનો હોય તો સારા બ્રાહ્મણ વગેરે સદ્ગૃહસ્થોનાં ઘરોમાં સાધુઓને ભિક્ષા લેવાનું જ યોગ્ય નહિ બને. કારણ કે તે સદ્ગૃહસ્થો રાંધવા વગેરેની પ્રવૃત્તિમાં સ્વ અને પર માટે પ્રયત્ન કરતા હોય છે. ભિક્ષાચરોને આપવાનો સંકલ્પ ગૃહસ્થો ન કરે તો તેના સદ્ગૃહસ્થપણાનો ભંગ થવાનો પ્રસંગ આવે છે. કારણ કે દેવતા, માતા-પિતા અને અતિથિ વગેરેને આપ્યા પછી તેમ જ ભરણ કરવા યોગ્ય એવા પરિજનોનું પોષણ કર્યા પછી જે બાકી રહે તેનું ભોજન કરવાનો ગૃહસ્થોનો ધર્મ છે. યદ્યપિ એ ગૃહસ્થધર્મનું પાલન; દાન દેતાં પૂર્વે સંકલ્પ ન કરે અને દાનના અવસરે દાન કરે તોપણ શક્ય બને છે તેથી અસંકલ્પિત પિંડનું પ્રદાન ગૃહસ્થો કરી શકે છે; પરંતુ એ શક્ય નહિ બને. કારણ કે આવા વખતે દાન આપવા માટે ગૃહસ્થ પાસે પિંડ જ નહિ રહે. દેવતાદિને આપવાના સંકલ્પથી તો પિંડ એ પ્રમાણમાં બનાવાય છે અને તેથી જ તો તે પ્રમાણે આપી શકાય છે. અન્યથા આપવાનું જ શક્ય નહિ બને. આથી સમજી શકાશે કે સંકલ્પિત પિંડને ગ્રહણ કરવાનો નિષેધ કરાય તો સદ્ગૃહસ્થોને ત્યાં ભિક્ષા માટે જવાનું પૂ. સાધુમહાત્માઓ માટે યોગ્ય નહિ ગણાય - આ પ્રમાણે આ શ્લોકથી શંકાકારના આશયને જણાવ્યો છે. ॥૬-૧૪॥

ઉપર જણાવેલી શંકાના સમાધાન માટે એમ કહેવામાં આવે કે સંકલ્પવિશેષથી રહિત એવા પિંડને ગ્રહણ કરવામાં બાધ નથી. માત્ર યતિને

ઉદ્દેશીને સંકલ્પવાળો પિંડ ગ્રહણ ન કરવો. આ પ્રમાણેનું સમાધાન યુક્ત નથી : એમ જણાવવાપૂર્વક શંકાનું સમર્થન કરાય છે–

**सङ्कल्पभेदविरहो, विषयो यावदर्थिकम् ।**
**पुण्यार्थिकं च वदता, दुष्टमत्र हि दुर्वचः ॥६-१५॥**

सङ्कल्पेति–अत्र हि "असङ्कल्पितः पिण्डो यतेर्ग्राह्य" इति वचने हि । सङ्कल्पभेदस्य यतिसम्प्रदानकत्वप्रकारदानेच्छात्मकस्य विरहो दुर्वचः । केनेत्याह– यावदर्थिकं यावदर्थिनिमित्तनिष्पादितम् । पुण्यार्थिकं पुण्यनिमित्तनिष्पादितं च । पिण्डं दुष्टं वदता । अन्यथोक्तासङ्कल्पितत्वस्य यावदर्थिकपुण्यार्थिकयोः सत्त्वेन तयोर्ग्राह्यत्वापत्तेः । तदाह "सङ्कल्पनं विशेषेण, यत्रासौ दुष्ट इत्यपि । परिहारो न सम्यक् स्याद्यावदर्थिकवादिनः ॥१॥ विषयो वास्य वक्तव्यः, पुण्यार्थं प्रकृतस्य च । असम्भवाभिधानात् स्यादाप्तस्यानाप्तताऽन्यथा ॥२॥" इति ॥६-१५॥

"બધા અર્થીઓ અને પુણ્યના ઉદ્દેશથી બનાવેલા પિંડને દુષ્ટ (અગ્રાહ્ય) કહેનારા વડે એમ કહેવાય કે, 'અહીં અસંકલ્પિત પિંડ એટલે સંકલ્પવિશેષના અભાવવાળો પિંડ; તો તે દુષ્ટ વચન છે." - આ પ્રમાણે શ્લોકાર્થ છે. કહેવાનો આશય એ છે કે 'અસંકલ્પિત પિંડ પૂજ્ય સાધુભગવંતોએ ગ્રહણ કરવો જોઇએ.' આવા વિધાનની સામે શંકાકારે ઉપર જણાવ્યા મુજબ શંકા કરી કે એવું હોય તો સારા બ્રાહ્મણાદિનાં ઘરોમાં ભિક્ષા માટે જવાનું સાધુઓ માટે યોગ્ય નહિ મનાય. આ શંકાનું સમાધાન કરવા માટે એમ જણાવવામાં આવે કે સારા બ્રાહ્મણાદિ સદ્ગૃહસ્થો સામાન્યથી બધા જ ભિક્ષાચરોને ઉદ્દેશીને પિંડ બનાવતા હોય છે. અથવા તો સામાન્યથી પુણ્યપ્રાપ્તિ માટે યાચકાદિને આપવાના પણ ઉદ્દેશથી પિંડ બનાવતા હોય છે. તેથી સંકલ્પસામાન્યથી રહિત પિંડ સદ્ગૃહસ્થોનાં ઘરે ન હોય એ સમજી શકાય છે. તેથી જ **असङ्कल्पितः पिण्डो यते ग्राह्यः** અહીં અસંકલ્પિતનો અર્થ સંકલ્પવિશેષથી રહિત એવો કરવો જોઇએ. એ સંકલ્પવિશેષ અહીં માત્ર યતિના વિષયમાં સમજવો. માત્ર યતિને જ આપવાનો સંકલ્પ જ્યાં ન હોય તે સ્થળે અસંકલ્પિત પિંડ હોય છે. જ્યાં માત્ર યતિને જ (બધાને નહિ) આપવાનો સંકલ્પ હોય ત્યાં સંકલ્પિત પિંડ સમજવો. સાધુને આપવાની ઇચ્છા સ્વરૂપ સંકલ્પમાં સાધુ-યતિ સંપ્રદાન કહેવાય છે. (જેને આપવાનું હોય તેને

સંપ્રદાન કહેવાય છે.) યતિ છે સંપ્રદાન જેનું એવા દાનની ઇચ્છા સ્વરૂપ સંકલ્પવિશેષનો વિરહ જ્યાં છે, તે અસંકલ્પિત પિંડ કહેવાય છે. આવો પિંડ સદ્ગૃહસ્થોનાં ઘરોમાં હોઇ શકે છે. તેથી કોઇ દોષ નથી. આ પ્રમાણે યદ્યપિ સમાધાન કરી શકાય છે.

પરંતુ તે યોગ્ય નથી. કારણ કે ઉપર જણાવ્યા મુજબ સકલ અર્થીઓને ઉદ્દેશીને અને પુણ્યની પ્રાપ્તિને ઉદ્દેશીને બનાવેલ પિંડ ગ્રાહ્ય બની શકે છે, માત્ર યતિઓને ઉદ્દેશીને બનાવેલો પિંડ ગ્રાહ્ય બને નહિ. પણ આવું કહેવાથી શ્રી દશવૈકાલિકાદિ સૂત્રમાં જણાવેલી વાતનો વિરોધ આવશે. ત્યાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે 'અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ બધા અર્થીઓને કે પુણ્યપ્રાપ્તિ માટે આપવાના ઇરાદે બનાવેલ છે - એવું જાણવા કે સાંભળવા મળે તો એવા યાવદર્થિક કે પુણ્યાર્થિક પિંડને આપનારને કહેવું કે તે અશનાદિ સંયતોને માટે અકલ્પ્ય છે. તેથી મને તે લેવાનું યોગ્ય નથી.' આ પ્રમાણેના વચનથી એ સ્પષ્ટ છે કે દાતાએ યાવદર્થિકાદિ પિંડ બનાવેલ હોય તોપણ તે અગ્રાહ્ય છે. અહીં જણાવ્યા મુજબ માત્ર યતિને ઉદ્દેશીને બનાવેલ પિંડ અગ્રાહ્ય હોય અને યાવદર્થિક કે પુણ્યાર્થિક પિંડ અગ્રાહ્ય ન હોય તો તેવા પિંડમાં ગ્રાહ્યત્વનો પ્રસંગ આવશે, જે શ્રી દશવૈકાલિક સૂત્રને અનુસરનારું નથી. આથી "**असङ्कल्पितः पिण्डो यते ग्राह्यः**" અહીં સંકલ્પવિશેષના અભાવને **असङ्कल्पित** પદ સમજાવે છે." - આ વચન દુષ્ટ છે.

ઉપર જણાવેલી વાતને જણાવતાં શ્રી અષ્ટકપ્રકરણમાં જણાવ્યું છે કે - 'વિશેષસ્વરૂપે સાધુઓનું સંકલ્પન જેમાં છે તે પિંડ દુષ્ટ છે : એમ કહીને શંકાનો પરિહાર કરવાનું પણ યાવદર્થિક પિંડને દુષ્ટ માનનાર માટે યોગ્ય નથી અથવા તો યાવદર્થિક અને પુણ્યાર્થિક પિંડનો વિષય કહેવો જોઇએ. એટલે કે ચોક્કસ રીતે અમુક અર્થીને આશ્રયીને બનાવેલ પિંડ પરિહરણીય છે. ઇત્યાદિ સ્પષ્ટ રીતે કહેવું જોઇએ. અન્યથા જે વસ્તુનો સંભવ નથી એને જણાવવાના કારણે આપ્ત પુરુષોને અનાપ્ત માનવાનો પ્રસંગ આવશે.'... ઇત્યાદિ અષ્ટકપ્રકરણથી સમજી લેવું જોઇએ. ॥૬-૧૫॥

ઉપર્યુક્ત શંકાનું સમાધાન કરાય છે–

**उच्यते विषयोऽत्रायं, भिन्ने देये स्वभोग्यतः ।**
**सङ्कल्पनं क्रियाकाले, दुष्टं पुष्टमियत्तया ॥६-१६॥**

उच्यत इति–अत्रायं विषय उच्यते यदुत-क्रियाकाले पाकनिवर्तनसमये । स्वभोग्यादात्मीयभोगार्हादोदनादेर्भिन्नेऽतिरिक्ते देये ओदनादौ । इयत्तया "एतावदिह कुटुम्बाय एतावच्चार्थिभ्यः पुण्यार्थं चेति" विषयतया । पुष्टं संवलितम् । सङ्कल्पनं दुष्टम् । तदाह–"विभिन्नं देयमाश्रित्य, स्वभोग्याद्यत्र वस्तुनि । सङ्कल्पनं क्रियाकाले, तद्दुष्टं विषयोऽनयोः ॥१॥" ॥६-१६॥

"યાવદર્થિક અને પુણ્યાર્થિક પિંડનો વિષય કહેવાય છે. રાંધતી વખતે પોતાને વાપરવા માટેના ભાત વગેરે કરતાં વધારાના દાન માટેના ભાત વગેરેમાં, 'આટલા કુટુંબ માટે અને આટલા અર્થીઓ અને પુણ્ય માટે' - આ રીતે વિષયના વિભાગથી યુક્ત જે સંકલ્પ છે, તેનાથી યુક્ત પિંડ છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અક્ષરાર્થ છે.

એનો આશય સમજી શકાય છે કે રાંધતી વખતે જ પોતાના વપરાશ કરતાં વધારે પ્રમાણમાં રાંધવા લીધેલા પિંડમાં ઉપર જણાવ્યા મુજબ વિષયવિભાગ કરીને જે પિંડ તૈયાર થયો હોય તે યાવદર્થિક અને પુણ્યાર્થિક પિંડના નિષેધનો વિષય સમજવો. એ વાતને જણાવતાં અષ્ટકપ્રકરણમાં ફરમાવ્યું છે કે - પોતાના માટે ઉપયોગમાં લેવાના ઓદનાદિ(ભાત વગેરે)થી જુદા દાન માટેના વધારાના ભાત વગેરેમાં રાંધતી વખતે; 'આટલું કુટુંબ માટે અને આટલું સકલ અર્થી કે પુણ્ય માટે' - આ પ્રમાણે સંકલ્પ કરવો તે દુષ્ટ છે. આ યાવદર્થિક અને પુણ્યાર્થિક પિંડના વિષય છે. આથી સમજી શકાશે કે શ્રી દશવૈકાલિકસૂત્રમાં જણાવ્યા મુજબના એ નિષેધ પણ પિંડવિશેષને આશ્રયીને છે. સત્તરમા શ્લોકથી આ વાત સ્પષ્ટ થશે. ॥૬-૧૬॥

ઉપર જણાવેલો યાવદર્થિક અને પુણ્યાર્થિક પિંડ અગ્રાહ્ય છે, તેનાથી બીજો પિંડ ગ્રાહ્ય છે. યાવદર્થિક વગેરે પિંડ સર્વ સામાન્ય રીતે દુષ્ટ નથી પરંતુ ઉપર જણાવ્યા મુજબ રાંધતી વખતે જે વિષય-વિભાગથી યુક્ત પિંડ છે તે દુષ્ટ છે - એ આ પૂર્વે જણાવ્યું છે. હવે જે પિંડ દુષ્ટ - અગ્રાહ્ય નથી તે જણાવાય છે–

**स्वोचिते तु तदारम्भे, निष्ठिते नाविशुद्धिमत् ।**
**तदर्थकृतिनिष्ठाभ्यां, चतुर्भङ्ग्यां द्वयोर्ग्रहात् ॥६-१७॥**

स्वोचिते त्विति–स्वोचिते तु स्वशरीरकुटुम्बादेर्योग्ये तु । आरम्भे पाकप्रयत्ने । निष्ठिते चरमेन्धनप्रक्षेपेणौदनसिद्ध्युपहिते । तत् स्वभोग्यातिरिक्तपाकशून्यतया सङ्-कल्पनं स्वार्थमुपकल्पितमन्न–"मितो मुनीनामुचितेन दानेनात्मानं कृतार्थयिष्यामि" इत्याकारं नाविशुद्धिमद् न दोषान्वितम् । तदर्थं साध्वर्थम् । कृतिराद्यपाकः, निष्ठा च चरमः पाकः, ताभ्यां निष्पन्नायां चतुर्भङ्ग्यां-तदर्थं कृतिस्तदर्थं निष्ठा, अन्यार्थं कृतिस्तदर्थं निष्ठा, तदर्थं कृतिरन्यार्थं निष्ठा, अन्यार्थं कृतिरन्यार्थं च निष्ठा, इत्येवंरूपायां द्वयोर्भङ्गयो-र्ग्रहाच्छुद्धत्वेनोपादानात् । तदुक्तं–"तस्स कडं तस्स निट्ठीयं चउभंगो तत्थ दु चरिमा सुद्धा" । यदि च साध्वर्थं पृथिव्याद्यारम्भाप्रयोजकशुभसङ्कल्पनमपि गृहिणो दुष्टं स्यात्तदा साधुवन्दनादियोगोऽपि तथा स्यादिति न किञ्चिदेतत् । तदिदमुक्तं–"स्वोचिते तु यदारम्भे तथासङ्कल्पनं क्वचित् । न दुष्टं शुभभावत्वात्तच्छुद्धापरयोगवत् ।।१।।" ।।६-१७।।

"પોતાના માટે ઉચિત એવો આરંભ કરાયે છતે અને સમાપ્ત કરાયે છતે તેવો સંકલ્પ અવિશુદ્ધ નથી. કારણ કે સાધુ માટે આરંભ અને સમાપ્તિ એ બે પદના કારણે થનારા ચાર ભાંગામાં બે ભાંગે પિંડ ગ્રહણ કરી શકાય છે." આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે.

આશય એ છે કે, ગૃહસ્થે પોતાનાં શરીર અને કુટુંબાદિ માટે રાંધવાની ક્રિયાનો આરંભ કરેલો અને છેલ્લું બળતણ નાંખવાદિની ક્રિયા વડે ભાત વગેરે રંધાઇ જાય. આ રીતે પોતાના અને પોતાના કુટુંબાદિ માટે શરૂ કરીને પૂર્ણ કરેલી રાંધવા વગેરેની ક્રિયા વડે પિંડ તૈયાર થયે છતે પોતાના અને પોતાના કુટુંબ માટેના પિંડથી અતિરિક્ત પિંડ ન હોવાથી ગૃહસ્થ એ વખતે સંકલ્પ કરે છે કે 'આ અમારા માટે ખાવાનું તૈયાર થઇ ગયું છે. આમાંથી મુનિભગવંતોને સુપાત્રદાન આપી પોતાના આત્માને કૃતાર્થ કરું' - આવો સંકલ્પ અવિશુદ્ધ નથી અર્થાત્ આવો પિંડ સંકલ્પિત મનાતો નથી. કારણ કે સાધુ માટે આરંભ અને સાધુ માટે નિષ્ઠા (સમાપ્તિ); આ બે પદોથી થતા ચાર ભાંગામાં બે ભાંગા શુદ્ધ હોવાથી તે સંબંધી પિંડ ગ્રાહ્ય બને છે. સાધુ માટે આરંભ અને સાધુ માટે નિષ્ઠા. બીજા માટે આરંભ અને સાધુ માટે નિષ્ઠા. સાધુ માટે આરંભ અને બીજા માટે નિષ્ઠા. તેમ જ બીજા માટે આરંભ અને બીજા માટે નિષ્ઠા - આ ચાર ભાંગામાં છેલ્લા બે ભાંગા શુદ્ધ માનેલા છે. આ

પ્રમાણે અન્યત્ર પણ કહ્યું છે કે 'સાધુ માટે કરેલું(આરંભેલું) અને સાધુ માટે નિષ્ઠિત(પૂર્ણ કરેલું). - આવી રીતે ચાર ભાંગા થાય. એમાંથી છેલ્લા બે શુદ્ધ છે.'

આવી રીતે પોતાના માટે થઇ ગયેલા પિંડને સાધુભગવંતોને આપવાનો સંકલ્પ કરવામાં કોઇ દોષ નથી. એ પરિણામ પૃથ્વીકાયાદિના વધાદિનો નથી, પરંતુ દાતાનો એ શુભપરિણામ છે. પોતાના માટે બનાવેલા પિંડમાંથી આ રીતે પૂ. સાધુભગવંતોને આપીને પોતાના આત્માને કૃતાર્થ બનાવવાનો સંકલ્પ; પૃથ્વીકાયાદિના આરંભનો પ્રયોજક ન હોવા છતાં જો દુષ્ટ મનાય તો પૂ. સાધુમહાત્માને વંદનાદિ કરવાનો સંકલ્પ પણ દુષ્ટ મનાશે. તેથી આવા પ્રકારના સંકલ્પને પણ દુષ્ટ માનવાનું સાવ જ તુચ્છ છે. આ વાતને જણાવતાં અષ્ટકપ્રકરણમાં ફરમાવ્યું છે કે પોતાને ઉચિત એવો રાંધવા વગેરેનો આરંભ કરાયે છતે; તૈયાર થયેલા પિંડમાંથી પૂ. સાધુભગવંતોને આપીને પોતાના આત્માને હું કૃતાર્થ કરીશ - આવા પ્રકારનો સંકલ્પ કોઇ કરે તો તે શુભ ભાવ સ્વરૂપ હોવાથી, અન્ય મુનિવંદનાદિયોગની જેમ દુષ્ટ નથી... ઇત્યાદિ અષ્ટકપ્રકરણથી સમજી લેવું જોઇએ. ॥૬-૧૭॥

ઉપર જણાવ્યા મુજબ અસંકલ્પિત જ પિંડ સાધુઓએ ગ્રહણ કરવાનો હોય તો, સર્વથા ન મળે એવું ન હોય તોપણ બહુધા એ નહિ મળે અને તેથી આવી અસંભવી વસ્તુનો ઉપદેશ આપવાથી આપ્તની અનાપ્તતા થશે... ઇત્યાદિ શંકાના સમાધાન માટે જણાવાય છે—

**प्राय एवमलाभः स्यादिति चेद् बहुधाप्ययम् ।**
**सम्भवीत्यत एवोक्तो, यतिधर्मोऽतिदुष्करः ॥६-१८॥**

प्राय इति–एवमसङ्कल्पितस्यैव पिण्डस्य ग्राह्यत्वे । प्रायाऽलाभः स्यात् शुद्धपिण्डाप्राप्तिः स्यात् । इति चेद् बहुधापि सङ्कल्पातिरिक्तैर्बहुभिरपि प्रकारैः शङ्कित-म्रक्षितादिभिरयमलाभः सम्भवी । अथवा एवं प्रायोऽसङ्कल्पितस्यालाभः स्यादिति चेद् बहुधाप्ययमसङ्कल्पितस्य लाभः सम्भवी । अदित्सूनां भिक्षूणामभावेऽपि च बहूनां पाकस्योपलब्धेः । तथापि तद्वृत्तेर्दुष्करत्वात्तत्प्रणेतुरनाप्तता स्यादित्यत आह इत्यत एव यतिधर्मो मूलोत्तरगुणसमुदायरूपोऽतिदुष्कर उक्तः, अतिदुर्लभं मोक्षं प्रति अतिदुष्करस्यैव धर्मस्य हेतुत्वात्, कार्यानुरूपकारणवचनेनैवाप्तत्वसिद्धेः ॥६-१८॥

"આ પ્રમાણે અસંકલ્પિત પિંડ ગ્રહણ કરવાનો હોય તો પ્રાયઃ એ મળશે જ નહિ - આ શંકાના સમાધાનમાં કહેવાનું એ છે કે ઘણી રીતે એવો પિંડ મળી શકે છે. જોકે એ પિંડ મેળવવાનું દુષ્કર તો છે. પરંતુ તેથી જ તો સાધુધર્મને અત્યંત દુષ્કર વર્ણવ્યો છે." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અક્ષરાર્થ છે.

કહેવાનો આશય એ છે કે પોતાના માટે રાંધવાદિનો આરંભ કરીને તૈયાર થયેલા પિંડમાંથી પૂ. સાધુભગવંતોને દાન આપવાનો સંકલ્પ કરવાનું દુષ્ટ ન પણ હોય તોપણ એવો સંકલ્પિત પિંડ લગભગ ન મળે. કારણ કે આટલા વિવેકી અને ઉપયોગવાળા દાતાઓ ક્વચિત જ મળે. પૂ. સાધુભગવંતોના આચારનું પરિજ્ઞાન, વિશિષ્ટ ઔદાર્ય, વિવેક અને પ્રાસંગિક ઉપયોગ વગેરેના યોગે એવો સંકલ્પ ઉદ્ભવે. બાકી તો રાંધવા વગેરેની શરૂઆત કરતાં પૂર્વે જ યાવદર્થિકાદિને ઉદ્દેશીને સંકલ્પ કરાતો હોય છે. તેથી વિવક્ષિત પિંડ અલભ્ય બનશે. આ પ્રમાણે શંકાકારનો આશય છે. પરંતુ એ બરાબર નથી. કારણ કે આમ તો શંકિત કે મ્રક્ષિત વગેરે દોષોથી રહિત પિંડ પણ પ્રાયઃ ક્વચિત જ મળે છે. તેથી કાંઇ દુષ્ટ પિંડ થોડો લેવાય ? આધાકર્માદિ દોષની શંકા જેમાં હોય તેને શંકિતપિંડ કહેવાય છે. અને મધ વગેરે (અભક્ષ્યાદિ) દ્રવ્યના સ્પર્શથી યુક્ત પિંડને મ્રક્ષિતપિંડ કહેવાય છે. શંકિતાદિ અનેક રીતે પિંડ અલભ્ય બને છે. તેથી દોષથી યુક્ત પિંડ લેવાનું વિધાન ન કરાય.

શ્લોકમાંનું **बहुधा** આ પદ **अलाभ** અને **लाभ** બંને સાથે જોડી શકાય છે. અલાભની સાથે તેનો અન્વય કરીને સમાધાન જણાવ્યું. હવે **लाभ** ની સાથે તેનો અન્વય કરીને સમાધાન જણાવાય છે **अथवा** ઇત્યાદિ ગ્રંથથી. તેનો આશય એ છે કે અસંકલ્પિત પિંડ જ ગ્રહણ કરવાનું વિધાન કરાય તો તેનો લાભ નહિ થાય : એવી શંકાના સમાધાનમાં ગ્રંથકાર પરમર્ષિ ફરમાવે છે કે ઘણી રીતે એ સંકલ્પ વિનાનો પિંડ પ્રાપ્ત થઇ શકે છે. કારણ કે પૂ. સાધુભગવંતોને કે બીજા કોઇ અર્થીજનોને આપવાની ભાવના વિના ઘણા લોકો રાંધવાદિનો આરંભ કરતા હોય છે તેમ જ જે દેશમાં કે કાળમાં ભિક્ષુકો ભિક્ષા માટે ફરતા જ નથી, એવા દેશમાં કે કાળમાં તે તે ગૃહસ્થો પોતાના માટે રાંધવાદિનો આરંભ કરતા હોય છે. એ બધાએ બનાવેલો પિંડ અસંકલ્પિત છે. તેથી ઘણી રીતે અસંકલ્પિત પિંડ પ્રાપ્ત થઇ શકે છે.

યદ્યપિ આ રીતે અસંકલ્પિત પિંડને પ્રાપ્ત કરવાનું અત્યંત દુષ્કર છે અને તેથી આવી દુષ્કરચર્યાનો ઉપદેશ કરનારા આપ્તની આપ્તતા રહેતી નથી. પરંતુ ખરેખર તો આવો નિરવદ્ય ભિક્ષાનો માર્ગ બતાવવાના કારણે જ આપ્તપુરુષની આપ્તતા સુરક્ષિત છે. આપ્ત પુરુષોએ યતિધર્મને અત્યંત દુષ્કર તરીકે વર્ણવ્યો છે. અત્યંત દુર્લભ એવા મોક્ષની પ્રત્યે અત્યંત દુષ્કર જ એવો ધર્મ કારણ છે. કાર્યને અનુરૂપ જ કારણ હોય છે અને આવા અનુરૂપ કાર્યકારણભાવના પ્રણેતા ચોક્કસ જ આપ્ત પુરુષ છે. તેથી તેઓશ્રીમાં અનાપ્તતા માનવાનો પ્રસંગ આવતો નથી. ॥૬-૧૮॥

મન, વચન અને કાયાથી શુદ્ધ એવા સાધુભગવંતો સંકલ્પિત પિંડ ગ્રહણ કરે તો કયો દોષ છે : આ શંકાનું સમાધાન કરાય છે–

**सङ्कल्पितस्य गृहिणा, त्रिधाशुद्धिमतो ग्रहे ।**
**को दोष इति चेज्ज्ञाते, प्रसङ्गात् पापवृद्धितः ॥६-१९॥**

सङ्कल्पितस्येति–गृहिणा गृहस्थेन । सङ्कल्पितस्य यत्यर्थं प्रतिदित्सितस्य । त्रिधा शुद्धिमतो मनोवाक्कायशुद्धस्य साधोर्ग्रहे ग्रहणे को दोषः । आरम्भप्रत्याख्यानस्य लेशतोऽप्यव्याघातादिति चेद् ज्ञाते "मदर्थं कृतोऽयं पिण्ड" इति ज्ञाते सति तद्ग्रहणे प्रसङ्गाद्, गृहिणः पुनस्तथाप्रवृत्तिलक्षणात् पापवृद्धितस्तन्निमित्तभावस्य परिहार्यत्वात् ॥६-१९॥

"ગૃહસ્થે યતિઓને માટે સંકલ્પિત કરેલો પિંડ; મન, વચન અને કાયાની શુદ્ધિવાળા એવા પૂ. સાધુભગવંતો ગ્રહણ કરે તો એમાં કયો દોષ છે ? (અર્થાત્ કોઇ દોષ નથી. કારણ કે પૂ. સાધુભગવંતોએ કોઇ પણ જાતનો આરંભ કરેલો નથી.) - આવી કોઇ શંકા કરે તો એના સમાધાનમાં એ દોષ જાણવો કે પોતાના માટે સંકલ્પિત છે : એ જાણવા છતાં એવા પિંડને પૂ. સાધુભગવંતો ગ્રહણ કરે તો ગૃહસ્થો ફરી વાર એવી પ્રવૃત્તિ કરે અને તેથી પાપની વૃદ્ધિ થાય." - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે સાધુભગવંતોને આપવાની ઇચ્છાથી સંકલ્પ જેમાં કરાયો છે એવા પિંડને ગૃહસ્થ જ્યારે આપે ત્યારે મન, વચન અને કાયાની ત્રણ પ્રકારની શુદ્ધિથી શુદ્ધ એવા સાધુભગવંતો, એ પિંડને ગ્રહણ કરે તો એમાં

કોઈ દોષ નથી. કારણ કે એમાં પૂ. સાધુભગવંતોની સર્વથા આરંભના ત્યાગની પ્રતિજ્ઞામાં સહેજ પણ વ્યાઘાત (વિરોધ-ભંગ) થતો નથી. આ પ્રમાણે શંકા કરનારનું કહેવું છે. પરંતુ તે યોગ્ય નથી. કારણ કે 'મારા માટે આ પિંડ કરેલો છે.' આ પ્રમાણે ખબર હોવા છતાં તે ગ્રહણ કરવામાં આવે તો ગૃહસ્થો ફરી વાર યતિઓને ઉદ્દેશીને પિંડ બનાવવાની પ્રવૃત્તિ કરે અને તેથી પાપની વૃદ્ધિ થાય. ગૃહસ્થો આ રીતે પૂ. સાધુભગવંતોને ઉદ્દેશીને (નિમિત્તે) પાપ કરે તે ઉચિત નથી. પૂ. સાધુમહાત્માના ખ્યાલમાં એ આવે તો અવશ્ય તેનો પરિહાર કરવો જોઈએ. એટલે કે પોતાના(સાધુના) નિમિત્તે કોઈ પાપ ના કરે : એનો ઉપયોગ રાખવો જોઈએ. તેથી પોતાના માટે (સાધુઓ માટે) સંકલ્પિત પિંડ છે : એ જાણ્યા પછી એ ગ્રહણ કરવાનું પૂ. સાધુભગવંતોને ઉચિત નથી. ॥૬-૧૯॥

ઉપર જણાવ્યા મુજબ સંકલ્પિત પિંડ ગ્રહણ કરવાની પ્રવૃત્તિ દુષ્ટ હોવા છતાં ગૃહસ્થની એવી પ્રવૃત્તિથી પિંડ ગ્રહણ કરવાની પ્રવૃત્તિનો ત્યાગ ન કરાય તો શું થાય : એ જણાવાય છે–

**यत्यर्थं गृहिणश्चेष्टा, प्राण्यारम्भप्रयोजिका ।**
**यतेस्तद्वर्जनोपायहीना सामग्र्यघातिनी ॥६-२०॥**

यत्यर्थमिति–यत्यर्थं गृहिणः प्राण्यारम्भप्रयोजिका चेष्टा निष्ठितक्रिया । तद्वर्जनोपायैराधाकर्मिककुलपरित्यागादिलक्षणैर्हीना सती । यतेः सामग्र्यघातिनी गुणश्रेणीहानिकर्त्री ॥६-२०॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. કહેવાનો આશય એ છે કે પૂ. સાધુભગવંતોને ઉદ્દેશીને રાંધવા વગેરેની પૂર્ણ કરાતી ક્રિયા ગૃહસ્થો માટે જીવના આરંભની પ્રયોજક છે. આવી આરંભની ક્રિયાનો ત્યાગ કરે : એ માટે આધાકર્મિકાદિ દોષથી દુષ્ટ એવા પિંડને બનાવનારાં કુળોમાં (દાતાઓનાં ઘરોમાં) ગોચરી જવાનું પૂ. સાધુભગવંતોએ ત્યજવું જોઈએ. સાધુઓ માટે કરાતા આરંભનું ગૃહસ્થોને પરિવર્જન કરાવવા માટેનો એ એક ઉપાય છે. એ ઉપાયને કરે નહિ અને તેવા પ્રકારના સંકલ્પિત પિંડને સાધુમહાત્મા ગ્રહણ કરે તો ઉપાયથી રહિત એ પ્રાણીવધાદિની પ્રયોજક ક્રિયા સાધુની સમગ્રતાનો ઘાત કરનારી છે. ગુણશ્રેણીને સાધુની સમગ્રતા કહેવાય છે. અસંખ્યાત સંયમના અધ્યવસાયોનાં સ્થાનો જેમાં

સમાવિષ્ટ છે એવી એ ગુણશ્રેણીનો ઘાત કરનારી પ્રાણીઓના આરંભની પ્રયોજક એવી ગૃહસ્થની એ ચેષ્ટા છે. એવા ગૃહસ્થનાં ઘરોમાં ભિક્ષા માટે જવાનું સાધુઓ માટે ઉચિત નથી... ઇત્યાદિ ચોક્કસ રીતે સમજી લેવું.

**ज्ञानेन**... ઇત્યાદિ પ્રથમ શ્લોકના પૂર્વાર્દ્ધનું નિરૂપણ આ શ્લોક સુધીના વીસ શ્લોકોથી પૂર્ણ થયું. તત્ત્વસંવેદનાત્મક જ્ઞાન અને સર્વસંપત્કરી ભિક્ષા - આ બેના કારણે સાધુસમગ્રતાની પ્રાપ્તિ થાય છે. સંયમજીવનની સાધનામાં એ બંનેનું જે મહત્ત્વ છે, તે ખૂબ જ સ્પષ્ટ રીતે સમજી લેવું જોઇએ. વિષયપ્રતિભાસ અને આત્મપરિણતિમદ્‌જ્ઞાન સાધુસમગ્રતાનાં કારણ બનતાં નથી. માત્ર તત્ત્વસંવેદનજ્ઞાન જ સાધુની સમગ્રતાનું કારણ બને છે. આ પૂર્વે જણાવેલાં ત્રણેય જ્ઞાનના સ્વરૂપનો વિચાર કરીએ તો સમજાશે કે વિષયપ્રતિભાસ જ્ઞાનને પ્રાપ્ત કરવાનું પણ કેટલું અઘરું છે. ઉત્કટ કોટિની જિજ્ઞાસા વિના એ શક્ય નહિ બને. તાત્ત્વિક જિજ્ઞાસાની પ્રાપ્તિ પણ ખરેખર જ કઠિન છે. અપ્રશસ્ત(સંસારસંબંધી) માર્ગમાં જિજ્ઞાસા અવિરત ચાલ્યા કરે છે, પરંતુ પ્રશસ્ત(મોક્ષસંબંધી) માર્ગમાં એવી જિજ્ઞાસા પણ જ્યાં ન હોય ત્યાં તત્ત્વસંવેદનજ્ઞાનની અપેક્ષા કઇ રીતે રખાય ?

બસ ! આવી જ સ્થિતિ ભિક્ષાના વિષયમાં છે. પૌરુષઘ્ની અને વૃત્તિભિક્ષા સાધુસમગ્રતાનું કારણ ન જ બને - એ સારી રીતે સમજી શકાય છે. 'સર્વસંપત્કરી' ભિક્ષા જ સાધુસમગ્રતાનું કારણ બની શકે છે. પણ એનો ખ્યાલ હોવા છતાં એ ભિક્ષાને ગ્રહણ કરવા માટે મનને કેળવવાનું ખૂબ જ કપરું છે. ઇન્દ્રિયો અને શરીર પ્રત્યેનો પ્રબળ રાગ અને વિષયની આસક્તિ સર્વસંપત્કરી ભિક્ષાને ગ્રહણ કરવામાં મુખ્ય અવરોધો છે. સંયમની સાધના માટે શરીર હતું. એના બદલે શરીર માટે સંયમની સાધના થવાથી સર્વસંપત્કરી ભિક્ષાનો જ છેદ થઇ ગયો અને પૌરુષઘ્ની કે વૃત્તિભિક્ષા જેવી ભિક્ષા થવા લાગી હોય - એવું લાગ્યા કરે છે. અપૂર્ણને પૂર્ણ બનાવનારી ભિક્ષા ગ્રહણ કરવાના બદલે અપૂર્ણને શૂન્ય બનાવે એવી ભિક્ષા ગ્રહણ કરાય તો પરિણામ શું આવે : એની કલ્પના પણ ભયંકર છે. ગમે તે રીતે તત્ત્વસંવેદનાત્મકજ્ઞાન અને સર્વસંપત્કરી ભિક્ષાને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કર્યા વિના ચાલે એવું નથી - એ વીશ શ્લોકોનો પરમાર્થ છે. ॥૬-૨૦॥

'**ज्ञानेन०**' આ પ્રથમ શ્લોકના ઉત્તરાર્દ્ધનું વર્ણન શરૂ કરાય છે–

**वैराग्यं च स्मृतं दुःखमोहज्ञानान्वितं त्रिधा ।**
**आर्त्तध्यानाख्यमाद्यं स्याद्यथाशक्त्यप्रवृत्तितः ।।६-२१।।**

वैराग्यं चेति–दुःखान्वितं मोहान्वितं ज्ञानान्वितं चेति त्रिधा वैराग्यं स्मृतम् । आद्यं दुःखान्वितं आर्त्तध्यानाख्यं स्याद् । यथाशक्ति शक्त्यनुसारेण मुक्त्युपायेऽप्रवृत्तितः । तात्त्विकं तु वैराग्यं शक्तिमतिक्रम्यापि श्रद्धातिशयेन प्रवृत्तिं जनयेदिति ।।६-२१।।

'દુઃખાન્વિત, મોહાન્વિત અને જ્ઞાનાન્વિત : આ ત્રણ પ્રકારે વૈરાગ્યને ત્રણ રીતે વર્ણવ્યો છે. એમાં પ્રથમ દુઃખાન્વિત (દુઃખગર્ભિત) વૈરાગ્ય આર્ત્તધ્યાન સ્વરૂપ છે. કારણ કે અહીં શક્તિ અનુસાર પણ ધર્મમાં પ્રવૃત્તિ હોતી નથી.' - આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે દુઃખાન્વિત, મોહાન્વિત અને જ્ઞાનાન્વિત ભેદથી વૈરાગ્ય ત્રણ પ્રકારનો છે. રાગનો અભાવ; સામાન્યથી વૈરાગ્ય છે. રાગની માત્રાની અપેક્ષાએ રાગના અસંખ્ય ભેદો છે. તે તે રાગના અભાવે અનુક્રમે વૈરાગ્યની પ્રાપ્તિ થતી હોય છે. રાગની જેમ જ વૈરાગ્યના પણ અસંખ્ય પ્રકાર છે. પરંતુ એ બધાને ઉપર જણાવેલા ત્રણ ભેદોમાં સમાવીને અહીં માત્ર ત્રણ પ્રકારોનું વર્ણન કરવાનું ઇષ્ટ છે.

શ્લોકના પૂર્વાર્દ્ધમાં એ ત્રણ ભેદોનાં નામ જણાવીને ઉત્તરાર્દ્ધથી પ્રથમ દુઃખાન્વિત (દુઃખગર્ભિત) વૈરાગ્યનું સ્વરૂપ વર્ણવ્યું છે. આર્ત્તધ્યાન સ્વરૂપ દુઃખગર્ભિત વૈરાગ્ય છે. ઇષ્ટના સંયોગની ચિંતા અને અનિષ્ટના વિયોગની ચિંતા તેમ જ રોગની ચિંતા અને નિયાણા(નિદાન)ની ચિંતા સ્વરૂપ આર્ત્તધ્યાન ચાર પ્રકારનાં છે. સંસારમાં પાપના યોગે પ્રાપ્ત થયેલા દુઃખસ્વરૂપ અનિષ્ટના યોગે તેના વિયોગ માટે સતત ચિંતનાદિ કરવાના કારણે આવા જીવો સંસારનાં સુખોથી પણ દૂર રહે છે. જેનાથી દૂર રહેવાનું છે તેની પ્રત્યે રાગ ન હોય એ સમજી શકાય છે. આ રીતે સુખ પ્રત્યે રાગનો અભાવ થવાથી તે વૈરાગ્ય છે અને દુઃખના નિમિત્તથી તે થયો હોવાથી દુઃખગર્ભિત હોય છે.

આવા આત્માઓ સુખથી દૂર રહેતા હોવા છતાં મુક્તિના ઉપાયભૂત સમ્યગ્જ્ઞાનાદિને વિશે પોતાની શક્તિ અનુસાર પ્રવૃત્તિ કરતા નથી. તાત્ત્વિક રીતે સુખની અસારતાદિના પરિજ્ઞાનથી જો વૈરાગ્ય થયો હોય તો શ્રદ્ધાતિશયને લઇને શક્તિ ઉપરાંત પણ મુક્તિના ઉપાયોમાં પ્રવૃત્તિ થતી હોય છે. તેથી જ્યાં શક્તિ

અનુસાર પણ પ્રવૃત્તિ જણાતી ન હોય ત્યાં તાત્ત્વિક વૈરાગ્ય હોતો નથી. તેથી શક્તિ અનુસાર પ્રવૃત્તિના અભાવના કારણે આ વૈરાગ્ય દુઃખાન્વિત છે. સંસારનો અહીં ભય ન હોવાથી અને માત્ર દુઃખનો જ ભય હોવાથી તે આર્ત્તધ્યાન સ્વરૂપ છે - એ સ્પષ્ટ છે. ॥૬-૨૧॥

પૂર્વ(૨૧મા)શ્લોકના ઉત્તરાર્દ્ધથી શરૂ કરેલ પ્રથમ દુઃખગર્ભિત વૈરાગ્યનું જ સ્વરૂપ જણાવાય છે–

**अनिच्छा ह्यत्र संसारे, स्वेष्टालाभादनुत्कटा ।**
**नैर्गुण्यदृष्टिजं द्वेषं, विना चित्ताङ्गखेदकृत् ॥६-२२॥**

अनिच्छेति–अत्र हि वैराग्ये सति । संसारे विषयसुखे । अनिच्छा इच्छाभावलक्षणा आत्मपरिणतिः । नैर्गुण्यदृष्टिजं संसारस्य बलवदनिष्टसाधनत्वप्रतिसन्धानजम् । द्वेषं विनाऽनुत्कटा । अत एव चित्ताङ्गयोः खेदकृद् मानसशारीरदुःखोत्पादिका । इच्छाविच्छेदो हि द्विधा स्यादलभ्यविषयत्वज्ञानाद् द्वेषाच्च, आद्य इष्टाप्राप्तिज्ञानाद्दुःखजनकः, अन्त्यश्च न तथेति ॥६-२२॥

"પોતાના ઇષ્ટની પ્રાપ્તિ ન થવાથી દુઃખગર્ભિત વૈરાગ્ય વખતે સંસાર પ્રત્યે અનુત્કટ અનિચ્છા હોય છે. સંસારની નિર્ગુણતાના જ્ઞાનથી તેની પ્રત્યે ઉત્પન્ન થનાર દ્વેષ વિના એ અનિચ્છા મન અને શરીરને ખેદ કરનારી બને છે." - આ પ્રમાણે બાવીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે દુઃખાન્વિત વૈરાગ્ય હોતે છતે સંસાર અર્થાત્ વિષયસુખની પ્રત્યે ઇચ્છા રહેતી નથી. ઇચ્છાના અભાવ સ્વરૂપ આત્મપરિણતિને અહીં અનિચ્છા તરીકે વર્ણવી છે અને સંસારને વિષયસુખ સ્વરૂપે વર્ણવ્યો છે. સામાન્ય રીતે પણ વિચારવાથી સમજી શકાશે કે વિષયજન્ય સુખોનું અસ્તિત્વ જ આ સંસારમાં હોત નહિ તો આ સંસારની ઇચ્છા જ થાત નહિ. સંસારની ઇચ્છા વિષયસુખની ઇચ્છાને લઇને છે. વિષયસુખની ઇચ્છા ન હોય તો સંસારની ઇચ્છા ન હોય; તેમાં અનિચ્છા હોય એ સ્પષ્ટ છે. આ રીતે ઇચ્છાના વિષય સ્વરૂપે બંને સમાન છે.

દુઃખગર્ભિત વૈરાગ્ય હોવાથી સંસાર પ્રત્યે અનિચ્છા તો થાય. પરંતુ તે ઉત્કટ કોટિની હોતી નથી. ઇચ્છાના અભાવ સ્વરૂપ એ આત્મપરિણતિને (અનિચ્છાને) ઉત્કટ બનાવવાનું કામ; નૈર્ગુણ્યદષ્ટિથી ઉત્પન્ન થનારા દ્વેષથી થાય

છે. સંસારસુખમાં(સંસારમાં) બલવદ્ એવા અનિષ્ટની સાધનતાનું જે પ્રતિસંધાન (અનુસંધાન-સ્મરણાત્મક જ્ઞાનવિશેષ) છે; તેને 'નૈર્ગુણ્યદૃષ્ટિ' કહેવાય છે. આવી દૃષ્ટિના કારણે; તેના(નૈર્ગુણ્યદૃષ્ટિના) વિષય ઉપર દ્વેષ જાગે છે. આવા પ્રકારના દ્વેષ વિના; વિષયસુખની ઇચ્છાનો અભાવ ઉત્કટ નહિ બને. વિષયજન્ય સુખની અનિચ્છા; પ્રથમ વૈરાગ્ય વખતે સંસારની નિર્ગુણતાના જ્ઞાનના અભાવે ઉત્કટ નથી : એ સ્પષ્ટ છે. તેથી જ આ દુઃખગર્ભિત વૈરાગ્યના સ્થાને સંસાર પ્રત્યેની અનિચ્છા; મન અને શરીરને ખેદનું કારણ બને છે. એનાથી કોઇ વિશેષ લાભ થતો નથી.

દુઃખગર્ભિતવૈરાગ્યસ્થળે આમ તો સંસારના વિષયમાં અનિચ્છા-ઇચ્છાનો વિચ્છેદ(વિનાશ) થવાનું કોઇ કારણ નથી. પરંતુ ઇચ્છાનો વિચ્છેદ બે પ્રકારે થાય છે. 'ઇષ્ટ વસ્તુ મને મળી શકે એમ નથી.' - આવા પ્રકારના અલભ્યવિષયત્વના જ્ઞાનના કારણે ઇચ્છાનો વિચ્છેદ થાય છે તેમ જ વસ્તુ પ્રત્યે દ્વેષ થવાના કારણે પણ તે વસ્તુની ઇચ્છાનો વિનાશ થાય છે. આ બેમાં પહેલો ઇચ્છાવિચ્છેદ દુઃખનું જ કારણ બને છે; કારણ કે ઇષ્ટપ્રાપ્તિના અભાવનું અહીં જ્ઞાન છે. ઇષ્ટ ન મળે એટલે દુઃખ થાય એ સમજી શકાય છે. બીજો દુઃખવિચ્છેદ એવો દુઃખજનક નથી. કારણ કે તે દ્વેષના કારણે થયો છે. દ્વેષની વિદ્યમાનતામાં તે વસ્તુની ઇચ્છા ન હોવાથી ઇષ્ટાપ્રાપ્તિનો સંભવ જ નથી, જેથી દુઃખ થવાનો પણ સંભવ નથી. સંસારની નિર્ગુણતાનું જ્ઞાન થવાથી જેને સંસાર પ્રત્યે દ્વેષ થયો છે, તે આત્માને કોઇ વાર ઇષ્ટ ન મળે તોપણ એમ જ થાય કે 'સારું થયું ! તે ન મળ્યું ! અન્યથા રાગ થવાનો પ્રસંગ આવત'... આ વિચારથી દુઃખ થતું નથી. ॥૬-૨૨॥

બીજા મોહાન્વિત વૈરાગ્યનું નિરૂપણ કરાય છે–

**एकान्तात्मग्रहोद्भूतभवनैर्गुण्यदर्शनात् ।**
**शान्तस्यापि द्वितीयं सज्ज्वरानुद्भवसन्निभम् ॥६-२३॥**

एकान्तेति–एकान्तः सर्वथा । सन् क्षयी वा य आत्मा तस्य ग्रहादुत्पन्नं यद्भवनैर्गुण्यदर्शनं ततः । शान्तस्यापि प्रशमवतोऽपि लोकदृष्ट्या । द्वितीयं मोहान्वितं वैराग्यं भवति । एतच्च सन् शक्त्यावस्थितो यो ज्वरस्तस्यानुदयो वेलाप्राक्काललक्षणस्तत्सन्निभं तेषां

भवेत् । द्वेषजनितस्य वैराग्यस्योत्कटत्वेऽपि मिथ्याज्ञानवासनाऽविच्छेदादपायप्रतिपात-शक्तिसमन्वितत्वात् ॥६-२३॥

"પ્રશમવંતને પણ; એકાંતે આત્માદિને નિત્ય કે અનિત્ય માનનારના દર્શનનું જ્ઞાન થવાથી ઉત્પન્ન થયેલા ભવની નિર્ગુણતાના દર્શનથી, તાવ આવવા પૂર્વેની અવસ્થા જેવો બીજો મોહાન્વિત વૈરાગ્ય હોય છે." - આ પ્રમાણે ત્રેવીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આ વિશ્વના સકલ પદાર્થોનું સ્વરૂપ સમજાવતી વખતે કેટલાક દર્શનકારોએ સર્વથા અસદ્ અને વિનશ્વર સ્વરૂપે તેમ જ સર્વથા સદ્ અને અવિનશ્વર સ્વરૂપે પદાર્થોનું વર્ણન કર્યું છે. એ મુજબ આત્માને પણ સર્વથા અસદ્ અને વિનશ્વર અથવા સર્વથા સદ્ અને અવિનશ્વર (કૂટસ્થનિત્ય-સહેજ પણ પરિવર્ત્તન નહિ પામનાર) સ્વરૂપે તેઓ વર્ણવે છે. એ એકાંતદર્શનકારોનાં શાસ્ત્રોના અભ્યાસાદિથી જે ભવની નિર્ગુણતાનું દર્શન થાય છે તેને લઇને શાંત માણસને પણ જે વૈરાગ્ય થાય છે, તે બીજો મોહગર્ભિત વૈરાગ્ય કહેવાય છે.

આશય એ છે કે સામાન્ય રીતે શાસ્ત્રના અભ્યાસથી જે વૈરાગ્ય થાય તે તો જ્ઞાનગર્ભિત હોવો જોઇએ. પરંતુ એકાંતદર્શનના પરિચયથી જે જ્ઞાન થાય છે તે વાસ્તવિક ન હોવાથી ખરી રીતે તો અજ્ઞાનવિશેષ સ્વરૂપ તે જ્ઞાન છે. તેથી તેનાથી ઉદ્‌ભૂત વૈરાગ્યને જ્ઞાનગર્ભિત સ્વરૂપે વર્ણવ્યો નથી. વૈરાગ્ય પરમપદની પ્રાપ્તિના કારણ તરીકે અભીષ્ટ છે. આત્માને એકાંતે અનિત્ય કે નિત્ય માની લેવામાં આવે તો કોઇ પણ રીતે આત્માને પરમપદની પ્રાપ્તિ થઇ શકે નહિ. સર્વથા વિનષ્ટને કે અપરિવર્તનશીલને કોઇ પણ વસ્તુની પ્રાપ્તિ થઇ શકે નહિ - એ સ્પષ્ટ છે. આથી સમજી શકાશે કે જેનું ફળ જ નથી એવા વૈરાગ્યને મોહગર્ભિત માનવા સિવાય બીજો કોઇ જ ઉપાય નથી.

આ મોહગર્ભિત વૈરાગ્ય શાંત આત્માને પણ હોય છે. ક્રોધાદિ કષાયો જેના શાંત થયા છે તે પ્રશમવંત આત્માને શાંત કહેવાય છે. પોતાને ઇષ્ટ એવા એકાંતદર્શનના પરિચયથી ભવનિર્ગુણતાનું દર્શન થવાથી તે આત્માઓ કષાયાદિને શાંત કરી વૈરાગ્યથી વાસિત બને છે. પરંતુ દિન-પ્રતિદિન એકાંતદર્શનના અતિપરિચયે મિથ્યાત્વાદિ ગાઢ બને છે અને તેથી કષાયોની

શાંતાવસ્થાનું કોઈ ફળ મળતું નથી. તે દૃષ્ટિએ; આ આત્માઓ લોકની દૃષ્ટિએ જ પ્રશમવંત દેખાય છે. જ્ઞાનીઓની દૃષ્ટિએ તો એ અવસ્થા તાત્ત્વિક હોતી નથી.

મોહગર્ભિત વૈરાગ્યનું સ્વરૂપ સમજાવવા શ્લોકના છેલ્લા પદથી દૃષ્ટાંત જણાવ્યું છે. શરીરમાં તાવ આવ્યો ન હોય પરંતુ તે આવવાની શક્યતા પૂર્ણપણે હોય અર્થાત્ શક્તિસ્વરૂપે તાવ શરીરમાં હોય તેનો વર્તમાનમાં ઉદ્ભવ (ઉદય) ન હોય અર્થાત્ તાવ આવવાનો પૂર્વકાળ હોય ત્યારે વર્તમાનમાં સારું હોવા છતાં ભવિષ્યમાં જેમ અપાય છે, એવી જ રીતે મોહગર્ભિત વૈરાગ્ય પણ ભવિષ્યમાં અપાયનું જ પ્રદાન કરવામાં નિમિત્ત બનશે. સંસાર પ્રત્યે દ્વેષ થવાથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય ઉત્કટ હોવા છતાં પણ મિથ્યાજ્ઞાનના સંસ્કારોનો નાશ થયો ન હોવાથી વર્તમાન વૈરાગ્ય; અપાય અને પ્રતિપાતના સામર્થ્યથી યુક્ત છે. તેથી તે ભવિષ્યમાં અપાયકર બને અને તે નાશ પણ પામે. શરીરમાં તાવ આવ્યો નથી, પરંતુ અંદર પડી રહ્યો હોય તો ગમે ત્યારે તે આવશે. તેથી વર્તમાન આરોગ્ય; જેમ ભવિષ્યસંબંધી રોગશક્તિથી સમન્વિત હોવાથી સારું નથી, તે રીતે મોહગર્ભિત વૈરાગ્ય પણ અપાય અને પ્રતિપાત શક્તિથી સમન્વિત હોવાથી તે સારો નથી... ઈત્યાદિ સારી રીતે વિચારવું જોઈએ. ॥૬-૨૩॥

હવે જ્ઞાનાન્વિત વૈરાગ્યનું નિરૂપણ કરાય છે—

**स्याद्वादविद्यया ज्ञात्वा, बद्धानां कष्टमङ्गिनाम् ।**
**तृतीयं भवभीभाजां, मोक्षोपायप्रवृत्तिमत् ॥६-२४॥**

स्याद्वादेति—स्याद्वादस्य सकलनयसमूहात्मकवचनस्य विद्यया बद्धानामङ्गिनां कष्टं दुःखं ज्ञात्वा भवभीभाजां संसारभयवतां तृतीयं ज्ञानान्वितं वैराग्यं भवति । तच्च मोक्षोपाये त्रिरत्नसाम्राज्यलक्षणे प्रवृत्तिमत् प्रकृष्टवृत्त्युपहितम् ॥६-२४॥

"કર્મથી બંધાયેલા જીવોનાં કષ્ટોને સ્યાદ્વાદવિદ્યાથી જાણીને સંસારથી ભયભીત થયેલા આત્માઓને; મોક્ષના ઉપાયની પ્રવૃત્તિથી યુક્ત એવો ત્રીજો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હોય છે." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે આ દુઃખમય સંસારમાં દુઃખથી સંત્રસ્ત જીવોની અવસ્થાને અને તેની કારણભૂત કર્મબદ્ધતાને જોઈને અને સ્યાદ્વાદવિદ્યાથી જાણીને જેમને ભવનો ભય પેદા થાય છે, એવા આત્માઓને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય

હોય છે. સર્વનયોના સમુદાય સ્વરૂપ વચનોને સ્યાદ્વાદ કહેવાય છે. એના પરિજ્ઞાનથી કર્મબદ્ધ જીવોના દુઃખને જાણવાથી સંસારનો ભય ઉત્પન્ન થાય છે.

કર્મબદ્ધ જીવોના દુઃખનું સ્વરૂપ, તેનું કારણ અને તેના વિપાક વગેરેનું વાસ્તવિક જ્ઞાન સ્યાદ્વાદસ્વરૂપ વચનથી થાય છે. એ પરમતારક વચનોનું પરિજ્ઞાન ન હોય તો જીવોની કર્મબદ્ધતાદિનું યથાર્થ રીતે જ્ઞાન ન થાય અને તેથી જ્ઞાનગર્ભિત વૈરાગ્ય નહિ થાય. સંસારનું કારણ, સંસારનું સ્વરૂપ અને તેનું ફળ : આ બધાનું વાસ્તવિક જ્ઞાન; જ્ઞાનાન્વિત વૈરાગ્યનું કારણ બને-એ સ્પષ્ટ છે.

આ રીતે કર્મથી બંધાયેલા પ્રાણીમાત્રના કષ્ટને સ્યાદ્વાદ વિદ્યાથી જાણીને એ દુઃખને તેઓ સંસારમૂલક જાણે છે. તેથી તેમને દુઃખની પ્રત્યે નહિ પરંતુ સંસારની પ્રત્યે ભય થાય છે. તેથી જ તેમનો વૈરાગ્ય; મોક્ષના ઉપાયભૂત જ્ઞાન, દર્શન અને ચારિત્રના સામ્રાજ્યને વિશે પ્રવૃત્તિમદ્ હોય છે. તેમની મન-વચન-કાયાની પ્રકૃષ્ટ વૃત્તિઓ રત્નત્રયીના સામ્રાજ્યમાં પ્રયુક્ત હોય છે. અને આવી પ્રવૃત્તિથી આચ્છાદિત તેમનો વૈરાગ્ય હોય છે. સંસારથી ભયભીત થવાના કારણે સંસારથી નિર્વિણ્ણ બની એકમાત્ર મોક્ષના ઉપાયોનું આસેવન તેઓ સતત કરતા હોય છે. સંસારની નિર્ગુણતાનું જ્ઞાન વૈરાગ્ય દ્વારા સંસારથી મુક્ત કરાવનારું બને છે. મોક્ષના ઉપાયભૂત રત્નત્રયીના પ્રકૃષ્ટ આચરણથી યુક્ત જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હોય છે. જ્ઞાન અને આચરણ - એ બંનેનો સંવાદ જ આ જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં શરૂ થાય છે. અત્યાર સુધી જ્ઞાન અને આચરણનો કોઇ મેળ જ બેસતો ન હતો. એ મેળ બેસાડવાનું કાર્ય જ્ઞાનગર્ભિત વૈરાગ્ય દ્વારા થાય છે. ॥૬-૨૪॥

ઉપર જણાવેલા ત્રણ વૈરાગ્યમાંથી જે વૈરાગ્યના કારણે સાધુની સમગ્રતા થાય છે - તે જણાવાય છે—

**सामग्र्यं स्यादनेनैव, द्वयोस्तु स्वोपमर्दतः ।**
**अत्राङ्गत्वं कदाचित्स्याद्, गुणवत्पारतन्त्र्यतः ॥६-२५॥**

सामग्र्यमिति–अनेनैव ज्ञानान्वितवैराग्येणैव । सामग्र्यं सर्वथा दुःखोच्छेदलक्षणं स्यात्, ज्ञानसहितवैराग्यस्यापायशक्तिप्रतिबन्धकत्वात् । द्वयोस्तु दुःखमोहान्वितवैराग्ययोः स्वोपमर्दतः स्वविनाशद्वारा । अत्र ज्ञानान्वितवैराग्येऽङ्गत्वमुपकारकत्वम् । कदाचिच्छु-

भोदयदशायां स्यात् । गुणवतः पारतन्त्र्यमाज्ञावशवृत्तित्वं ततः । ज्ञानवत्पारतन्त्र्यस्यापि फलतो ज्ञानत्वात् ॥६-२५॥

"આ જ્ઞાનાન્વિત વૈરાગ્યથી જ પૂ. સાધુભગવંતોની સમગ્રતા પૂર્ણ થાય છે. દુઃખાન્વિત અને મોહાન્વિત વૈરાગ્ય તો કોઇ વાર પોતાના વિનાશ દ્વારા ગુણવાન પુરુષોની આજ્ઞાનું પારતંત્ર્ય કેળવવાથી જ્ઞાનાન્વિત વૈરાગ્યના અંગ બને છે." આ પ્રમાણે પચીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે પૂ. સાધુમહાત્માઓનું સામગ્ર્ય દુઃખના ઉચ્છેદ સ્વરૂપ છે, જે કર્મમાત્રના ઉચ્છેદથી થઇ શકે છે. સકલ કર્મના ક્ષય સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ વિના સાધુભગવંતોની સમગ્રતા સિદ્ધ નહીં થાય. જ્ઞાનાન્વિત વૈરાગ્યના જ કારણે સર્વથા દુઃખોનો ઉચ્છેદ થાય છે. કારણ કે જ્ઞાનસહિત વૈરાગ્ય અપાયશક્તિનો પ્રતિબંધ કરે છે. તેથી ભવિષ્યમાં કોઇ અપાય થતો ન હોવાથી દુઃખોનો સર્વથા ઉચ્છેદ થઇ જાય છે. ક્રમિક દુઃખોનો ઉચ્છેદ થતો હોય તોપણ ભવિષ્યમાં જો અપાયની પ્રાપ્તિ થયા જ કરે તો સર્વથા એ દુઃખોચ્છેદ ન જ થાય - એ સમજી શકાય છે. જ્ઞાનસહિત વૈરાગ્ય સ્થળે એવું બનતું નથી. જ્ઞાનના કારણે અપાયની શક્તિ જ પ્રતિબદ્ધ થાય છે અને તેથી વૈરાગ્ય વિના પ્રતિબંધે દુઃખોનો ઉચ્છેદ કરી શકે છે. જ્ઞાનથી રહિત એવા બંન્ને વૈરાગ્યમાં એ શક્ય થતું નથી. ત્યાં અપાયની શક્તિનો પ્રતિબંધ થતો નથી.

કોઇ વાર શુભનો ઉદય થાય તો એ દશામાં ગુણવાન પુરુષોની આજ્ઞાને આધીન બની મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ કરાય તો દુઃખગર્ભિત કે મોહગર્ભિત વૈરાગ્ય; પોતાના નાશ દ્વારા જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં પરિણમે છે. આ રીતે એ બંને, જ્ઞાનાન્વિતવૈરાગ્યમાં ઉપકારક અંગ બને છે. જોકે એ બંન્ને વૈરાગ્ય જ્ઞાનસહિત નથી પરંતુ ગુણવાનજ્ઞાનીનું પારતંત્ર્ય, એના ફળને આશ્રયીને જ્ઞાનસહિત બને છે. જ્ઞાનની જેમ જ જ્ઞાનીભગવંતનું પારતંત્ર્ય પણ અપાયશક્તિનો પ્રતિબંધ કરે છે. તેથી જ્ઞાન અને જ્ઞાનીના પારતંત્ર્યમાં એ દૃષ્ટિએ ભેદ નથી. આથી સમજી શકાશે કે પૂ. સાધુમહાત્માઓને તેમની સમગ્રતા-પૂર્ણતાની પ્રાપ્તિ માટે જ્ઞાન જેટલું જ મહત્ત્વ જ્ઞાનીના પારતંત્ર્યમાં છે. જ્ઞાનના અભાવે કોઇ વાર દુઃખ કે મોહથી અન્વિત એવો પણ વૈરાગ્ય થયો હોય; તોપણ જ્ઞાનીની આજ્ઞાને વશ બની પ્રવૃત્તિ કરવાથી સાધુસમગ્રતાને પ્રાપ્ત કરી

શકાય છે. આવું સમજ્યા પછી પણ જ્ઞાનીઓની પરમતારક આજ્ઞાને આધીન બનવાનું લગભગ ગમતું નથી. સર્વથા દુઃખોનો ઉચ્છેદ કરવા માટે પ્રયત્નશીલ બનેલા આત્માઓ બીજી કોઈ પ્રવૃત્તિ કરે અથવા ન કરે તોપણ ગુણવત્પારતંત્ર્ય કેળવે નહિ તો તેમનો પ્રયત્ન સફળ નહિ બને. સ્વતંત્રપણે વર્ત્તવાની વૃત્તિ દિવસે દિવસે વ્યાપક બનતી જાય છે. આવી સ્થિતિમાં ગુણવત્પારતંત્ર્યની અનિવાર્યતા અને આવશ્યકતા સમજાવવાનું પણ લગભગ શક્ય નથી. જ્ઞાનરહિત એવા પણ વૈરાગ્યને જ્ઞાનગર્ભિત બનાવવાનું કાર્ય; ગુણવત્પારતંત્ર્ય કરે છે : એ મુમુક્ષુ આત્માઓએ કોઈ પણ રીતે ભૂલવું ના જોઈએ. ।।૬-૨૫।।

ननु गुणवत्पारतन्त्र्यं विनाऽपि भावशुद्ध्या वैराग्यसाफल्यं भविष्यतीत्यत आह–

ગુણવત્પારતંત્ર્ય વિના પણ ભાવની શુદ્ધિથી વૈરાગ્યને સફળ બનાવી શકાય છે. તેથી ઉપર જણાવ્યા મુજબ ગુણવત્પારતંત્ર્યની આવશ્યકતા નથી - આ પ્રમાણે કહેનારાની વાત બરાબર નથી, તે જણાવાય છે–

**भावशुद्धिरपि न्याय्या, न मार्गाननुसारिणी ।**
**अप्रज्ञाप्यस्य बालस्य, विनैतत्स्वाग्रहात्मिका ।।६-२६।।**

भावेति–भावशुद्धिरपि यमनियमादिना मनसोऽसङ्क्लिश्यमानतापि । एतद् गुणवत्पारतन्त्र्यं विना । अप्रज्ञाप्यस्य गीतार्थोपदेशावधारणयोग्यतारहितस्य । बालस्य अज्ञानिनः । स्वाग्रहात्मिका शास्त्रश्रद्धाधिकस्वकल्पनाभिनिवेशमयी । मार्गो विशिष्टगुण-स्थानावाप्तिप्रवणः स्वरसवाही जीवपरिणामस्तदननुसारिणी न न्याय्या । यदाह– "भावशुद्धिरपि ज्ञेया यैषा मार्गानुसारिणी । प्रज्ञापनाप्रियात्यर्थं न पुनः स्वाग्रहात्मिका ।।१।। रागो द्वेषश्च मोहश्च भावमालिन्यहेतवः । एतदुत्कर्षतो ज्ञेयो हन्तोत्कर्षोऽस्य तत्त्वतः ।।२।। तथोत्कृष्टे जगत्यस्मिन् शुद्धिर्वै शब्दमात्रकम् । स्वबुद्धिकल्पनाशिल्पिनिर्मितं नार्थवद्भवेत् ।३।' ।।६-२६।।

"ગુણવદ્ એવા ગુરુજનોના પારતંત્ર્ય વિના અપ્રજ્ઞાપનીય એવા અજ્ઞાનીની પોતાના આગ્રહસ્વરૂપ ભાવશુદ્ધિ પણ માર્ગાનુસારિણી ન હોવાથી ઉચિત નથી." - આ પ્રમાણે છવ્વીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પાંચ મહાવ્રતો સ્વરૂપ યમ; તેમ જ શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરધ્યાન સ્વરૂપ પાંચ નિયમ અને આસન વગેરે યોગનાં અંગોની સાધના વડે

મનની સંક્લેશ(રાગ-દ્વેષ)રહિત અવસ્થાને ભાવશુદ્ધિ કહેવાય છે. ગીતાર્થમહાત્માઓના ઉપદેશનું અવધારણ કરવાની જેનામાં યોગ્યતા નથી તેને અપ્રજ્ઞાપ્ય (અપ્રજ્ઞાપનીય) કહેવાય છે. શાસ્ત્ર પ્રત્યેની શ્રદ્ધા કરતાં પણ અધિક એવી પોતાની કલ્પનાના અભિનિવેશને સ્વાગ્રહ કહેવાય છે. અને વિશિષ્ટ ગુણસ્થાનકને પ્રાપ્ત કરાવવામાં તત્પર એવો જીવનો સ્વાભાવિક જે પરિણામ છે તેને માર્ગ કહેવાય છે. આથી સમજી શકાશે કે જે ભાવશુદ્ધિ માર્ગાનુસારિણી હોય, પ્રજ્ઞાપનીયની હોય અને સ્વાગ્રહથી શૂન્ય હોય તે જ ન્યાય્ય-ઉચિત છે.

ગુણવંત ગુરુદેવશ્રીનું પારતંત્ર્ય જેઓ સ્વીકારતા નથી, તેમની શાંતપરિણતિ માર્ગને અનુસરનારી હોતી નથી. તેઓ પોતાની જાતને પરમગીતાર્થ માનતા હોવાથી બીજા કોઇ પણ ગીતાર્થ મહાત્માઓનો પરમતારક ઉપદેશ ઝીલવાની યોગ્યતાથી રહિત હોય છે અને શાસ્ત્ર પ્રત્યે શ્રદ્ધા રાખવાના બદલે પોતાની મતિકલ્પના ઉપર તેમને વધારે વિશ્વાસ હોવાથી દરેક વસ્તુના વિષયમાં તેમને ચિકાર આગ્રહ હોય છે. આવા બાલ જીવોની (અજ્ઞાનીઓની) ભાવશુદ્ધિ ન્યાય્ય મનાતી નથી. કારણ કે તેઓ ગુણવંત ગુરુદેવશ્રીની પરમતારક આજ્ઞાને આધીન નથી.

ન્યાય્ય કોટિની ભાવશુદ્ધિનું વર્ણન કરતાં શ્રી અષ્ટકપ્રકરણમાં ફરમાવ્યું છે કે - "આ ભાવની શુદ્ધિ પણ (મનની અસંક્લિશ્યમાનતા પણ) મોક્ષમાર્ગના અનુસરણના સ્વભાવવાળી હોવી જોઇએ, આગમના અર્થના ઉપદેશ સ્વરૂપ પ્રજ્ઞાપના જેમાં અત્યંત પ્રિય છે એવી હોવી જોઇએ અને શાસ્ત્રપ્રતિપાદિત અર્થથી વિલક્ષણ એવો જે સ્વાભિમત અર્થ; તેના અભિનિવેશથી રહિત હોવી જોઇએ." ભાવશુદ્ધિમાં સ્વાગ્રહથી રહિતપણું કેમ હોવું જોઇએ, તે જણાવતાં ત્યાં ફરમાવ્યું છે કે "રાગ, દ્વેષ અને મોહ (અજ્ઞાન) : આ ત્રણ, ભાવની મલિનતાનાં (આત્મપરિણતિની અશુદ્ધતાનાં) કારણ છે. તેના ઉત્કર્ષ(ઉપચય)થી ભાવની મલિનતાનો (સ્વાગ્રહાદિસ્વરૂપ ભાવમલિનતાનો) જ ખરેખર તો ઉપચય થાય છે." અને તેથી "રાગાદિના ઉત્કર્ષથી સ્વાગ્રહાદિસ્વરૂપ ભાવમાલિન્ય ઉત્કટ થયે છતે ભાવની શુદ્ધિ બોલવાપૂરતી જ રહે છે. પોતાની બુદ્ધિની કલ્પના સ્વરૂપ શિલ્પીથી નિર્માણ પામેલું અર્થવદ્ નહિ બને."... ઇત્યાદિ અષ્ટકપ્રકરણથી જાણી લેવું જોઇએ. ॥૬-૨૬॥

ગુણવત્પારતંત્ર્યનું કાર્ય જણાવીને તેનું સમર્થન કરાય છે–

**मोहानुत्कर्षकृच्चैतदत एवापि शास्त्रवित् ।**
**क्षमाश्रमणहस्तेनेत्याह सर्वेषु कर्मसु ।।६-२७।।**

मोहेति–एतद् गुणवत्पारतन्त्र्यं च । मोहानुत्कर्षकृत् स्वाग्रहहेतुमोहापकर्षनिवन्धनम् । तदाह–"न मोहोद्रिक्तताभावे स्वाग्रहो जायते क्वचित् । गुणवत्पारतन्त्र्यं हि तदनुत्कर्षसाधनम् ।।१।।" अत एव गुणवत्पारतन्त्र्यस्य मोहानुत्कर्षकृत्त्वादेव । शास्त्रविदपि आगमज्ञोऽपि । सर्वेषु कर्मसु दीक्षादानोद्देशसमुद्देशादिषु । क्षमाश्रमणहस्तेनेत्याह । इत्थमभिलापस्य भावतो गुरुपारतन्त्र्यहेतुत्वात् तस्य च मोहापकर्षद्वाराऽतिचारशोधकत्वात् । तदाह–"अत एवागमज्ञोऽपि दीक्षादानादिषु ध्रुवम् । क्षमाश्रमणहस्तेनेत्याह सर्वेषु कर्मसु ।।१।।" ।।६-२७।।

"મોહના અપકર્ષને કરનારું આ ગુણવત્પારતંત્ર્ય છે. આથી જ શાસ્ત્રના જાણકાર પણ સર્વકાર્યમાં 'ક્ષમાશ્રમણના હાથે' - આ પ્રમાણે જણાવે છે." - આ પ્રમાણે સત્તીવાસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનું તાત્પર્ય એ છે કે, ગુણવદ્ એવા જ્ઞાનીગુરુભગવંતની પરમતારક આજ્ઞામાં રહેવાથી મોહનો અપકર્ષ (ક્રમિક હ્રાસ) થાય છે. શાસ્ત્રની શ્રદ્ધા કરતાં પણ પોતાની બુદ્ધિકલ્પનાને શ્રેષ્ઠ માનવા સ્વરૂપ જે સ્વાગ્રહ છે તેનું કારણ મોહ-અજ્ઞાન છે. આવો મોહ ગુણવત્પારતંત્ર્યના કારણે થતો નથી. અને ભૂતકાળમાં થયેલા એ મોહનો ધીરે ધીરે ગુણવદ્ગુરુભગવંતની આજ્ઞાની આધીનતાને કારણે અપકર્ષ થાય છે.

એ વાતને જણાવતાં અષ્ટકપ્રકરણમાં ફરમાવ્યું છે કે "મોહ તેમ જ રાગદ્વેષની ઉદ્રિક્તતાના અભાવે ક્યારે પણ સ્વાગ્રહ થતો નથી. મોહની(મોહાદિની) ઉદ્રિક્તતા(ઉત્કર્ષ)ના અભાવનું સાધન ગુણવત્પારતંત્ર્ય છે." ગુણવત્પારતંત્ર્ય મોહના અનુત્કર્ષને કરનારું હોવાથી જ આગમના જાણકાર પણ દીક્ષાપ્રદાન અને સૂત્રસંબંધી ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞા વગેરે સ્વરૂપ કાર્યપ્રસંગે (દીક્ષાપ્રદાનાદિ) ક્ષમાશ્રમણોના(પૂર્વકાળના પરમર્ષિઓના) હસ્તે હું આપું છું, સ્વતંત્રપણે નહિ - આ પ્રમાણે કહે છે. કારણ કે એ પ્રમાણે બોલવા વડે ભાવથી ગુરુપારતંત્ર્યની પ્રાપ્તિ થાય છે અને તેનાથી મોહનો અપકર્ષ થવાથી અતિચારની શુદ્ધિ થાય છે.

કહેવાનો આશય એ છે કે આગમના જ્ઞાતા એવા ગીતાર્થ મહાત્માઓ પણ; શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞા મુજબ દીક્ષાપ્રદાન કે સૂત્રના ઉદ્દેશાદિ કાર્ય કરવાના પ્રસંગે દરેક કાર્યમાં, આ હું નથી કરતો પરંતુ ક્ષમાશ્રમણોના હસ્તે કરાય છે - એમ બોલતા હોય છે. એનાથી ગુણવત્પુરુષોનું પારતંત્ર્ય ભાવથી પ્રાપ્ત થાય છે અને તેથી તે તે મહાન કાર્યો કરતી વખતે કાર્ય કરનાર મહાત્માઓને અહંકારાદિ દોષો ઉદ્ભવતા નથી, જેથી ગુણવત્પારતંત્ર્ય આ રીતે અતિચારનું શોધક બને છે. અષ્ટકપ્રકરણમાં પણ એ પ્રમાણે કહ્યું છે કે "ગુણવત્પારતંત્ર્ય મોહના અનુત્કર્ષને કરનારું હોવાથી જ આગમના જાણકાર પણ દીક્ષાપ્રદાનાદિ દરેક કાર્યપ્રસંગે 'ક્ષમાશ્રમણોના હાથે' આ પ્રમાણે અવશ્ય બોલે છે. આથી સમજી શકાશે કે આગમના જાણકાર પણ મોહના હ્રાસ માટે ભાવથી ગુરુપારતંત્ર્યનો સ્વીકાર કરે છે. ગુરુપારતંત્ર્ય વિના ભાવની શુદ્ધિ કોઇ પણ રીતે શક્ય નથી. ગમે તેટલી કષાયની પરિણતિ મંદ હોય અને ગમે તેટલી આગમની વિશારદતા હોય પરંતુ ગુણવત્-ગુરુપારતંત્ર્ય વિના એ ભાવવિશુદ્ધિનું કારણ નહીં બને. પરમશ્રદ્ધા, અસાધારણ વિદ્વત્તા અને અપ્રમત્ત સંયમસાધનાદિ ગુણો પણ ગુણવત્-ગુરુભગવંતના પારતંત્ર્ય વિના ગુણાભાસ સ્વરૂપે જ પરિણમતા હોય છે. એ ગુણોને વાસ્તવિક બનાવવા માટે ગુણવત્પારતંત્ર્ય વિના બીજો કોઇ જ ઉપાય નથી. જે ગુણની ખરેખર જ આવશ્યકતા છે તેની વધુ પડતી ઉપેક્ષા કરવાના કારણે આજે ખૂબ જ વિષમ સ્થિતિ સર્જાઇ છે. વહેલામાં વહેલી તકે આ સ્થિતિમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન નહીં કરાય તો ભવિષ્યમાં કેવી પરિસ્થિતિ સર્જાશે તે કહી શકાય એવું નથી. ॥૬-૨૭॥

ગુણવત્પારતંત્ર્યનો કોણ સ્વીકાર કરે છે અને કોણ સ્વીકારતું નથી - એ જણાવાય છે–

**यस्तु नान्यगुणान् वेद, नवा स्वगुणदोषवित् ।**
**स एवैतन्नाद्रियते, न त्वासन्नमहोदयः ॥६-२८॥**

यस्त्विति–व्यक्तः ॥६-२८॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. કહેવાનો આશય એ છે કે - જે બીજાના ગુણોને જાણતો નથી તેમ જ પોતાના ગુણ અને દોષને જાણતો નથી તે જ ગુણવત્પારતંત્ર્યનો

સ્વીકાર કરતો નથી. કારણ કે એવો આત્મા લગભગ બીજાના દોષો જોવામાં તત્પર હોય છે અને પોતાના દોષો હોવા છતાં અને ગુણો ન હોવા છતાં દોષને જોતો નથી અને ગુણને જોયા કરે છે. આવા લોકો ગુણવદ્નું પારતંત્ર્ય રાખી ન શકે. કારણ કે તેમને એનું કોઈ જ પ્રયોજન નથી.

પોતાના ગુણદોષને જોયા પછી ગુણની રક્ષા અને દોષનો વિગમ વગેરે માટે ગુણવદ્ગુરુજનોના પારતંત્ર્યની અપેક્ષા હોય છે. સામા માણસના ગુણ પણ તેના પારતંત્ર્યના સ્વીકાર માટે જોવાના છે. પરંતુ જેને બીજાના ગુણો જણાતા નથી અને પોતાના પણ ગુણદોષો જણાતા નથી એવા આત્માને ગુણવત્પારતંત્ર્યનો વિચાર કરવાનો અવકાશ જ રહેતો નથી. બીજાના ગુણો તરફ દૃષ્ટિ જાય અને પોતાના ગુણ-દોષનું ભાન થાય તો ગુણવત્પારતંત્ર્યનો થોડો પણ વિચાર કરી શકાય. ગુણની લાલચ લાગે અને દોષો પ્રત્યે નફરત જાગે ત્યારે ગુણવત્પારતંત્ર્ય માટે કહેવું નહિ પડે, સ્વાભાવિક જ તે ત્યારે પ્રાપ્ત થયેલું હશે.

આ રીતે શ્લોકના પ્રથમ ત્રણ પાદથી ગુણવત્પારતંત્ર્યનો આદર કોણ કરતો નથી એ જણાવીને ચોથા પાદથી શ્લોકમાં, ગુણવત્પારતંત્ર્યનો આદર કોણ કરે છે તે જણાવ્યું છે. નજીકના કાળમાં જેને મહોદય-મોક્ષની પ્રાપ્તિ થવાની છે એવા આત્માઓ ગુણવત્પારતંત્ર્યનો આદર કરતા નથી એવું નથી અર્થાત્ તેઓ તેનો આદર કરે છે. મોક્ષની પ્રાપ્તિ નજીકમાં હોવાથી એવા આત્માઓની યોગ્યતા શ્રેષ્ઠ કક્ષાની હોય છે. સ્વભાવસિદ્ધ કર્મલઘુતાને લઈને એ આત્માઓને ગુણની પ્રાપ્તિ અને દોષની નિવૃત્તિ ખૂબ જ સરળતાથી થતી હોય છે. ॥૬-૨૮॥

ગુણવદ્ ગુરુજનોના પારતંત્ર્યથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે જણાવાય છે–

**गुणवद्बहुमानाद् यः, कुर्यात् प्रवचनोन्नतिम् ।**
**अन्येषां दर्शनोत्पत्तेस्तस्य स्यादुन्नतिः परा ॥६-२९॥**

गुणवदिति–गुणवतां ज्ञानादिगुणशालिनां बहुमानात् । यः प्रवचनस्योन्नतिं वहुजनश्लाघां कुर्यात् । तस्य स्वतोऽन्येषां दर्शनोत्पत्तेः । परा तीर्थकरत्वादिलक्षणा उन्नतिः स्यात् । कारणानुरूपत्वात्कार्यस्य । तदाह–"यस्तून्नतो यथाशक्ति सोऽपि सम्यक्त्वहेतुताम् । अन्येषां प्रतिपद्येह तदेवाप्नोत्यनुत्तमम् ॥१॥ प्रक्षीणतीव्रसङ्क्लेशं प्रशमादिगुणान्वितम् । निमित्तं सर्वसौख्यानां तथा सिद्धिसुखावहम् ॥२॥ ॥६-२९॥

"ગુણવદ્ ગુરુજનો પ્રત્યે બહુમાન રાખવાથી જે પ્રવચનની ઉન્નતિ-પ્રભાવનાને કરે છે તેને અને બીજાને તેનાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. તેથી તે શ્રેષ્ઠ કોટિની ઉન્નતિને પામે છે." - આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય એ છે કે ગુણવત્પારતંત્ર્યના કારણે પોતાની ગુણહીનતાનો અને દોષપૂર્ણતાનો ખ્યાલ આવે છે. તેની સાથે ગુણવદ્ ગુરુજનોની ગુણવત્તાનો પણ પરિચય થાય છે. તેથી ગુણવદ્ ગુરુજનોની પ્રત્યે બહુમાન પ્રગટે છે. એ બહુમાનને લઈને ગુણવદ્ ગુરુજનોની સાથેનો વિનય અને વિવેકાદિ પૂર્ણ આપણો વ્યવહાર જોઈને જોનારાને એમ થાય છે કે 'કેટલું અદ્ભુત છે આ જૈન શાસન ! જ્યાં આવું બહુમાન કરાય છે.'... આવા પ્રકારની ઘણા લોકો દ્વારા શ્રી વીતરાગપરમાત્માના પરમતારક પ્રવચનની પ્રશંસા થવાથી જ્ઞાનાદિગુણોથી ગુણવદ્ ગુરુજનોના બહુમાનથી પ્રવચનની ઉન્નતિ-પ્રભાવના થાય છે. આ રીતની બહુજનશ્લાઘા સ્વરૂપ પ્રવચનોન્નતિના કારણે પોતાને અને બીજાને શ્રી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે અને તેથી પ્રવચનની ઉન્નતિ કરનારની શ્રેષ્ઠ કોટિની શ્રી તીર્થંકરપણું વગેરે પ્રાપ્ત કરવા સ્વરૂપ ઉન્નતિ થાય છે અર્થાત્ એ રીતે પ્રવચનની ઉન્નતિ કરનારને શ્રી તીર્થંકરપદની કે શ્રી ગણધરપદ વગેરેની પ્રાપ્તિ થાય છે. કારણ કે કાર્ય, કારણને અનુરૂપ જ થતું હોય છે. જેવું કારણ હોય તેવું કાર્ય થાય. પ્રવચનની ઉન્નતિ અહીં કારણ છે, તેથી તેને અનુરૂપ શ્રેષ્ઠ કોટિની ઉન્નતિ સ્વરૂપ કાર્યની પ્રાપ્તિ થાય - એ સમજી શકાય છે.

આ વાતને જણાવતાં શ્રી અષ્ટકપ્રકરણમાં જણાવ્યું છે કે જે પોતાની શક્તિ અનુસાર શાસનની ઉન્નતિ-પ્રભાવના માટે પ્રયત્ન કરે છે તે પણ બીજાને સમ્યગ્દર્શનની પ્રત્યે કારણ બનીને તે; અનુત્તર સમ્યગ્દર્શનને જ પ્રાપ્ત કરે છે. જે સમ્યગ્દર્શન, તીવ્ર સંક્લેશથી રહિત છે; પ્રશમ, સંવેગ અને નિર્વેદાદિ ગુણોથી યુક્ત હોય છે; સર્વ સુખોનું નિમિત્ત અને મોક્ષના સુખને આપનારું છે.

શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શાસનનું મૂળ સમ્યગ્દર્શન છે. એ શાસનની પ્રભાવના બીજાને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવવાથી થાય છે અને તેથી પોતાને અનુત્તર કોટિનું તે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. તેની અનુત્તરતાને જણાવવા માટે અહીં ચાર વસ્તુઓ જણાવી છે. અનંતાનુબંધી(અનંતસંસારનું કારણ બનનાર)ના કષાયોનો જે ઉદય છે, એને અહીં તીવ્રસંક્લેશ તરીકે વર્ણવ્યો

છે. એવો તીવ્રસંક્લેશ જ્યાં ક્ષય પામ્યો છે; એવું સમ્યગ્દર્શન અનુત્તર છે. પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય સ્વરૂપ લિંગોને અહીં ગુણો તરીકે વર્ણવ્યાં છે. અપરાધીને વિશે પણ ચિત્તથી પ્રતિકૂળ ચિંતન ન કરવા સ્વરૂપ પ્રશમ છે. મોક્ષ પ્રત્યેનો તીવ્ર અભિલાષ સંવેગ છે. પુણ્યના યોગે સુખમય જણાતા પણ સંસારથી મુક્ત થવાની તીવ્ર ઈચ્છાને નિર્વેદ કહેવાય છે. દીન, દુઃખી અને ધર્મહીન જીવોની પ્રત્યે દ્રવ્યદયા અને ભાવદયા સ્વરૂપ અનુકંપા બે પ્રકારની છે અને શ્રી વીતરાગપરમાત્માનું વચન અસત્ય હોય જ નહિ એવા દૃઢ વિશ્વાસ સ્વરૂપ આસ્તિક્ય છે. આ પ્રશમાદિ ગુણોથી અન્વિત સમ્યગ્દર્શન અનુત્તર છે. પ્રશમાદિ પાંચ ગુણોની જેમ; શ્રી જિનવચનમાં કુશલતા, પ્રભાવના, આયતનસેવના, સ્થિરતા અને ભક્તિ : આ પાંચ ગુણોથી યુક્ત સમ્યગ્દર્શન અનુત્તર કોટિનું હોય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવાથી નરક અને તિર્યગ્ગતિનાં દ્વાર તો બંધ થાય છે, તેથી દેવતા અને મનુષ્ય સંબંધી સર્વ સુખોનું નિમિત્ત સમ્યગ્દર્શન બને છે અને પરંપરાએ તે સિદ્ધિના સુખને આપે છે. તેથી સમ્યગ્દર્શનની અનુત્તરતા સિદ્ધિસુખાવહત્વ સ્વરૂપ છે. ॥૬-૨૯॥

ઉપર જણાવ્યા મુજબ ગુણવત્પારતંત્ર્ય દ્વારા ગુણવદ્બહુમાનને પ્રાપ્ત કરનાર આત્માને જે પ્રાપ્ત થાય છે; તેથી તદ્દન વિપરીત રીતે ગુણવદ્ ગુરુજનોની નિંદાદિ દ્વારા ગુણવંતોની પ્રત્યે જેઓ બહુમાન રાખતા નથી, તેમને જે મળે છે તે જણાવાય છે–

**यस्तु शासनमालिन्येऽनाभोगेनापि वर्त्तते ।**
**बध्नाति स तु मिथ्यात्वं, महानर्थनिबन्धनम् ॥६-३०॥**

यस्त्विति–यस्तु शासनमालिन्ये लोकविरुद्धगुणवन्निन्दादिना प्रवचनोपघाते । अनाभोगेनाप्यज्ञानेनापि वर्तते । स तु शासनमालिन्योत्पादनावसर एव मिथ्यात्वोदयात् महानर्थनिबन्धनं दुरन्तसंसारकान्तारपरिभ्रमणकारणं मिथ्यात्वं बध्नाति । यदाह–"यः शासनस्य मालिन्येऽनाभोगेनापि वर्तते । स तन्मिथ्यात्वहेतुत्वादन्येषां प्राणिनां ध्रुवम् ॥१॥ बध्नात्यपि तदेवालं परं संसारकारणम् । विपाकदारुणं घोरं सर्वानर्थनिबन्धनम् ॥२॥" ॥६-३०॥

'અજ્ઞાનથી પણ જે જીવ શાસનની મલિનતામાં પ્રવર્ત્તે છે; તે મહાન અનર્થના કારણભૂત મિથ્યાત્વનો બંધ કરે છે.' આ પ્રમાણે ત્રીશમા શ્લોકનો અર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે કે લોકમાં વિરુદ્ધ એવી ગુણવદ્ ગુરુજનોની નિંદા વગેરે દ્વારા પ્રવચનનો ઉપઘાત કરવા સ્વરૂપ શાસનની મલિનતામાં અજ્ઞાનથી પણ જે પ્રવૃત્તિ કરે છે; ત્યારે તે મહાન અનર્થને કરનારું મિથ્યાત્વ-કર્મ બાંધે છે. કારણ કે શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શાસનની મલિનતા કરાવવાના અવસરે જ મિથ્યાત્વમોહનીયકર્મનો ઉદય થવાથી, દુઃખે કરી જેનો અંત આવી શકે એવા સંસારસ્વરૂપ વનમાં પરિભ્રમણના કારણભૂત મિથ્યાત્વમોહનીયકર્મનો બંધ થાય છે. ગુણવાન પુરુષોની નિંદા એ લોકવિરુદ્ધ કૃત્ય છે. એનાથી લોકો એમ વિચારે છે કે 'આ તે કેવું શાસન છે ? અહીં તો ગુણવાનની પણ નિંદા કરાય છે' - આ રીતે પ્રવચનનો ઉપઘાત થવાથી શાસનની મલિનતા કરાવાય છે અને તેથી મિથ્યાત્વનો બંધ થાય છે.

શ્રી અષ્ટકપ્રકરણમાં એ અર્થને વર્ણવતાં ફરમાવ્યું છે કે - અજ્ઞાનથી પણ જે સાધુમહાત્મા વગેરે શાસનની મલિનતા સ્વરૂપ પ્રવચનનો ઉપઘાત થાય એવું કાર્ય કરે છે; તે સાધુમહાત્મા વગેરે બીજાને ચોક્કસ જ મિથ્યાત્વમોહનીયકર્મના બંધનું કારણ બને છે; તેથી તે પોતે પણ એ મિથ્યાત્વમોહનીયકર્મનો જ સારી રીતે બંધ કરે છે. જે સર્વ અનર્થને કરનારું, ભયંકર દારુણવિપાકવાળું અને લાંબા કાળ સુધીના સંસારનું કારણ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, છકાય જીવોની પ્રત્યે દયાના પરિણામવાળા પૂ. સાધુભગવંતો વગેરે અજ્ઞાનથી પણ લોકવિરુદ્ધ આચરણથી આહાર-નીહારાદિના વિષયમાં પ્રવચનનો ઉપઘાત કરે તો તે પોતાને અને બીજાને દુર્લભબોધિ બનાવે છે. ગુણવદ્ ગુરુજનોની નિંદાદિ સ્વરૂપ દુષ્ટ આચરણથી તેઓ પ્રવચનની હીલના કરાવે છે. જેથી બીજા જીવોને મિથ્યાત્વના બંધનું તે કારણ બને છે. તેમ જ બીજા જીવોને પ્રવચનમાં મિથ્યાત્વની બુદ્ધિ થાય છે. એટલે કે પ્રવચનના ઉપઘાતક કૃત્યથી બીજા જીવોને પ્રવચન જ મિથ્યા ભાસે છે - આ રીતે બંન્ને પ્રકારે પ્રવચનનો ઉપઘાત બીજા જીવોના મિથ્યાત્વનું કારણ બને છે. તેને લઈને પ્રવચનનો ઉપઘાત કરનારને મહાન અનર્થના કારણભૂત એવા મિથ્યાત્વનો જ નિકાચિત બંધ થાય છે. કોઈ શુભકર્મનો બંધ થતો નથી, તેમ જ મિથ્યાત્વનો સામાન્ય બંધ પણ થતો નથી.

શાસનમાલિન્યનિષેધાષ્ટકના બીજા શ્લોકમાં 'મિથ્યાત્વ'નું સ્વરૂપ વર્ણવતાં ફરમાવ્યું છે કે તે સંસારનું પરમકારણ છે. વિપાકને આશ્રયીને દારુણ છે, ભયંકર છે અને સઘળાંય વિઘ્નોનું કારણ છે. આવું મિથ્યાત્વ; ઉપર જણાવ્યા મુજબ પ્રવચનની હીલના થાય એવા કૃત્યથી બંધાય છે. પૂ. સાધુભગવંતાદિએ આથી સતત ઉપયોગ રાખવો જોઇએ કે જેથી અજ્ઞાનપણે પ્રવચનની હીલનામાં નિમિત્ત બની ના જવાય. જેટલો ભય અશાતા, અંતરાય અને અપયશાદિ કર્મનો છે, એટલો ભય મિથ્યાત્વનો લાગે તો શાસનની મલિનતા કરવાથી આત્માને દૂર કરી શકાય. કેટલીક વાર અજ્ઞાન અને કદાગ્રહના કારણે શાસનની મલિનતા આપણાથી થઇ જતી હોય છે. ત્યારે પણ આપણને તો એમ જ લાગતું હોય છે કે આપણે વિશિષ્ટ કોટિની આરાધના કરીએ છીએ. એમાં આપણું અજ્ઞાન અને આપણો કદાગ્રહ કામ કરતો હોય છે. આવી સ્થિતિમાં ગુણવદ્ ગુરુજનોનું પારતંત્ર્ય ખૂબ જ ઉપયોગી બને છે. ભાવશુદ્ધિ માટે એના વિના બીજો કોઇ જ ઉપાય નથી... ઇત્યાદિ શાંત અને સ્થિર ચિત્તે વિચારવું. ॥૬-૩૦॥

મહાન અનર્થના મૂળમાં જે શાસનનું માલિન્ય છે તેનું કારણ જણાવાય છે–

**स्वेच्छाचारे च बालानां, मालिन्यं मार्गबाधया ।**
**गुणानां तेन सामग्र्यं, गुणवत्पारतन्त्र्यतः ॥६-३१॥**

स्वेच्छेति–बालानामज्ञानिनां स्वेच्छाचारे च सति । मार्गस्य बाधया "अप्रधान-पुरुषोऽयं जैनानां मार्ग" इत्येवं जनप्रवादरूपया मालिन्यं भवति मार्गस्य । तेन हेतुना गुणवत्पारतन्त्र्यत एव गुणानां ज्ञानादीनां सामग्र्यं पूर्णत्वं भवति ॥६-३१॥

"બાલજીવોનો સ્વેચ્છાચાર પ્રવર્ત્તે ત્યારે માર્ગનો બાધ થવાથી શાસનનું માલિન્ય થાય છે. તેથી ગુણવત્પારતંત્ર્યના કારણે ગુણોની પૂર્ણતા થાય છે." - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે બાલ જીવો અજ્ઞાની હોય છે. અજ્ઞાનના કારણે પોતાના હિતાહિતના પરમાર્થથી તેઓ અનભિજ્ઞ હોય છે. પોતાને જે ઉચિત લાગે અને પોતાને જે ગમે તે પ્રમાણે તેઓ કરતા હોય છે. આવા બાલજીવોનો સ્વેચ્છાચાર જ્યારે પ્રવર્ત્તતો હોય છે ત્યારે તે જોનારાને એમ થાય કે 'જૈનોનો માર્ગ(મોક્ષમાર્ગ) પ્રધાન પુરુષ (પ્રવર્ત્તક-

નાયક) વિનાનો છે.' - આવા પ્રકારના લોકપ્રવાદના કારણે મોક્ષમાર્ગની (શાસનની) મલિનતા થાય છે, જે સ્વ-પરને મિથ્યાત્વનું કારણ બને છે.

આ રીતે જનપ્રવાદસ્વરૂપ માર્ગબાધાના કારણે શાસનની મલિનતા થતી હોવાથી ગુણવત્પારતંત્ર્યથી જ ગુણની સમગ્રતા થાય છે. શ્રી વીતરાગપરમાત્માનાં પરમતારક વચનોને અનુસરી રત્નત્રયીની આરાધનાનો જેઓએ પ્રારંભ કર્યો છે; એ આત્માઓની ઈચ્છા; જ્ઞાનાદિગુણોને પૂર્ણ કરવાની હોય એ સમજી શકાય છે. એ ઈચ્છાને છોડીને બીજી કોઈ પણ ઈચ્છા સાધુપણામાં સારી નથી. અનાદિ કાળથી અપૂર્ણ તો છીએ. પરંતુ પૂર્ણ બનવા માટેની આરાધનાનો આરંભ કર્યા પછી પૂર્ણ બનવામાં જે જે અવરોધો છે - એને ખૂબ જ પ્રયત્નપૂર્વક સમજી લેવા જોઈએ. આમ જોઈએ તો સાધુની સમગ્રતા અનેક પ્રકારની હોવાથી તેના સાધક અને અવરોધક અનેક છે. પરંતુ એ બધાને એકમાં સમાવીને આ શ્લોકમાં તેનું વર્ણન કરવામાં આવ્યું છે. સ્વેચ્છાચાર સાધુની સમગ્રતાનો અવરોધક છે અને ગુણવત્પારતંત્ર્ય સાધુની સમગ્રતાનું સાધક છે. એ બે તરફ દૃષ્ટિ સ્થિર થઈ જાય તો મુનિજીવનમાં ક્યારેય લક્ષ્યવિમુખ થવાનો પ્રસંગ નહિ આવે. બધી જ અવદશાનું મૂળ સ્વેચ્છાચાર(સ્વચ્છંદતા) છે અને બધી જ ઉચ્ચદશાનું મૂળ ગુણવત્પારતંત્ર્ય છે - એમાં કોઈ સંદેહ નથી. સંદેહ એટલો જ છે કે ખરેખર જ સાધુસમગ્રતા આપણને જોઈએ છે ? આ પ્રશ્નનો જવાબ આપી શકાય એવો નથી. એનો જવાબ અનુકૂળ આવે નહિ ત્યાં સુધી સ્વેચ્છાચાર બંધ નહિ થાય અને ગુણવત્પારતંત્ર્ય કેળવાશે નહિ, જે ભાવશુદ્ધિ માટે પરમ આવશ્યક છે. ન્યાય્ય કોટિની જ ભાવશુદ્ધિ વૈરાગ્યને પણ સફળ બનાવે છે... ઈત્યાદિ ભણાવનાર પાસેથી સ્પષ્ટ રીતે સમજી લેવું જોઈએ. ॥૬-૩૧॥

પ્રકરણાર્થનું સમાપન કરતાં સાધુસામગ્ર્યના ફળને જણાવાય છે–

**इत्थं विज्ञाय मतिमान्, यतिर्गीतार्थसङ्गकृत् ।**
**त्रिधा शुद्ध्याचरन् धर्मं, परमानन्दमश्नुते ॥६-३२॥**

इत्थमिति-स्पष्टः ॥६-३२॥

"ગુણોની સમગ્રતા ગુણવદ્ ગુરુજનોના પારતંત્ર્યથી જ થાય છે - એમ જાણીને બુદ્ધિમાન અને ગીતાર્થ ગુરુભગવંતનો સંગ કરનાર એવા પૂ.

સાધુભગવંત જ્ઞાન, ભિક્ષા અને વૈરાગ્ય - આ ત્રણ પ્રકારે શુદ્ધિથી ધર્મને આચરતાં પરમાનંદને પ્રાપ્ત કરે છે.'' - આ પ્રમાણે છેલ્લા બત્રીશમા શ્લોકનો સામાન્ય અર્થ છે.

એનો આશય સ્પષ્ટ છે કે ગુણની સમગ્રતા,ગુણવત્પારતંત્ર્યથી જ પ્રાપ્ત થાય છે - એ જાણીને બુદ્ધિમાન પૂ. સાધુમહાત્મા પોતાની બુદ્ધિનો ઉપયોગ ગુણવત્પારતંત્ર્ય પ્રાપ્ત કરવામાં કરે છે. પોતાની બુદ્ધિથી રત્નત્રયીની સાધના નહિ કરતાં શ્રી ગીતાર્થ ગુરુભગવંતની પરમતારક આજ્ઞાની આધીનતાથી જ તેઓ રત્નત્રયીની સાધના કરે છે. બુદ્ધિમાનની બુદ્ધિમત્તા ખરી રીતે એમાં જ સમાય છે. પોતે બુદ્ધિમાન હોવા છતાં ગુણવદ્-જ્ઞાનીઓને આધીન બની રહેવાથી પોતાની બુદ્ધિમત્તા જણાય છે. તેથી જ પૂ. ગીતાર્થ ગુરુભગવંતનો તેઓ તે રીતે સંગ કરે છે.

એ સત્સંગના અપ્રતિમ સામર્થ્યથી જ્ઞાન(તત્ત્વસંવેદનાત્મક), ભિક્ષા(સર્વસંપત્કરી) અને વૈરાગ્ય(જ્ઞાનાન્વિત) : આ ત્રણ પ્રકારની શુદ્ધિ વડે અર્થાત્ વિશુદ્ધ જ્ઞાનાદિ ત્રણ વડે સંયમધર્મને આચરતા પૂ. સાધુભગવંતો પરમાનંદસ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે. મોક્ષપ્રાપ્તિનું એ એકમાત્ર સાધન છે. સાધુસામગ્ર્ય વિના મોક્ષની પ્રાપ્તિ શક્ય નથી. અંતે આ બત્રીશીમાં વર્ણવેલા સાધુસામગ્ર્યને પ્રાપ્ત કરી આપણા આત્માને પરમાનંદનું પાત્ર બનાવવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા. ॥૬-૩૨॥

**॥ इति साधुसामग्र्य-द्वात्रिंशिका ॥**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**

# अथ धर्मव्यवस्थाद्वात्रिंशिका प्रारभ्यते ।

साधुसामग्र्यं धर्मव्यवस्थया निर्वाह्यत इतीयमत्राभिधीयते—

છઠ્ઠી બત્રીશીમાં સાધુસામગ્ર્યનું વર્ણન કર્યું. તેનો નિર્વાહ ધર્મવ્યવસ્થાથી થાય છે. તેથી હવે ધર્મવ્યવસ્થાનું નિરૂપણ કરાય છે—

**भक्ष्याभक्ष्यविवेकाच्च, गम्यागम्यविवेकतः ।**
**तपोदयाविशेषाच्च, स धर्मो व्यवतिष्ठते ॥७-१॥**

भक्ष्येति—व्यक्तः ॥७-१॥

"ભક્ષ્ય અને અભક્ષ્યના વિવેકથી; ગમ્ય અને અગમ્યના વિવેકથી; તપવિશેષથી અને દયાવિશેષથી છઠ્ઠી બત્રીશીમાં છેલ્લા શ્લોક દ્વારા જણાવેલો ધર્મ વ્યવસ્થિત થાય છે." - આ પ્રમાણે પહેલા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે છઠ્ઠી સાધુસામગ્ર્ય નામની બત્રીશીના છેલ્લા શ્લોકમાં પરમાનંદની પ્રાપ્તિ; જે ધર્મની આરાધનાથી વર્ણવી છે, તે ધર્મ ભક્ષ્યાભક્ષ્ય અને ગમ્યાગમ્યના વિવેકથી તેમ જ તપ અને દયા વિશેષથી વ્યવસ્થિત-સંગત બને છે. જ્યાં ભક્ષ્યાભક્ષ્ય અને ગમ્યાગમ્યનો વિવેક નથી તેમ જ તપવિશેષ કે દયાવિશેષ નથી, તે ધર્મ વાસ્તવિક નથી.

આમ તો દરેક ધર્મમાં ભક્ષ્યાભક્ષ્યાદિનો વિવેક તેમ જ તપ, દયા વગેરેનું વર્ણન કર્યું તો હોય છે પરંતુ તે વાસ્તવિક અને પૂર્ણ હોતું નથી. અવાસ્તવિક અધકચરું નિરૂપણ ધર્મની વ્યવસ્થા માટે તદ્દન જ અર્થહીન બને છે. તેથી એ રીતે ધર્મનું નિરૂપણ કર્યા વિના અહીં વાસ્તવિક અને પૂર્ણ રીતે તેનું (ધર્મનું) નિરૂપણ કરવાનું ધાર્યું છે. અન્યદર્શનકારોએ ધર્મની વ્યવસ્થા માટે જે રીતે વ્યવસ્થા વિચારી છે; તેની અનુપપત્તિ જણાવવાપૂર્વક વાસ્તવિક વ્યવસ્થા કેવી હોય છે તે જણાવવાનું અહીં તાત્પર્ય છે. અજ્ઞાન અને કદાગ્રહ, આત્માને વાસ્તવિકતાથી ખૂબ જ દૂર-સુદૂર રાખે છે. અન્યદર્શનકારો તો એ રીતે વાસ્તવિકતાથી ખૂબ જ દૂર રહ્યા છે. પરંતુ એમની વાતમાં આવી જઇને આપણે વાસ્તવિકતાથી દૂર ન થઇએ એ માટે અહીં ગ્રંથકાર પરમર્ષિએ આપણી ઉપર અનુગ્રહ કરવા દ્વારા પ્રયત્ન કર્યો છે.

ધર્મનું અગાધ સ્વરૂપ જોતાં અહીં ખૂબ જ અલ્પાંશે વાસ્તવિક વ્યવસ્થાનું નિરૂપણ કરાયું છે - એમ માન્યા વિના ચાલે એવું નથી. પરંતુ એ દિશાસૂચન મુજબ, અહીં જેનું નિરૂપણ કરાયું નથી એવા વિષયોનું પણ દર્શન કરી લેવાનું આવશ્યક છે. અહીં ભક્ષ્યાભક્ષ્યનો અને ગમ્યાગમ્યનો વિવેક તેમ જ તપવિશેષ અને દયાવિશેષ : એ ચારનું નિરૂપણ મુખ્યપણે કરાયું છે. શ્લો.નં. ૨ થી ૧૭, ૧૮ થી ૨૪; ૨૫-૨૬ અને ૨૭ થી ૩૧ : આ ચાર વિભાગમાં એ ચારનું નિરૂપણ કર્યું છે. ભક્ષ્યાભક્ષ્યના વિવેકમાં પેયાપેયનો વિવેક પણ પ્રસંગથી સત્તરમા શ્લોકમાં દર્શાવ્યો છે. સામાન્યથી નિરૂપણીય વિષયનો નિર્દેશ આ પ્રથમ શ્લોકથી કર્યો છે. શાસ્ત્રીય પરિભાષામાં આ શ્લોક દ્વાર-પરામર્શ છે. આ શ્લોકમાં વર્ણવેલા ચાર દ્વારથી અહીં ધર્મવ્યવસ્થાનું નિરૂપણ છે. ॥૭-૧॥

ઉપર જણાવેલા ચારમાં પ્રથમ ભક્ષ્યાભક્ષ્યના વિવેકને જણાવાય છે–

**भक्ष्यं मांसमपि प्राह, कश्चित् प्राण्यङ्गभावतः ।**
**ओदनादिवदित्येवमनुमानपुरःसरम् ॥७-२॥**

भक्ष्यमिति—मांसादिकमभक्ष्यम्, ओदनादिकं च भक्ष्यमिति सकलशिष्टजनप्रसिद्धा व्यवस्था । तत्र कश्चित्सौगतो "मांसमपि भक्ष्यं, प्राण्यङ्गभावतः प्राण्यङ्गत्वाद्, न चायमसिद्धो हेतुः, मांसस्य प्राण्यङ्गतायाः प्रत्यक्षसिद्धत्वाद्, ओदनादिवत् । न चात्र दृष्टान्ते हेतुवैकल्यम्, ओदनस्यैकेन्द्रियप्राण्यङ्गत्वेन प्रतीतत्वाद्" इत्येवमनुमानपुरःसरं प्राह ॥७-२॥

"કો'ક (બૌદ્ધ) કહે છે કે પ્રાણીનું અંગ હોવાથી માંસ પણ ભક્ષ્ય છે. ભાત વગેરેની જેમ. આવા અનુમાનને આગળ કરીને માંસને પણ બૌદ્ધ ભક્ષ્ય તરીકે જણાવે છે." - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે સામાન્ય રીતે માંસ વગેરે અભક્ષ્ય છે અને ઓદન (ભાત) વગેરે ભક્ષ્ય છે. આવી વ્યવસ્થા સકલ શિષ્ટજન-પ્રસિદ્ધ છે.

આવી વ્યવસ્થામાં કો'ક-બૌદ્ધ કહે છે કે **मांसमपि भक्ष्यं प्राण्यङ्गत्वात्** - આ અનુમાનથી માંસમાં ભક્ષ્યત્વ સિદ્ધ થાય છે. આ અનુમાનનો પ્રાણ્યંગત્વ હેતુ અસિદ્ધ નથી. કારણ કે માંસમાં પ્રાણ્યંગત્વ પ્રત્યક્ષસિદ્ધ છે. ઓદનાદિ જેમ ભક્ષ્ય છે તેમ માંસ પણ પ્રાણીનું અંગ હોવાથી ભક્ષ્ય છે. 'ઓદનાદિ પ્રાણીના અંગ

ન હોવાથી તે દૃષ્ટાંતમાં હેતુ નથી' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે ઓદનાદિ એકેન્દ્રિયપ્રાણી(વનસ્પતિકાય)ના અંગ તરીકે પ્રતીત છે. આથી સમજી શકાશે કે "**मांसमपि भक्ष्यं प्राण्यङ्गत्वाद् ओदनादिवद्**" (માંસ પણ ભક્ષ્ય છે, પ્રાણીનું અંગ હોવાથી. જે જે પ્રાણીનું અંગ છે તે તે ભક્ષ્ય છે, ભાત વગેરેની જેમ) - આ અનુમાનને આગળ કરીને તે બૌદ્ધ માંસને ભક્ષ્ય કહે છે. ।।૭-૨।।

એ અનુમાનમાં દોષ જણાવીને તેનું નિરાકરણ કરાય છે–

**स्वतन्त्रसाधनत्वेऽदोऽयुक्तं दृष्टान्तदोषतः ।**
**प्रसङ्गसाधनत्वेऽपि, बाधकत्वाद् व्यवस्थितेः ।।७-३।।**

स्वतन्त्रेति–अदः सौगतोक्तमेतदनुमानम् । स्वतन्त्रसाधनत्वे दृष्टान्तदोषतो दृष्टान्तस्य साधनवैकल्यादयुक्तं, वनस्पत्याद्येकेन्द्रियाणां बौद्धस्य प्राणित्वेनासिद्धत्वात् । प्रसङ्गसाधनत्वेऽपि विकल्पसिद्धदृष्टान्ताद्युपादानेन परमतदूषणमात्रपर्यवसितहेतुत्वेऽपि अदोऽयुक्तं, व्यवस्थितेर्लोकागमसिद्धभक्ष्याभक्ष्यव्यवस्थाया बाधकत्वात्, प्राण्यङ्गत्वमात्रस्य भक्ष्यत्वाप्रयोजकत्वात् । न हि शक्यभक्षणकत्वमेव भक्ष्यत्वं, किं त्वधर्माजनकभक्षणकत्वं, तत्र च व्यवस्था प्रयोजिकेति । तदाह–"भक्ष्याभक्ष्यव्यवस्थेह शास्त्रलोकनिबन्धना । सर्वैव भावतो यस्मात्तस्मादेतदसाम्प्रतम् ।।१।।" ।।७-३।।

"દૃષ્ટાંતમાં દોષ હોવાથી, સ્વતંત્ર-સાધનતામાં આ અનુમાન અયુક્ત છે. પ્રસંગ- સાધનતાની વિવક્ષામાં પણ વ્યવસ્થાનું બાધકત્વ હોવાથી અર્થાત્ વ્યવસ્થા; (શિષ્ટજનપ્રસિદ્ધ વ્યવસ્થા) બાધક હોવાથી આ અનુમાન દુષ્ટ છે." કહેવાનો આશય એ છે કે અનુમાન બે રીતે થતું હોય છે. એક તો; પોતાની જે માન્યતા છે (અર્થાત્ પોતાને જે ઇષ્ટ છે) તેને સિદ્ધ કરવા માટે અનુમાન કરાય છે અને બીજું પરપક્ષમાં દૂષણ આપવા માટે પોતાની માન્યતા ન હોય તોપણ અનુમાન કરાય છે.

**मांसमपि भक्ष्यं प्राण्यङ्गत्वाद् ओदनादिवद्** (માંસ પણ ભક્ષ્ય છે, પ્રાણીનું અંગ હોવાથી. ઓદનાદિની જેમ) આ અનુમાન સ્વતંત્રની સાધના માટે હોય તો આ બૌદ્ધોનું અનુમાન દુષ્ટ છે. કારણ કે દૃષ્ટાંતમાં સાધનની વિકલતા છે. આશય એ છે કે ઉપરના અનુમાનમાં પ્રાણ્યંગત્વ સાધન-હેતુ છે. તે હેતુ દૃષ્ટાંતમાં પણ રહેવો જોઈએ. અન્યથા દૃષ્ટાંતમાં સાધનની વિકલતા સ્વરૂપ દોષ પ્રાપ્ત થાય છે. બૌદ્ધોની

એ માન્યતા નથી કે વનસ્પતિ વગેરે એકેન્દ્રિય પ્રાણી છે. એવી માન્યતા ન હોવાથી તેમના મતે ઓદનાદિમાં પ્રાણ્યંગત્વ નથી. હેતુના અભાવે દૃષ્ટાંત તરીકે ઓદનાદિનો ઉપન્યાસ નહીં કરી શકાય. તેથી ઉપર જણાવેલું અનુમાન અયુક્ત છે.

જે લોકો માંસને અભક્ષ્ય માને છે. એમના મતમાં માત્ર દૂષણ ઉદ્ભાવન કરવાના તાત્પર્યથી પ્રસંગ(અતિપ્રસંગ-અનિષ્ટાપાદનાદિ)સાધન માટે જો ઉપર જણાવેલું અનુમાન માની લઇએ તો વિકલ્પસિદ્ધ દૃષ્ટાંતનું ઉપાદાન કરીને એ અનુમાન કરી શકાય. પરંતુ એ પણ અયુક્ત છે. કારણ કે આ અનુમાનથી સિદ્ધ થયેલા ભક્ષ્યત્વનો; લોક અને આગમથી સિદ્ધ ભક્ષ્યાભક્ષ્યની જે વ્યવસ્થા છે કે ઓદનાદિ ભક્ષ્ય છે; અને માંસ અભક્ષ્ય છે; તે વ્યવસ્થા બાધ કરે છે. આશય એ છે કે બીજાની માન્યતામાં માત્ર દૂષણનું જ ઉદ્ભાવન કરવાનું તાત્પર્ય હોય ત્યારે બીજાની માન્યતા મુજબના દૃષ્ટાંતથી અનુમાન કરી શકાય છે. દૃષ્ટાંત મુજબ પોતાની પણ એવી માન્યતા હોવી જોઇએ : એ આવશ્યક નથી. ઓદનાદિમાં બૌદ્ધો પ્રાણ્યંગત્વ માનતા નથી. પરંતુ બીજા લોકો માને છે. તેથી બૌદ્ધોની દૃષ્ટિએ ઓદનાદિમાં વાસ્તવિક પ્રાણ્યંગત્વ નથી. પરંતુ કાલ્પનિક છે. એ જ આશયથી અહીં ઓદનાદિદૃષ્ટાંતને વિકલ્પસિદ્ધરૂપે વર્ણવ્યું છે. બીજાને એ દૃષ્ટાંત વાસ્તવિક હોવાથી ઓદનની જેમ પ્રાણ્યંગત્વને લઇને માંસમાં પણ ભક્ષ્યત્વ માનવાનો તેઓ અતિપ્રસંગ આપી શકે છે. એ અતિપ્રસંગનું વારણ; અનુમાનમાં બાધદોષના ઉદ્ભાવનથી ઉપર કર્યું છે અર્થાત્ અતિપ્રસંગને સિદ્ધ કરવા માટે કરેલા અનુમાનમાં બાધ આવે છે.

બાધનું સ્પષ્ટીકરણ કરવા માટે ગ્રંથકાર પરમર્ષિ ફરમાવે છે કે જ્યાં ભક્ષ્યત્વ મનાય છે ત્યાં પ્રાણ્યંગત્વ હોવા છતાં તેના કારણે ભક્ષ્યત્વ માનવામાં આવતું નથી. અન્યથા અસ્થિ વગેરેમાં પ્રાણ્યંગત્વ હોવાથી ત્યાં પણ ભક્ષ્યત્વ માનવાનો પ્રસંગ આવશે. યદ્યપિ આ અતિપ્રસંગનું વારણ શક્યભક્ષણકત્વ સ્વરૂપ જ ભક્ષ્યત્વ માનવાથી થઇ શકે છે. કારણ કે અસ્થિ વગેરેમાં પ્રાણ્યંગત્વ હોવા છતાં ત્યાં શક્યભક્ષણકત્વ (જેનું ભક્ષણ શક્ય છે તેમાં શક્યભક્ષણકત્વ મનાય છે.) ન હોવાથી ભક્ષ્યત્વ મનાતું નથી. પરંતુ આ વાત બરાબર નથી. કારણ કે ભક્ષ્યત્વ અધર્માજનકભક્ષણકત્વ સ્વરૂપ છે. જેના ભક્ષણથી અધર્મની ઉત્પત્તિ થતી નથી; તેને અધર્માજનકભક્ષણક કહેવાય છે. અને તેમાં

અધર્માજિનકભક્ષણકત્વ રહે છે. આવા અધર્માજિનક-ભક્ષણકત્વને ક્યાં માનવું અને ક્યાં ન માનવું, તેની વ્યવસ્થા શાસ્ત્ર અને લોક(શિષ્ટજન)થી થતી હોય છે. **भक्ष्य** શબ્દ **भक्ष्** ધાતુને વિધ્યર્થમાં **य** પ્રત્યયના વિધાનથી નિષ્પન્ન છે. બલવદ્ એવા અનિષ્ટનો જે અનનુબંધી (અકારણ) છે તે વિધ્યર્થ છે. તેથી જેનું ભક્ષણ બલવાન એવા અનિષ્ટનું અનુબંધી(કારણ) હોય તે ભક્ષ્ય ન હોય - એ સમજી શકાય છે. શાસ્ત્ર અને શિષ્ટજનપ્રસિદ્ધ વ્યવસ્થાથી માંસમાં ભક્ષ્યત્વનો આ રીતે બાધ થાય છે. તેથી ઉક્ત અનુમાન બાધદોષથી દુષ્ટ છે. ભક્ષ્યાભક્ષ્યત્વની પ્રયોજિકા વ્યવસ્થા છે : એ વાતને જણાવતાં શ્રી અષ્ટકપ્રકરણમાં ફરમાવ્યું છે કે - "આ લોકમાં ભક્ષ્યાભક્ષ્ય વગેરે બધી જ વ્યવસ્થા પરમાર્થથી શાસ્ત્ર અને શિષ્ટલોકના કારણે થતી હોય છે. તેથી ઉપર જણાવેલું માંસમાં ભક્ષ્યત્વને સિદ્ધ કરનારું અનુમાન અયુક્ત છે." કારણ કે શાસ્ત્ર અને શિષ્ટજનોની વ્યવસ્થાથી માંસમાં ભક્ષ્યત્વ બાધિત છે... ઇત્યાદિ સારી રીતે વિચારવું. ॥૭-૩॥

इत्थं चैतदभ्युपेयं, यतः–

ભક્ષ્યાભક્ષ્યત્વની વ્યવસ્થા શાસ્ત્ર અને લોકના કારણે થતી હોય છે : આ વાત નીચે જણાવેલા આ કારણે પણ માનવી જોઇએ. (એનું જે કારણ છે તે જણાવાય છે.)–

**व्यवस्थितं हि गोः पेयं, क्षीरादि रुधिरादि न ।**
**न्यायोऽत्राप्येष नो चेत् स्याद्, भिक्षुमांसादिकं तथा ॥७-४॥**

व्यवस्थितमिति–व्यवस्थितं हि 'गोः क्षीरादि पेयं, रुधिरादि न' न हि गवाङ्गत्वाविशेषादुभयोरविशेषः। एष न्यायोऽत्राप्यधिकृतेऽप्यवतरति, प्राण्यङ्गत्वेऽप्योदनादेर्भक्ष्यत्वस्य मांसादेश्चाभक्ष्यत्वस्य व्यवस्थितत्वात् । तदुक्तं–"तत्र प्राण्यङ्गमप्येकं भक्ष्यमन्यत्तु नो तथा । सिद्धं गवादिसत्क्षीररुधिरादौ तथेक्षणात् ॥१॥" नो चेद् यदि च नैवमभ्युपगम्यते तदा तव भिक्षुमांसादिकं तथा भक्ष्यं स्यात्, प्राण्यङ्गत्वाविशेषात् । तदाह–"भिक्षुमांसनिषेधोऽपि न चैवं युज्यते क्वचिद् । अस्थ्याद्यपि च भक्ष्यं स्यात्प्राण्यङ्गत्वाविशेषतः ॥१॥" किं चैवं स्त्रीत्वसाम्याज्जायाजनन्योरप्यविशेषेण गम्यत्वप्रसङ्ग इति नायमुन्मत्तप्रलापो विदुषां सदसि शोभते । यदाह–"एतावन्मात्रसाम्येन प्रवृत्तिर्यदि चेष्यते । जायायां स्वजनन्यां च स्त्रीत्वात्तुल्यैव सास्तु ते ॥१॥" मण्डलतन्त्र-

वादिनोऽत्रापीष्टापत्तिरेवेति चेत्तन्मतं बहुधाऽन्यत्र निराकृतं, लेशतश्चाग्रे निराकरिष्यामः ॥७-४॥

"ગાયનું દૂધ વગેરે પેય છે પરંતુ લોહી વગેરે પેય નથી - આવી વ્યવસ્થા પ્રસિદ્ધ છે. આવી જ વ્યવસ્થા અહીં પણ વિચારવી જોઈએ. અન્યથા એવી વ્યવસ્થા માનવામાં ન આવે તો ભિક્ષુમાંસાદિને પણ ભક્ષ્ય માનવાનો પ્રસંગ આવશે." - આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે ભક્ષ્યાભક્ષ્યની વ્યવસ્થા શાસ્ત્ર અને લોકના અનુસારે જ માનવી જોઈએ. લોકમાં અને શાસ્ત્રમાં એ વ્યવસ્થિત છે કે ગાયનું દૂધ પેય છે અને લોહી વગેરે અપેય છે. ગાયનું અંગ હોવાથી તે રૂપે બંનેમાં કોઈ વિશેષતા નથી છતાં એકને (ગોક્ષીરાદિને) પેય અને બીજાને (રુધિરાદિને) અપેય મનાય છે. આ જ ન્યાય (રીત) અહીં પણ લાગે છે. પ્રાણ્યંગત્વ હોવા છતાં ઓદન વગેરે ભક્ષ્ય છે અને માંસ વગેરે અભક્ષ્ય છે. શ્રી અષ્ટકપ્રકરણમાં એ પ્રમાણે જણાવ્યું છે કે– "પ્રાણીનું અંગ પણ એક(ઓદનાદિ) ભક્ષ્ય છે અને બીજું (માંસાદિ) તેવું-ભક્ષ્ય નથી. કારણ કે ગાય વગેરેનું યોગ્ય દૂધ અને રુધિર વગેરેમાં તે મુજબ પેયાપેયત્વ પ્રસિદ્ધ છે."

શાસ્ત્ર અને લોકપ્રસિદ્ધ એવી પણ વ્યવસ્થા માનવી ન હોય અને અનુમાનથી જ, તે ભક્ષ્યાભક્ષ્યત્વ માનવું હોય તો તમને(બૌદ્ધને) ભિક્ષુમાંસમાં પણ ભક્ષ્યત્વ માનવાનો પ્રસંગ આવશે. કારણ કે તેમાં પણ પ્રાણ્યંગત્વ સમાન જ છે. શ્રી અષ્ટકપ્રકરણમાં એ વિષયમાં જણાવ્યું છે કે - પ્રાણ્યંગત્વના કારણે જ જો ભક્ષ્યત્વ માનવામાં આવે તો ભિક્ષુના માંસભક્ષણનો નિષેધ કોઈ પણ રીતે ક્યારે ય સંગત નહિ બને તેમ જ અસ્થિ (હાડકાં) શિંગડા... વગેરેને પણ ભક્ષ્ય માનવાનો પ્રસંગ આવશે. કારણ કે તેના પ્રાણ્યંગત્વમાં કોઈ જ વિશેષતા નથી. બીજું આ રીતે પ્રાણ્યંગત્વાદિ સ્વરૂપે સામ્ય હોવા માત્રથી જ માંસાદિમાં ભક્ષ્યત્વ માની લેવામાં આવે તો સ્ત્રીત્વના સામ્યથી પત્નીની જેમ માતામાં પણ ગમ્યત્વ(ભોગ્યત્વ) માનવાનો પ્રસંગ આવશે. તેથી 'માંસ ભક્ષ્ય છે. કારણ કે તેમાં પ્રાણ્યંગત્વ છે.'... ઈત્યાદિ પ્રલાપ ઉન્મત્ત માણસને શોભે, વિદ્વાનોની સભામાં એ શોભતો નથી. આ વાતને સ્પષ્ટ કરતાં અષ્ટકપ્રકરણમાં ફરમાવ્યું છે કે– "પ્રાણ્યંગત્વમાત્રના સામ્યથી જ માંસાદિમાં પ્રવૃત્તિ ઈષ્ટ હોય તો સ્ત્રીત્વના સામ્યથી પત્નીમાં અને પોતાની માતામાં પણ તે પ્રવૃત્તિ સરખી જ માનવી પડશે."

મંડલતંત્રવાદીઓને એ ઈષ્ટ જ છે, અનિષ્ટ નથી - આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે મંડલતંત્રવાદીઓના મતનું નિરાકરણ અન્યત્ર અનેક રીતે કર્યું છે અને સંક્ષેપથી આગળ કરાશે. તેથી તેમના મતે જે ઈષ્ટ છે, તે શાસ્ત્ર અને લોકથી સિદ્ધ વ્યવસ્થાથી બાધિત થતું હોવાથી માનવાની જરૂર નથી... ઈત્યાદિ સ્પષ્ટ રીતે સમજી લેવું જોઈએ. ॥૭-૪॥

अपि च प्रसङ्गसाधनं पराभ्युपगमानुसारेण भवति, न चास्माकं प्राण्यङ्गत्वेन मांसमभक्ष्यमित्यभ्युपगमः किं तु जीवोत्पत्त्याश्रयत्वादिति दर्शयन्नाह—

ખરી વાત તો એ છે કે ઉપર જણાવ્યા મુજબ પ્રસંગસાધનના તાત્પર્યથી પ્રવર્ત્તાવેલું અનુમાન બીજાની માન્યતાનુસાર હોવું જોઈએ. ઓદનાદિને ભક્ષ્ય માનનારા પ્રાણ્યંગસ્વરૂપે તેને ભક્ષ્ય માનતા નથી તેમ જ માંસ પ્રાણ્યંગ છે માટે તે અભક્ષ્ય છે એવી પણ અમારી માન્યતા નથી. અમે જો પ્રાણ્યંગસ્વરૂપે માંસને અભક્ષ્ય માનતા હોઈએ તો ચોક્કસ જ એ સ્વરૂપે ઓદનાદિમાં પણ અભક્ષ્યત્વ માનવાનો અને ઓદનાદિની જેમ માંસ વગેરેમાં પણ ભક્ષ્યત્વ માનવાનો અમને પ્રસંગ આવે. પરંતુ જીવોત્પત્તિના આશ્રય સ્વરૂપે માંસને અમે અભક્ષ્ય માનીએ છીએ તેથી ઓદનાદિ તેમ ન હોવાથી તેમાં અભક્ષ્યત્વ માનવાનો પ્રસંગ આવતો નથી - એમ જણાવવા માટે પાંચમો શ્લોક છે—

**प्राण्यङ्गत्वादभक्ष्यत्वं, न हि मांसे मतं च नः ।**
**जीवसंसक्तिहेतुत्वात्, किन्तु तद् गर्हितं बुधैः ॥७-५॥**

प्राण्यङ्गत्वादिति—न हि नोऽस्माकं प्राण्यङ्गत्वान्मांसेऽभक्ष्यत्वं च मतं, किं तु जीवसंसक्तिहेतुत्वात् तन्मांसं बुधैर्बहुश्रुतैर्गर्हितं निषिद्धम् ॥७-५॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. ઉપર જણાવ્યા મુજબ આશય સ્પષ્ટ છે કે 'માંસમાં પ્રાણ્યંગત્વ હોવાથી તે અભક્ષ્ય છે - એવી અમારી માન્યતા નથી. પરંતુ જીવોત્પત્તિનું કારણ - આશ્રય હોવાથી પંડિત પુરુષોએ - બહુશ્રુત મહાત્માઓએ તેનો નિષેધ કર્યો છે અર્થાત્ તેને અભક્ષ્ય તરીકે જણાવ્યું છે.' ॥૭-૫॥

तथाहि—

માંસમાં જીવોત્પત્તિ કઇ રીતે થાય છે : તે જણાવાય છે—

**पच्यमानामपक्वासु, मांसपेशीषु सर्वथा ।**
**तन्त्रे निगोदजीवानामुत्पत्तिर्भणिता जिनैः ।।७-६।।**

पच्यमानेति–एतदर्थसंवादिनी चेयं गाथा–"आमासु य पक्कासु य विपच्चमाणासु मंसपेसीसु । आयंतियमुववाओ भणिओ अ निगोअजीवाणं ।।१।।" ।।७-६।।

"પકવવામાં આવતી કાચી કે પાકી માંસપેશીઓમાં સર્વથા નિગોદના જીવોની ઉત્પત્તિ થાય છે - એ પ્રમાણે શ્રી જિનેશ્વરદેવોએ આગમમાં વર્ણવ્યું છે." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે - એ અર્થને જણાવનારી '**आमासु य पक्कासु य विपच्चमाणासु मंसपेसीसु । आयंतियमुववाओ भणिओ अ निगोअजीवाणं**' આ ગાથા છે. પકાવાતી કાચી કે પાકી માંસપેશીઓમાં નિગોદજીવોની આત્યંતિક ઉત્પત્તિ જણાવી છે. - આ પ્રમાણે ગાથાનો અર્થ સ્પષ્ટ છે. ॥૭-૬॥

ननु भवतामेव क्वचिदागमे मांसभक्ष्यतापि श्रूयते इति पूर्वापरविरोध इत्याशङ्क्याह–

તમારા આગમમાં (શ્રી જિનાગમમાં) કોઈ સ્થાને માંસની ભક્ષ્યતા જણાવી છે. તેથી પૂર્વાપરનો વિરોધ આવે છે - આ શંકાના સમાધાન માટે જણાવાય છે–

**सूत्राणि कानिचिच्छेदोपभोगादिपराणि तु ।**
**अमद्यमांसाशितया, न हन्यन्ते प्रसिद्धया ।।७-७।।**

सूत्राणीति–कानिचित्तु सूत्राणि । छेदश्छेदसूत्रोक्तप्रायश्चित्तौपयिकार्थविशेषः, उपभोगश्च वहिःपरिभोगः, आदिनाऽत्यन्तापवादादिग्रहः, तत्पराणि । प्रसिद्धयाऽमद्यमांसाशितया साधोर्न विरुध्यन्ते । उत्सर्गतो मांसभक्षणस्य दुष्टत्वादेवेति भावः । तथाहि– "अवि य इत्थ लभिस्सामि पिंडं वा लोयं वा खीरं वा दहिं वा णवणीयं वा घयं वा गुलं वा तिल्लं वा महुं वा मज्जं वा मंसं वा सक्कुलिं वा फाणिअं वा पूअं वा सिहरिणिं वा तं पुव्वामेव भुच्चा पडिग्गहं च संलिहिय संमज्जिय तओ पच्छा भिक्खूहि सद्धिं गाहावइकुलं पिंडवायपडियाए पविसिस्सामि वा णिक्खमिस्सामि वा माइट्ठाणं संफासे" इत्यत्र नवरं मद्यमांसे छेदसूत्राभिप्रायेण व्याख्येये इति वृत्तिकृद्व्याख्यातवान्, अथवा कश्चिदतिप्रमादावष्टब्धोऽत्यन्तगृध्नुतया मद्यमांसाद्यप्याश्रयेदतस्तदुपादानमिति मातृस्थान-

स्पर्शयोग्यतया नेदमपि विरुध्यते । तथा–"से भिक्खू वा भिक्खूणी वा से जं पुण जाणिज्जा बहुअट्ठिअं मंसं वा मच्छं वा बहुकंटयं' इत्यादिकं सूत्रमपि बहुपरित्यजन-धर्मकमांसाग्रहणस्य गृहस्थामन्त्रणादिविधेर्ग्रहणे सत्यपि कण्टकादिपरिष्ठापनविधेश्च प्रतिपादकम् । "अस्योपादनं क्वचिल्लूताद्युपशमनार्थं सद्वैद्योपदेशतो बाह्यपरिभोगेन स्वेदादिना ज्ञानाद्युपकारकत्वात् फलवद्दृष्टं, भुजिश्चात्र बहिः परिभोगार्थः" इति व्याख्यया न विरुद्धम् । तथा–"से भिक्खू वा भिक्खूणी वा जाव समाणे से जं पुण जाणिज्जा मंसं वा मच्छिं वा भज्जिज्जमाणं पेहाए तिल्लपूअं वा आएसाए उवक्खडिज्जमाणं पेहाए नो खद्धं खद्धं उवसंकमित्तओ भासिज्ज नन्नत्थगिलाणाए" इत्यत्र नान्यत्र ग्लानादि-कार्यादित्यनेनात्यन्तापवाद एव च्छेदसमसूत्रविषय इति न कश्चिद्विरोधः श्रुतपरिष्कृत-चेतसां प्रतिभाति ॥७-७॥

શ્રી જિનાગમમાં કોઇ સ્થાને માંસના વિષયમાં જે સૂત્રો આવે છે તે કેટલાંક છેદસૂત્રમાં જણાવેલાં પ્રાયશ્ચિત્ત સંબંધી છે, કેટલાંક બાહ્યપરિભોગ (ઉપયોગ) સંબંધી છે અને કેટલાંક અત્યંત અપવાદના વિષય છે. તેથી 'જૈન સાધુઓ મદ્ય અને માંસ વાપરતા નથી.' આ પ્રસિદ્ધિથી તે હણાતાં નથી અર્થાત્ તેનો વિરોધ આવતો નથી - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે શ્રી જિનાગમનાં તે તે સૂત્રો; ઉપર જણાવ્યા મુજબ છેદસૂત્રમાં જણાવેલા પ્રાયશ્ચિત્તના ઉપાયભૂત અર્થવિશેષને જણાવનારાં તેમ જ બાહ્ય ઉપચારપરક અને અત્યંત અપવાદના વિષયને જણાવનારાં છે. એ સૂત્રોથી જ સિદ્ધ થાય છે કે પૂ. સાધુભગવંતોને ઉત્સર્ગથી માંસભક્ષણ અત્યંત દુષ્ટ છે અને તેથી મદ્ય અને માંસને નહિ વાપરવાની પ્રસિદ્ધ વાતની સાથે તેનો લેશ પણ વિરોધ નથી. ઉપર જણાવેલા અપવાદભૂત વિષયને સમજાવતાં ગ્રંથકાર પરમર્ષિ નીચે મુજબ જણાવે છે.

**अवि य इत्थ... माइट्ठाणं संफासे** - શ્રી આચારાંગસૂત્રમાંના એ સૂત્રનો અર્થ એ છે કે 'વળી આ સ્વજનાદિકુળોમાં મનગમતી વસ્તુ મેળવીશ જેમ કે સારા સુગંધી ભાત વગેરે - પિંડ, મિષ્ટાન્ન, દૂધ, દહીં, માખણ, ઘી, ગોળ, તલ, મધ, મદિરા, માંસ, તલપાપડી, ગોળની ચાસની, પૂત અને શિખરિણી(ચાસની) વગેરે... આવું બધું મળશે, એટલે પહેલાં જ સ્વજનાદિના ઘરે જઇને એ વસ્તુઓમાંથી જે કાંઇ મળશે તેને ખાઇને કે પીને પાત્રાને બરાબર ધોઇ-લૂછીને પછી જ્યારે ભિક્ષાકાળ થાય ત્યારે (મેં ખાધું-પીધું છે-એમ ન જણાય એ રીતે)

આગંતુક સાધુઓ સાથે ગોચરી મેળવવાની ઇચ્છાથી ગૃહસ્થના ઘરે જઇશ તેમ જ ત્યાંથી પાછો આવીશ. આ પ્રમાણે વિચારવું : આ માયાસ્થાન છે. (માટે એવું વિચારવું કે કરવું નહિ.) આ સૂત્રની વ્યાખ્યામાં ટીકાકાર (વૃત્તિકૃત્) શ્રી શીલાંકાચાર્યજીએ ફરમાવ્યું છે કે - આ સૂત્રમાં જે માંસ અને મદિરાની વાત છે તેની વ્યાખ્યા છેદસૂત્રના અભિપ્રાયથી કરવી. અથવા કોઇ સાધુ અત્યંત પ્રમાદથી મૂઢ થયેલો અત્યંત આસક્તિના કારણે મદિરા અને માંસ પણ ગ્રહણ કરે; તેથી તેવી સંભાવનાને લઇને સૂત્રમાં મદ્ય અને માંસનું ઉપાદાન કર્યું છે. પરંતુ એવું કરવાથી એમ કરનારને માયાસ્થાન પ્રાપ્ત થાય છે - આ પ્રમાણે જણાવીને તેનો નિષેધ કર્યો હોવાથી આ સૂત્ર વિરુદ્ધ બનતું નથી.

તેમ જ **से भिक्खू वा... बहुकंटयं**... ઇત્યાદિ સૂત્ર પણ વિરુદ્ધ નથી. કારણ કે એ સૂત્ર, 'જેમાંથી ઘણું-ખરું ફેંકી દેવું પડે એવા માંસને ગ્રહણ ન કરવાનું જણાવવા માટેનું છે; અને ગૃહસ્થ ખૂબ જ આગ્રહ કરવા વગેરે દ્વારા તેના ઘરે લઇ જાય અને ત્યારે ગમે તે રીતે માંસ આવી ગયું હોય તો તેના કાંટા વગેરે પરઠવવાનું જણાવવા માટે છે. આ સૂત્રની વ્યાખ્યામાં વ્યાખ્યાકારશ્રીએ ફરમાવ્યું છે કે, "સારાવૈદ્યની સલાહથી લૂતા વગેરેના ઉપશમ માટે બહારથી ઉપચાર કરવા, એ રીતે માંસાદિનું ઉપાદાન (ગ્રહણ) કરાય છે. સૂત્રમાં જે **भुज्** ધાતુનો પ્રયોગ કર્યો છે, તે બાહ્યપરિભોગ સ્વરૂપ અર્થને જણાવે છે. આ પ્રમાણે ઉપચાર કરવાથી પરસેવો વગેરે થવાના કારણે લૂતા વગેરેનું ઉપશમન થાય છે જે જ્ઞાનાદિની સાધનામાં ઉપકારક બને છે."

આવી રીતે જ **से भिक्खू वा... गिलाणाए** આ સૂત્ર પણ વિરુદ્ધ નથી. સૂત્રનો તાત્પર્યાર્થ એ છે કે– "સાધુ કે સાધ્વીને જાણવા મળે કે ગૃહસ્થના ઘરમાં મહેમાન માટે માંસ, મત્સ્ય કે તેલથી પૂર્ણ એવો પૂડલો તૈયાર થઇ રહ્યો છે તો તે જોઇને જલદી જલદી ત્યાં જઇને તે માંગવું નહિ. સિવાય કે એવું ગાઢ બિમારી વગેરેનું કારણ હોય." - આ અર્થ ઉપરથી સમજી શકાશે કે ગ્લાનાદિપ્રયોજનના વિષયમાં આ તેમ જ બીજાં સૂત્રો અત્યંત અપવાદભૂત અર્થને છેદસમાન સૂત્રના વિષયરૂપે જણાવે છે. તેથી શ્રુતથી પરિકર્મિત ચિત્તવાળા આત્માને તેમાં કોઇ વિરોધ જણાતો નથી... ઇત્યાદિ કોઇ પણ જાતના પૂર્વગ્રહનો ત્યાગ કરી ઉપયોગપૂર્વક વિચારવું જોઇએ.... અહીં તો માત્ર ગ્રંથની પંક્તિઓનું જ

વિવરણ કરવાનું હોવાથી આ વિષયમાં પ્રવર્ત્તતા વિવાદ અંગે કશું જ જણાવ્યું નથી. છતાં જો જરૂર પડશે તો તે અંગે અવસરે જણાવીશ. અત્યારે એટલું યાદ રાખવું કે પૂ. સાધુસાધ્વીજી મ. મદિરા તેમ જ માંસ વાપરતા નથી : આ પ્રસિદ્ધ વાતની સાથે તે તે વાતનો વિરોધ આવતો નથી. ॥૭-૭॥

ઉપર જણાવ્યા મુજબ પોતાના શાસ્ત્રમાં અત્યંતાપવાદાદિના વિષયમાં માંસ ગ્રહણ કરવાની વાત હોવા છતાં ઉત્સર્ગમાર્ગે તો તેનો સ્પષ્ટ નિષેધ હોવાથી તે અભક્ષ્ય છે - એ વાત જણાવીને પરશાસ્ત્રમાં પણ માંસને અભક્ષ્ય માન્યું છે, એ જણાવાય છે—

**न प्राण्यङ्गसमुत्थं चेत्यादिना वोऽपि वारितम् ।**
**लङ्कावतारसूत्रादौ, तदित्येतद् वृथोदितम् ॥७-८॥**

नेति—न प्राण्यङ्गसमुत्थमित्यादिना च "न प्राण्यङ्गसमुत्थं मोहादपि शेपचूर्ण-मश्नीयाद्' इत्यादिग्रन्थेन च वोऽपि युष्माकमपि लङ्कावतारसूत्रादौ । तन्मांसभक्षणं वारितं निषिद्धम् । आदिना शीलपटलादिशास्त्रपरिग्रहः । इत्येतन्मांसभक्ष्यत्वं वृथोदितं परेण ॥७-८॥

'ભક્ષ્યાભક્ષ્યત્વની વ્યવસ્થા શાસ્ત્ર અને લોકથી સિદ્ધ થયેલી છે - એમ કહેવામાં આવે તો અમારા (બૌદ્ધ વગેરેના) શાસ્ત્રમાં માંસને અભક્ષ્ય તરીકે જણાવેલું નથી.' - આવી શંકાનું સમાધાન કરાય છે. શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. એનો આશય એ છે કે બૌદ્ધોના લંકાવતાર અને શીલપટલ વગેરે શાસ્ત્રમાં **न प्राण्यङ्गसमुत्थं मोहादपि शङ्खचूर्णमश्नीयात्** (પ્રાણીના અંગથી ઉત્પન્ન થયેલું શંખચૂર્ણ, મોહથી પણ ન ખાવું)... ઈત્યાદિ ગ્રંથથી માંસભક્ષણનો સ્પષ્ટ નિષેધ છે. તેથી બૌદ્ધોએ માંસનું ભક્ષ્યત્વ નકામું જણાવ્યું છે. નાક અને કાનની પાછળના હાડકાના ચૂર્ણને શંખચૂર્ણ કહેવાય છે. આથી સમજી શકાય છે કે બૌદ્ધોના શાસ્ત્રમાં પણ પ્રાણીના અંગથી ઉત્પન્ન થયેલું હોવા છતાં માંસભક્ષણનો નિષેધ કર્યો છે. ॥૭-૮॥

अधिकृतार्थ एव वाद्यन्तरमतनिरासायोपक्रमते—

માંસભક્ષણની માન્યતા અંગેની બીજા વાદીઓની વાતનું નિરાકરણ કરવાનો પ્રારંભ કરાય છે—

**न मांसभक्षणे दोषो, न मद्ये न च मैथुने ।**
**प्रवृत्तिरेषा भूतानां, निवृत्तिस्तु महाफला ।।७-९।।**

नेति—न नैव मांसभक्षणे दोषः कर्मबन्धलक्षणः । न मद्ये पीयमान इति गम्यते । न च मैथुने सेव्यमान इति गम्यते । यतः प्रवृत्तिः स्वभाव एषा मांसभक्षणादिका भूतानां प्राणिनाम् । निवृत्तिर्विरमणं पुनर्मांसभक्षणादिभ्यो महदभ्युदयलक्षणं फलं यस्याः सा ।।७-९।।

"માંસભક્ષણમાં દોષ નથી; મદિરાપાનમાં દોષ નથી તેમ જ મૈથુન સેવવામાં દોષ નથી. પ્રાણીઓની એ પ્રવૃત્તિ (સ્વભાવ) છે. એનાથી વિરામ પામવું - એ મહાફળવાળું છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે દ્વિજ(બ્રાહ્મણ)વાદીની એ માન્યતા છે કે માંસભક્ષણ, મદિરાપાન અને મૈથુનસેવન : એ પ્રાણીઓની સ્વભાવભૂત પ્રવૃત્તિ છે. એ કરવાથી કર્મબંધસ્વરૂપ દોષ પ્રાપ્ત થતો નથી. પરંતુ માંસભક્ષણાદિથી જે નિવૃત્તિ (વિરામ પામવું) છે તે મહાફલવાળી છે. એનાથી મહાન અભ્યુદય પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે મનુસ્મૃતિમાં જણાવ્યું છે. દ્વિજવાદીઓની એ માન્યતા સ્પષ્ટ છે... ॥૭-૯॥

દ્વિજવાદીઓની માન્યતાનું નિરાકરણ કરાય છે–

**भक्ष्यं मांसं परः प्राहानालोच्य वचनादतः ।**
**जन्मान्तरार्जनाद् दुष्टं, न चैतद् वेद यत्स्मृतम् ।।७-१०।।**

भक्ष्यमिति—परो द्विजन्मजातीयः । अतो वचनाद् । अनालोच्य पूर्वापरशास्त्रन्याय-विरुद्धताम् । मांसं भक्ष्यं प्राह । न चैतन्मांसभक्षणं जन्मान्तरार्जनादन्यभवोत्पादनाद् दुष्टं वेद जानाति । यत् स्मृतं मनुना ।।७-१०।।

માંસભક્ષણમાં દોષ નથી... ઇત્યાદિ વચનથી દ્વિજવાદીએ માંસને ભક્ષ્ય તરીકે જે જણાવ્યું છે તે, શાસ્ત્રનાં પૂર્વાપર વચનોને વિચાર્યા વિના કહ્યું છે. કારણ કે આ માંસભક્ષણ બીજા જન્મને પ્રાપ્ત કરાવનારું હોવાથી તે દુષ્ટ છે : એની તેને જાણ નથી. મનુએ આ વિષયમાં નીચે મુજબ જણાવ્યું છે - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. ॥૭-૧૦॥

મનુએ આ વિષયમાં જે જણાવ્યું છે; તે જણાવાય છે–

**मां स भक्षयिताऽमुत्र, यस्य मांसमिहाद्म्यहम् ।**
**एतन्मांसस्य मांसत्वं, प्रवदन्ति मनीषिणः ॥७-११॥**

मामिति–अत्र हि भक्षकस्य भक्षितेन भक्षणीयत्वप्राप्तिनिबन्धनजन्मान्तरार्जनादेव व्यक्तं मांसभक्षणस्य दुष्टत्वं प्रतीयत इति तददुष्टत्वप्रतिपादकं वचनमनेनैव विरुध्यते ॥७-११॥

'જેનું માંસ હું અહીં ખાઉં છું; એ મને પરલોકમાં ખાશે.' આ માંસ શબ્દની વ્યુત્પત્તિ છે.' - આ પ્રમાણે બુદ્ધિમાનો કહે છે. અગિયારમા શ્લોકનો એ અર્થ સમજી શકાય છે. અહીં માંસનું ભક્ષણ કરનારને ભક્ષિત (જેનું માંસ ખાધું છે તે) વડે પોતે ખવાય એવી અવસ્થાને પ્રાપ્ત કરાવનાર જન્માંતરની પ્રાપ્તિ થવાથી માંસભક્ષણનું દુષ્ટત્વ સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે. તેથી માંસભક્ષણમાં કોઈ દોષ નથી. (**न मांसभक्षणे दोषो**...) ઈત્યાદિ વચન **मां स भक्षयिता** આ વચનથી જ વિરુદ્ધ થાય છે, એ સારી રીતે સમજી શકાય છે. ॥૭-૧૧॥

ઉપર જણાવેલા વિરોધના પરિહાર માટે દ્વિજવાદીના તાત્પર્યને જણાવાય છે–

**निषेधः शास्त्रबाह्योऽस्तु, विधिः शास्त्रीयगोचरः ।**
**दोषो विशेषतात्पर्यान्नन्वेवं न यतः स्मृतम् ॥७-१२॥**

निषेध इति–ननु शास्त्रबाह्ये मांसभक्षणे निषेधोऽस्तु, निरुक्तबलप्राप्तनिषेधे विध्यर्थोऽन्वेतु, विधिश्च शास्त्रीयगोचरो वचनोक्तमांसभक्षणविषयोऽस्तु, एवं विशेषतात्पर्याद्विधिनिषेधवाक्यार्थयोर्विधेयनिषेध्ययोः सामानाधिकरण्येनान्वये तात्पर्यान्न दोषः "न मांसभक्षणे दोष" इत्यत्र मांसभक्षणसामान्ये दोषाभावबाधलक्षणः, अन्यथा "ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत" इत्यादावपि स्वर्गादिसामान्ये यागादिकार्यताबाधप्रसङ्गाद् । इत्थं च– "इत्थं जन्मैव दोषोऽत्र न शास्त्राद् बाह्यभक्षणम् । प्रतीत्यैष निषेधश्च न्याय्यो वाक्यान्तराद् गतः ॥१॥ [हारिभद्रीयाष्टक १८-४]" इत्यत्र नेत्यादौ पूर्वपक्षाभिप्रायेण नैवं, यतः शास्त्राद् बाह्यभक्षणं प्रतीत्यैष जन्मलक्षणो दोषो निषेधश्च निरुक्तबलप्रापित इति पूर्वव्याख्यानमेवाहृतम्, शास्त्राद् बाह्यभक्षणं प्रतीत्य सामान्यत इत्यर्थः, नैष निषेध इति तु व्याख्यानं विशेषतात्पर्ये परस्येष्टमेव, विशेषतात्पर्यग्रहणग्रहोपायमाह यतः स्मृतम् ॥७-१२॥

"શાસ્ત્રબાહ્ય માંસભક્ષણમાં નિષેધ હોય અને વિધિ શાસ્ત્રીય માંસભક્ષણમાં હોય - આ પ્રમાણેના વિશેષતાત્પર્યથી કોઇ દોષ નથી. - આનું કારણ આ પ્રમાણે (હવે પછી જણાવાય છે તેમ) કહેવાયું છે." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે **मां स भक्षयिता०** મનુસ્મૃતિના પાંચમા અધ્યાયના પંચાવનમા એ શ્લોકથી માંસભક્ષણનો નિષેધ પ્રતીત થાય છે અને **न मांसभक्षणे दोषो०** આ ત્યાંના છપ્પનમા શ્લોકથી માંસભક્ષણનું વિધાન પ્રતીત થાય છે. કારણ કે ઉપરના(પંચાવનમા) શ્લોકથી માંસભક્ષણનો નિષેધ કર્યા પછી છપ્પનમા શ્લોકથી માંસભક્ષણમાં દોષના અભાવને જણાવવાનું ખરેખર તો કોઇ જ પ્રયોજન નથી. આમ છતાં એ શ્લોક હોવાથી, એની પૂર્વેના શ્લોકથી નિષેધ કરાયે છતે છપ્પનમા શ્લોકથી વિધાન થઇ જાય છે. અને તેથી આ રીતે એક જ માંસભક્ષણમાં નિષેધ અને વિધિ બંનેનો અન્વય થવાથી વિરોધ સ્પષ્ટ છે. તેના પરિહાર માટે શાસ્ત્રબાહ્યમાં માંસભક્ષણનો નિષેધ અને શાસ્ત્રીય માંસભક્ષણમાં માંસભક્ષણનું વિધાન સમજી લેવું જોઇએ. આ રીતે વિધિવાક્યાર્થનો અન્વય વિધેય(શાસ્ત્રોક્ત માંસભક્ષણ)માં અને નિષેધવાક્યાર્થનો અન્વય નિષેધ્ય(શાસ્ત્રબાહ્ય માંસભક્ષણ)માં સામાનાધિકરણ્યથી કરવાના તાત્પર્ય સ્વરૂપ વિશેષતાત્પર્યના કારણે દોષ નથી. અર્થાત્ **न मांसभक्षणे दोषो** અહીં માંસભક્ષણસામાન્યમાં દોષાભાવનો જે બાધ થતો હતો તે થતો નથી. કારણ કે એ રીતે માંસભક્ષણસામાન્યમાં વિધિ કે નિષેધનું અહીં તાત્પર્ય નથી. પરંતુ ઉપર જણાવ્યા મુજબ માંસભક્ષણવિશેષમાં તાત્પર્ય છે.

આ પ્રમાણે વિશેષતાત્પર્ય માનવાના બદલે સામાન્યમાં જ તાત્પર્ય માનવામાં આવે તો **ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत्** અહીં પણ સ્વર્ગાદિસામાન્યમાં જે યજ્ઞાદિની કાર્યતા મનાય છે તેનો બાધ થશે. કારણ કે જ્યોતિષ્ટોમયજ્ઞથી સ્વર્ગસામાન્યની પ્રાપ્તિ થવાની હોય તો; **स्वर्गकामो यजेत्** આ વાક્યથી યજ્ઞસામાન્યને સ્વર્ગસામાન્યનું કારણ જણાવવાનું નિરર્થક બને અને તેથી યજ્ઞસામાન્ય સ્વર્ગસામાન્યનું કારણ નથી; એમ સમજવું પડે. તેથી સ્વર્ગસામાન્ય, યજ્ઞસામાન્યનું કાર્ય છે અને સ્વર્ગવિશેષ જ્યોતિષ્ટોમયજ્ઞનું કાર્ય છે - આ પ્રમાણે વિશેષતાત્પર્ય અહીં મનાય છે. વિશેષતાત્પર્યની વિવક્ષા કરવાની ન જ હોય તો અહીં ઉપર જણાવ્યા મુજબ બાધદોષ આવશે.

આથી સમજી શકાશે કે **इत्थं जन्मैव दोषोऽत्र न शास्त्राद् बाह्यभक्षणम् । प्रतीत्यैष निषेधश्च न्याय्यो वाक्यान्तराद् गतेः ॥** અષ્ટક પ્રકરણ ૧૮-૪ ॥ આ શ્લોકમાં **न** ઇત્યાદિની વ્યાખ્યા પૂર્વપક્ષના અભિપ્રાયે જે કરી છે તે માન્ય રાખી છે. કહેવાનો આશય એ છે કે **न मांसभक्षणे दोषो**... ઇત્યાદિ શ્લોકથી માંસભક્ષણમાં કોઇ દોષ નથી - આ પ્રમાણે જણાવાયું છે અને **मां स भक्षयिता**... ઇત્યાદિ શ્લોકથી માંસભક્ષકને જન્માંતરમાં પોતે બીજાનું ભક્ષ્ય બને એવો જન્મ પ્રાપ્ત થાય છે - આ પ્રમાણે જણાવાયું છે. તેથી **इत्थं जन्मैव दोषोऽत्र**... આ શ્લોકથી; એ વિરોધને જણાવતાં ફરમાવ્યું છે કે - આ રીતે માંસભક્ષકને જન્માંતરમાં બીજાના ભક્ષ્ય તરીકે થવાનો દોષ પ્રાપ્ત થવા છતાં માંસભક્ષણમાં દોષ નથી : એ કઇ રીતે કહ્યું ? કારણ કે એવા જન્મની પ્રાપ્તિ; એ જ તો મોટો દોષ છે. બીજો કયો દોષ શોધવો પડે ? અર્થાત્ બીજો કોઇ દોષ હોય કે ન પણ હોય તો ય માંસભક્ષણ કરનારને ભક્ષ્ય બનવાના જન્મની પ્રાપ્તિ થવી એ જ મોટો દોષ છે. આ પ્રમાણે સિદ્ધાંતી (માંસને અભક્ષ્ય માનનારા) જણાવે છે.

આવી સ્થિતિમાં માંસભક્ષણમાં કોઇ પણ દોષ નથી - એમ માનનારા જણાવે છે કે માંસનું ભક્ષણ કરનારને ભવાંતરમાં બીજાના (જેનું માંસ ખાધું છે તેના) ભક્ષ્ય બનવા સ્વરૂપ દોષની પ્રાપ્તિ થતી નથી. કારણ કે એ દોષ શાસ્ત્રબાહ્ય માંસભક્ષણને આશ્રયીને છે, પરંતુ શાસ્ત્રવિહિત માંસભક્ષણમાં એ દોષ નથી. માંસભક્ષણમાં (શાસ્ત્રવિહિત હોવાથી) જે દોષનો નિષેધ કર્યો છે તે બીજા વાક્યના કારણે સંગત છે અર્થાત્ હવે પછી જણાવાતાં વાક્યાંતરના કારણે એ દોષનિષેધ સંગત છે. અથવા 'જન્મ આ જ દોષ છે. પરંતુ સર્વસામાન્ય **न मांसभक्षणे दोषो**... ઇત્યાદિ શ્લોકથી દોષનો જે નિષેધ કરાય છે તે શાસ્ત્રબાહ્યભક્ષણને આશ્રયીને યોગ્ય નથી. કારણ કે શાસ્ત્રબાહ્યભક્ષણ અંગે તે નિષેધ સંગત નથી. **प्रोक्षितं**...૦ (વૈદિકમંત્રથી સંસ્કૃત માંસનું ભક્ષણ કરવું જોઇએ...) ઇત્યાદિ વાક્યાંતરથી શાસ્ત્રોક્ત માંસભક્ષણને આશ્રયીને એ દોષનો નિષેધ છે - એ જણાય છે. સામાન્યથી માંસભક્ષણને આશ્રયીને એ દોષનિષેધ નથી. આ પ્રમાણે '**इत्थं जन्मैव०**' ઇત્યાદિ શ્લોકની વ્યાખ્યા અષ્ટક-પ્રકરણમાં વ્યાખ્યાકારશ્રીએ બે પ્રકારે કરી છે.

એમાંથી પૂર્વપક્ષના અભિપ્રાયે કરેલી પ્રથમ વ્યાખ્યાનો અહીં આદર કર્યો છે. શાસ્ત્રબાહ્યમાંસભક્ષણને આશ્રયીને - સામાન્યથી દોષનો નિષેધ નથી - આ પ્રમાણેની વ્યાખ્યા વિશેષતાત્પર્યની વિવક્ષામાં બીજાને ઇષ્ટ જ છે. વિશેષતાત્પર્યની વિવક્ષા જે કારણે જણાય છે તે ઉપાયને **यतः स्मृतम्** આ ગ્રંથ દ્વારા જણાવાય છે. અર્થાત્ આગળના શ્લોકથી એ ઉપાયને જણાવવાનું **यतः स्मृतम्** આ ગ્રંથથી સૂચવ્યું છે.

અહીં યાદ રાખવું જોઇએ કે અગિયારમા શ્લોકમાં જણાવેલા વિરોધના પરિહાર માટે આ બારમા શ્લોકથી વિશેષતાત્પર્ય જણાવ્યું છે. એના અનુસંધાનમાં જ '**इत्थं जन्मैव...**' ઇત્યાદિ શ્લોકની વૃત્તિકારે શ્રી અષ્ટકપ્રકરણમાં કરેલી પ્રથમ વ્યાખ્યાનો આદર કર્યો છે... ઇત્યાદિ વિચારવું જોઇએ. ત્યાંની પ્રથમ વ્યાખ્યાનું સામાન્યથી એ તાત્પર્ય છે કે "આ રીતે જન્મ સ્વરૂપ દોષ છે : એ કહેવાનું યોગ્ય નથી. કારણ કે આ જન્મસ્વરૂપ દોષ અને માંસભક્ષણનો નિષેધ શાસ્ત્રબાહ્યભક્ષણને આશ્રયીને છે." અને દ્વિતીય વ્યાખ્યાનું તાત્પર્ય એ છે કે 'શાસ્ત્રબાહ્ય માંસભક્ષણને આશ્રયીને એટલે કે સામાન્યથી માંસભક્ષણમાં દોષનો નિષેધ સંગત નથી.' આ શ્લોકનો ભાવાર્થ સમજી લીધા પછી ટીકાની પંક્તિઓ સમજવાનું થોડું સરળ બનશે. ।।૭-૧૨।।

**यतः स्मृतम्** - આ પદથી જે જણાવાયું છે તે ગ્રંથકારશ્રી જણાવે છે અર્થાત્ 'જેથી કહેવાયું છે' - આ પ્રમાણે કહીને જે કહેવાયું હતું તે ગ્રંથકારશ્રી જણાવે છે—

**प्रोक्षितं भक्षयेन्मांसं, ब्राह्मणानां च काम्यया ।**
**यथाविधि नियुक्तस्तु, प्राणानामेव चात्यये ।।७-१३।।**

प्रोक्षितमिति—प्रोक्षितं वैदिकमन्त्राभ्युक्षितम् । भक्षयेदश्नीयात् । मांसं पिशितम् । ब्राह्मणानां च काम्ययेच्छया । द्विजभुक्तावशेषं प्रति तदनुज्ञया विधिर्न्यायो यत्र यागश्राद्धप्राघूर्णकादौ प्रक्रिया तम्यानतिक्रमेण यथाविधि । तत्र यागविधिः पशुमेधाश्वमेधादिशास्त्रसिद्धः श्राद्धविधिस्तु द्वौ मासौ मत्स्यमांसेनेत्यादिप्रसिद्धः । प्राघूर्णकविधिस्तु याज्ञवल्क्योक्तोऽयं—"महोक्षं वा महाजं वा श्रोत्रियाय प्रकल्पयेदिति" तथा नियुक्तस्तु गुरुभिर्व्यापारित एव । तथा प्राणानामेवेन्द्रियादीनामेव चात्यये विनाशे उपस्थिते इति शेषः । आत्मा हि रक्षणीयो यदाह—"सर्वत एवात्मानं गोपयेदिति" ।।७-१३।।

"બ્રાહ્મણોની અનુજ્ઞાથી વૈદિક મંત્રોથી સંસ્કૃત એવા માંસનું ભક્ષણ કરવું જોઇએ તેમ જ વિધિપૂર્વક નિયુક્ત થયેલ (અધિકારી) માણસે માંસભક્ષણ કરવું જોઇએ અને પ્રાણાદિ(ઇન્દ્રાદિ)ના નાશનો પ્રસંગ આવ્યે છતે માંસભક્ષણ કરવું જોઇએ." - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે વૈદિક મંત્રોના પાઠથી અભિમંત્રિત માંસને પ્રોક્ષિત માંસ કહેવાય છે. એ માંસ બ્રાહ્મણો ખાઇ લે, પછી જે વધે તે માંસ તેમની ઇચ્છા - અનુજ્ઞાથી ખાવું જોઇએ. એ પણ વિધિ એટલે કે ન્યાયનું ઉલ્લંઘન કર્યા વિના ખાવું, જ્યાં વિધિ; યજ્ઞ, શ્રાદ્ધ અને મહેમાન વગેરે સંબંધી પ્રક્રિયા સ્વરૂપ છે. પશુમેધ અને અશ્વમેધાદિ શાસ્ત્રપ્રસિદ્ધ વિધિ યાગવિધિ છે. બે મહિના મત્સ્યમાંસથી શ્રાદ્ધ કરવું... ઇત્યાદિ પ્રસિદ્ધ શ્રાદ્ધવિધિ છે અને યાજ્ઞવલ્ક્યમાં જણાવ્યા મુજબ મોટા બળદને અથવા મોટા બકરાને શ્રોત્રિય બ્રાહ્મણ માટે રાંધવો... ઇત્યાદિ પ્રાઘૂર્ણકવિધિ છે. એ વિધિનું ઉલ્લંઘન કર્યા વિના માંસભક્ષણ કરવું જોઇએ તેમ જ ગુરુએ જેને કહ્યું હોય એવા જ માણસે તે ખાવું જોઇએ. તેમ જ ઇન્દ્રિયો વગેરે પ્રાણોનો વિનાશ થતો હોય ત્યારે માંસ ખાવું જોઇએ. કારણ કે આત્મા ગમે તે રીતે રક્ષણ કરવા યોગ્ય છે, એ પ્રમાણે શાસ્ત્રકારો પણ કહે છે કે - "બધી રીતે આત્માની રક્ષા કરવી જોઇએ."

આથી સમજી શકાશે કે શાસ્ત્રમાં માંસભક્ષણનું વિધાન હોવાથી માંસભક્ષણનો નિષેધ કરનારાં **मां स भक्षयिता**... ઇત્યાદિ વાક્યો શાસ્ત્રબાહ્ય માંસભક્ષણને આશ્રયીને છે અને માંસભક્ષણમાં દોષનો નિષેધ કરનારાં વાક્યો (**न मांसभक्षणे दोषो**... ઇત્યાદિ વાક્યો) શાસ્ત્રવિહિત માંસભક્ષણને આશ્રયીને છે. તેથી કોઇ વિરોધ નથી. - આ પ્રમાણે પૂર્વપક્ષીની માન્યતા છે. ॥૭-૧૩॥

એ પૂર્વપક્ષના કથનનું નિરાકરણ કરાય છે—

**नैतन्निवृत्त्ययोगेन, तस्याः प्राप्तिनियन्त्रणात् ।**
**प्राप्ते तस्या निषेधेन, यत एतदुदाहृतम् ॥७-१४॥**

नैतदिति—एतद्विशेषपरत्वेन विधिनिषेधोभयसमाधानं प्रकृते न युक्तं, निवृत्त्ययोगेन मांसभक्षणनिवृत्त्यसम्भवेन । तस्या निवृत्तेः । प्राप्तिनियन्त्रणात् प्राप्तिनियमनात्, प्राप्तमेव प्रतिषिध्यत इति न्यायात् । तर्हि प्रोक्षितादिविधिना प्राप्तमेव

निषिध्यतां, न, प्राप्ते तस्या निवृत्तेर्निषेधेन निषिद्धकर्मकरणे पापप्रचयस्यैव सम्भवात् तस्या महाफलत्वानुपपत्तेः । यत एतदुदाहृतं भवद्ग्रन्थे ।।७-१४।।

"વિશેષતાત્પર્યની વિવક્ષાથી શાસ્ત્રબાહ્ય અને શાસ્ત્રીય માંસભક્ષણને આશ્રયીને નિષેધ અને વિધિનું ઉપર જણાવેલું સમાધાન યોગ્ય નથી. કારણ કે માંસભક્ષણની નિવૃત્તિનો સંભવ નથી. નિવૃત્તિ; પ્રાપ્તિથી નિયંત્રિત હોય. માંસભક્ષણ પ્રાપ્ત થયે છતે અર્થાત્ પ્રાપ્ત માંસભક્ષણમાં નિવૃત્તિનો નિષેધ કરવાથી તેનો (નિવૃત્તિનો) સંભવ નથી. કારણ કે તમારા શાસ્ત્રમાં આ પ્રમાણે (હવે પછીના શ્લોકથી કહેવાશે તેમ) જણાવ્યું છે." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે ઉપર જણાવ્યા મુજબ વિશેષ - તાત્પર્યની વિવક્ષા કરી વિધિ અને નિષેધને આશ્રયીને જે સમાધાન કરાયું છે; તે યોગ્ય નથી. કારણ કે '**न मांसभक्षणे०**' આ શ્લોકમાં જે મહાફળવાળી નિવૃત્તિ જણાવી છે તેનો સંભવ જ નથી. જેની પ્રાપ્તિ છે તેનો જ નિષેધ કરાય છે. જે પ્રાપ્ત નથી તેનો નિષેધ કરાતો નથી. શાસ્ત્રબાહ્ય માંસભક્ષણ પ્રાપ્ત જ ન હોવાથી એની નિવૃત્તિ થવાનો સંભવ નથી. આ નિવૃત્તિના અયોગને દૂર કરવા **प्रोक्षितं भक्षयेद्**... ઇત્યાદિવિધિપ્રાપ્ત માંસભક્ષણનો નિષેધ કરાય છે - એ પ્રમાણે કહી શકાય એમ નથી. કારણ કે **प्रोक्षितं भक्षयेद्** ઇત્યાદિથી માંસભક્ષણ પ્રાપ્ત થયે છતે તેનો નિષેધ કરવાના કારણે મહાફળવાળી નિવૃત્તિ સંભવતી નથી. કારણ કે શાસ્ત્રીય માંસભક્ષણનો નિષેધ કરાયા પછી નિષિદ્ધ કર્મના આચરણથી પાપના બંધનો જ સંભવ છે. તેના (નિવૃત્તિના) મહાફળની સંભાવના નથી, જેથી તમારા જ શાસ્ત્રમાં (નીચે મુજબ) જણાવ્યું છે. ।।૭-૧૪।।

તેમના ગ્રંથમાં જે કહ્યું છે તે જણાવાય છે–

**यथाविधि नियुक्तस्तु, यो मांसं नात्ति वै द्विजः ।**
**स प्रेत्य पशुतां याति, सम्भवानेकविंशतिम् ।।७-१५।।**

यथाविधीति–यथाविधि शास्त्रीयन्यायानतिक्रमेण । नियुक्तो गुरुभिर्व्यापारितः । तुः पुनरर्थः, तस्य चैवं प्रयोगः–अविधिना मांसमखादन्निर्दोष एव, यथाविधि नियुक्तः पुनः । यो मांसं नात्ति । वै इति निपातो वाक्यालङ्कारार्थः । द्विजो विप्रः । स प्रेत्य परलोके । पशुतां तिर्यग्भावं याति । सम्भवनानि सम्भवा जन्मानि तानेकविंशतिम् ।।७-१५।।

"યથાવિધિ નિયુક્ત જે બ્રાહ્મણ માંસ ખાતો નથી તે મરીને ભવાંતરમાં એકવીશ જન્મ સુધી પશુતાને પ્રાપ્ત કરે છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે, શાસ્ત્રીય નીતિનું ઉલ્લંઘન કર્યા વિના ગુરુઓ દ્વારા નિયુક્ત (અનુમત) જે બ્રાહ્મણ છે; તે જો માંસ ખાય નહિ તો તે ભવાંતરમાં મરીને એકવીશ જન્મ સુધી પશુપણાને પ્રાપ્ત કરે છે. શ્લોકમાંનું **तु** પદ **पुनर्** અર્થને જણાવનારું છે. તેથી તેનો આ રીતે પ્રયોગ કરવાનો છે - અવિધિથી માંસને નહિ ખાનારો નિર્દોષ જ છે; પરંતુ યથાવિધિ નિયુક્ત જે માંસ ખાતો નથી તે ભવાંતરમાં ઉપર જણાવ્યા મુજબ તિર્યંચપણાને પ્રાપ્ત કરે છે. આથી સમજી શકાશે કે શાસ્ત્રવિહિત માંસભક્ષણનો નિષેધ મહાઅપાયનું કારણ હોવાથી તેની નિવૃત્તિ શક્ય નથી અને શાસ્ત્રબાહ્ય માંસભક્ષણ તો પ્રાપ્ત જ નથી કે જેથી તેની નિવૃત્તિ જણાવી શકાય. આ રીતે બંને પ્રકારે નિવૃત્તિ શક્ય ન હોવાથી **निवृत्तिस्तु महाफला** એ કથન અયુક્ત છે. ॥૭-૧૫॥

પ્રાપ્ત-માંસભક્ષણની નિવૃત્તિના સંભવને જણાવનારની યુક્તિને જણાવવાપૂર્વક તેનું નિરાકરણ કરાય છે–

**अधिकारपरित्यागात्, पारिव्राज्येऽस्तु तत्फलम् ।**
**इति चेत् तदभावे नादुष्टतेत्यपि सङ्कटम् ॥७-१६॥**

अधिकारेति–अधिकारस्य गृहस्थभावलक्षणस्य परित्यागात् । पारिव्राज्ये मस्करित्वे । तत्फलं मांसभक्षणनिवृत्तिफलमस्तु । अयमभिप्रायः-गृहस्थतायां प्रोक्षितादिविशेषणं मांसं भक्षणीयमेव, तस्माच्च पारिव्राज्यप्रतिपत्तिद्वारेण विनिवर्तत इत्येवं प्राप्तिपूर्विका निवृत्तिर्मांसभक्षणस्य स्यात्, सा च सफला इति चेत्तदभावे पारिव्राज्याभावे नादुष्टता, प्राप्तिपूर्वकनिवृत्त्या अभावेऽभ्युदयादिफलाभावापत्तिलक्षणदोषपरिहार इत्यपि सङ्कटमायुष्मतः । यदाह–"पारिव्राज्यं निवृत्तिश्चेद्यस्तदप्रतिपत्तितः । फलाभावः स एवास्य दोषो निर्दोषतैव न ॥१॥" ननु प्राप्तिः प्रमाणपरिच्छेद एव स चाशास्त्रीयमांसभक्षणेऽप्यस्तीति तन्निवृत्तेः फलवत्त्वमनाबाधम्, अन्यथा "प्राप्तमेव प्रतिषिध्यत" इति मन्त्रपाठवलाज्जलहृदे वह्निरपि सिध्येत्तन्निवृत्तेस्तत्र सत्त्वाद्, वस्तुतो निषिद्धनिवृत्तिर्न धर्मजननी किं त्वधर्माभावप्रयोजिका, निषिद्धप्रवृत्तेरधर्महेतुत्वेन तदभावे तदनुत्पत्तेः । निवृत्तिपदं चात्र पारिव्राज्यपरमेव सर्वकर्मन्यासरूपस्य तस्य महाफलत्वोपपत्तेरिति न

कोऽप्यत्र दोषः, इति चेन्न, तथापि "न मांसभक्षणे दोष" इत्यत्र मांसभक्षणपदस्य शास्त्रीयमांसभक्षणपरत्वे तददुष्टत्वे साध्ये भूतप्रवृत्तिविषयत्वस्य हेतोरनैकान्तिकत्वात्, प्रवृत्तौ विहितत्वविशेषणप्रक्षेपे च विशेष्यभागस्य वैयर्थ्यात्, फलतः पक्षहेत्वोरविशेषापत्तेश्च । किं चोत्सर्गतो निषिद्धं पुष्टालम्बनसमावेशेन क्वचित्कदाचित्कस्यचिद् गुणावहमपि स्वरूपतो दुष्टतां न परित्यजति । यथा वैद्यकनिषिद्धं स्वेदकर्म ज्वरापनयनाय विधीयमानम् । न चात्र किञ्चिदालम्बनं पश्यामो विनाऽधर्मप्रवृद्धिकुतूहलादिति । अधिकं मत्कृतस्याद्वादकल्पलतायाम् ॥७-१६॥

"પરિવ્રાજકપણામાં અધિકારનો પરિત્યાગ થતો હોવાથી માંસભક્ષણની નિવૃત્તિનું મહાફળ પ્રાપ્ત થાય" - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે એ પ્રમાણે માની લેવામાં આવે તો પરિવ્રાજકપણાના અભાવમાં દોષનો અભાવ નહિ રહેવાનું સંકટ આવશે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે જ્યારે માંસ ખાવાના અધિકાર સ્વરૂપ ગૃહસ્થપણાનો પરિત્યાગ થાય છે, ત્યારે પરિવ્રાજકપણામાં માંસભક્ષણની નિવૃત્તિનું ફળ પ્રાપ્ત થાય. આશય એ છે કે ગૃહસ્થપણામાં પ્રોક્ષિતાદિ વિશેષણોથી વિશિષ્ટ (શ્લો.નં.૧૩માં જણાવ્યા મુજબ) માંસ ખાવું જ જોઈએ. પરંતુ પરિવ્રાજકપણાનો સ્વીકાર કરવાથી માંસભક્ષણથી તે નિવૃત્ત થાય છે. આ રીતે માંસભક્ષણની નિવૃત્તિ, પ્રાપ્તિપૂર્વકની થઈ શકે છે અને આ નિવૃત્તિ મહાફળવાળી છે. આ પ્રમાણેના કથનનું નિરાકરણ **तदभावे**... ઇત્યાદિ ગ્રંથથી કરાય છે.

એનો આશય એ છે કે પરિવ્રાજકપણાનો અભાવ હોય ત્યારે પ્રાપ્તિપૂર્વકની નિવૃત્તિ(માંસભક્ષણની નિવૃત્તિ)નો અભાવ હોવાથી અભ્યુદયાદિ ફળ પ્રાપ્ત નહિ થાય. તેથી મહાફળના અભાવની આપત્તિ સ્વરૂપ દોષનો પરિહાર કરવાનું પણ સંકટ પ્રાપ્ત થશે અર્થાત્ 'માંસભક્ષણમાં દોષ નથી.' એમ કહેનારાને પારિવ્રાજ્યના અભાવે મહાફળના અભાવની પ્રાપ્તિ સ્વરૂપ દોષ પ્રાપ્ત થશે. શ્રી અષ્ટકપ્રકરણમાં પણ એ પ્રમાણે જણાવ્યું છે કે— "પારિવ્રાજ્ય જ જો નિવૃત્તિ (માંસભક્ષણની નિવૃત્તિ) હોય તો તેના અસ્વીકારથી જે અભ્યુદયાદિ મહાફળનો અભાવ થાય છે તે જ મોટો દોષ છે. બીજા દોષને શોધવાની આવશ્યકતા નથી. તેથી માંસભક્ષણમાં નિર્દોષતા નથી." આથી સમજી શકાશે કે '**न मांसभक्षणे दोषः**'

અને '**निवृत्तिस्तु महाफला**' અર્થાત્ 'માંસભક્ષણમાં દોષ નથી' અને 'માંસભક્ષણની નિવૃત્તિ મહાફળવાળી છે' - આ કથન ઉચિત નથી.

અહીં પૂર્વે જણાવ્યા મુજબ પ્રાપ્તનો જ પ્રતિષેધ થતો હોવાથી માંસભક્ષણની નિવૃત્તિનો અસંભવ થાય છે. પરંતુ ખરી રીતે પ્રાપ્તિ; પ્રમાણથી પરિચ્છેદ (બોધ-જ્ઞાન) સ્વરૂપ છે. શાસ્ત્રબાહ્યમાંસભક્ષણનો પણ પ્રમાણપરિચ્છેદ થાય છે. તેથી તેનો નિષેધ શક્ય છે જેથી તેની નિવૃત્તિ મહાફળવાળી છે - એમ માનવામાં ન આવે અને **प्राप्तमेव प्रतिषिध्यते** આનો મંત્રપાઠ કરવામાં આવે તો જલહ્રદ વગેરેમાં વહ્નિ પણ કોઈવાર સિદ્ધ થશે. કારણ કે ત્યાં જલહ્રદ વગેરેમાં પણ વહ્નિનો નિષેધ તો કરાય છે જ. તેથી તેને લઈને કોઈવાર તેની પ્રાપ્તિ પણ થઈ જાય. અશાસ્ત્રીય માંસભક્ષણનો પ્રમાણપરિચ્છેદ થતો હોવાથી તે સ્વરૂપ તેની પ્રાપ્તિપૂર્વકની તેની નિવૃત્તિ મહાફળવાળી છે - એમ માનવામાં કોઈ બાધ નથી. ખરી રીતે નિષિદ્ધ વસ્તુની નિવૃત્તિ ધર્મનું કારણ નથી, પરંતુ અધર્માભાવની પ્રયોજિકા હોય છે. કારણ કે નિષિદ્ધ પ્રવૃત્તિ અધર્મનું કારણ હોવાથી એની (નિષિદ્ધની) પ્રવૃત્તિના અભાવમાં અધર્મની ઉત્પત્તિ થતી નથી. આથી **निवृत्तिस्तु महाफला** અહીં **निवृत्ति** પદ માંસભક્ષણની નિવૃત્તિને જણાવનારું નથી પરંતુ પારિવ્રાજ્યને જણાવનારું છે. સર્વ સાવદ્યકર્મના ત્યાગ સ્વરૂપ એ પારિવ્રાજ્ય હોવાથી તેનું મહાફલત્વ માનવામાં કોઈ જ અનુપપત્તિ નથી. તેથી '**न मांसभक्षणे दोषः**'... ઈત્યાદિ બરાબર જ છે. આ પ્રમાણેની શંકાનું સમાધાન **तथापि**... ઈત્યાદિ ગ્રંથથી કરાય છે.

એનો આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ **निवृत्तिस्तु महाफला** - એમાં કોઈ અનુપપત્તિ ન હોય તોપણ **न मांसभक्षणे दोषो**... અહીં માંસભક્ષણમાં દુષ્ટતાના અભાવને જણાવવા હેતુ તરીકે પ્રાણીઓની પ્રવૃત્તિના વિષયત્વને જણાવ્યો છે. તેથી "**मांसभक्षणं** (શાસ્ત્રીય માંસભક્ષણની અપેક્ષાએ) **दुष्टत्वाभाववद् भूतप्रवृत्तिविषयत्वाद् जलपानादिवत्**" - આ પ્રમાણે અનુમાનનું સ્વરૂપ છે. એમાં હેતુ વ્યભિચારી છે. કારણ કે શાસ્ત્રબાહ્યમાંસભક્ષણ પ્રાણીઓ કરતા હોવાથી **भूतप्रवृत्तिविषयत्व** શાસ્ત્રબાહ્યમાંસભક્ષણમાં છે અને ત્યાં **दुष्टत्वाभाववत्त्व** (અદુષ્ટત્વ-દોષાભાવ) નથી. આ વ્યભિચારદોષના નિવારણ માટે હેતુમાં વિહિતત્વનો નિવેશ કરી લેવાય તો વ્યભિચાર નહીં આવે. કારણ કે વિહિત એવી પ્રવૃત્તિનું

વિષયત્વ શાસ્ત્રબાહ્યમાંસભક્ષણમાં ન હોવાથી ત્યાં અદુષ્ટત્વ ન હોય તોપણ દોષ નથી. પરંતુ આ રીતે પ્રવૃત્તિમાં 'વિહિતત્વ' વિશેષણના ઉપાદાનથી વ્યભિચારનું વારણ કરવાથી 'વિહિતત્વ' હેતુ જ બરાબર છે. ભૂતપ્રવૃત્તિવિષયત્વનું ઉપાદાન નિરર્થક છે. '**मांसभक्षणमदुष्टं विहितत्वाद्**'... ઇત્યાદિ અનુમાન પર્યાપ્ત છે.

યદ્યપિ 'એ અનુમાનથી પણ શાસ્ત્રવિહિત માંસભક્ષણમાં અદુષ્ટત્વ સિદ્ધ થતું હોવાથી ભૂતપ્રવૃત્તિવિષયત્વનું ઉપાદાન નહીં કરીએ' - આ પ્રમાણે પૂર્વપક્ષી કહી શકે છે. પરંતુ **मांसभक्षण(शास्त्रविहितमांसभक्षण)मदुष्टं विहितत्वाद्** આ અનુમાનમાં વિહિતત્વ હેતુ છે અને પક્ષ, શાસ્ત્રવિહિત માંસભક્ષણ છે. પક્ષતાવચ્છેદક શાસ્ત્રવિહિતમાંસભક્ષણત્વ એટલે કે ખરી રીતે વિહિતત્વ છે. માંસભક્ષણ છે તેથી તેમાં અદુષ્ટત્વ નથી મનાતું પરંતુ તે વિહિત છે માટે તેમાં અદુષ્ટત્વ મનાય છે અર્થાત્ માંસભક્ષણત્વ સ્વરૂપે તેમાં અદુષ્ટત્વ સિદ્ધ કરાતું નથી પરંતુ વિહિતત્વરૂપે અદુષ્ટત્વ સિદ્ધ કરાય છે. આથી સમજી શકાશે કે એ અનુમાનમાં પક્ષતાવચ્છેદક અને હેતુ બંને એક જ થાય છે. **पक्षहेत्वोरविशेषापत्तेश्च** અહીં **पक्ष** પદ પક્ષતાવચ્છેદકપરક છે... ઇત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઇએ.

બીજું ઉત્સર્ગથી જેનો નિષેધ કરાયો છે તે; કોઇવાર કોઇ સ્થાને કોઇ વ્યક્તિને પુષ્ટ આલંબને ગુણનું કારણ બને તોપણ પોતાની દુષ્ટતાનો સ્વરૂપથી ત્યાગ કરતું નથી અર્થાત્ એ સ્વરૂપથી દુષ્ટ જ મનાય છે. જેમ વૈદ્યકશાસ્ત્રનિષિદ્ધ સ્વેદકર્મ, તાવને દૂર કરવા માટે કરાય છે. પરંતુ તે સ્વરૂપથી તો દુષ્ટ જ મનાય છે તેમ ઉપર જણાવ્યા મુજબ ઉત્સર્ગથી નિષિદ્ધ એવું માંસભક્ષણ પ્રોક્ષિતાદિવિશિષ્ટ હોવા માત્રથી અદુષ્ટ નહિ મનાય. કારણ કે અહીં એવું કોઇ પુષ્ટ આલંબન અમને દેખાતું નથી; સિવાય કે અધર્મને વધારનાર કુતૂહલ. આથી સમજી શકાશે કે શાસ્ત્રીયમાંસભક્ષણસ્થળે એવા કુતૂહલને છોડીને બીજું કોઇ પુષ્ટાલંબન ન હોવાથી તે માંસભક્ષણ અદુષ્ટ નથી. આથી વિશેષ જાણવાની ઇચ્છાવાળાએ ગ્રંથકારશ્રીની સ્યાદ્વાદકલ્પલતામાં જોવું જોઇએ. ॥૭-૧૬॥

માંસભક્ષણમાં દોષનું ઉદ્ભાવન કરીને હવે મદ્યપાનમાં દોષ જણાવાય છે–

**मद्येऽपि प्रकटो दोषः, श्रीह्रीनाशादिरैहिकः ।**
**सन्धानजीवमिश्रत्वान्महानामुष्मिकोऽपि च ॥७-१७॥**

मद्येऽपीति–मद्येऽपि मधुन्यपि । प्रकटो दोषः । श्रीर्लक्ष्मीः, ह्रीर्लज्जा, आदिना विवेकादिग्रहः, तन्नाशाद् । ऐहिक इहैव विपाकप्रदर्शकः । तथामुष्मिकोऽपि परभवे विपाकप्रदर्शकोऽपि । महान् दोषः । सन्धानेन जलमिश्रितवहुद्रव्यसंस्थापनेन जीवमिश्रत्वाद् जीवसंसक्तिमत्त्वात् । सन्धानवत्यप्यारनालादाविव नात्र दोष इति चेन्न, शास्त्रेणैतद्दुष्टत्वबोधनात् । तदाह–"मद्यं पुनः प्रमादाङ्गं तथा सच्चित्तनाशनम् । सन्धानदोषवत्तत्र न दोष इति साहसम् ।।१।।" मद्यस्यातिदुष्टत्वं च पुराणकथास्वपि श्रूयते । तथाहि–"कश्चिदृषिस्तपस्तेपे भीत इन्द्रः सुरस्त्रियः । क्षोभाय प्रेषयामास तस्यागत्य च तास्तकम् ।।१।। विनयेन समाराध्य वरदाभिमुखं स्थितम् । जगुर्मद्यं तथा हिंसां सेवस्वाब्रह्म वेच्छया ।।२।। स एवं गदितस्ताभिर्द्वयोर्नरकहेतुताम् । आलोच्य मद्यरूपं च शुद्ध[द्धि]कारणपूर्वकम् ।।३।। मद्यं प्रपद्य तद्भोगान्नष्टधर्मस्थितिर्मदात् । विदंशार्थमजं हत्वा सर्वमेव चकार सः ।।४।। ततश्च भ्रष्टसामर्थ्यः स मृत्वा दुर्गतिं गतः । इत्थं दोषाकरो मद्यं विज्ञेयं धर्मचारिभिः ।।५।।" इति ।।७-१७।।

"લક્ષ્મી અને લજ્જાનો નાશ વગેરે આ લોક સંબંધી પ્રગટ દોષ મદ્યપાનમાં છે તેમ જ સંધાનજીવોથી મિશ્ર હોવાથી પરલોકસંબંધી પણ મોટો દોષ છે." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે મદિરાપાનમાં પ્રકટ દોષ છે. કારણ કે તેથી લક્ષ્મી, લજ્જા અને વિવેક વગેરેનો નાશ થાય છે. લક્ષ્મી વગેરેનો નાશ, આ લોકમાં વિપાક બતાવે છે તેથી તે ઐહિક (આ લોક સંબંધી) દોષ છે. તેમ જ મદ્યપાનમાં; પરલોકમાં વિપાકને બતાવનાર આમુષ્મિકપારલૌકિક પણ દોષ છે. કારણ કે જલમિશ્રિત ઘણાં પુષ્પાદિ દ્રવ્યના સંસ્થાપન સ્વરૂપ સંધાનના કારણે તે જીવયુક્ત છે. એ જીવોની વિરાધના મદ્યપાનથી થાય છે. તેથી પરલોકસંબંધી દોષ પણ છે.

'સંધાનયુક્ત આરનાલ(ખાટી છાશ વગેરે) વગેરેની જેમ મદિરાપાનમાં દોષ નથી' - આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે શાસ્ત્રમાં 'તે દુષ્ટ છે' - એમ જણાવ્યું છે. શ્રી અષ્ટકપ્રકરણમાં એ મુજબ જણાવ્યું છે કે મદ્ય પાંચ પ્રકારના પ્રમાદનું એક અંગ છે. સચ્ચિત્તનો એ નાશ કરનારું છે અને સંધાનના જીવોથી એ યુક્ત છે. તેથી 'તેમાં દોષ નથી' - એ પ્રમાણે કહેવું એ સાહસ (અવિચારી કૃત્ય) છે. મદ્યપાનથી વિરૂપતા, વ્યાધિઓ, સ્વજનોથી પરાભવ, કાર્ય કરવાના અવસરનો નાશ, દ્વેષ, જ્ઞાનનો નાશ, સ્મૃતિ અને મતિનો નાશ, સજ્જનોની

સાથે વિયોગ અને ધર્મ અર્થ તથા કામની હાનિ વગેરે પ્રત્યક્ષસિદ્ધદોષો પ્રાપ્ત થતા હોય છે. છતાં મદ્યપાનમાં કોઇ દોષ નથી - એ કથન એટલે એક જાતની ધૃષ્ટતા છે.

મદ્યપાનની દુષ્ટતાને જણાવતાં પુરાણકથામાં જણાવ્યું છે કે– કોઇ એક ઋષિએ તપ તપ્યું. તેથી તે તપના પ્રભાવે તે ઇન્દ્ર થઇ જાય તો પોતાનું આસન નહીં રહે - એ ભયથી તે ઋષિને ક્ષોભ પમાડવા માટે ઇન્દ્રે દેવાંગનાઓને મોકલી. તે દેવીઓએ તે ઋષિની પાસે આવીને તેની વિનયપૂર્વક આરાધના કરી. વરદાનને આપવા માટે તત્પર થયેલા તે ઋષિને તે દેવીઓએ કહ્યું કે તમે મદ્યપાન કરો, હિંસાને કરો અથવા મૈથુનને સેવો ! તમારી ઇચ્છા પ્રમાણે ત્રણમાંથી કોઇ પણ એક કરો ! તે દેવીઓથી આ પ્રમાણે જણાવેલા તે ઋષિએ હિંસા અને મૈથુનને નરકના કારણ જાણીને તેમ જ મદિરા શુદ્ધ કારણોથી બનેલી છે : એમ સમજીને મદિરાને પીવાનું સ્વીકાર્યું અને તેથી તેને પીવાથી જેની ધર્મમર્યાદાનો નાશ થયો છે એવા તે ઋષિએ મદથી મદ્યપાનના વિદંશ માટે બોકડાને મારીને બધું જ કર્યું અર્થાત્ મૈથુન પણ સેવ્યું, જેથી દેવીઓના કહ્યા મુજબ બધું કરવાથી સામર્થ્ય(તપના સામર્થ્ય)થી ભ્રષ્ટ થયેલો એવો તે ઋષિ મરીને દુર્ગતિમાં ગયો. આથી ધર્મને આચરનારાઓએ આ મદ્યને દોષની ખાણ તરીકે જાણવું. આથી સમજી શકાશે કે મદ્યપાન કેટલું દુષ્ટ છે. મદ્ય, વિષય (શબ્દાદિ), કષાય (ક્રોધાદિ), વિકથા અને નિદ્રા - આ પાંચ પ્રમાદ છે. પ્રમાદના અંગભૂત મદિરા ઉભય રીતે દુષ્ટ છે. આ લોકના પ્રકટ દોષો અને પરલોકના અપ્રગટ દોષોનો વિચાર કરી મદિરાપાનથી દૂર રહેવું જોઇએ. ।।૭-૧૭।।

હવે મૈથુનને અદુષ્ટ માનનારની માન્યતાનું નિરાકરણ કરાય છે–

**नियमेन सरागत्वाद्, दुष्टं मैथुनमप्यहो ।**
**मूलमेतदधर्मस्य, निषिद्धं योगिपुङ्गवैः ।।७-१८।।**

नियमेनेति–नियमेन निश्चयेन । सरागत्वाद् "न तं विणा रागदोसेहिं" इति वचनाद् । अहो मैथुनमपि दुष्टम् । एतदधर्मस्य मूलं "मूलमेयमहम्मस्स" इत्याद्यागमात् । योगिपुङ्गवैर्भगवद्भिर्निषिद्धं भगवत्यां तस्य महाऽसंयमकारित्वप्रतिपादनात् । तदुक्तं "मेहुणं भंते ! सेवमाणस्स केरिसए असंजमे कज्जति ? गोयमा ! से जहा णामए केइ

पुरिसे वूरनलियं वा रूअनलियं वा तत्तेणं अउकणएणं समभिधंसिज्जा, मेहुणं सेवमाणस्स एरिसए असंजमे कज्जइ त्ति" ।।७-१८।।

"નિયમે કરી રાગપૂર્વકનું હોવાથી અહો ! મૈથુન પણ દુષ્ટ છે. અધર્મનું એ મૂળ છે. યોગીઓમાં શ્રેષ્ઠ એવા શ્રી તીર્થંકરપરમાત્માએ તેનો નિષેધ કર્યો છે." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો ભાવ એ છે કે મૈથુન ચોક્કસપણે રાગાદિથી થાય છે.' રાગ-દ્વેષ વિના મૈથુન થતું નથી' - આ વચન હોવાથી મૈથુન રાગપૂર્વક હોય છે - એ ચોક્કસ છે. રાગપૂર્વકની એ પ્રવૃત્તિ હોવાથી તે દુષ્ટ છે.

'**मूलमेयमहम्मस्स**' ઇત્યાદિ પાઠથી મૈથુન અધર્મનું મૂળ છે એ સિદ્ધ છે. યોગીજનોના પૂજ્ય એવા શ્રી તીર્થંકરપરમાત્માએ તેનો નિષેધ કર્યો છે. ભગવતીસૂત્રમાં તેને મહાઅસંયમના કારણ તરીકે વર્ણવ્યું છે. ત્યાં ફરમાવ્યું છે કે– 'ભદંત ! મૈથુનને સેવનારો કેવો અસંયમ કરે છે ? ગૌતમ ! જેમ કોઇ પુરુષ બૂરનલિકા કે રૂતનલિકાને તપેલા લોઢાના સળિયાથી નષ્ટ કરે તેમ મૈથુનને સેવનારો એવો અસંયમ કરે છે.' આથી સ્પષ્ટપણે સમજી શકાશે કે જે રાગપૂર્વક થાય છે, અધર્મનું મૂળ છે અને અસંયમનું કારણ હોવાથી શ્રી તીર્થંકરપરમાત્મા વડે નિષિદ્ધ છે; તે દુષ્ટ જ છે. તેને અદુષ્ટ માનવાનું કોઇ પણ રીતે ઉચિત નથી. આમ પણ મૈથુનની દુષ્ટતા સર્વજનપ્રસિદ્ધ છે. ।।૭-૧૮।।

મૈથુનને અદુષ્ટ માનનારા બ્રાહ્મણોની માન્યતાને જણાવાય છે–

**धर्मार्थं पुत्रकामस्य, स्वदारेष्वधिकारिणः ।**
**ऋतुकाले न तद् दुष्टं, क्षुधादाविव भोजनम् ।।७-१९।।**

धर्मार्थमिति–धर्मार्थं धर्मनिमित्तम् । पुत्रकामस्य सुतार्थिनः । "अपुत्रस्य हि धर्मो न भवति" "अपुत्रस्य गतिर्नास्ति" इत्यादिवचनात् । स्वदारेषु स्वकलत्रे । परकलत्रे वेश्यायां च तदधिगमस्यानर्थहेतुत्वाद् । अधिकारिणो गृहस्थस्य । ऋतुकाले आर्तवसम्भवावसरे, अन्यदा दोषभावात् । यदाह–"ऋतुकाले व्यतिक्रान्ते यस्तु सेवेत मैथुनम् । ब्रह्महत्याफलं तस्य सूतकं च दिने दिने ।।१।। तन्मैथुनं न दुष्टं भोजनमिव क्षुधादौ । उक्तकारणाश्रितं मैथुनमदुष्टं, गतरागप्रवृत्तित्वाद् वेदनादिकारणाश्रितभोजनवदिति प्रयोगः ।।७-१९।।

"ધર્મ માટે પુત્રની ઈચ્છાવાળા અધિકારીને ઋતુકાળમાં પોતાની સ્ત્રીને વિશે મૈથુન; ક્ષુધાકાળમાં જેમ ભોજન દુષ્ટ નથી તેમ દુષ્ટ નથી." આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે– **अपुत्रस्य गति र्नास्ति** અને **अपुत्रस्य हि धर्मो न भवति** અર્થાત્ પુત્રરહિત માણસની સદ્ગતિ નથી થતી અને પુત્રરહિત માણસને ધર્મ હોતો નથી... ઈત્યાદિ વચનોના આધારે સદ્ગતિ અને ધર્મની પ્રાપ્તિ માટે તે તે માણસને પુત્રને પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય છે. એ ઈચ્છાવાળા અધિકારી ગૃહસ્થને પોતાની પત્નીમાં મૈથુન દુષ્ટ નથી. પરંતુ આવા પણ ગૃહસ્થો જો પરસ્ત્રી કે વેશ્યામાં મૈથુન સેવે તો તે અનર્થનું જ કારણ બને છે. તેથી શ્લોકમાં **स्वदारेषु** આ પદ છે.

આ રીતે સ્વસ્ત્રીમાં પણ ઋતુકાળમાં જ ઉપર જણાવ્યા મુજબ મૈથુન દુષ્ટ નથી. અન્યથા ઋતુકાળને છોડીને બીજા કાળમાં તો મૈથુનમાં દોષ છે. એ વિષયમાં દોષ જણાવતાં કહ્યું છે કે, 'ઋતુકાળ ગયે છતે જે મૈથુનને સેવે છે; તેને બ્રહ્મહત્યાના પાપનું ફળ પ્રાપ્ત થાય છે; અને દરરોજ સૂતક લાગે છે.' આથી અહીં **ऋतुकाले** આ પદ છે. આથી સમજી શકાશે કે પ્રયોજનવિશેષે ઉપર જણાવ્યા મુજબ અધિકારી (વેદાદિનું અધ્યયન જેણે કરી લીધું છે) એવા ગૃહસ્થને મૈથુન દુષ્ટ નથી. ક્ષુધાની વેદના શમાવવા જેમ ભોજન દુષ્ટ નથી તેમ વિશિષ્ટ સંયોગોમાં તે રીતે મૈથુન પણ દુષ્ટ નથી. **उक्तकारणमाश्रितं मैथुनमदुष्टं गतरागप्रवृत्तिमत्त्वाद् वेदनादिकारणाश्रितभोजनवद्** અર્થાત્ ધર્મ માટે પુત્રપ્રાપ્તિના કારણે સેવાતું મૈથુન દુષ્ટ નથી. કારણ કે રાગરહિત એ પ્રવૃત્તિ છે. વેદનાદિ કારણે કરાતું ભોજન જેમ રાગરહિત પ્રવૃત્તિ સ્વરૂપ હોવાથી દુષ્ટ નથી તેમ ઉક્ત કારણે સેવાતું મૈથુન પણ દુષ્ટ નથી. આ પ્રમાણે બ્રાહ્મણોની માન્યતા છે. ॥૭-૧૯॥

બ્રાહ્મણોની એ માન્યતાનું નિરાકરણ કરાય છે–

**नैवमित्थं स्वरूपेण, दुष्टत्वान्निबिडापदि ।**
**श्वमांसभक्षणस्येवापवादिकनिभत्वतः ॥७-२०॥**

नैवमिति–एवं यथोक्तं प्राक्, तन्न, इत्थं पुत्रोत्पत्तिगुणार्थमाश्रयणे । आपवादिकनिभत्वतो विशेपविध्यर्थप्रायत्वात् । निबिडापदि श्वमांसभक्षणस्येव स्वरूपेण दुष्टत्वाद् । अयमभिप्रायः–यद्यप्यपवादेन श्वमांसाद्यासेव्यते तथापि तत्स्वरूपेण निर्दोषं न भवति ।

किं तर्हि, गुणान्तरकारणत्वेन गुणान्तरार्थिना तदाश्रीयते । एवं मैथुनं स्वरूपेण सदोषमप्याकौमाराद्यतित्वपालनासहिष्णुर्गुणान्तरापेक्षी समाश्रयते, सर्वथा निर्दोषत्वे त्वाकुमारत्वाद्यतित्वपालनोपदेशोऽनर्थकः स्याद् गार्हस्थ्यत्यागोपदेशश्चेति । धर्मार्थिनोऽपि पुंसो मैथुने मेहनविकारिणः कामोदयस्य तथाविधारम्भपरिग्रहयोश्च दोषयोरवश्यम्भावो दृश्यते । न च कामोद्रेकं विना मेहनविकारविशेषः सम्भवति भयाद्यवस्थायामिवेति । तदिदमुक्तं–"नापवादिककल्पत्वान्नैकान्तेनेत्यसङ्गतम्" ॥७-२०॥

'ઉપર જણાવ્યા મુજબ કહેવાનું ઉચિત નથી, કારણ કે આપવાદિક જેવું હોવાથી ગાઢ (અત્યંત) આપત્તિના કાળમાં કરાતા શ્વાનમાંસના ભક્ષણની જેમ સ્વરૂપથી તો તે (મૈથુન) દુષ્ટ જ છે.'' - આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે; **धर्मार्थं पुत्रकामस्य**... ઇત્યાદિ શ્લોકમાં જણાવેલી વાત બરાબર નથી. કારણ કે ધર્મ માટે પુત્રોત્પત્તિસ્વરૂપ ગુણના આલંબને મૈથુન સેવવાની પ્રવૃત્તિ આપવાદિક જેવી વિશેષવિધિરૂપ છે. અત્યંત આપત્તિમાં શ્વાનના માંસભક્ષણની પ્રવૃત્તિની જેમ સ્વરૂપથી તો દુષ્ટ જ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે અપવાદે જોકે શ્વાનનું માંસ વાપરે છે; પરંતુ તેમ કરનારા પણ સ્વરૂપથી તો તેને દુષ્ટ જ માને છે તેથી જ તો તે અંગે તેઓ પ્રાયશ્ચિત્ત સ્વીકારે છે. આવી જ રીતે સ્વરૂપે દુષ્ટ એવું પણ મૈથુન અપવાદે જ સેવાય છે. કુમારાવસ્થાથી જ સાધુપણાના પાલન માટે અસમર્થ એવા આત્માઓ ભવિષ્યમાં અનાચારાદિ દોષોથી બચવા સ્વરૂપ ગુણાંતરની અપેક્ષાએ મૈથુનને સેવે છે. આથી મૈથુન સ્વરૂપથી પણ દુષ્ટ ન હોય અને સર્વથા નિર્દોષ હોય તો કુમારાવસ્થાથી જ સાધુપણાના પાલન અંગે જે ઉપદેશ અપાય છે, તે નિરર્થક થઇ જશે અને ગૃહસ્થપણાના ત્યાગનો પણ ઉપદેશ અર્થહીન બનશે.

અપવાદે પણ ધર્મના અર્થીને સ્વરૂપથી દુષ્ટ એવા મૈથુનને સેવવાથી લિંગ(પુરુષચિહ્ન)ના વિકારવાળા કામના ઉદયથી યુક્ત એવા તેને આરંભ (હિંસા) અને પરિગ્રહનો દોષ તો અવશ્ય પ્રાપ્ત થાય છે. કામના ઉદય વિના લિંગના વિકારનો સંભવ નથી. ભય વગેરેની અવસ્થામાં એવા વિકાર ઉત્પન્ન થતા નથી. આથી આ વિષયમાં શ્રી અષ્ટકપ્રકરણમાં ફરમાવ્યું છે કે પૂર્વપક્ષી (બ્રાહ્મણો)નું કથન બરાબર નથી. કારણ કે એ મૈથુન આપવાદિક જેવું હોવાથી

સર્વથા મૈથુનમાં દોષ નથી એ પ્રમાણે કહેવાનું સંગત નથી... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઇએ. ॥૭-૨૦॥

उक्तार्थे मानमाह–

આપવાદિક જેવું મૈથુન પણ દુષ્ટ છે : આ વાતનું સમર્થન કરાય છે–

**वेदं ह्यधीत्य स्नायाद् यत्, तत्रैवाधीत्यसङ्गतः ।**
**व्याख्यातस्तदसावर्थो, ब्रूते हीनां गृहस्थताम् ॥७-२१॥**

वेदं हीति-यद्यस्मात् । वेदमृगादिकम् । हिशब्दो वाक्यालङ्कारार्थः । अधीत्य पठित्वा । स्नायात् कलत्रसङ्ग्रहाय स्नानं कुर्याद् । इत्यत्र वेदवाक्ये वेदव्याख्यातृभिरेवाध्याहृत एवकारः । अधीत्य सङ्गतोऽधीत्यपदसमभिव्याहृतो व्याख्यातः । वेदानधीत्यैव स्नायात्, न त्वनधीत्येत्यवधारणात्तत्स्माद्वेदमधीत्य स्नायादेवेत्यनवधारणाद् । असावर्थो गृहस्थतां कलत्रसङ्ग्रहलक्षणां हीनामौत्सर्गिकमैथुनपरिहारापेक्षया जघन्यामापवादिकीं ब्रूते । तदुक्तं–"वेदं ह्यधीत्य स्नायाद्यदधीत्यैवेति शासितम् । स्नायादेवेति न तु यत्ततो हीनो गृहाश्रमः ॥१॥ तत्र चैतदिति" ॥७-२१॥

'વેદનું અધ્યયન કર્યા પછી સ્નાન કરવું જોઇએ - આ અર્થને જણાવનારા '**वेदं ह्यधीत्य स्नायाद्**' આ પાઠમાં તેના વ્યાખ્યાતાઓએ જે કારણથી **अधीत्य**સંગત **एव**કારનો અધ્યાહાર કર્યો છે. તેથી તે; ગૃહસ્થાવસ્થાની હીનતાને જણાવે છે.' - આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે '**वेदं ह्यधीत्य स्नायाद्**' અર્થાત્ ઋગ્ વગેરે વેદનું અધ્યયન કરીને પત્નીના સંગ્રહ માટે સ્નાન કરવું જોઇએ - આ પ્રમાણે પાઠ છે. એ પાઠના વ્યાખ્યાતાઓએ **अधीत्य** પછી **एव** પદનો અધ્યાહાર કરીને એ જણાવ્યું છે કે વેદનું અધ્યયન કર્યા પછી જ પત્નીના સંગ્રહ માટે સ્નાન કરવું જોઇએ. વેદાધ્યયન કર્યા પછી સ્નાન કરવું જ (પત્નીનો સંગ્રહ કરવો જ) જોઇએ આવા અર્થને જણાવનાર **एव**નો અધ્યાહાર **स्नायाद्** આ પદ પછી કર્યો નથી. પત્નીનો સંગ્રહ કરવો હોય તો તે વેદાધ્યયન પછી જ કરવો, વેદાધ્યયન પૂર્વે નહિ. આવો અર્થ તેઓએ જણાવ્યો છે. તેથી વેદનું અધ્યયન કર્યા પછી પત્નીના સંગ્રહ માટે સ્નાન કરવું જ જોઇએ એવો અર્થ થતો નથી.

એથી સમજી શકાશે કે પત્નીના સંગ્રહ સ્વરૂપ ગૃહસ્થતાને; ઉત્સર્ગથી સર્વથા મૈથુનના પરિહારની અપેક્ષાએ આપવાદિક-જઘન્ય(હીન) જણાવાય છે. આ વાતને અનુલક્ષીને શ્રી અષ્ટકપ્રકરણમાં જણાવ્યું છે કે "**वेदं ह्यधीत्य स्नायाद्** આ પદની વ્યાખ્યા કરતી વખતે અધ્યયન કરીને જ સ્નાન કરવું એમ જણાવ્યું છે. અધ્યયન કરીને સ્નાન કરવું જ એવો અર્થ જણાવ્યો નથી. તેથી ગૃહસ્થાશ્રમ (પત્નીનો સંગ્રહ કરવા સ્વરૂપ ગૃહસ્થતા) હીન છે. આ ગૃહસ્થાવસ્થામાં મૈથુન છે, તેથી તે પણ હીન છે." - એ સમજી શકાય છે. ॥૭-૨૧॥

હીન-ગૃહસ્થાશ્રમમાં મૈથુન છે : આમ કહેવાના આશયને જણાવાય છે–

**अदोषकीर्त्तनादस्य, प्रशंसा तदसङ्गता ।**
**विध्युक्तेरिष्टसंसिद्धे, र्बहुलोकप्रवृत्तितः ॥७-२२॥**

अदोषेति–तत्तस्माद् । अस्य मैथुनस्य । अदोषकीर्तनाद् दोषाभावप्रतिपादनात् । "न च मैथुन" इति वचनेन प्रशंसाऽसङ्गताऽन्याय्या । विध्युक्तेराप्तत्वाभिमतकृतप्रशंसया विध्युन्नयनाद् । इष्टसंसिद्धेरिष्टसाधनत्वनिश्चयात् । परलोकभयनिवृत्तेर्वहूनां लोकानां तत्र प्रवृत्तितः ॥७-२२॥

"હીન એવા ગૃહસ્થપણામાં મૈથુન હોવાથી; તેમાં દોષ નથી એવું કહેવાના કારણે થતી મૈથુનની પ્રશંસા સંગત નથી. કારણ કે આ રીતે થતી પ્રશંસાના કારણે તેના વિધિનું જ્ઞાન થવાથી ઇષ્ટસાધનતાના જ્ઞાનને લઇને તેમાં (મૈથુનમાં) ઘણા લોકોની પ્રવૃત્તિ થાય છે." - આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અર્થ છે.

આશય એ છે કે '**न मांसभक्षणे दोषो न मद्ये न च मैथुने**' આ રીતે મૈથુનમાં દોષાભાવનું પ્રતિપાદન થવાના કારણે થતી તેની પ્રશંસા સંગત નથી. અર્થાત્ યોગ્ય નથી. આવી પ્રશંસા કરવાથી તે આપ્ત પુરુષોને માન્ય છે; એમ સમજાયાથી 'તે વિહિત છે'; એવું વિધિજ્ઞાન થાય છે. વિહિતમાં ઇષ્ટસાધનતાનું જ્ઞાન થવાથી પરલોકમાં એ અનિષ્ટપ્રદ નથી બનતું; એમ માનીને ઘણા લોકોનો પરલોકનો ભય જતો રહે છે અને તેથી નિઃશંકપણે તેઓ તેમાં પ્રવૃત્તિ કરનારા બને છે. આથી '**न च मैथुने**' ઇત્યાદિ કથન દ્વારા કરાતી મૈથુનની પ્રશંસા અસંગત છે... ઇત્યાદિ શાંતિચિત્તે વિચારવું જોઇએ. અપવાદે પણ કરાતી પ્રવૃત્તિ બધા માટે ઉપાદેય

નથી - એ યાદ રાખવું જોઈએ. અન્યથા માર્ગ અને ઉન્માર્ગ વચ્ચેનો ભેદ સમજવાનું શક્ય નહિ બને. દુષ્ટ કામ કરવું અને દુષ્ટ કામનો ઉપદેશ આપવો : એ બંનેમાં જે ફરક છે તે આપણે સમજી શકીએ છીએ. ધર્મના નામે કેવી કેવી દુષ્ટ પ્રવૃત્તિઓનું વિધાન થાય છે : એનો આથી સ્પષ્ટપણે ખ્યાલ આવી જાય છે. મિથ્યાત્વ અને કદાગ્રહ આત્માને પોતાના શુદ્ધ સ્વરૂપથી ખૂબ જ દૂર રાખે છે. જે વાત લોકને સમજાય છે તે વાત જ્યારે કહેવાતા શાસ્ત્રકારોને ન સમજાય ત્યારે ખૂબ જ વિચિત્ર પરિસ્થિતિ સર્જાય છે. અન્યદર્શનો લગભગ આવી જ પરિસ્થિતિથી ગ્રસ્ત છે. 'ધર્મ માટે પુત્રની જરૂર છે અને તે માટે મૈથુનની આવશ્યકતા છે.' ખૂબ જ વિચિત્ર અને બુદ્ધિહીન એ વાત છે. ॥૭-૨૨॥

આપવાદિક પણ મૈથુનની દુષ્ટતા બીજી રીતે જણાવાય છે–

**निवृत्तिः किं च युक्ता भोः, सावद्यस्येतरस्य वा ।**
**आद्ये स्याद् दुष्टता तेषामन्त्ये योगाद्यनादरः ।।७-२३।।**

निवृत्तिरिति–किं च भोः सावद्यस्य कर्मणो निवृत्तिर्युक्ता धर्मकारिणीतरस्यानवद्यस्य वा? आद्ये पक्षे तेषां मांसमद्यमैथुनानां दुष्टता स्याद्, अन्त्ये पक्षे योगादेरनादरः स्यात्, अनवद्यस्य तस्य मांसादेरिव निवृत्तेरिष्टत्वादिति न किञ्चिदेतत् ।।७-२३।।

"નિવૃત્તિ; સાવદ્યની યુક્ત હોય છે કે અસાવદ્યની ? સાવદ્યની નિવૃત્તિ હોય છે - એ માનવામાં આવે તો માંસ, મદિરા અને મૈથુનને દુષ્ટ (સાવદ્ય) માનવાનો પ્રસંગ આવશે અને નિરવદ્યની નિવૃત્તિ હોય છે - એમ માનવામાં આવે તો યોગાદિનો અનાદર થશે." આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે "માંસભક્ષણ મદ્યપાન અને મૈથુનસેવનમાં કોઈ દોષ નથી. પરંતુ તેની નિવૃત્તિ મહાફળનું કારણ છે." - આ પ્રમાણેની માન્યતાવાળા બ્રાહ્મણવાદીને પૂછવાનું કે સાવદ્યની નિવૃત્તિ મહાફળવાળી છે કે પછી નિરવદ્યની નિવૃત્તિ મહાફળવાળી છે ?

આમાંથી પ્રથમ પક્ષનો સ્વીકાર કરી સાવદ્યની નિવૃત્તિને ધર્મના કારણ તરીકે જણાવાય તો માંસ, મદ્ય અને મૈથુનને દુષ્ટ માનવા પડશે. કારણ કે તેની નિવૃત્તિને મહાફળવાળી-ધર્મકારણ તરીકે વર્ણવી છે. આથી છેલ્લો પક્ષ સ્વીકારીને નિરવદ્યની નિવૃત્તિ ધર્મનું કારણ છે એમ જણાવાય તો યોગાદિના

અનાદરનો પ્રસંગ આવશે. કારણ કે નિરવદ્ય યોગ, યોગનાં અંગો વગેરેની નિવૃત્તિ મહાફળને આપનારી હોય તો માંસાદિની નિવૃત્તિની જેમ અનવદ્ય યોગાદિની નિવૃત્તિ ઇષ્ટ છે. પ્રવૃત્તિ કરતાં નિવૃત્તિ જ ઇષ્ટ છે. તેથી યોગાદિમાં આદર નહીં રહે. આથી સમજી શકાશે કે 'માંસભક્ષણાદિમાં દોષ નથી. પરંતુ તેની નિવૃત્તિ મહાફળને આપનારી છે.' - આ વાતમાં તથ્ય નથી. ॥૭-૨૩॥

કેટલાક લોકોની મૈથુન અંગેની જે માન્યતા છે તે જણાવવા પૂર્વક તેનું નિરાકરણ કરાય છે—

**माध्यस्थ्यं केचिदिच्छन्ति, गम्यागम्याविवेकतः ।**
**तन्नो विपर्ययादेवानर्गलेच्छानिरोधतः ॥७-२४॥**

माध्यस्थ्यमिति—केचिन्मण्डलतन्त्रवादिनः । गम्यागम्ययोरविवेकतो व्यवस्थानाद् माध्यस्थ्यमिच्छन्ति। अन्यथा गम्यायां रागेण अगम्यायां च द्वेषादिना माध्यस्थ्यभङ्गात् । समप्रवृत्तौ च न सङ्क्लेश इति । तन्नो नैव युक्तम् । विपर्ययादेव गम्यागम्यविवेकादेव । अनर्गलाया अमर्यादाया इच्छाया मोहविकाररूपाया निरोधतः । निरुद्धायाश्चेच्छायाः स्वल्पेन्धनाग्नेरिव स्वल्पकालस्थितिकत्वाद्देशनिवृत्तिगर्भत्वेन च माध्यस्थ्यबीजत्वमिति गम्यागम्यविवेकधर्माहितशुभाशयादेव चाचिरेण परममाध्यस्थ्यमप्युपपद्यत इति भावः ॥७-२४॥

"ગમ્ય અને અગમ્યના વિવેકના અભાવે માધ્યસ્થ્યને કેટલાક લોકો માને છે - તે યુક્ત નથી. કારણ કે ખરી રીતે તો ગમ્ય અને અગમ્યના વિવેકથી જ મર્યાદા બહારની ઇચ્છાનો નિરોધ થતો હોવાથી માધ્યસ્થ્ય પ્રાપ્ત થાય છે." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કેટલાક મંડલતંત્રવાદીઓનો કહેવાનો આશય એ છે કે મૈથુન સેવવામાં ગમ્ય કે અગમ્યનો વિવેક કરવામાં આવે તો રાગ-દ્વેષના અભાવ સ્વરૂપ માધ્યસ્થ્ય રહેતું નથી. કારણ કે ગમ્ય સ્ત્રીમાં મૈથુન સેવવાથી રાગ થાય છે અને અગમ્ય સ્ત્રીની પ્રત્યે દ્વેષ વગેરે થાય છે. તેથી ગમ્ય અને અગમ્ય વ્યક્તિને વિશે સમાન પ્રવૃત્તિ થવાથી માધ્યસ્થ્ય જળવાય છે, સંક્લેશ થતો નથી.

પરંતુ આ પ્રમાણે મંડલતંત્રવાદીઓનું કથન યુક્ત નથી. કારણ કે ગમ્યાગમ્યના અવિવેકથી નહિ પણ તેના વિપર્યયથી એટલે કે ગમ્યાગમ્યના

વિવેકથી જ સંક્લેશ દૂર થાય છે. રાગ-દ્વેષની પરિણતિને સંક્લેશ કહેવાય છે. ગમ્યાગમ્યના અવિવેકના કારણે મૈથુનની ઈચ્છા અનર્ગલ-હદ ઉપરાંત હોય છે. ગમ્યાગમ્યના વિવેકથી મોહના વિકાર સ્વરૂપ એ ઈચ્છાનો નિરોધ થવાથી સહજ રીતે જ સંક્લેશ નાશ પામે છે. નિરોધ કરાયેલી ઈચ્છા, અલ્પ બળતણવાળા અગ્નિની જેમ ખૂબ જ અલ્પકાળ રહેતી હોય છે. ગમ્યાગમ્યના વિવેકથી અગમ્યની નિવૃત્તિને લઈને દેશથી નિવૃત્તિથી યુક્ત ઈચ્છાનો નિરોધ થાય છે. તેથી નિરુદ્ધ (વિવેકથી નિરોધ કરાયેલી) ઈચ્છા માધ્યસ્થ્યનું કારણ બને છે. આથી સ્પષ્ટ છે કે આ રીતે ગમ્યાગમ્યના વિવેકથી ઉત્પન્ન થયેલ શુભ આશય(અગમ્યથી નિવૃત્ત થવાદિના શુભ આશય)થી અલ્પકાળમાં જ પરમ કોટિનું માધ્યસ્થ્ય પ્રાપ્ત કરાય છે.

અહીં યાદ રાખવું જોઈએ કે રાગ-દ્વેષાદિના અભાવ સ્વરૂપ સંક્લેશાભાવને માધ્યસ્થ્ય કહેવાય છે. અપ્રશસ્ત વિષયમાં પ્રવૃત્તિ કરવી પડે અને કરીએ : એ બેમાં ઘણું અંતર છે. અપ્રશસ્ત વિષયથી નિવૃત્તિ જેટલી વધારે થશે એટલી સંક્લેશની નિવૃત્તિ પણ વધારે થશે. જ્ઞાનાદિ પ્રશસ્ત વિષયમાં જેટલી પ્રવૃત્તિ વધશે તેટલી સંક્લેશની નિવૃત્તિ પણ અધિક પ્રમાણમાં થશે, જે માધ્યસ્થનું એકમાત્ર બીજ છે. 'અપ્રશસ્ત વિષયમાં પ્રવૃત્તિ કરવી, પણ નિર્લેપભાવે કરીએ; તેથી માધ્યસ્થ્ય પ્રાપ્ત થાય છે.' : આવી માન્યતા લગભગ આજે પ્રચલિત છે. વાસ્તવિકતા તો એ છે કે એવી પ્રવૃત્તિ કરવી પડે તો નિર્લેપ રહેવું એ માધ્યસ્થ્યનું બીજ છે. એ બંનેમાં જે ફરક છે તે ન સમજાય એવો નથી. 'રાગદ્વેષ વગર કરવું અને કરતી વખતે રાગદ્વેષ ન કરવા' : આ બે વચ્ચેનો ભેદ સમજ્યા વિના માધ્યસ્થ્ય બંન્નેમાં પગ રાખવા માટે ઉપયોગી બનશે. બંન્નેમાંથી પગ નીકળી જાય : એ માટે જે કરવું પડે તે કરવાથી માધ્યસ્થ્ય સચવાય છે. વર્તમાનમાં જે માધ્યસ્થ્ય પ્રસિદ્ધ છે; તે વાસ્તવિક નથી... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. ||૭-૨૪||

ઉપર જણાવ્યા મુજબ ભક્ષ્યાભક્ષ્ય અને ગમ્યાગમ્યના વિવેકનું વ્યવસ્થાપન કરીને તપવિશેષનું સમર્થન કરાય છે. તેમાં પ્રથમ તપનો અનાદર કરનારના અભિપ્રાયને જણાવાય છે–

**नाद्रियन्ते तपः केचिद्, दुःखरूपतयाऽबुधाः ।**
**आर्त्तध्यानादिहेतुत्वात्, कर्मोदयसमुद्भवात् ।।७-२५।।**

नेति–केचिदबुधास्तपो दुःखरूपतया नाद्रियन्ते, सर्वेषामेव दुःखिनां तपस्वित्वाविशेषापत्तेः, दुःखविशेषेण च तद्विशेषप्रसङ्गात् । तदाह–"सर्व एव च दुःख्येवं तपस्वी सम्प्रसज्यते । विशिष्टस्तद्विशेषेण सुधनेन धनी यथा ।।१।। महातपस्विनश्चैवं तन्नीत्या नारकादयः । शमसौख्यप्रधानत्वाद् योगिनस्त्वतपस्विनः ।।२।। इति । दुःखरूपत्वं चोपवासादिरूपस्य तपसः कायपीडारूपस्यार्तध्यानादिहेतुत्वात् । तदाह– "आहारवर्जिते देहे धातुक्षोभः प्रजायते । तत्र चाधिकसत्त्वोऽपि चित्तभ्रंशं समश्नुते ।।१।।" तथा कर्मोदयादसातवेदनीयोदयात् समुद्भवादुत्पत्तेः ज्वरादिवत् । ततश्चानर्थहेतुत्वात्त्याज्यमेव, न तु लोकरूढ्या कर्तव्यमिति भावः ।।७-२५।।

"કેટલાક લોકો; આર્ત્તધ્યાનાદિનું કારણ હોવાથી અને કર્મના ઉદયથી થતું હોવાથી દુઃખરૂપ એવા તપનો આદર કરતા નથી." - આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે કેટલાક અબુધ લોકો તપનો આદર કરતા નથી. કારણ કે તે દુઃખસ્વરૂપ છે. દુઃખસ્વરૂપ હોવા છતાં તેને જો તપ તરીકે મનાતું હોય તો બધા જ દુઃખી જનોને તપસ્વી સ્વરૂપ માનવા પડશે. દુઃખવિશેષને લઈને તો તપવિશેષનો પ્રસંગ આવશે. આ આશયને જણાવતાં શ્રી અષ્ટકપ્રકરણમાં જણાવ્યું છે કે - 'બધા જ દુઃખી લોકોને આ રીતે તપસ્વી માનવા પડશે; દુઃખવિશેષના કારણે વિશિષ્ટ તપસ્વી માનવા પડશે. જેમ ધનવિશેષના કારણે ધનવાન કહેવાય છે તેમ દુઃખવિશેષના કારણે તપસ્વી માનવાનો પ્રસંગ આવશે.' આ રીતે તો મહાદુઃખી એવા નારકીઓને મહાતપસ્વી માનવા પડશે અને શમના સુખના કારણે જેઓ પરમસુખી છે એવા યોગી જનોને અતપસ્વી માનવા પડશે.

ઉપવાસાદિ તપને તે અબુધ લોકો દુઃખસ્વરૂપ માને છે. કારણ કે તે કાયપીડાસ્વરૂપ તપ આર્ત્તધ્યાનાદિનું કારણ છે. આ પ્રમાણે શ્રી અષ્ટકપ્રકરણમાં કહ્યું છે કે - 'આહારથી વર્જિત એવા શરીરમાં ધાતુઓનો ક્ષય થાય છે. તે અવસ્થામાં અધિક સત્ત્વવાળા જીવોને પણ ચિત્તભ્રંશ થાય છે.' - આથી સ્પષ્ટ છે કે આર્ત્તધ્યાનાદિનું કારણ હોવાથી તપ દુઃખ-સ્વરૂપ છે તેમ જ અશાતાવેદનીયકર્મના ઉદયથી તપનો ઉદ્ભવ હોવાથી તાવ વગેરેની જેમ તપ દુઃખસ્વરૂપ છે. આથી સમજી શકાશે કે અનર્થનું કારણ હોવાથી આ તપ ત્યાગ

કરવા યોગ્ય છે. લોકની માન્યતા મુજબ નહિ કરવું જોઈએ. - આવું કેટલાક પરમાર્થથી અજાણ લોકો કહે છે. ॥૭-૨૫॥

અબુધ લોકોની માન્યતાનું નિરાકરણ કરાય છે—

**यथासमाधानं विधेरन्तःसुखनिषेकतः ।**
**नैतज्ज्ञानादियोगेन, क्षायोपशमिकत्वतः ॥७-२६॥**

यथेति—नैतत्परोक्तं युक्तम् । यथासमाधानं मनइन्द्रिययोगानां समाधिमनतिक्रम्य विधेः "सो य तवो कायव्वो जेण मणो मंगुलं ण चिंतेइ । जेण ण इंदियहाणी जेण य जोगा ण हायंति ॥१॥" इत्यागमेन विधानाद् । अन्तर्मनसि भावारोग्यलाभसम्भावनातः सुखस्य निषेकतो निक्षेपाद् । इत्थमपि कदाचित्कस्यचिद्भवन्त्या अपि देहपीडाया आर्तध्यानाद्यहेतुत्वाद् वंहीयसा मानससुखेनाल्पीयस्याः कायपीडायाः प्रतिरोधात् । तदुक्तं—"मनइन्द्रिययोगानामहानिश्चोदिता जिनैः । यतोऽत्र तत्कथं न्वस्य युक्त्या (क्ता) स्याद्दुःखरूपता ॥१॥ यापि चानशनादिभ्यः कायपीडा मता (मनाक्) क्वचित् । व्याधिक्रियासमा सापि नेष्टसिद्ध्यात्र बाधनी ॥२॥ दृष्टा चेष्टार्थसंसिद्धौ कायपीडा ह्यदुःखदा । रत्नादिवणिगादीनां तद्वदत्रापि भाव्यताम् ॥३॥" इति । तथा ज्ञानादीनामादिना शमसंवेगसुखब्रह्मगुप्त्यादिग्रहः, योगेन सम्बन्धेन । क्षायोपशमिकत्वतश्चारित्रमोहनीयकर्मक्षयोपशमसमुद्भवत्वान्न तप औदयिकत्वादनादरणीयम् । तदाह—"विशिष्टज्ञानसंवेगशमसारमतस्तपः । क्षायोपशमिकं ज्ञेयमव्याबाधसुखात्मकम् ॥१॥" शमादय एव क्षायोपशमिका न तु तप इति चेन्न गुणसमुदायरूपस्य तपसोंऽशविवेचनेन पृथक्करणेऽतिप्रसङ्गात् । क्रोधादिदोषविरोधेन शमादीनामिव प्रमादादिदोषविरोधेन तपसोऽप्यात्मगुणत्वाच्च । क्वचिदार्तध्यानादिदोषसहचरितत्वदर्शनेन तपसस्त्याज्यत्वे च क्वचिदहङ्कारादिसहचरितत्वाज्ज्ञानमपि त्याज्यं स्यात् । विवेकिनां ज्ञानं न तथेति चेद्विवेकिनां तपोऽप्येवमिति समानमुत्पश्यामः ॥७-२६॥

"તપને દુઃખસ્વરૂપ માનનારા અબુધ લોકોની માન્યતા બરાબર નથી. કારણ કે તે તપ મન અને ઇન્દ્રિયોની સમાધિનું અતિક્રમણ કર્યા વિના કરાય છે. તે વખતે આંતરિક સુખની પ્રાપ્તિ થતી હોય છે તેમ જ જ્ઞાનાદિપૂર્વક તે તપ કરાતું હોવાથી ક્ષાયોપશમિક છે." - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ 'આર્ત્તધ્યાનાદિનું કારણ હોવાથી અને કર્મના

કારણે ઉદ્ભવતું હોવાથી દુઃખસ્વરૂપ તપ આચરવા જેવું નથી.' - આ પ્રમાણેની પૂર્વપક્ષીની માન્યતા બરાબર નથી. કારણ કે મન અને ઈન્દ્રિયોના યોગોની સમાધિનું ઉલ્લંઘન કર્યા વિના અર્થાત્ એ યોગોને અસમાધિ ન થાય એ રીતે તપ કરાય છે. આગમમાં જણાવ્યું છે કે તપ એવી રીતે કરવાનો છે કે જેથી મન ખરાબ વિચાર ન કરે, ઈન્દ્રિયોની હાનિ ન થાય અને સંયમના જ્ઞાનાદિ યોગોની હાનિ ન થાય. આ રીતના વચનથી તપ કરાય છે તેથી તે દુઃખસ્વરૂપ થતો નથી તેમ જ આર્ત્તધ્યાનનું કારણ પણ બનતો નથી. પરંતુ તેવા પ્રકારની તપની આરાધનાથી ભાવારોગ્યના લાભની સંભાવનાથી મનમાં સુખની પ્રાપ્તિ થાય છે.

આમ છતાં કોઈ વાર કોઈ તપસ્વીને દેહને પીડા થતી હોવા છતાં પુષ્કળ એવા માનસિક સુખના કારણે અલ્પ એવી શરીરની પીડાનો પ્રતિરોધ થાય છે. અર્થાત્ શરીરની પીડા, પીડારૂપે જણાતી નથી. આ જ વિષયમાં શ્રી અષ્ટકપ્રકરણમાં ફરમાવ્યું છે : 'મન, ઈન્દ્રિયો અને સંયમના યોગોની હાનિ અહીં (તપમાં) થતી નથી; તો કઈ રીતે આ તપની દુઃખરૂપતા વર્ણવાય છે ? અનશનાદિ તપને લઈને જે કોઈ વાર કાયપીડા થાય છે; તે રોગની ચિકિત્સા વખતની પીડાની જેમ ઈષ્ટ એવા ફળ(નિર્જરાદિ)ની સિદ્ધિના કારણે ફળની પ્રત્યે બાધક બનતી નથી. ઈષ્ટ અર્થની સિદ્ધિ થતી હોય તો કાયાની પીડા દુઃખને આપનારી બનતી નથી : એ લોકમાં પ્રત્યક્ષસિદ્ધ છે. રત્નોનો વ્યાપાર કરનારા વ્યાપારીના દૃષ્ટાંતથી અહીં પણ એ રીતે વિચારવું જોઈએ.

તેમ જ જ્ઞાન, શમ, સંવેગ અને બ્રહ્મચર્યની ગુપ્તિ વગેરેના સંબંધવાળો તપ; ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી થાય છે. તેથી તે ઔદયિકભાવથી થયેલો ન હોવાથી અનાદર કરવા યોગ્ય નથી. શ્રી અષ્ટકપ્રકરણમાં એ વાત જણાવતાં ફરમાવ્યું છે કે 'સમ્યગ્દર્શનાદિના કારણે વિશિષ્ટ બનેલા જ્ઞાન, સંવેગ અને ઉપશમ વગેરેની પ્રધાનતાથી યુક્ત હોવાથી ક્ષાયોપશમિકભાવનો તપ જાણવો જોઈએ. તે તપ અવ્યાબાધ સુખ સ્વરૂપ છે.

'જ્ઞાન, શમ અને સંવેગાદિના સંબંધવાળો તપ ખરી રીતે તો ઔદયિકભાવનો જ છે. એમાં શમ, જ્ઞાન અને સંવેગ વગેરે ક્ષયોપશમભાવના છે.' - આવી શંકા કરવી ના જોઈએ. કારણ કે જ્ઞાનાદિસમન્વિત જ અનશનાદિ તપ ગુણના સમુદાય સ્વરૂપ છે. કેવલ અનશનાદિસ્વરૂપ તપ નથી. ગુણના

સમુદાય સ્વરૂપ તપમાંથી જ્ઞાનાદિ અંશોને ક્ષાયોપશમિકભાવના માનીને કેવલ અનશનાદિને તપ માનવામાં આવે તો માત્ર અનશનાદિને કરનારા ભિખારીઓને પણ તપસ્વી માનવાનો પ્રસંગ આવશે. ભિખારી વગેરેના અનશનાદિને કોઈ જ તપ તરીકે વર્ણવતું નથી. તેથી તે અતિપ્રસંગના નિવારણ માટે જ્ઞાનાદિસમન્વિત જ અનશનાદિને તપ મનાય છે. માત્ર અનશનાદિ સ્વરૂપ અંશને લઈને તપને ઔદયિક માનવાનું ઉચિત નથી. પરંતુ ખરી રીતે તો તપ આત્માના ગુણ સ્વરૂપ છે. ક્રોધાદિ કષાયના નિરોધ વડે ઉત્પન્ન થનારા શમાદિ ગુણો; જેમ આત્માના ગુણો છે તેમ પ્રમાદ, આહારસંજ્ઞા વગેરે દોષોના નિરોધ વડે પ્રાપ્ત થનાર તપ પણ આત્માનો ગુણ છે. તેથી આત્મગુણસ્વરૂપ તપને ઔદયિક માનીને અનાદરણીય કઈ રીતે મનાય ?

ગમે તે કારણે જેઓ આર્ત્તધ્યાનને વશ થયા હોય અને ત્યારે કોઈ પણ રીતે તપ કરે; તેથી કોઈ વાર આર્ત્તધ્યાનાદિદોષસહચરિત તપ જોવા મળે એટલા માત્રથી તપને ત્યાજ્ય કોટિનો માનવાનું યોગ્ય નથી. આમ તો કોઈ વાર અહંકારાદિ દોષથી સમન્વિત પણ જ્ઞાન જોવા મળે છે, તેથી કાંઈ જ્ઞાનને ત્યાજ્ય ન મનાય તેમ આર્ત્તધ્યાનાદિ સહચરિત તપ જોવા મળે તેટલા માત્રથી તપને ત્યાજ્ય ન મનાય. 'વિવેકી લોકો માટે જ્ઞાન અહંકારનું કારણ બનતું ન હોવાથી તે ત્યાજ્ય બનતું નથી.' - આ પ્રમાણે જો કહી શકાતું હોય તો 'વિવેકી જનો માટે તપ પણ દુઃખસ્વરૂપ બનતો ન હોવાથી તે ત્યાજ્ય બનતો નથી' - આ પ્રમાણે કહેવાનું યુક્ત જ છે.

અબુધ લોકોની માન્યતાનું નિરાકરણ કરતાં જે વાત કરી છે, તેનો ખ્યાલ તપ કરનારાએ અવશ્ય રાખવો જોઈએ. જ્ઞાન, શમ, સંવેગ અને બ્રહ્મગુપ્તિથી સંબદ્ધ જ તપને અહીં તપ તરીકે વર્ણવવાનું તાત્પર્ય છે. જ્ઞાનાદિથી રહિત તપને તપ તરીકે વર્ણવવાનો અહીં ઉદ્દેશ નથી. તપની ક્ષાયોપશમિકતા તપની સાથે જે જ્ઞાનાદિ છે; તેને લઈને છે. અન્યથા તો તે તપ ઔદયિકભાવસ્વરૂપ હોવાથી ત્યાજ્ય બને છે. ક્ષાયોપશમિકભાવના તપને આરાધવાનું ખૂબ જ અઘરું છે. વર્તમાન તપનો મહિમા જે રીતે વધી રહ્યો છે, એ જોતાં તો એમ જ લાગે કે ક્ષાયોપશમિકભાવના તપની પ્રાપ્તિ શક્ય નથી. આ વિષયમાં થોડું વિચારવાનું આવશ્યક છે. માત્ર અનશન જ જાણે તપ ન હોય એ રીતે આજે તપનો મહિમા

વધારવાનું પૂરજોશમાં ચાલી રહ્યું છે. એને અટકાવવાનું કઇ રીતે શક્ય બને : તે વિચાર્યા વિના ચાલે એવું નથી. અબુધ લોકોની માન્યતા મુજબ તપને ત્યાજ્ય માનવાની અહીં વાત નથી. પરંતુ અનંતજ્ઞાનીઓએ ઉપદેશેલા તપની વ્યવસ્થા કરવાની અહીં વાત છે. જ્ઞાનાદિસમન્વિત જ તપનું અહીં વ્યવસ્થાપન છે. કર્મનિર્જરા માટેનું એ અમોઘ સાધન અકિંચિત્કર બને નહીં એ માટે આ તપની વ્યવસ્થાને સમજી લેવી જોઇએ. ||૭-૨૬||

ધર્મના અંગભૂત દયાવિશેષનું વ્યવસ્થાપન કરાય છે–

**दयाऽपि लौकिकी नेष्टा, षट्कायानवबोधतः ।**
**ऐकान्तिकी च नाऽज्ञानान्निश्चयव्यवहारयोः ॥७-२७॥**

दयापीति–लौकिकी लोकमात्रप्रसिद्धा अरण्यवासिनां तापसादीनां दयापि षट्कायानवबोधतः पृथिव्यादिजीवापरिज्ञानाद् नेष्टा न फलवती, दयाया ज्ञानसाध्यत्वात् "पढमं नाणं तओ दया" इति वचनात् । निश्चयव्यवहारयोरज्ञानादैकान्तिकी च स्थूलव्यवहारमात्राभिमतलोकोत्तराभा सापि दया नेष्टा, तदभिमताया हिंसाया एवातिप्रसक्तत्वात् तदभावस्याभिमानिकत्वात्तादृशदयासद्भावेऽपि तत्त्वज्ञानाभावसद्भावाच्चेति भावः ॥७-२७॥

"પૃથ્વીકાય, અપ્કાય વગેરે ષટ્કાયનું જ્ઞાન ન હોવાથી લૌકિક દયા પણ ઇષ્ટ નથી અર્થાત્ ફળને પ્રાપ્ત કરાવનારી નથી તેમ જ વ્યવહાર નય અને નિશ્ચયનયના અજ્ઞાનને કારણે ઐકાંતિકી દયા પણ ઇષ્ટ નથી." - આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે અરણ્યમાં રહેનારા તાપસ વગેરે; લોકમાં પ્રસિદ્ધ એવી જે દયા પાળે છે, એ લૌકિક દયા ઇષ્ટ નથી. કારણ કે એ દયાના પાલક તાપસાદિને પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય : આ ષટ્કાય જીવોનું જ્ઞાન હોતું નથી. તેથી એ જ્ઞાનના અભાવે તેમને દયાનું ફળ પ્રાપ્ત થતું નથી. '**पढमं नाणं तओ दया**' આ શ્રી દશવૈકાલિકસૂત્રના વચનથી દયા જ્ઞાનથી સાધ્ય છે. દયાનું સાધન જ્ઞાન છે. જ્ઞાન વિના દયાની સિદ્ધિ થતી નથી. હિંસાથી વિરામ પામવાના પરિણામને દયા કહેવાય છે. એ માટે જીવ અને અજીવનું જ્ઞાન હોવું જોઇએ. અરણ્યમાં રહેનારા તાપસ વગેરેને એ વિષયનું પૂરતું જ્ઞાન હોતું નથી. તેથી

તેઓ દયા પાળી શકતા નથી. જીવ અને અજીવનું વાસ્તવિક રીતે જ્ઞાન શ્રી વીતરાગ પરમાત્માના શાસનમાં છે. તેથી સાચી દયા પણ એ શાસનમાં જ છે. તાપસાદિની દયા બાહ્ય રીતે દેખાતી હોવા છતાં તે લૌકિક છે, પારમાર્થિક નથી. કારણ કે તે જ્ઞાનથી રહિત છે.

આવી જ રીતે નિશ્ચય અને વ્યવહારનું જ્ઞાન ન હોવાથી કેટલાક લોકો માત્ર બાહ્યદષ્ટિએ અહિંસાનું પાલન કરે છે તે લોકોત્તરના આભાસને ઊભી કરનારી દયા પણ ઈષ્ટ નથી. તેથી પણ નિર્જરાદિ ફળની પ્રાપ્તિ થતી નથી. કારણ કે આ દયા અજ્ઞાનમૂલક હોવાથી ઐકાંતિકી છે. સ્થૂલદષ્ટિએ જણાતી એ દયા; સ્થૂલવ્યવહારને આશ્રયીને હોવાથી લોકોત્તર જેવી જણાતી હોવાથી ઈષ્ટ ફળને આપનારી બનતી નથી. સ્થૂલવ્યવહારને અભિમત એવી હિંસા પોતે જ અતિપ્રસક્ત હોવાથી તે હિંસાના અભાવને દયા માનવાનું આભિમાનિક છે, પારમાર્થિક નથી. સ્થૂલવ્યવહારની દષ્ટિએ દયા દેખાતી હોવા છતાં ત્યાં તત્ત્વજ્ઞાનનો અભાવ છે. કારણ ન હોવા છતાં કાર્યના સદ્‌ભાવને માનવાનું વાસ્તવિક નથી હોતું પરંતુ આભિમાનિક હોય છે - એ સમજી શકાય છે.

કહેવાનો આશય એ છે કે સ્થાનકવાસી વગેરે (જૈનો) હિંસાના ભયથી પૂજાદિને માનતા નથી. વનસ્પતિકાયાદિની આ રીતે કરાતી એ દયા ખરી રીતે દયા નથી પરંતુ એમાં હિંસા જ રહેલી છે. શ્રી વીતરાગ પરમાત્માએ જે પૂજાનું વિધાન કર્યું છે તેમાં બાહ્યદષ્ટિએ હિંસા માની તેનો ત્યાગ કરવા દ્વારા તેઓ જે દયાનું પાલન કરે છે, તે તેમનું અભિમાન છે. કારણ કે શ્રી વીતરાગપરમાત્માના વચનની આરાધનામાં જ દયા વગેરે ધર્મ રહેલો છે. વચનની અનારાધનામાં ધર્મ નથી પણ અધર્મ છે. નિશ્ચયનયની દષ્ટિએ પ્રમાદ-અનુપયોગ અને યતનાનો અભાવ એ હિંસા છે અને તેનો અભાવ એ અહિંસા છે. વ્યવહારનયની અપેક્ષાએ પ્રાણનો નાશ પણ હિંસા છે અને તેનો અભાવ અહિંસા છે. શ્રી વીતરાગ પરમાત્માએ વિહિત કરેલાં પૂજાદિ અનુષ્ઠાનોમાં સ્વરૂપહિંસા હોય છે, અનુબંધહિંસા નથી. વિહારાદિ પ્રસંગે અને નદી ઊતરવાદિ વખતે હિંસાને નહિ માનનારા, પૂજાદિ વખતે હિંસા માને છે તે તેમનું અજ્ઞાન છે અને પૂજાદિના ત્યાગમાં દયાના પાલનને જણાવવાનું આભિમાનિક છે. તેથી આવી લોકોત્તર દયાના આભાસવાળી દયા પણ ઈષ્ટ ફળને આપનારી નથી. નિશ્ચય અને

વ્યવહારનયના જ્ઞાનના અભાવે અજ્ઞાનમૂલક કરાતી દયા અનિષ્ટ છે - એ સ્પષ્ટ છે. ।।૭-૨૭।।

વ્યવહારાદિનયને આશ્રયીને દયાનું વાસ્તવિક સ્વરૂપ જણાવાય છે–

**व्यवहारात् परप्राणरक्षणं यतनावतः ।**
**निश्चयान्निर्विकल्पस्वभावप्राणावनं तु सा ।।७-२८।।**

व्यवहारादिति–यतनावतः सूत्रोक्तयतनाशालिनः परेषां प्राणानां रक्षणं व्यवहारादहिंसा लोकसम्मतार्थग्राहित्वाद्व्यवहारनयस्य, निश्चयतः परप्राणिसाध्यपरप्राणरक्षणे स्वसाध्यत्वशुभसङ्कल्पानुविद्धत्वाच्च । निश्चयनयात्तु निर्विकल्पो विकल्पपवननिवृत्त्या स्तिमितोदधिदशास्थानीयो यः स्वस्य भावप्राणस्तदवनं तद्रक्षणं सा दया, परप्राणरक्षणावसरेऽपि तदविनाभाविना शुभसङ्कल्पेनाशुभसङ्कल्पादुदधौ निमज्जतो विषमतरण्डलाभेनेव स्वभावप्राणत्राणेनैव निश्चयेन दयाभ्युपगमाद् । अत एवोक्तमागमे–"आया चेव अहिंसा आया हिंसत्ति णिच्छओ एसो । जो होइ अप्पमत्तो अहिंसओ हिंसओ इयरो ।।१।।" नैगमस्य हि जीवेष्वजीवेषु च हिंसा तथा च वक्तारो भवन्ति–"जीवोऽनेन हिंसितो घटोऽनेन हिंसितः" इति । इत्थं च हिंसाशब्दानुगमाज्जीवेष्वजीवेषु च हिंसेति एवमहिंसाऽपि । सङ्ग्रहव्यवहारयोश्च षड्जीवनिकायेषु हिंसा, सङ्ग्रहोऽत्र देशग्राही गृह्यते सामान्यरूपस्य नैगमेऽन्तर्भावाद्, व्यवहारश्च स्थूलविशेषग्राही लोकव्यवहरणशीलश्च, लोको हि बाहुल्येन षट्सु जीवनिकायेष्वेव हिंसामिच्छतीति । ऋजुसूत्रश्च प्रत्येकं प्रत्येकं जीवहिंसां व्यतिरिक्तामिच्छति । शब्दसमभिरूढैवम्भूतनयानां चात्मैव हिंसा निजगुणप्रतिपक्षप्रमादपरिणतः, स्वभावपरिणतश्चात्मैवाहिंसेति नयविभागः ।।७-२८।।

"યતનાવંત આત્મા જે બીજાના પ્રાણની રક્ષા કરે છે તેને વ્યવહારનયની અપેક્ષાએ અહિંસા - દયા કહેવાય છે અને નિશ્ચયનયની અપેક્ષાએ; નિર્વિકલ્પ સ્વભાવે પોતાના ભાવપ્રાણની જે રક્ષા કરાય છે તેને અહિંસા - દયા કહેવાય છે." - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય એ છે કે વ્યવહારનય અને નિશ્ચયનયની અપેક્ષાએ અહીં અહિંસા - દયાનું સ્વરૂપ વર્ણવ્યું છે. લોકોની માન્યતા મુજબના અર્થનો સંગ્રહ કરનાર વ્યવહારનય છે. બીજાના પ્રાણની રક્ષાને દયા કહેવાનું લોકમાં પ્રસિદ્ધ છે. સૂત્ર(આગમાદિ)માં વર્ણવેલી યતના(જીવને દુઃખ પહોંચે નહિ; એ અંગેની ભાવના વગેરે)વાળા, બીજા

જીવોના પ્રાણની જે રક્ષા કરે છે તેને વ્યવહારનય દયા તરીકે વર્ણવે છે તેમ જ બીજા પ્રાણીને બચાવવાના શુભ અધ્યવસાયને પણ દયા કહેવાય છે. બીજા જીવોથી બીજા જીવોના પ્રાણની રક્ષા થઇ શકે છે - એમ જાણ્યા પછી આત્માને પોતાને એમ અધ્યવસાય ઉત્પન્ન થાય છે કે મારાથી બીજા પ્રાણીના પ્રાણની રક્ષા થઇ શકે છે. આ શુભ અધ્યવસાયથી અનુવિદ્ધ(યુક્ત) હોવાથી બીજાના પ્રાણની રક્ષાને; વ્યવહારનય દયા - અહિંસા સ્વરૂપે વર્ણવે છે.

નિશ્ચયનયની અપેક્ષાએ તો પોતાના ભાવપ્રાણની રક્ષાને જ અહિંસા - દયા કહેવાય છે. વિકલ્પસ્વરૂપ પવનની નિવૃત્તિના કારણે શાંત (સ્તિમિત-તરંગોથી રહિત) સમુદ્રની અવસ્થા જેવી અવસ્થા (સંકલ્પ કે વિકલ્પશૂન્ય અવસ્થા) સ્વરૂપ જે પોતાનો ભાવપ્રાણ છે; તેને નિશ્ચયનયની અપેક્ષાએ દયા કહેવાય છે. બીજાના પ્રાણની રક્ષાના અવસરે પણ તે વખતે અવશ્ય થનાર શુભસંકલ્પના કારણે; અશુભસંકલ્પથી ભવસમુદ્રમાં ડૂબતા એવા જીવને એ શુભસંકલ્પ સ્વરૂપ વિષમ તરાપાની પ્રાપ્તિ થવાથી પોતાના ભાવપ્રાણની રક્ષા થવાથી જ તે રક્ષા સ્વરૂપ દયા મનાય છે. સમુદ્રમાં ડૂબતાને, વિષમ (દુષ્પ્રાપ્ય) તરાપાની પ્રાપ્તિના કારણે જેમ પોતાની રક્ષા કરવાનું શક્ય બને છે તેમ અહીં પણ અશુભસંકલ્પના કારણે ભવસમુદ્રમાં ડૂબતાને પરપ્રાણની રક્ષા વખતે અવશ્ય વિદ્યમાન એવા શુભસંકલ્પને લઇને વિકલ્પશૂન્ય અવસ્થા સ્વરૂપ ભાવપ્રાણની રક્ષા કરવાનું શક્ય બને છે. નિશ્ચયનયની અપેક્ષાએ આ રીતે થતી પોતાના ભાવપ્રાણની રક્ષાને જ અહિંસા-દયા કહેવાય છે. આથી જ આગમમાં કહ્યું છે કે "આત્મા જ અહિંસા છે અને આત્મા પોતે જ હિંસા છે - આ નિશ્ચયનય છે. જે અપ્રમત્ત હોય છે; તે અહિંસક છે અને ઇતર-પ્રમત્ત હિંસક છે." આથી સમજી શકાશે કે નિશ્ચયનયની અપેક્ષાએ પ્રમાદ હિંસા છે અને પ્રમત્ત આત્મા એ જ હિંસક છે. તેમ જ અપ્રમાદ અહિંસા છે, અપ્રમત્ત આત્મા અહિંસક છે. પરપ્રાણના રક્ષણ વખતે પણ મુખ્યપણે આત્માની વિકલ્પશૂન્ય અવસ્થાની રક્ષા કરવાનો જ ભાવ રહ્યો છે. બાહ્યદૃષ્ટિએ બીજાના પ્રાણની રક્ષા થતી હોવા છતાં, એના આલંબને જો પોતાની સંક્લિષ્ટ સ્થિતિ રહેતી હોય તો નિશ્ચયનયની અપેક્ષાએ એ દયા નથી. પોતાની સંક્લેશરહિત અવસ્થા સ્વરૂપ ભાવપ્રાણની રક્ષા કોઇ પણ રીતે થવી જ જોઇએ. નિશ્ચયનયની અપેક્ષાએ એ જ દયા છે.

નૈગમનયની અપેક્ષાએ જીવો અને અજીવોની હિંસા મનાય છે. 'આ વ્યક્તિએ જીવની હિંસા કરી અને આ જીવે ઘટની હિંસા કરી...' ઇત્યાદિ વ્યવહાર પ્રસિદ્ધ છે. સ્વરૂપનો નાશ કરવાદિના કારણે અજીવની હિંસા મનાય છે. 'હિંસા' શબ્દનો પ્રયોગ જીવાજીવ-ઉભયમાં અનુગત હોવાથી નૈગમનય બંન્નેની હિંસા માને છે. તેમ જ તેના પ્રતિપક્ષરૂપે અહિંસા પણ બંન્નેની માને છે. વસ્તુના પરિચાયક બધા જ પ્રકારોને ધ્યાનમાં લેવાનું કાર્ય નૈગમનય કરે છે. વસ્તુને વાસ્તવિક રીતે જણાવવા માટેના સર્વ પ્રકારો નૈગમનયને માન્ય છે. સર્વનયોમાં આ નય ખૂબ જ સ્થૂલ છે.

સંગ્રહનયની અપેક્ષાએ અને વ્યવહારનયની અપેક્ષાએ પૃથ્વીકાયાદિ છ જીવનિકાયની જ હિંસા મનાય છે. અજીવની હિંસા આ નયોથી મનાતી નથી. અહીં **संग्रह** પદ દેશસંગ્રહને જણાવે છે. કારણ કે સામાન્યગ્રાહી સંગ્રહનો સમાવેશ નૈગમનયમાં થઈ જાય છે. આશય એ છે કે નૈગમનયને અભિમત પદાર્થને - સામાન્ય(જાતિ)ની અપેક્ષાએ અનેકને - પણ એકસ્વરૂપ સંગ્રહનય માને છે. સમગ્ર વિશ્વને સત્ત્વની અપેક્ષાએ સંગ્રહ નય એક માને છે. આ સંગ્રહ નયને 'સામાન્યગ્રાહી' સંગ્રહનય કહેવાય છે. સકલ વિશ્વમાંના તે તે ઘટ-પટ વગેરેને ઘટત્વપટત્વાદિની અપેક્ષાએ; પરસ્પર ભિન્ન એવા ઘટ-પટાદિને એક એક માનવાનું કાર્ય દેશસંગ્રહ (દેશગ્રાહી સંગ્રહ) નયનું છે. આથી સ્પષ્ટપણે સમજી શકાશે કે સામાન્યગ્રાહી સંગ્રહનયની અપેક્ષાએ જીવ અને અજીવનો ભેદ ન હોવાથી તેની અપેક્ષાએ જીવની જ હિંસા વર્ણવવાનું શક્ય નથી. તેથી અહીં દેશગ્રાહી સંગ્રહનયનું ગ્રહણ કર્યું છે. સામાન્યગ્રાહી સંગ્રહને તો નૈગમનયમાં સમાવ્યો છે. વ્યવહારનય તો સ્થૂલ દૃષ્ટિએ વિશેષ પદાર્થનું જ્ઞાન કરાવવાના સ્વભાવવાળો અને લોક(આપામર)ના વ્યવહારના અનુકરણના સ્વભાવવાળો છે. લોક લગભગ છ જીવનિકાયના વિષયમાં જ હિંસાને માને છે. તેથી દેશગ્રાહી સંગ્રહ અને વ્યવહારનયની માન્યતા મુજબ છ જીવનિકાય સંબંધી જ હિંસા મનાય છે, અજીવની નહિ. ઋજુસૂત્રનયની અપેક્ષાએ તે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરેના ભેદે તે તે હિંસા જુદી જુદી મનાય છે. નિશ્ચયનયવિશેષસ્વરૂપ શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનયની અપેક્ષાએ; પોતાના ગુણોના શત્રુ સ્વરૂપ પ્રમાદમાં પરિણત (પ્રમાદપૂર્ણ) આત્મા પોતે જ હિંસા છે અને પોતાના જ્ઞાનાદિ ગુણો સ્વરૂપ

સ્વભાવમાં પરિણત આત્મા જ અહિંસા છે. આ રીતે તે તે નયોની દૃષ્ટિએ હિંસા અને અહિંસાનું સ્વરૂપ સમજવું જોઇએ. નયોનું સ્વરૂપ 'રત્નાકર અવતારિકા' 'તત્ત્વાર્થ સૂત્ર' 'જૈનતર્કભાષા' અને 'નયરહસ્ય' ઇત્યાદિ ગ્રંથથી સમજી લેવું જોઇએ. નયોના વિષયમાં અત્યારે ખૂબ જ ઉપયોગપૂર્વક પરિશીલન કરવાની આવશ્યકતા છે. તેના પારમાર્થિક જ્ઞાનની પ્રાપ્તિ માટે તેના જ્ઞાતાઓની પાસે સુવ્યવસ્થિત અધ્યયન કરવા સિવાય બીજો કોઇ ઉપાય નથી. ॥૭-૨૮॥

विशिष्टव्यवहारविधेर्विशेष्यबाधेऽपि विशेषणोपसङ्क्रमान्न व्याघात इत्याह–

ઉપર જણાવ્યા મુજબ વ્યવહારનયની અપેક્ષાએ યતનાથી વિશિષ્ટ પરપ્રાણની રક્ષાને દયા કહેવાય છે. આ રીતે વિશેષણ(યતના)થી વિશિષ્ટ-વિશેષ્ય(પરપ્રાણની રક્ષા)માં દયાનો વ્યવહાર વિહિત છે. ત્યાં જ્યારે વિશેષ્યનો બાધ(અભાવ) થાય ત્યારે તે વ્યવહાર વિશેષણમાં થવાથી કોઇ દોષ નથી - તે જણાવાય છે–

**यत्नतो जीवरक्षार्था, तत्पीडापि न दोषकृत् ।**
**अपीडनेऽपि पीडैव, भवेदयतनावतः ॥७-२९॥**

यत्नत इति–यत्नतः सूत्रोक्तयतनया । जीवरक्षार्था स्वरसतो जीवरक्षोद्देशप्रवृत्ता । तत्पीडापि जीवपीडापि । न दोषकृद् न साम्परायिककर्मबन्धकृत् । यत उक्तम् - "अज्झत्थविसोहीए जीवनिकाएहिं संथडे लोए । देसियमहिंसगत्तं जिणेहिं तेलुक्कदंसीहिं ॥१॥" तथा–"तस्स असंवेयओ संवेययओ अ जाइं सत्ताइं । जोगं पप्प विणस्संति णत्थि हिंसाफलं तस्स ॥१॥" अयतनावतो यतनावर्जितस्य । अपीडनेऽपि दैवात्पर-प्राणिपीडनाभावेऽपि । तत्त्वतः पीडैव भवति । तदुक्तं–"जे वि ण वाविज्जंति णियमा तेसिं पि हिंसगो सो उ । सावज्जो उ पओगेण सव्वभावेण सो जह्मा ॥१॥" ॥७-२९॥

"સૂત્રમાં જણાવેલી યતનાથી જીવની રક્ષાના ઉદ્દેશથી થનારી જીવપીડા પણ દોષનું કારણ બનતી નથી. યતનાથી રહિત જીવ પીડા ન કરે તોપણ તેને; પીડા પહોંચાડવાનું પાપ લાગે છે." - આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અર્થ છે.

આશય એ છે કે યતનાવિશિષ્ટ પરપ્રાણની રક્ષાને દયા કહેવાય છે. ત્યાં યતના હોવા છતાં પરપ્રાણની રક્ષાના બદલે કોઇ વાર જીવને પીડા પણ થાય તો તે દયા

કહેવાય કે ન કહેવાય - આવી જિજ્ઞાસામાં આ શ્લોકથી તેને દયા સ્વરૂપ વર્ણવાય છે. કારણ કે "**सविशेषणे हि विधिनिषेधौ विशेषणमुपसङ्क्रामतो विशेष्याऽऽबाधके सति**" આ ન્યાયથી વિશેષણવિશિષ્ટમાં વિહિત વિધિ કે નિષેધ; વિશેષ્યનો બાધ હોય ત્યારે વિશેષણમાં જણાય છે. યતનાવિશિષ્ટ પરપ્રાણની રક્ષામાં દયાત્વનું જે વિધાન છે; તે વિશેષ્યભૂત પરપ્રાણની રક્ષાના અભાવમાં વિશેષણભૂત યતનામાં પરિણમે છે.

શ્રી દશવૈકાલિક વગેરે સૂત્રોમાં જણાવ્યા મુજબની યતનાથી, સ્વભાવથી જ જીવરક્ષાના ઉદ્દેશથી પ્રવર્ત્તેલી જીવપીડા પણ કષાયજન્ય કર્મબંધનું કારણ બનતી નથી. જેથી કહ્યું છે કે 'જીવનિકાયથી ખીચોખીચ ભરેલા આ લોકમાં (સર્વથા દ્રવ્યહિંસા નિવારવાનું શક્ય ન હોવા છતાં) અધ્યાત્મવિશુદ્ધિના કારણે અહિંસકપણું હોય છે - એમ ત્રણ લોકને જોનારા શ્રી જિનેશ્વરદેવોએ જણાવ્યું છે.' તેમ જ એમ પણ કહ્યું છે કે - 'તે યતનાવંત દ્વારા અજાણતાં કે જાણતાં તેઓશ્રીના યોગ(શરીરાદિ)ને પામીને જે જીવો નાશ પામે છે; તેઓશ્રીને તે હિંસાનું ફળ પ્રાપ્ત થતું નથી.'

જ્યારે યતનાથી રહિત આત્માને; પોતાના શરીરાદિના યોગે કોઈ વાર પરને; તેના ભાગ્યે પીડા ન પણ થાય તો ય ત્યારે પીડાજન્ય હિંસાનું પાપ લાગે છે. આથી જ કહ્યું છે કે– 'જે પણ જીવો મરતા નથી તે જીવોનો પણ તે(યતનારહિત) આત્મા નિયમા હિંસક છે. કારણ કે તે ઉપયોગ-ભાવની અપેક્ષાએ સર્વભાવે(પ્રકારે) સાવદ્ય છે જ. આથી સમજી શકાશે કે યતનાનો પરિણામ હોય તો દ્રવ્યહિંસા થાય કે ન થાય તોય હિંસાનું પાપ લાગતું નથી. અન્યથા હિંસાનો અભાવ હોય તોય યતનાનો અભાવ હોવાથી ત્યાં હિંસાનું પાપ લાગે છે. ॥૭-૨૯॥

इत्थं च परिणामप्राधान्यमेव व्यवस्थितमित्याह–

ઉપર જણાવ્યા મુજબ હિંસા-અહિંસાદિમાં પરિણામનું જ પ્રાધાન્ય છે, તે જણાવાય છે–

**रहस्यं परमं साधोः, समग्रश्रुतधारिणः ।**
**परिणामप्रमाणत्वं, निश्चयैकाग्रचेतसः ॥७-३०॥**

रहस्यमिति–रहस्यं तत्त्वम् । परमं सर्वोत्कृष्टम् । साधोः समग्रश्रुतधारिणः स्वभ्यस्तगणिपिटकोपनिषदः । परिणामस्य चित्तभावस्य प्रमाणत्वं फलं प्रति स्वातन्त्र्यलक्षणम् । निश्चये निश्चयनये एकाग्रमव्याक्षिप्तं चेतो यस्य (तस्य) ।।७-३०।।

'નિશ્ચયનયમાં એકાગ્ર છે ચિત્ત જેનું એવા સમગ્ર શ્રુતને ધરનારા પૂ. સાધુભગવંતનું પરિણામનું પ્રામાણ્ય એ સર્વશ્રેષ્ઠ રહસ્ય છે.' - આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો ભાવ એ છે કે જેઓએ સમસ્ત દ્વાદશાંગીનું સારી રીતે અધ્યયન કરી લીધું છે; એવા નિશ્ચયનયમાં એકાગ્રચિત્તવાળા પૂ. સાધુભગવંતોનું પરમ તત્ત્વ એ છે કે 'મનના પરિણામ જ ફળની પ્રત્યે સ્વતંત્ર કારણ છે.' એ પ્રમાણે તેઓ બરાબર માને છે. બાહ્ય ક્રિયાઓ પરિણામ દ્વારા જ ફળની પ્રત્યે કારણ બને છે. તેથી બાહ્ય ક્રિયાઓ ફળની પ્રત્યે સ્વતંત્ર કારણ નથી. તેમાં પરિણામાધીન કારણતા છે. ફળની પ્રત્યે સ્વતંત્ર કારણતા ચિત્તના પરિણામમાં છે.

નિશ્ચયનયમાં જેમનું ચિત્ત એકાગ્ર બન્યું છે એવા મુનિભગવંતો ફળની પ્રત્યે પરિણામનું કારણત્વ; મુખ્યપણે સમજે છે તેમ જ તે પ્રમાણે સમજાવે છે. તે પૂ. મુનિભગવંતોનું એ પરમ રહસ્ય છે. નિશ્ચયનયની તરફ દૃષ્ટિ ન હોય તો કેવલ વ્યવહારનયની દૃષ્ટિએ તે તે ફળને પ્રાપ્ત કરવાનું શક્ય થતું નથી. મુમુક્ષુ જનોએ ચિત્તના વિશુદ્ધ પરિણામને પ્રાપ્ત કરવા પૂર્ણ પ્રયત્ન કરવો જોઇએ. પ્રવૃત્તિ પરિણામનું નિમિત્ત બને છે. પરંતુ પરિણામને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય ન હોય તો કોઇ પણ રીતે પ્રવૃત્તિથી પરિણામની પ્રાપ્તિ નહિ થાય. ફળ પ્રત્યેની ઉદાસીનતા જીવને પરિણામથી વિમુખ બનાવે છે અને તેથી ગમે તે કારણે થતી પ્રવૃત્તિની વિદ્યમાનતામાં આત્માને ફળની પ્રાપ્તિ થતી નથી. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે પ્રવૃત્તિને સફળ બનાવવા માટે ચિત્તના પરિણામ તરફ દૃષ્ટિ સ્થિર બનાવ્યા વિના ચાલે એવું નથી, જે નિશ્ચયનયની એકાગ્રતાથી જ શક્ય છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઇએ. ।।૭-૩૦।।

ननु यद्ययं निश्चयस्तदा किं परप्राणरक्षणया लोकमात्रप्रत्ययप्रयोजनया इत्यत आह–

આ પ્રમાણે નિશ્ચયનય ફળની પ્રત્યે મુખ્ય-સ્વતંત્ર કારણ છે. તો માત્ર લોકોને 'અમે હિંસા નથી કરતા' - આ પ્રમાણે જણાવનારી પરપ્રાણની રક્ષા કરવાનું કોઇ જ પ્રયોજન નથી. અર્થાત્ આશય એ છે કે જો મનના પરિણામના

કારણે જ હિંસાનું પાપ લાગતું હોય અને પ્રવૃત્તિના કારણે પાપ લાગતું ન હોય તો પરપ્રાણની રક્ષા માટે યતના વગેરે કરવાનું કોઇ જ પ્રયોજન નથી. કારણ કે બાહ્યયતનાથી લોકોને જાણ થાય કે - આ મહાત્મા હિંસા કરતા નથી. આથી વિશેષ કોઇ જ બીજું પ્રયોજન તેનું નથી. પાપનો પરિહાર તો મનના પરિણામથી જ થાય છે. તેથી પરપ્રાણની રક્ષા કરવાની આવશ્યકતા નથી... આવી શંકાના સમાધાન માટે જણાવાય છે–

**तिष्ठतो न शुभो भावो, ह्यसदायतनेषु च ।**
**गन्तव्यं तत्सदाचारभावाभ्यन्तरवर्त्मना ॥७-३१॥**

तिष्ठत इति–असदायतनेषु प्राणव्यपरोपणादिषु । तिष्ठतो हि शुभो भाव एव न भवति । अतः परिणामशुद्ध्यर्थमेव परप्राणरक्षणं साधूनामिति भावः । तदुक्तं–"जो पुण हिंसायतणेसु वट्टइ तस्स नणु परीणामो । दुट्ठो न य तं लिंगं होइ विसुद्धस्स जोगस्स ॥१॥ तम्हा सया विसुद्धं परिणामं इच्छया सुविहिएणं । हिंसाययणा सव्वे परिहरियव्वा पयत्तेणं ॥२॥" ये त्वेकान्तनिश्चयमेवाद्रियन्ते ते निश्चयतो निश्चयमेव न जानते, हेतुस्वरूपानुवन्धशुद्धतज्ज्ञानाभावात् । तदाह–"णिच्छयमवलंबंता णिच्छयओ णिच्छयं अयाणंता । णासंति चरणकरणं बाहिरकरणालसा केई ॥१॥" तत्तस्मात् सदाचारः परिशुद्धवाह्ययतना भावश्च शुद्धपरिणामस्ताभ्यामभ्यन्तरवर्त्मना गन्तव्यं मुमुक्षुणा, तथैव दयाविशेपसिद्धेरिति हितोपदेशः ॥७-३१॥

"અસદ્ એવાં સ્થાનોમાં રહેતાં શુભ ભાવ જ રહેતો નથી. તેથી સદાચાર અને ભાવ (પરિણામ) વડે મુમુક્ષુ આત્માએ અભ્યંતર માર્ગે ચાલવું જોઇએ." - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે પ્રાણવ્યપરોપણ (પ્રાણીની હિંસા), અસત્યભાષણ વગેરે સ્વરૂપ અસદ્ આયતન(સ્થાનો)માં જેઓ વિના કારણ રહે છે; અર્થાત્ સંયોગવિશેષ ન હોવા છતાં જેઓ એવી હિંસાદિની પ્રવૃત્તિ કરે છે, તેમને અહિંસાદિના પરિણામ સ્વરૂપ શુભ ભાવની પ્રાપ્તિ જ થતી નથી. તેથી મનના તેવા પ્રકારના તે તે પરિણામની શુદ્ધિ માટે સાધુભગવંતોએ પરપ્રાણની રક્ષા કરવી જોઇએ. આથી કહ્યું છે કે– "જે હિંસાનાં સ્થાનોમાં વર્ત્તે છે તેનો પરિણામ દુષ્ટ છે. એ દુષ્ટ પરિણામ વિશુદ્ધ યોગોનું લિંગ નથી. (જણાવનારું નથી.) અર્થાત્ તે દુષ્ટ પરિણામ અશુદ્ધ યોગોને જણાવે છે. તેથી

વિશુદ્ધ પરિણામની ઇચ્છા રાખનારા સુવિહિત પૂ. સાધુભગવંતોએ પ્રયત્નપૂર્વક બધાં જ હિંસાનાં સ્થાનોનો પરિહાર(ત્યાગ) કરવો જોઇએ.'' આથી સમજી શકાશે કે પરપ્રાણની રક્ષા કરવાથી વિશુદ્ધ પરિણામની પ્રાપ્તિ થતી હોય છે.

જે લોકો એકાંતે નિશ્ચયનયનો જ આદર કરે છે અને વ્યવહારનયનો આદર કરતા નથી તેઓ ખરેખર તો નિશ્ચયનયને જાણતા જ નથી. કારણ કે તેમને હેતુશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ એવા નિશ્ચયનયનું જ્ઞાન નથી. સામાન્ય રીતે મનનો અહિંસાનો વિશુદ્ધ પરિણામ નિશ્ચયનયની અપેક્ષાએ અહિંસા છે. પરપ્રાણની રક્ષાની પ્રવૃત્તિથી તે પરિણામ સિદ્ધ થાય છે અને તે પ્રવૃત્તિથી મનનો વિશુદ્ધ પરિણામ ઉત્તરોત્તર વિશુદ્ધતર બની સાનુબંધ બને છે. આમ છતાં જેઓ માત્ર મનના શુદ્ધ પરિણામને જ આગળ કરીને તેના હેતુભૂત પર પ્રાણની રક્ષાની પ્રવૃત્તિને માનતા નથી, તેઓ ખરી રીતે નિશ્ચયનયને જાણતા નથી. હેતુશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ નિશ્ચયનયનું જ્ઞાન ન હોવાથી તેઓ વાસ્તવિક રીતે નિશ્ચયનયને જાણતા નથી. આ પ્રમાણે અન્યત્ર જણાવતાં ફરમાવ્યું છે કે ''ચોક્કસ રીતે નિશ્ચયનયને નહિ જાણતા નિશ્ચયનયનું અવલંબન લેનારા; બાહ્ય (પરપ્રાણરક્ષણાદિની) પ્રવૃત્તિમાં આળસુ બનેલા ચરણ અને કરણનો નાશ કરે છે.'' તેથી પરિશુદ્ધ બાહ્યયતના સ્વરૂપ સદાચાર અને આત્માનો અભ્યંતર શુદ્ધપરિણામ(ભાવ) - એ બંનેથી અભ્યંતરમાર્ગે મુમુક્ષુ આત્માઓએ ચાલવું જોઇએ. આથી જ દયાવિશેષની સિદ્ધિ થાય છે.

નિશ્ચય-અભિમત દયાવિશેષની સિદ્ધિમાં પરપ્રાણરક્ષાની પ્રવૃત્તિ ખૂબ જ પ્રબળ સાધન છે. અહિંસાનો જેને પરિણામ છે તે પરપ્રાણરક્ષામાં પ્રવૃત્તિ કર્યા વિના નહિ રહે. કોઇ વાર એ પ્રવૃત્તિથી પરપ્રાણની રક્ષા થાય કે ન પણ થાય. પરંતુ તેથી અહિંસાનો પરિણામ ન હતો અને હિંસાનો પરિણામ હતો - એવું નથી હોતું. તેથી નિશ્ચયનયાભિમત અહિંસાની પ્રાપ્તિ માટે પરપ્રાણની રક્ષા કરવામાં ખૂબ જ અપ્રમત્ત રહેવું જોઇએ. ॥૭-૩૧॥

પ્રકરણાર્થનો ઉપસંહાર કરાય છે—

**विदित्वा लोकमुत्क्षिप्य, लोकसञ्ज्ञां च लभ्यते ।**
**इत्थं व्यवस्थितो धर्मः, परमानन्दकन्दभूः ॥७-३२॥**

विदित्वेति–विदित्वा ज्ञात्वा । लोकं स्वेच्छाकल्पिताचारसक्तं जनम् । उत्क्षिप्य निराकृत्य । लोकसञ्ज्ञां बहुभिर्लोकैराचीर्णमेवास्माकमाचरणीयमित्येवंरूपां च । लभ्यते प्राप्यते । इत्थमुक्तरीत्या । व्यवस्थितः प्रमाणप्रसिद्धो धर्मः । परमानन्द एव कन्दस्तस्य भूरुत्पत्तिस्थानम् ॥७-३२॥

"લોકને જાણીને અને લોકસંજ્ઞાનો ત્યાગ કરીને ઉપર જણાવ્યા મુજબ પ્રમાણથી પ્રસિદ્ધ એવો ધર્મ પ્રાપ્ત થાય છે, જે પરમાનંદસ્વરૂપ કંદની ઉત્પત્તિનું સ્થાન છે." - આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે પોતાની ઈચ્છા મુજબના કલ્પિત આચારમાં આસક્ત લોક હોય છે. પોતે માની લીધેલા આચારનું જે નિરૂપણ કરે તેને જ તેઓ ગુરુ કે શાસ્ત્ર સ્વરૂપે પ્રમાણ માનતા હોય છે. પોતાની ઈચ્છાવિરુદ્ધ કોઈ, કોઈ પણ વાત કરે તો તેમને તે ગમતું હોતું નથી. આવા સ્વભાવવાળા લોકને જાણીને મુમુક્ષુ આત્માએ લોકસંજ્ઞાનો ત્યાગ કરવો જોઈએ.

'ઘણા લોકોએ આચરેલું હોવાથી તે જ અમારે કરવું જોઈએ' આવા પ્રકારની બુદ્ધિને લોકસંજ્ઞા કહેવાય છે. પૂર્વે જણાવ્યા મુજબ ભક્ષ્ય કે અભક્ષ્યનો વિવેક કર્યા વિના તેમ જ પેય અને અપેયનો વિવેક કર્યા વિના અભક્ષ્યનું ભક્ષણ કરનારા અને અપેયનું પાન કરનારા આ લોકમાં ઘણા છે. સ્ત્રીમાત્રને સમાન માનીને ગમ્યાગમ્યના વિવેકને નહિ કરનારા પણ ઘણા છે. તપને, દુઃખસ્વરૂપ હોવાથી અનિષ્ટ માનીને તેનાથી દૂર રહેનારાની સંખ્યા આ લોકમાં નાની નથી. અજ્ઞાનના કારણે; વાસ્તવિક દયાની પરિણતિથી વિકલ આત્માઓ પણ ઘણા છે. "આ બધા લોકો જે કરે છે, તે જ અમારે પણ કરવું જોઈએ. આટલા બધા કરે છે તે શું ખોટું કરે છે ?"... ઈત્યાદિ માન્યતાને લોકસંજ્ઞા કહેવાય છે. એ લોકસંજ્ઞાને આધીન બનવાથી પારમાર્થિક રીતે ધર્મની પ્રાપ્તિ થતી નથી. તેથી લોકસંજ્ઞા ત્યાજ્ય છે. તેને આધીન બની કરાતા ધર્મથી લોક પ્રસન્ન થાય; પરંતુ તેથી કલ્યાણ થતું નથી. સાચું સમજાયા પછી પણ સાચું કરવા ના દે : એવી લોકસંજ્ઞા છે.

ઉપર જણાવ્યા મુજબ પ્રમાણોથી પ્રસિદ્ધ એવા ધર્મની પ્રાપ્તિ લોકસંજ્ઞાના ત્યાગથી થાય છે. પ્રમાણથી સુપ્રસિદ્ધ એવા પણ ધર્મની પ્રાપ્તિ; લોકસંજ્ઞાના કારણે થતી ન હતી. લોકસંજ્ઞાનો ત્યાગ કરવાથી તે પ્રમાણપ્રસિદ્ધ ધર્મની પ્રાપ્તિ શક્ય બને છે. આ પ્રમાણપ્રસિદ્ધ ધર્મ પરમાનંદસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ માટેનું

મૂળભૂત કારણ છે. જેમ વનસ્પતિના કંદ ભૂમિમાં ઉત્પન્ન થાય છે તેમ પરમાનંદસ્વરૂપ કંદ આ પ્રમાણપ્રસિદ્ધ ધર્મમાં ઉત્પન્ન થાય છે. આ ધર્મને છોડીને બીજા કોઇ પણ ધર્મથી પરમાનંદસ્વરૂપ મોક્ષની ઉત્પત્તિ થતી નથી.

વેદમાં જણાવેલા માંસભક્ષણને અને મદિરાપાનને નિર્દોષ માનનારા; પુત્રાદિની પ્રાપ્તિ માટે મૈથુનને ધર્મ તરીકે માનનારા; દરેક સ્ત્રીને ગમ્ય (સેવવા યોગ્ય) માનનારા; તપને દુઃખરૂપ માનીને અકરણીય માનનારા અને માત્ર લૌકિક દયાને આદરણીય માનનારા લોકો પોતાને ધાર્મિક માને છે, તે તેમનું અભિમાન છે. આ પૂર્વે જણાવ્યા મુજબ તેમનો તે તે ધર્મ પ્રમાણથી સિદ્ધ નથી. તે તે ધર્મમાં જણાવેલા દોષોનો વિચાર કરીને પ્રમાણપ્રસિદ્ધ લોકોત્તર ધર્મને શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ આરાધવામાં પ્રયત્નશીલ બની પરમાનંદના ભાજન બની રહીએ એ જ એક શુભાભિલાષા... ॥૭-૩૨॥

॥ इति धर्मव्यवस्थाद्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

धर्मव्यवस्थातो वादः प्रादुर्भवतीति तत्स्वरूपमिहोच्यते–

આ પૂર્વે ધર્મવ્યવસ્થા કઇ રીતે થાય છે તે વર્ણવ્યું. દરેક દર્શનકારો પોતપોતાની રીતે ધર્મની વ્યવસ્થા કરતા હોય છે. એમાં કઇ વ્યવસ્થા બરાબર છે અને કઇ વ્યવસ્થા બરાબર નથી : આવી શંકા થવાથી તેના નિવારણ માટે વાદનો આશ્રય કરવો પડે છે. તેથી ધર્મવ્યવસ્થાના નિરૂપણ પછી હવે વાદનું નિરૂપણ કરાય છે. આ રીતે પૂર્વબત્રીશીની સાથે સંગત આ બત્રીશીની શરૂઆતમાં પ્રથમ શ્લોકથી વાદના પ્રકારોને જણાવાય છે–

**शुष्कवादो विवादश्च, धर्मवादस्तथापरः ।**
**कीर्त्तितस्त्रिविधो वाद, इत्येवं तत्त्वदर्शिभिः ॥८-१॥**

*शुष्कति–स्पष्टः ॥८-१॥*

"શુષ્કવાદ, વિવાદ અને ધર્મવાદ : આ ત્રણ પ્રકારનો વાદ તત્ત્વદર્શીઓએ જણાવ્યો છે." - આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ ખૂબ જ સ્પષ્ટ છે. ધર્મની પ્રાપ્તિ માટે વાદ એક અદ્ભુત સાધન છે. પરંતુ કેટલીક વાર આગ્રહયુક્ત વલણના કારણે વાદ તત્ત્વનિર્ણયનું કારણ ન બનતાં તત્ત્વવિમુખતાનું જ કારણ બની જાય છે. એથી વાદના પ્રકારોનું અહીં વર્ણન કરાયું છે. જિજ્ઞાસા વાસ્તવિક રીતે પરિણમી રહે તો વાદથી તત્ત્વનિર્ણય સુધી ખૂબ જ સરળ રીતે પહોંચી શકાય છે. શ્રી ગણધરભગવંતોની સાથે કરાયેલા વાદના પરિણામથી આપણે સમજી શકીએ છીએ કે વાદ કેવો હોવો જોઇએ. તત્ત્વની જિજ્ઞાસાને તત્ત્વની પરિણતિમાં (તત્ત્વપ્રતિપત્તિસ્વરૂપ પરિણતિમાં) પરિણમાવવાનું સામર્થ્ય વાદમાં છે. જે વાદ જિજ્ઞાસારહિત છે તેનાથી ઉન્માર્ગ ઉત્પન્ન થાય છે. બૌદ્ધાદિ દર્શનો એનું પ્રગટ ઉદાહરણ છે. વર્તમાનમાં વાદ શબ્દ લગભગ વિવાદમાં પ્રસિદ્ધ છે. પરંતુ વસ્તુસ્થિતિ એવી નથી. એ વાત સમજવા માટે આ બત્રીશીનું અધ્યયન ઉપયોગી બનશે.

વાદ-વિવાદથી દૂર રહેનારાઓએ આ દ્વાત્રિંશિકાનું અધ્યયન સારી રીતે કરી લેવું જોઇએ. પારમાર્થિક અર્થના તલસ્પર્શી જ્ઞાન માટેના એકમાત્ર સાધનની ઉપેક્ષા કરવાથી અજ્ઞાનને કઇ રીતે દૂર કરાશે ? વાદનો ભય રાખવાની

આવશ્યકતા નથી. ખરેખર તો ભય જિજ્ઞાસાના અભાવનો રાખવાનો છે. જિજ્ઞાસાના અભાવે વાદ વિવાદમાં પરિણમે છે. જિજ્ઞાસા હોય તો વિવાદનો સંભવ જ નથી. ઉપરથી પૂર્વમાં ઉદ્ભવેલા સઘળા ય વિવાદો શાંત થાય છે. ।।૮-૧।।

ત્રણ પ્રકારના વાદમાંના પ્રથમ શુષ્કવાદનું નિરૂપણ કરાય છે–

**परानर्थो लघुत्वं वा, विजये च पराजये ।**
**यत्रोक्तौ सह दुष्टेन, शुष्कवादः स कीर्त्तितः ।।८-२।।**

परेति–यत्र दुष्टेनात्यन्तमानक्रोधोपेतचित्तेन सहोक्तौ सत्याम् । विजये सति । परस्य प्रतिवादिनः परः प्रकृष्टो वाऽनर्थो मरणचित्तनाशवैरानुबन्धसंसारपरिभ्रमणरूपः साध्वतिपातनशासनोच्छेदादिरूपो वा । पराजये च सति लघुत्वं वा "जितो जैनोऽतोऽसारं जैनशासनम्" इत्येवमवर्णवादलक्षणं भवति । स शुष्कवादो गलतालुशोषमात्रफलत्वात् कीर्तितः ।।८-२।।

દુષ્ટ એવા પ્રતિવાદીની સાથે જે વાદ કરાય ત્યારે વાદમાં વિજય થાય તો પ્રતિવાદીને અનર્થ થાય અને પરાજય થાય તો શાસનની લઘુતા થાય; એ વાદને 'શુષ્કવાદ' કહેવાય છે - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે જયાં અત્યંત માન અને ક્રોધથી યુક્ત એવા ચિત્તવાળા દુષ્ટ પ્રતિવાદીની સાથે જયારે વાદ થાય ત્યારે વાદીનો વિજય થાય તો પ્રતિવાદીને મહાન અનર્થની પ્રાપ્તિ થવાનો પૂરતો સંભવ રહે છે. તેને પોતાનું માન ખંડિત થયાની લાગણીથી મરણ, ચિત્ત(સચ્ચિત્ત)નો નાશ, વૈરનો અનુબંધ અને તેથી સંસારમાં પરિભ્રમણ વગેરે દોષો પ્રાપ્ત થતા હોય છે. તેમ જ પ્રતિવાદીનું ચિત્ત ક્રોધયુક્ત હોવાથી આવેશમાં કોઇ વાર તે સાધુ(વાદી)ને મારી નાંખે અને શાસનના ઉચ્છેદ વગેરેને પણ તે કરે. દુષ્ટ પ્રતિવાદીની સાથે વાદ કરવામાં આપણો વિજય પણ થાય તો ય એ રીતે મહાન અનર્થની પ્રાપ્તિ થવાનો પૂરતો સંભવ છે. આવા દુષ્ટ પ્રતિવાદીની સાથે વાદ કરતા જો વાદીનો પરાજય થાય તો શાસનની લઘુતા થાય. 'જૈનો જિતાયા તેથી જૈન શાસન અસાર છે.' - આ પ્રમાણે લોકો બોલવા લાગે તેના કારણે જૈનશાસનનો અવર્ણવાદ થશે. આ 'શુષ્કવાદ'નું ફળ માત્ર ગળું અને તાળવું સુકાવાનું છે અર્થાત્ 'શુષ્કવાદ'થી એ સિવાય બીજું કોઇ જ

ફળ પ્રાપ્ત થતું નથી, માત્ર કંઠ અને તાળવું સુકાય છે. બુદ્ધિમાન આત્માઓએ આવા શુષ્કવાદથી દૂર રહેવું જોઈએ.

તત્ત્વની જિજ્ઞાસાના અભાવે માત્ર ચર્ચા કરવાના ઈરાદાથી 'શુષ્કવાદ'નો આવિર્ભાવ થતો હોય છે. જિજ્ઞાસા નથી હોતી, એવું નથી પરંતુ તે તત્ત્વવિષયક ન હોવાથી વાદ શુષ્ક બને છે. માત્ર સામા માણસને પછાડવાની વૃત્તિ હોવાથી વાત કરવા છતાં તત્ત્વની પ્રાપ્તિ થતી નથી. વર્તમાનમાં લગભગ આવી પરિસ્થિતિ વધુ જોવા મળે છે. ચર્ચા કરનારો વર્ગ ખૂબ જ ઝડપથી વધતો જાય છે. જેમને 'ચર્ચા'ની સાથે કોઈ જ સંબંધ નથી; એવા લોકો જ્યારે ચર્ચા કરવા નીકળે છે ત્યારે આ 'શુષ્કવાદ' ખૂબ જ પરાકાષ્ઠાએ પહોંચે છે. રાજકારણથી માંડીને દરેક ક્ષેત્રમાં 'શુષ્કવાદ'નો મોટો વિસ્તાર છે. અહીં એ અંગે કશો જ વિચાર કરવાનો નથી. અહીં તો માત્ર લોકોત્તરમાર્ગસંબંધી તત્ત્વ અંગે જ વિચારવાનું છે. 'શુષ્કવાદ' ઉપર જણાવ્યા મુજબ નિરર્થક છે. વાદી કે પ્રતિવાદી બંન્ને માટે લાભદાયક નથી. ઉપરથી હાનિકારક છે. શુષ્કવાદને કરનારાઓએ લોકોત્તરમાર્ગને પણ ધીરે ધીરે પોતાના કાર્યક્ષેત્ર તરીકે આવરી લીધો છે. પોતાની શ્રદ્ધાહીન પ્રવૃત્તિ દ્વારા સ્વપ્રતિભાથી બીજાને હતપ્રભ બનાવવાનું કાર્ય શુષ્કવાદ કરે છે. તત્ત્વપ્રાપ્તિના સાધનને આ રીતે સામાન્ય જનને તત્ત્વથી દૂર રાખવા માટે જ્યારે ઉપયોગમાં લેવાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ અનિષ્ટની જ પ્રાપ્તિ થાય - તે સમજી શકાય એવી વાત છે. કરવું કે માનવું કશું જ નહિ અને માત્ર વાતો કરવી : એ 'શુષ્કવાદ'નો સ્થાયીભાવ છે. એનાથી છૂટવા માટે તત્ત્વની જિજ્ઞાસાને પ્રાપ્ત કર્યા વિના ચાલે એવું નથી. ભવના સ્વરૂપની વિચારણા કરતા રહીએ તો કોઈક પળે એ જિજ્ઞાસા આવિર્ભૂત થશે, જેથી ભવિષ્યમાં તત્ત્વસંપ્રાપ્તિનો પરમતારક માર્ગ સરળ બનશે. ॥૮-૨॥

બીજા 'વિવાદ' સ્વરૂપ વાદનું નિરૂપણ કરાય છે—

**छलजातिप्रधानोक्तिर्दुःस्थितेनार्थिना सह ।**
**विवादोऽत्राऽपि विजयालाभो वा विघ्नकारिता ॥८-३॥**

छलेति—दुःस्थितेन दरिद्रेण । अर्थिना लाभख्यात्यादिप्रयोजनिना सह । छलमन्याभिप्रायेणोक्तस्य शब्दस्याभिप्रायान्तरेण दूषणं, जातिश्चासदुत्तरं, ताभ्यां प्रधानोक्तिः ।

विवादो विरुद्धो वादः । अत्रापि विवादेऽपि । विजयालाभः परस्यापि च्छलजात्याद्यु-द्भावनपरत्वात् । वा अथवा । विघ्नकारिता अत्यन्ताप्रमादितया छलादिपरिहारेऽपि प्रतिवादिनोऽर्थिनः पराभूतस्य लाभख्यात्यादिविघातध्रौव्यात् । बाधते च परापाय-निमित्तता तपस्विनः परलोकसाधनमिति । नात्रोभयथापि फलमिति भावः ।।८-३।।

"માન-સન્માનાદિના અર્થી એવા દરિદ્ર પ્રતિવાદીની સાથે છળ અને જાતિની પ્રધાનતા છે જેમાં એવા વાદને વિવાદ કહેવાય છે. અહીં પણ વિજયનો લાભ થતો નથી. અથવા પ્રતિવાદી તરફથી વિઘ્નની પ્રાપ્તિ થાય છે." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે લાભ, ખ્યાતિ, યશ અને પૂજા-સત્કારાદિના અર્થી એવા દરિદ્ર માણસની સાથે જે વાદ થાય છે તે 'વિવાદ' સ્વરૂપ વાદ છે. લાભ વગેરેના અર્થી જીવો મનથી દરિદ્ર હોય છે. જેની તૃષ્ણા ચિકાર છે; તેને દરિદ્ર કહેવાય છે. આવા દરિદ્રો પોતાની તૃષ્ણાને દૂર કરવાના બદલે પૂર્ણ કરવા પ્રયત્નશીલ બનતા હોય છે. ગમે તે રીતે વિજય પ્રાપ્ત કરવા માટે છલ અને જાતિનો પણ તેઓ આશ્રય લે છે.

અન્ય (વિવક્ષિત-એક) અભિપ્રાયથી બોલાયેલા શબ્દનો બીજા અભિપ્રાયે અર્થ કરી દૂષણના ઉદ્ભાવનને 'છલ' કહેવાય છે. જેમ કે '**देवदत्तोऽयं नेपालादागतो नवकम्बलवत्त्वाद्**' આ દેવદત્ત નેપાળથી આવ્યો છે; કારણ કે આની પાસે નવકંબલ (નવી કામળી) છે. આ પ્રમાણે જણાવનાર વક્તાએ અહીં નૂતન (નવું) અર્થને જણાવવાના અભિપ્રાયથી '**नव**' પદનો પ્રયોગ કર્યો છે. ત્યાં 'આની પાસે તો એક જ કામળી છે નવ ક્યાં છે ?' - આ પ્રમાણે **नव** પદનો અર્થ 'નવ સંખ્યા' કહીને વક્તાના કથનમાં જે દૂષણ બતાવાય છે - તે 'છલ' છે. લાભાદિના અર્થી આત્માઓ 'વાદ'માં છળનો પણ ઉપયોગ નિઃસંકોચપણે કરતા હોય છે. અસદ્ ઉત્તરને 'જાતિ' કહેવાય છે. સામાન્ય રીતે વાદીએ સદ્ અથવા તો અસદ્ હેતુનો પ્રયોગ કર્યો હોય ત્યારે તેના પ્રયોગમાં તુરત જ કોઈ દોષ ન જણાય તો ગમે તે રીતે સાધર્મ્યનો આધાર લઈને તેનો જવાબ આપવો, તેને 'જાતિ' કહેવાય છે. જેમ કે '**शब्दोऽनित्यः कृतकत्वाद् घटवत्**' - 'શબ્દ અનિત્ય છે, કારણ કે તેમાં કાર્યત્વ છે; ઘટની જેમ' - આ પ્રમાણે વાદીએ જણાવ્યા પછી ખરી રીતે હેત્વાભાસનું ઉદ્ભાવન કરીને વાદીના સિદ્ધાંતમાં દૂષણ બતાવવું જોઈએ. તેના બદલે 'ઘટની જેમ અનિત્ય છે' એ પ્રમાણે

સાંભળીને એ પ્રમાણે જણાવવામાં આવે કે - "શબ્દ અમૂર્ત્ત હોવાથી તેને આકાશની જેમ નિત્ય માનવાનો પ્રસંગ આવશે." - આ અસદ્ ઉત્તર સ્વરૂપ જાતિ છે. લાભ, ખ્યાતિ કે યશ વગેરેના અર્થી જનોની સાથે 'વાદ' કરવામાં આવે તો તેમાં ઉપર જણાવ્યા મુજબ છળ અને જાતિનું જ પ્રાધાન્ય રહેતું હોય છે. એવા વાદને 'વિવાદ' કહેવાય છે. તે તત્ત્વપ્રાપ્તિ માટે અનુકૂળ નથી; પરંતુ પ્રતિકૂળ-વિરોધી હોય છે.

આ વિવાદમાં પણ વાદીને વિજયનો લાભ થવાની આશા નહીંવત્ છે. કારણ કે પ્રતિવાદી છળ અને જાતિના ઉદ્ભાવનમાં તત્પર હોય છે. આવા આત્માઓની સાથે વાદ કરવાથી વાદમાં વિજય પ્રાપ્ત કરવાનું ખૂબ જ અશક્ય બને છે. આપણી પરમ સત્ય વસ્તુ પણ છળ અને જાતિના કારણે સત્યસ્વરૂપે તેને સિદ્ધ કરવાનું ઘણું જ કપરું બને છે. આમ છતાં વાદી; ખૂબ જ સમર્થ હોય અને અપ્રમત્તપણે વાત કરી છળ અને જાતિનો પરિહાર કરી કદાચ વિજય પ્રાપ્ત પણ કરે તો પ્રતિવાદીને લાભાદિને પ્રાપ્ત કરવામાં વિઘ્ન કરનારા બનવાનો પ્રસંગ આવે. કારણ કે પ્રતિવાદીનો જય ન થાય અને આપણો(વાદીનો) જય થાય તો પ્રતિવાદીને તેનો પરાભવ થવાથી ધનાદિનો લાભ કે ખ્યાતિ વગેરે પ્રાપ્ત નહીં થાય. એમાં નિમિત્ત; વાદીનો વિજય બને છે. પરાભવ પામેલાને લાભ અને ખ્યાતિ વગેરેનો વ્યાઘાત ચોક્કસ છે : તે સમજી શકાય છે. આ રીતે લાભાદિના અર્થીને તેની પ્રાપ્તિમાં વિઘ્નસ્વરૂપ બનવાનું તપસ્વીઓ(પૂ. સાધુભગવંતો) માટે ઉચિત નથી. તપસ્વીજનોએ આરંભેલી પરલોક(મોક્ષ)ની સાધનાને તેનાથી બાધા પહોંચે છે. આથી સમજી શકાશે કે વિવાદના સ્થળે વિજય પ્રાપ્ત થાય કે ન પણ થાય તોપણ બંન્ને રીતે વાદી માટે દોષનું જ કારણ પ્રાપ્ત થાય છે. માટે વિવાદથી પણ બુદ્ધિમાને દૂર રહેવું જોઈએ. ॥૮-૩॥

હવે 'ધર્મવાદ'નું નિરૂપણ કરાય છે–

**ज्ञातस्वशास्त्रतत्त्वेन, मध्यस्थेनाघभीरुणा ।**
**कथाबन्धस्तत्त्वधिया, धर्मवादः प्रकीर्त्तितः ॥८-४॥**

ज्ञातेति–ज्ञातं स्वशास्त्रस्याभ्युपगतदर्शनस्य तत्त्वं येन, एवम्भूतो हि स्वदर्शनं दूषितमदूषितं वा जानीते । मध्यस्थेन आत्यन्तिकस्वदर्शनानुरागपरदर्शनद्वेषरहितेन,

एवम्भूतस्य हि सुप्रतिपादं तत्त्वं भवति । तथा अघभीरुणा पातकभयशीलेन, एवम्भूतो ह्यसमञ्जसवक्ता न भवतीति । सहेति गम्यते । तत्त्वधिया तत्त्वबुद्ध्या । यः कथाबन्धः स धर्मवादो धर्मप्रधानो वादः प्रकीर्तितः ॥८-४॥

"પોતે સ્વીકારેલા શાસ્ત્રના તત્ત્વના જાણકાર; મધ્યસ્થ એવા પાપભીરુ આત્માની સાથે તત્ત્વની બુદ્ધિથી જે વાત થાય છે; તેને ધર્મવાદ કહેવાય છે." - આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે જેની સાથે વાત કરવાની છે; તે વ્યક્તિ પોતાના શાસ્ત્રની જ્ઞાતા હોવી જોઈએ. જે પણ શાસ્ત્રને તેઓ માનતા હોય, તેના તેઓ જ્ઞાતા હોય તો સામા માણસની વાત સાંભળવાથી પોતાના શાસ્ત્રને દોષથી રહિત અથવા સહિત તેઓ સમજી શકે છે. અન્યથા પોતાના દર્શનમાં દોષ છે કે નહિ - તે તેઓ સમજી શકે નહિ. આવા માણસોની સાથે વાત કરવાથી કોઈ લાભ ન હોવાથી પોતાના શાસ્ત્રના જ્ઞાતાની સાથે વાત કરવાનું અહીં જણાવ્યું છે.

પોતાના શાસ્ત્રના જ્ઞાતા પણ પોતાના દર્શન પ્રત્યે અત્યંત રાગી અને બીજાના દર્શનની પ્રત્યે અત્યંત દ્વેષી ન હોય એવા મધ્યસ્થ હોવા જોઈએ. આવા મધ્યસ્થ આત્માઓને તત્ત્વ સારી રીતે સમજાવી શકાય છે. જ્યાં સુધી તત્ત્વનું વાસ્તવિક જ્ઞાન ન હોય ત્યાં સુધી સ્વપરદર્શનની પ્રત્યે અનુક્રમે રાગ-દ્વેષ તો હોય પરંતુ તે એવા ઉત્કટ ન હોવા જોઈએ કે જેથી તેને લઈને બીજાની વાત પણ આપણે સમજીને સ્વીકારી ના શકીએ ! મધ્યસ્થ આત્માઓને પોતાના અને બીજાના દર્શન પ્રત્યે અનુક્રમે અત્યંત રાગ અને અત્યંત દ્વેષ હોતો નથી. તેથી સ્વશાસ્ત્રના જ્ઞાતા એવા મધ્યસ્થની સાથે વાત કરવી જોઈએ.

સ્વશાસ્ત્રના જ્ઞાતા અને મધ્યસ્થ આત્માઓ પણ પાપના ભીરુ હોવા જોઈએ. જેથી તેઓ કોઈ વાર બીજાની વાત ન સમજાય તોપણ અસંગત વાતો કરે નહીં. પોતાને સમજાય નહિ; તેથી તેઓ સામા માણસની વાત ન પણ માને પરંતુ પોતે પાપભીરુ હોવાથી જેમ-તેમ બોલતા નથી. આથી જ વાત કરવા માટે સ્વશાસ્ત્રના જ્ઞાતા, મધ્યસ્થ એવા પાપભીરુ આત્માઓ જ યોગ્ય છે. આવા સુયોગ્ય આત્માઓની સાથે તત્ત્વના નિર્ણય માટે વાત કરવી જોઈએ. પોતાની વિદ્વત્તા વગેરે પ્રદર્શિત કરવાનો આશય ન હોવો જોઈએ. અન્યથા એવા સુયોગ્ય આત્માઓની સાથેની પણ વાતચીત 'ધર્મવાદ' સ્વરૂપ નહીં બને. ઉપર જણાવ્યા

મુજબ સ્વશાસ્ત્રના જ્ઞાતા, મધ્યસ્થ અને પાપભીરુ આત્માઓની સાથે જે કથાપ્રબંધ - વાતચીત તત્ત્વબુદ્ધિથી થાય છે; તેમાં ધર્મની પ્રધાનતા હોવાથી તેને 'ધર્મવાદ' કહેવાય છે. ધર્મની પ્રાપ્તિ માટે 'ધર્મવાદ' એક અદ્ભુત સાધન છે. એ સાધનની પ્રાપ્તિ માટેની યોગ્યતા માટે; સ્વશાસ્ત્રનું જ્ઞાન, મધ્યસ્થતા અને પાપભીરુતાની અપેક્ષા છે. વાત કરવા માટેની એ યોગ્યતા ન હોય તો વાદી-પ્રતિવાદી : બંન્ને માટે તે વાદ ધર્મની પ્રાપ્તિનું કારણ નહીં બને. ધર્મવાદ ધર્મ માટે છે. ॥૮-૪॥

'ધર્મવાદ'ની ધર્મપ્રધાનતાને જણાવવા વાદી-પ્રતિવાદીને આશ્રયીને 'ધર્મવાદ'ના ફળનું નિરૂપણ કરાય છે–

**वादिनो धर्मबोधादि, विजयेऽस्य महत्फलम् ।**
**आत्मनो मोहनाशश्च, प्रकटस्तत्पराजये ॥८-५॥**

वादिन इति–वादिनो विजये सति । अस्य प्रागुक्तविशेषणविशिष्टस्य प्रतिवादिनो धर्मः श्रुतचारित्रलक्षणस्तस्य बोधः प्रतिपत्तिस्तदादि । आदिनाऽद्वेषपक्षपातावर्णवादादि-ग्रहः । महदुत्कृष्टं फलं भवति । ततः प्रतिवादिनः सकाशात् पराजये चात्मनोऽधि-कृतसाधो र्मोहस्यातत्त्वादौ तत्त्वाद्यध्यवसायलक्षणस्य नाशश्च प्रकट इत्युभयथापि फलवानयमिति भावः ॥८-५॥

"ધર્મવાદમાં વાદીનો વિજય થાય તો તે પ્રતિવાદીને ધર્મબોધ વગેરે ફળની પ્રાપ્તિ થાય છે અને પ્રતિવાદી દ્વારા જો વાદીનો પરાજય થાય તો પોતાના(વાદીના) મોહનો નાશ થાય છે - એ સ્પષ્ટ છે." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે. તેનો આશય સ્પષ્ટ છે કે જૈનદર્શનના ત્રિકાલાબાધિત સિદ્ધાંતના સુપ્રતિપાદનથી વાદીને ધર્મવાદમાં વિજય પ્રાપ્ત કરવાનું ખૂબ જ સરળ બને છે. કારણ કે સામે પ્રતિવાદી પણ પૂર્વે જણાવ્યા મુજબ સ્વશાસ્ત્રનો જ્ઞાતા, મધ્યસ્થ અને પાપનો ભીરુ છે તેમ જ તત્ત્વનો અર્થી છે. સત્યનું સારી રીતે કરાયેલું પ્રતિપાદન અને તે પણ સુયોગ્યની પ્રત્યે; તેથી વાદીનો વિજય ખૂબ જ સરળતાથી થાય. પરિણામે પ્રતિવાદીને ધર્મનો બોધ થાય છે. પ્રતિવાદી મધ્યસ્થ અને તત્ત્વનો અર્થી હોવાથી તેને વાદી પ્રત્યે દ્વેષ થતો નથી. 'પોતાનું દર્શન બરાબર નથી.' - એનું જ્ઞાન થવાથી તેને સ્વદર્શન પ્રત્યે પક્ષપાત રહેતો નથી

અને વાદીના (જૈનના) દર્શનની યથાર્થતાની પ્રતીતિ થવાથી તે દર્શનના તે અવર્ણવાદ કરતો નથી. આ રીતે ધર્મવાદમાં વાદીને વિજય પ્રાપ્ત થયે છતે ધર્મબોધ વગેરે સ્વરૂપ ઉત્કૃષ્ટ ફળ પ્રાપ્ત થાય છે.

કોઇ વાર વાદીનો પોતાની પ્રતિભા વગેરે કારણે પ્રતિવાદી દ્વારા પરાજય થાય તોપણ પ્રતિવાદી ઉપર જણાવ્યા મુજબ સુયોગ્ય હોવાથી અહંકારાદિ કરતો નથી. તેમ જ વાદી પ્રત્યે તિરસ્કારાદિનો પણ ભાવ ધારણ કરતો નથી. આવી સ્થિતિમાં વાદી પોતાનો પરાજય કેમ થયો ? પોતે કઇ ભૂલ કરી ?... વગેરેનો સારી રીતે વિચાર કરે છે; જેથી તેને સમજાય છે કે મેં અતત્ત્વમાં તત્ત્વનો અધ્યવસાય કર્યો એટલે પરાજય પામવાનો મારે પ્રસંગ આવ્યો પરંતુ તે અધ્યવસાય બરાબર નથી. આ પ્રમાણે જાણવાથી વાદ કરનાર પૂ. સાધુમહાત્માને પ્રકટ એવો મોહનાશ પ્રાપ્ત થાય છે. અતત્ત્વને તત્ત્વ માનવા સ્વરૂપ મોહના નાશથી વાદીને પરાજય પામવા છતાં મોટો લાભ થાય છે. યોગ્ય આત્માની સાથે વાત કરવાથી ઉપર જણાવ્યા મુજબ બંન્ને રીતે લાભ થાય છે. વાદી અને પ્રતિવાદીને લાભનું કારણ 'ધર્મવાદ' બને છે. આથી સમજી શકાશે કે ધર્મની પ્રાપ્તિ માટે આત્માની યોગ્યતા : એ મુખ્ય કારણ છે. સ્વપરના કલ્યાણને કરનારી એ યોગ્યતાની કોઇ પણ રીતે ઉપેક્ષા નહિ કરવી જોઇએ. ॥૮-૫॥

'ધર્મવાદ'ની પ્રધાનતાને વર્ણવીને તે જ કરવાયોગ્ય છે - તે જણાવાય છે–

**अयमेव विधेयस्तत्तत्त्वज्ञेन तपस्विना ।**
**देशाद्यपेक्षयान्योऽपि विज्ञाय गुरुलाघवम् ॥८-६॥**

अयमेवेति–तत्तस्मात् तत्त्वज्ञेन तपस्विना । अयमेव धर्मवाद एव विधेयः । अपवादमाह-देशो नगरग्रामजनपदादिः, आदिना कालराजसभ्यप्रतिवाद्यादिग्रहः, तदपेक्षया तदाश्रयणेन । गुरुलाघवं दोषगुणयोरल्पबहुत्वं विज्ञाय अन्योऽपि विवादः कार्यः ॥८-६॥

"ધર્મવાદ ઉભયને હિતકર હોવાથી દેશાદિની અપેક્ષાએ તપસ્વીએ એ જ કરવો જોઇએ. તેમ જ દોષ અને ગુણની અલ્પાધિકતાનો વિચાર કરી બીજો પણ વાદ કરવો." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે ઉપર જણાવ્યા મુજબ વાદી-પ્રતિવાદીને વિજય કે પરાજય : બંન્ને રીતે ધર્મવાદ લાભનું કારણ બનતો હોવાથી તપસ્વી મહાત્માએ તે જ કરવો જોઇએ. પરંતુ

શુષ્કવાદ કે વિવાદ કરવો નહિ. એ પણ દેશ વગેરેને બરાબર જાણીને કરવો જોઇએ. અન્યથા ઉચિત દેશાદિ ન હોય તો તે ધર્મવાદ વગેરે કરવો નહિ - એ અપવાદ છે.

'ધર્મવાદ'ને કરતાં પૂર્વે વાદીએ જોવું જોઇએ કે - કયો દેશ છે; કયું નગર છે; કયું ગામ છે; કયો કાળ છે; રાજા કેવો છે; સભ્ય-મધ્યસ્થ કેવા છે અને પ્રતિવાદી કેવો છે : જ્યાં વાદ કરવાનો છે તે દેશ, નગર કે ગામ કુતીર્થિઓની અધિકતાવાળું છે કે અલ્પતાવાળું છે : તેનો વિચાર કરીને તેની(કુતીર્થિઓની) અલ્પતાવાળા દેશાદિમાં ધર્મવાદ કરવો. કાળમાં પણ દુષ્કાળ અને સુકાળાદિનો વિચાર કરી ઉચિત કાળે જ વાદ કરવો જોઇએ. જ્યાં વાદ કરવાનો છે ત્યાંનો રાજા તત્ત્વનો જાણકાર છે કે નહિ; સભ્ય-મધ્યસ્થ, પક્ષપાતથી રહિત છે કે નહિ; પ્રતિવાદી યોગ્ય છે કે અયોગ્ય છે અને વાદી સ્વયં વાદ કરવા માટે સમર્થ છે કે અસમર્થ છે... ઇત્યાદિનો વિચાર કરીને ધર્મવાદ કરવો જોઇએ. રાજા વગેરે અનુકૂળ ન હોય તો ધર્મવાદ નહિ કરવો જોઇએ. અન્યથા 'ધર્મવાદ'નું જે પરિણામ આવવું જોઇએ તે નહિ આવે.

ઉપર જણાવ્યા મુજબ દેશકાલાદિનો વિચાર કરી દોષ અને ગુણની અનુક્રમે અલ્પતા અને બહુલતાને જાણીને અપવાદે વિવાદ પણ કરવો, તેમાં કોઇ દોષ નથી. શુષ્કવાદ માત્ર ન કરવો. કારણ કે તેથી કોઇ જ લાભ નથી. ॥૮-૬॥

'ધર્મવાદ' કરતી વખતે દેશકાલાદિનો વિચાર કરવો જોઇએ : એ વાતને સ્પષ્ટ કરવા દૃષ્ટાંત જણાવાય છે–

**अत्र ज्ञातं हि भगवान्, यत्स नाभाव्यपर्षदि ।**
**दिदेश धर्ममुचिते, देशेऽन्यत्र दिदेश च ॥८-७॥**

अत्रेति–अत्र देशाद्यपेक्षायां ज्ञातमुदाहरणं हि भगवान् श्रीवर्धमानस्वामी । यत् स न अभाव्यपर्षदि प्रथमसमवसरणेऽयोग्यसदसि धर्मं दिदेश । अन्यत्र चोचिते प्रतिबोध्य-जनकलिते देशे धर्मं दिदेश ॥८-७॥

ધર્મવાદમાં દેશાદિની અપેક્ષા રાખવી જોઇએ : એ વાતમાં ભગવાન શ્રી વર્ધમાનસ્વામી દૃષ્ટાંતરૂપ છે. અયોગ્ય પર્ષદામાં શ્રી મહાવીરપરમાત્માએ

ધર્મદેશના ન આપી. બીજે યોગ્ય પર્ષદામાં તેઓશ્રીએ ધર્મદેશના આપી. આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. એનો આશય પ્રતીત છે. શ્રી મહાવીરપરમાત્માને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયે છતે પ્રથમ સમવસરણમાં પ્રતિબોધ પામી શકે એવી પર્ષદા ન હોવાથી શ્રી તીર્થંકરપરમાત્માએ ક્ષણવાર જ દેશના આપી. પણ એક પ્રહરની દેશના ન આપી અને બીજે પ્રતિબોધ પામી શકે એવા મનુષ્યોથી યુક્ત પર્ષદા(સભા)માં ભગવંતે દેશના આપી. આથી સ્પષ્ટ છે કે ધર્મદેશના આપતી વખતે દેશ, કાળ અને સભા વગેરેનો વિચાર કરવાનું આવશ્યક છે. એવું જો ન હોત તો શ્રી તીર્થંકરપરમાત્માએ એવું કર્યું ન હોત. અન્યત્રની જેમ જ પ્રથમ સમવસરણમાં પણ ક્ષણવાર દેશના આપવાના બદલે એક પ્રહર દેશના આપી હોત. આથી સમજી શકાય છે કે ધર્મદેશના(ધર્મવાદ) કરતી વખતે દેશ, કાળ વગેરેનો વિચાર કરવાનું આવશ્યક છે. ॥૮-૭॥

હવે ધર્મવાદનો વિષય જણાવાય છે–

**विषयो धर्मवादस्य, धर्मसाधनलक्षणः ।**
**स्वतन्त्रसिद्धः प्रकृतोपयुक्तोऽसद्ग्रहव्यये ॥८-८॥**

विषय इति–धर्मवादस्य विषयो धर्मसाधनलक्षणः स्वतन्त्रसिद्धः साङ्ख्यादीनां षष्टितन्त्रादिशास्त्रसिद्धः । असद्ग्रहस्याशोभनपक्षपातस्य व्यये सति, प्रकृतोपयुक्तः प्रस्तुतमोक्षसाधकः । धर्मवादेनैवासद्ग्रहनिवृत्त्या मार्गाभिमुखभावादिति भावः ॥८-८॥

'ધર્મવાદ'નો વિષય; સ્વતંત્રપ્રસિદ્ધ ધર્મસાધન સ્વરૂપ છે. અસદ્ગ્રહનો વ્યય(વિગમ) થયે છતે ધર્મવાદનો વિષય મોક્ષસાધક બને છે. આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે - પોતપોતાના દર્શનમાં જે જે ધર્મનાં સાધન તરીકે પ્રસિદ્ધ છે; તે તે સ્વરૂપ, ધર્મવાદનો વિષય છે. તે તે ધર્મસાધનોનો યથાર્થ નિશ્ચય કરવા માટે ધર્મવાદ કરવાનો છે. એવા નિર્ણય પૂર્વે 'આ જ (સ્વદર્શનપ્રસિદ્ધ જ) બરાબર છે.' - આ પક્ષપાત સારો નથી કહેવાતો. એવા અશોભન પક્ષપાત સ્વરૂપ અસદ્ગ્રહનો વ્યય-વિગમ થયે છતે વાસ્તવિક-તાત્ત્વિક પક્ષપાત થાય છે. તેથી ધર્મવાદના વિષયભૂત ધર્મસાધનો મોક્ષનાં સાધક બને છે. કારણ કે ધર્મવાદથી જ અસદ્ગ્રહની નિવૃત્તિ થવાથી જીવ માર્ગાભિમુખ બને છે. પરિણામે મોક્ષની સિદ્ધિ પ્રાપ્ત થતી હોય છે.

ધર્મવાદની વિશેષતા છે કે તે અસદ્ગ્રહની નિવૃત્તિ કરાવે છે. અજ્ઞાનાદિના કારણે પોતાના દર્શનને જ સારું માનવાની વૃત્તિ બીજા દર્શનની વાત સાંભળવા પણ પ્રવૃત્ત થવા દેતી ન હતી. ધર્મવાદના કારણે બીજા દર્શનની વાત સારી રીતે સાંભળવાદિમાં આત્મા તત્પર બને છે, જેથી જીવની માર્ગ તરફ દૃષ્ટિ પ્રવર્ત્તે છે. અનુક્રમે માર્ગની સંપ્રાપ્તિ થવાથી આત્માને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ રીતે ધર્મવાદ પ્રકૃત-મોક્ષોપયોગી બને છે. ॥૮-૮॥

ધર્મવાદના વિષયભૂત ધર્મસાધનોને વર્ણવાય છે–

**यथाऽहिंसादयः पञ्च, व्रतधर्मयमादिभिः ।**
**पदैः कुशलधर्माद्यैः, कथ्यन्ते स्वस्वदर्शने ॥८-९॥**

यथेति–यथाऽहिंसादयः, आदिना सूनृतास्तेयब्रह्मापरिग्रहपरिग्रहः पञ्च । स्वस्वदर्शने व्रतधर्मयमादिभिः, तथा कुशलधर्माद्यैः पदैः कथ्यन्ते । तत्र महाव्रतपदेनैतानि जैनैरभिधीयन्ते । व्रतपदेन च भागवतैः, यदाहुस्ते–"पञ्च व्रतानि पञ्चोपव्रतानि," व्रतानि यमाः, उपव्रतानि नियमाः" इति । धर्मपदेन तु पाशुपतैः, यतस्ते दश धर्मानाहुः–"अहिंसा सत्यवचनमस्तैन्यं चाप्यकल्पना । ब्रह्मचर्यं तथाऽक्रोधो ह्यार्जवं शौचमेव च ॥१॥ सन्तोषो गुरुशुश्रूषा इत्येते दश कीर्तिताः ।" साङ्ख्यैर्व्यासमतानुसारिभिश्च यमपदेनाभिधीयन्ते–"पञ्च यमाः पञ्च नियमाः" तत्र यमाः–"अहिंसा सत्यमस्तैन्यं ब्रह्मचर्यमव्यवहारश्चेति", नियमास्तु–"अक्रोधो गुरुशुश्रूषा शौचमाहारलाघवम् । अप्रमादश्चेति" । कुशलधर्मपदेन च बौद्धैरभिधीयन्ते, यदाहुस्ते–"दशाकुशलानि, तद्यथा-हिंसा स्तेयान्यथाकामं पैशून्यं परुषानृतम् । सम्भिन्नालापं व्यापादमभिध्या दृग्विपर्ययम् ॥१॥ पापकर्मेति दशधा कायवाङ्मानसैस्त्यजेद् । इति" अत्र चान्यथाकामः पारदार्यं, सम्भिन्नालापोऽसम्बद्धभाषणं, व्यापादः परपीडाचिन्तनम्, अभिध्या धनादिष्वसन्तोषः परिग्रह इति यावत्, दृग्विपर्ययो मिथ्याभिनिवेशः, एतद्विपर्ययाच्च दश कुशलधर्मा भवन्तीति । आदिपदाच्च ब्रह्मादिपदग्रहः । एतान्येव वैदिकादिभिर्ब्रह्मादिपदेनाभिधीयन्ते इति ॥८-९॥

"અહિંસા, સત્ય વગેરે પાંચ ધર્મસાધનોને પોતપોતાના દર્શનમાં વ્રત, ધર્મ, યમ અને કુશલધર્મ... વગેરે પદો દ્વારા તે તે દાર્શનિકોએ જણાવ્યાં છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. કહેવાનો ભાવ એ છે કે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ : આ પાંચ ધર્મનાં સાધન છે. દરેક

દર્શનકારોને અભિમત એ પાંચેયનું સ્વરૂપ વ્રત, ધર્મ વગેરે પદો દ્વારા તે તે દર્શનકારોએ પોતપોતાના દર્શનમાં વર્ણવ્યું છે. 'અહિંસાદિ પાંચ મહાવ્રતો છે.' એમ કહીને મહાવ્રતો સ્વરૂપે જૈનોએ તેનું વર્ણન કર્યું છે.

અહિંસાદિ પાંચને ભાગવતોએ વ્રત તરીકે વર્ણવ્યાં છે. તેઓ કહે છે કે પાંચ વ્રતો છે અને પાંચ ઉપવ્રતો છે. અહિંસા, સત્ય વગેરે પાંચ યમને વ્રત કહેવાય છે અને શૌચ, સંતોષ, તપ, સજ્ઝાય(સ્વાધ્યાય) તથા ઈશ્વરધ્યાન - આ પાંચ નિયમોને ઉપવ્રત કહેવાય છે.

પાશુપતો ધર્મસાધનભૂત અહિંસાદિ પાંચને ધર્મ તરીકે વર્ણવે છે. કારણ કે તેઓએ દશ ધર્મો જણાવ્યા છે. અહિંસા, સત્યવચન, અસ્તૈન્ય(અચૌર્ય), અકલ્પના, બ્રહ્મચર્ય, અક્રોધ, આર્જવ, શૌચ, સંતોષ અને ગુરુશુશ્રૂષા - આ દશ ધર્મો છે. કલ્પનાના અભાવને અકલ્પના કહેવાય છે. અસત્ ખ્યાતિના વિષયને કલ્પના કહેવાય છે. સરળતાને આર્જવ કહેવાય છે. મન-વચન-કાયાની પવિત્રતાને શૌચ કહેવાય છે.

સાંખ્યો અને વ્યાસઋષિના મતના અનુયાયીઓએ અહિંસાદિ પાંચને યમ તરીકે વર્ણવ્યા છે. તેઓ એમ જણાવે છે કે કે પાંચ યમ છે; તેમ જ પાંચ નિયમ છે. અહિંસા, સત્ય, અસ્તૈન્ય, બ્રહ્મચર્ય, અવ્યવહાર : આ પાંચ યમ છે. અક્રોધ, ગુરુશુશ્રૂષા, શૌચ, આહારની લઘુતા તથા અપ્રમાદ : આ પાંચ નિયમ છે. વ્યવહારના અભાવને અવ્યવહાર કહેવાય છે. આહારની લઘુતા; દ્રવ્ય, પ્રમાણ, રસ અને ટંકની અપેક્ષાએ અલ્પતા સ્વરૂપ છે. એક દ્રવ્ય કે બે દ્રવ્યથી નિર્વાહ થાય તો વધારે દ્રવ્યો વાપરવાં નહિ. એ દ્રવ્ય પણ અલ્પપ્રમાણમાં અને અલ્પરસવાળું વાપરવું. તેમ જ દિવસમાં એક કે બે વાર વાપરવું - એને આહારની લઘુતા કહેવાય છે. નિદ્રા - વિકથાદિના અભાવને અપ્રમાદ કહેવાય છે.

બૌદ્ધોએ આ ધર્મસાધનભૂત અહિંસાદિનું વર્ણન કુશલધર્મ તરીકે કર્યું છે. અકુશલધર્મના અભાવ - વિરુદ્ધ ધર્મ તરીકે કુશલધર્મો પ્રસિદ્ધ છે. અકુશલધર્મને જણાવતાં તેઓએ કહ્યું છે કે હિંસા, સ્તેય, અન્યથાકામ, પૈશુન્ય. પરુષાનૃત, સંભિન્નાલાપ, વ્યાપાદ, અભિધ્યા, દગ્‌વિપર્યય અને પાપકર્મ : આ દશ પ્રકારનાં અકુશલ; મન, વચન અને કાયાથી ત્યજવાં જોઈએ. પરદારાનું સેવન : એને અન્યથાકામ કહેવાય છે. અસંબદ્ધ ભાષણને સંભિન્નાલાપ કહેવાય છે. પરને

પીડા ઉપજાવવાની વિચારણાને વ્યાપાદ કહેવાય છે. ધનાદિને વિશે અસંતોષ સ્વરૂપ પરિગ્રહને અહીં અભિધ્યા કહેવાય છે. મિથ્યા અભિનિવેશ સ્વરૂપ દગ્‌વિપર્યય છે અને પરુષાનૃત કઠોર-અસત્ય સ્વરૂપ છે. આ દશ અકુશલના વિપર્યયથી અહિંસા, અસ્તેય વગેરે કુશલધર્મો દશ થાય છે. આ દશ કુશલધર્મોને જ વૈદિકો વગેરે બ્રહ્મ વગેરે પદો દ્વારા જણાવે છે. ॥૮-૯॥

ઉપર જણાવ્યા મુજબ અહિંસાદિ ધર્મસાધનોને બધા જ દર્શનકારો તે તે પદો દ્વારા વર્ણવતા હોવાથી બધા જ દર્શનકારો મોક્ષમાર્ગનું નિરૂપણ કરે છે. તેથી તેના નિર્ણય માટે ધર્મવાદની આવશ્યકતા જ નહીં રહે : આ શંકાના સમાધાન માટે જણાવાય છે–

**मुख्यवृत्त्या क्व युज्यन्ते, न वैतानि क्व दर्शने ।**
**विचार्यमेतन्निपुणैरव्यग्रेणान्तरात्मना ॥८-१०॥**

मुख्येति–एतानि अहिंसादीनि क्व दर्शने युज्यन्ते, क्व वा दर्शने न युज्यन्ते । एतन्मुख्यवृत्त्याऽनुपचारेण निपुणैर्धर्मविचारनिष्णातैर्विचारणीयम् नान्यद्, वस्त्वन्तर-विचारणे धर्मवादाभावप्रसङ्गाद् । अव्यग्रेण स्वशास्त्रनीतिप्रणिधानादव्याक्षिप्तेन । अन्त-रात्मना मनसा । शास्त्रान्तरनीत्या ह्येकशास्त्रोक्तप्रकाराणामहिंसादीनामयुज्यमानता स्फुटमेव प्रतीयत इति स्वतन्त्रनीतिप्रणिधानेनैव विषयव्यवस्था विचार्यमाणा फलवतीति भावः ॥८-१०॥

“ધર્મસાધનભૂત અહિંસા વગેરે વાસ્તવિક રીતે કયા દર્શનમાં ઘટે છે અને કયા દર્શનમાં ઘટતા નથી - તેનો વિચાર અવ્યગ્ર એવા મન વડે નિપુણજનોએ કરવો જોઈએ.” - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે દરેક દર્શનકારોએ પોતપોતાની રીતે વ્રત, ધર્મ અને યમ વગેરે પદો દ્વારા અહિંસાદિનું વર્ણન કર્યું છે. પરંતુ તે તે દર્શનમાં વર્ણવેલા અહિંસા વગેરે તે તે દર્શનમાં સંગત છે કે નહિ તે વિચારવું જોઈએ. તે વિચારણાથી ચોક્કસ ખ્યાલ આવશે કે તે અહિંસાદિ કયા દર્શનમાં સંગત છે અને કયા દર્શનમાં સંગત નથી. અને તેથી જે દર્શનમાં તે સંગત નહિ હોય તે દર્શન મોક્ષપ્રાપક નથી : તેનો પણ ચોક્કસ ખ્યાલ આવશે.

તે તે દર્શનમાં અહિંસાદિ ઘટે છે કે નહિ તેની વિચારણા; ધર્મની વિચારણા કરવામાં જેઓ નિષ્ણાત છે તેવા નિપુણોએ કરવી જોઈએ. એવા નિપુણ જેઓ નથી તેમને તેવી વિચારણા કરવાનો અધિકાર નથી. અયોગ્ય કે અજ્ઞાનીને આમ પણ કોઈ કામનો અધિકાર તો નથી જ. ધર્મની વિચારણામાં તો કોઈ પણ રીતે તેમને તેવો અધિકાર અપાયો નથી. નિપુણોએ મુખ્યપણે એટલે કે કોઈ પણ પ્રકારના ઉપચાર વિના અહિંસાદિ કયા દર્શનમાં સંગત થાય છે અને કયા દર્શનમાં સંગત થતા નથી; તે વિચારવું જોઈએ. બીજું વિચારવું ના જોઈએ. કારણ કે બીજી વિચારણામાં 'ધર્મવાદ'નો સંભવ નથી. અહીં તો ધર્મવાદને અનુલક્ષીને વિચારવાનું છે.

નિપુણ આત્માઓએ તે વિચારણા પણ અવ્યગ્ર મનથી કરવાની છે. પોતે જે દર્શનમાં જણાવેલી અહિંસા... વગેરેની વિચારણા કરવા ધારે છે; તે દર્શનના જ શાસ્ત્રની નીતિ(મર્યાદા)ના પ્રણિધાનપૂર્વક જ તે વિચારણા કરવી જોઈએ. એને જ મનની વ્યગ્રતાનો અભાવ (અવ્યગ્રતા) કહેવાય છે. એક શાસ્ત્રમાં જણાવ્યા મુજબની અહિંસા વગેરે શાસ્ત્રાંતરની નીતિથી સંગત ન થાય : એ સ્પષ્ટ રીતે સમજી શકાય છે. તેથી પોતાના દર્શનની નીતિના પ્રણિધાનથી જ અહિંસાદિના વિષયની વ્યવસ્થાનો વિચાર કરવો જોઈએ. કારણ કે એવી વિચારણા કરવાથી ચોક્કસપણે ખ્યાલ આવે છે કે અહિંસાદિ તે તે દર્શનમાં સંગત છે કે અસંગત છે. તેથી જ એ વિચારણા સફળ બને છે. જે શાસ્ત્રને આશ્રયીને 'અહિંસાદિ ઘટે છે કે નહિ' : એનો વિચાર કરવાનો આરંભ કર્યો હોય ત્યારે તેનો ખ્યાલ આવે એ માટે સ્વશાસ્ત્રને છોડીને બીજા શાસ્ત્રની નીતિથી વિચારણામાં મન જાય નહિ તેવી એકાગ્રતા કેળવી લેવી જોઈએ. સ્વશાસ્ત્રનીતિથી જ વિચારણામાં મન લાગી રહે તો અહિંસાદિના વિષયની વ્યવસ્થામાં તેની સંગતતા કે અસંગતતાનો નિર્ણય કરી શકાશે. ॥૮-૧૦॥

ननु स्वतन्त्रनीत्यापि धर्मसाधनविचारणे प्रमाणप्रमेयादिलक्षणप्रणयनं परतन्त्रादिविचारणमप्यावश्यकमिति व्यग्रताऽनुपरमे कदा प्रस्तुतविचारावसर इत्यत आह—

સ્વદર્શનની નીતિને અનુસરીને પણ ધર્મસાધનભૂત અહિંસાદિની વિચારણા કરવામાં 'અહિંસાદિ તે તે દર્શનમાં ઘટી શકે છે કે નથી ઘટતાં' - તેનો નિર્ણય થઈ શકે છે પરંતુ તેનો નિર્ણય કરવામાં પ્રમાણ, પ્રમેય અને વ્યવહાર વગેરેનાં

લક્ષણોનો (સ્વરૂપોનો) પણ વિચાર કરવો જોઇએ. તેથી એ રીતે પરતંત્ર અને સ્વતંત્ર વગેરેની વિચારણા આવશ્યક બનતી હોવાથી મનની વ્યગ્રતા તો રહેવાની, અટકવાની નહિ. આવી સ્થિતિમાં ધર્મસાધનની વિચારણા માટે અવસર ક્યારે આવશે ? - આ શંકાનું સમાધાન કરવા જણાવાય છે–

**प्रमाणलक्षणादेस्तु, नोपयोगोऽत्र कश्चन ।**
**तन्निश्चयेऽनवस्थानादन्यथार्थस्थितेर्यतः ॥८-११॥**

प्रमाणेति–प्रमाणं प्रत्यक्षादि तस्य लक्षणं स्वपराभासिज्ञानत्वादि तदादेः । आदिना प्रमेयलक्षणादिग्रहः। तस्य तु अत्र धर्मसाधनविषये कश्चनोपयोगो नास्ति । अयमभिप्रायः– प्रमाणलक्षणेन निश्चितमेव प्रमाणमर्थग्राहकमिति तदुपयोग इति, न चायं युक्तः, यतस्तल्लक्षणं निश्चितमनिश्चितं वा स्याद् ? आद्ये किमधिकृतप्रमाणेन प्रमाणान्तरेण वा ? यदि तेनैव तदेतरेतराश्रयः, अधिकृतप्रमाणाल्लक्षणनिश्चयस्तन्निश्चयाच्चाधिकृतप्रमाणनिश्चय इति । यदि च प्रमाणान्तरेण तन्निश्चयस्तदाह तन्निश्चये प्रमाणान्तरेण तल्लक्षणनिश्चयेऽनवस्थानात्तन्निश्चायकप्रमाणेऽपि प्रमाणान्तरापेक्षाऽविरामात् । यदि च प्रमाणान्तरेणानिश्चितमेव लक्षणं प्रमाणनिश्चये उपयुज्यते इतीष्यते, तदाह-अन्यथाऽन्यतोऽनिश्चितस्य लक्षणस्योपयोगेऽर्थस्थितेरन्यतोऽनिश्चितेनैव प्रमाणेनार्थसिद्धेः । तदुक्तं हरिभद्राचार्येण– "प्रमाणेन विनिश्चित्य तदुच्येत न वा ननु । अलक्षितात्कथं युक्ता न्यायतोऽस्य विनिश्चितिः ॥१॥ सत्यां चास्यां तदुक्त्या किं तद्वद्विषयनिश्चितेः । तत एवाविनिश्चित्य तस्योक्तिर्ध्यान्ध्यमेव हि ॥२॥" इत्थमत्र प्रमाणलक्षणादेरनुपयोगः समर्थितः । इममेव सिद्धसेनसम्मत्या द्रढयन्नाह-यत इति, यत आह वादी सिद्धसेन इत्यर्थः ॥८-११॥

"ધર્મસાધનના વિષયમાં પ્રમાણલક્ષણાદિનો કોઇ ઉપયોગ નથી. કારણ કે પ્રમાણના લક્ષણનો પ્રમાણાંતરથી નિશ્ચય કરવામાં અનવસ્થા આવે છે. અને પ્રમાણના લક્ષણનો નિશ્ચય કર્યા વિના તે ધર્મસાધનનો નિર્ણય કરે છે એમ માનવામાં આવે તો પ્રમાણના લક્ષણાદિના નિર્ણય વિના પણ ધર્મસાધનના વિષયની સિદ્ધિ થઇ શકે છે. ઉભય રીતે ધર્મસાધનના વિષયમાં પ્રમાણલક્ષણાદિનો કોઇ ઉપયોગ નથી." - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે– "ધર્મસાધનભૂત અહિંસાદિની તે તે દર્શનને અનુસરી વિચારણા માટે તે તે દર્શનમાં જણાવેલા પ્રમાણલક્ષણાદિનો વિચાર કરવો

જોઈએ. અન્યથા એ વિચારણા પ્રામાણિક નહીં મનાય" - આ પ્રમાણેની શંકાકારની વાતના સમાધાનમાં જણાવ્યું છે કે પ્રમાણલક્ષણાદિની વિચારણાનો કોઇ ઉપયોગ અહીં નથી. પ્રત્યક્ષ અને પરોક્ષ વગેરે પ્રમાણ છે. તેનું લક્ષણ 'સ્વપરવ્યવસાયિ જ્ઞાન' સ્વરૂપ છે. પોતાને અને સ્વભિન્નપરને જણાવવાના સ્વભાવવાળા જ્ઞાનને પ્રમાણ કહેવાય છે.**स्वपरव्यवसायिज्ञानत्व**... વગેરે પ્રમાણનાં લક્ષણો છે. જ્ઞાનના વિષયને પ્રમેય કહેવાય છે, જે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો સ્વરૂપ છે. તેના પણ **गुणपर्यायवद् द्रव्यम्**... ઈત્યાદિ અનેકાનેક લક્ષણો છે. પ્રમાણલક્ષણ અને પ્રમેયલક્ષણોની વિચારણા કરવાનું અહીં આવશ્યક નથી.

તાત્પર્ય એ છે કે– પ્રમાણના લક્ષણ વડે નિશ્ચિત જ પ્રમાણ અર્થગ્રાહક બને તો ચોક્કસ જ પ્રમાણના લક્ષણનો અહીં ઉપયોગ રહે; પરંતુ તે યુક્ત નથી. કારણ કે પ્રમાણનો નિશ્ચય કરાવનારું જે પ્રમાણલક્ષણ છે; તે પ્રમાણનું લક્ષણ નિશ્ચિત છે કે અનિશ્ચિત છે - આ બે વિકલ્પ છે. એમાં એ પ્રમાણનું લક્ષણ નિશ્ચિત છે - એ પ્રથમ વિકલ્પ માની લેવામાં આવે તો એમાં પણ બે વિકલ્પ છે. પ્રમાણનું લક્ષણ અધિકૃતપ્રમાણથી નિશ્ચિત છે કે પછી પ્રમાણાંતરથી નિશ્ચિત છે ? પ્રમાણનું લક્ષણ અધિકૃત (લક્ષ્યભૂત તે જ) પ્રમાણથી નિશ્ચિત છે : એમ કહેવામાં આવે તો 'ઈતરેતરાશ્રય' દોષ આવે છે. કારણ કે પ્રમાણના લક્ષણથી પ્રમાણનો નિશ્ચય અને પ્રમાણનિશ્ચયથી પ્રમાણના લક્ષણનો નિશ્ચય - આ રીતે એકબીજાના નિશ્ચયથી એકબીજાનો નિશ્ચય કરવામાં ઈતરેતરાશ્રય દોષ આવે છે. તેના પરિહાર માટે એમ કહેવામાં આવે કે 'પ્રમાણના લક્ષણનો નિશ્ચય; તે પ્રમાણથી બીજા પ્રમાણ વડે થાય છે.' તો અનવસ્થાદોષનો પ્રસંગ આવશે. કારણ કે પ્રમાણલક્ષણના નિશ્ચાયક પ્રમાણના નિશ્ચય માટે પ્રમાણાંતરની અપેક્ષાનો અંત નહીં આવે. પૂર્વ પૂર્વ પ્રમાણના નિશ્ચય માટે ઉત્તરોત્તર પ્રમાણની અપેક્ષા અવિરતપણે ચાલ્યા કરશે, તેનો વિરામ નહિ થાય.

એ અનવસ્થાનો પરિહાર કરવા માટે એમ જણાવવામાં આવે કે પ્રમાણના નિશ્ચય માટે પ્રમાણના લક્ષણનો ઉપયોગ છે. પરંતુ પ્રમાણના લક્ષણના નિશ્ચય માટે પ્રમાણાંતરની અપેક્ષા નથી. અર્થાત્ પ્રમાણાંતરથી અનિશ્ચિત લક્ષણ (પ્રમાણલક્ષણ) જ પ્રમાણનો નિશ્ચય કરાવે છે. તેથી સ્વતઃ નિશ્ચિત પ્રમાણના

લક્ષણના નિશ્ચય માટે પ્રમાણાંતરની અપેક્ષા ન હોવાથી અનવસ્થાનો પ્રસંગ આવતો નથી. પરંતુ આ પ્રમાણે કહેવાનું બરાબર નથી : તે જણાવતાં શ્લોકના છેલ્લા પાદમાં જણાવ્યું છે કે - અનિશ્ચિત (પ્રમાણાંતરથી અનિશ્ચિત) એવા લક્ષણથી જો પ્રમાણની સિદ્ધિ થતી હોય તો પ્રમાણથી અન્ય (લક્ષણાદિ) દ્વારા અનિશ્ચિત પ્રમાણથી ધર્મસાધનભૂત અહિંસાદિ સ્વરૂપ અર્થની સિદ્ધિ થઇ શકે છે. તેથી પ્રમાણલક્ષણાદિનો કોઇ ઉપયોગ નથી.

ઉપર જણાવેલી વાત અંગે શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ શ્રી અષ્ટકપ્રકરણમાં ફરમાવ્યું છે કે પ્રમાણનું લક્ષણ પ્રમાણથી નિશ્ચિત કરીને જણાવાય છે કે નિશ્ચિત કર્યા વિના જણાવાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રથમ પક્ષનો સ્વીકાર કરવામાં આવે તો ઉપર જણાવ્યા મુજબ ઇતરેતરાશ્રય અથવા અનવસ્થા દોષનો પ્રસંગ આવશે. અને બીજા પક્ષનો સ્વીકાર કરવામાં આવે તો જે પોતે જ લક્ષણથી લક્ષિત (વિનિશ્ચિત) નથી એવા પ્રમાણથી પ્રમાણના લક્ષણનો વિનિશ્ચય ન્યાયસંગત (યુક્તિયુક્ત) કઇ રીતે બને ? આમ છતાં પ્રમાણના લક્ષણનો તેવા (અલક્ષિત) પ્રમાણથી વિનિશ્ચય થતો હોય તો પ્રમાણના લક્ષણના વચનનું શું પ્રયોજન છે ? (અર્થાત્ કોઇ નથી.) કારણ કે પ્રમાણના નિશ્ચય વિના જો પ્રમાણલક્ષણનો વિનિશ્ચય થાય છે તો પ્રમાણલક્ષણના વિનિશ્ચય વિના પણ વિષય(ધર્મસાધનાદિ)નો વિનિશ્ચય થઇ જ જશે. તેથી પ્રમાણનો નિર્ણય કર્યા વિના પ્રમાણના લક્ષણનું નિર્વચન કરવું : તે બુદ્ધિનું આંધળાપણું છે. આ રીતે અષ્ટકપ્રકરણમાં 'પ્રમાણલક્ષણાદિનો ઉપયોગ નથી' - આ વાતનું સમર્થન કરાયું છે. આ વાતની જ દૃઢતાનું સંપાદન કરવા શ્લોકમાં '**यतः**' આ પદનું ઉપાદાન છે. તેનો અર્થ એ છે કે ઉપર જણાવ્યા મુજબ ધર્મસાધનભૂત અહિંસાદિની વિચારણા માટે પ્રમાણલક્ષણાદિનો કોઇ ઉપયોગ ન હોવાથી શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીએ પણ આ પ્રમાણે કહ્યું છે. (જે આગળના શ્લોકથી જણાવાય છે.) ॥૮-૧૧॥

શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીએ જે જણાવ્યું છે તે જણાવાય છે–

**प्रसिद्धानि प्रमाणानि, व्यवहारश्च तत्कृतः ।**
**प्रमाणलक्षणस्योक्तौ, ज्ञायते न प्रयोजनम् ॥८-१२॥**

प्रसिद्धानीति–प्रसिद्धानि लोके स्वत एव रूढानि, न तु प्रमाणलक्षणप्रणेतृवचनप्रसाधनीयानि । प्रमाणानि प्रत्यक्षादीनि । तथा व्यवहरणं व्यवहारः स्नानपानदहनपचनादिका क्रिया । चशब्दः प्रसिद्धत्वसमुच्चयार्थः । तत्कृतः प्रमाणप्रसाध्यः प्रमाणलक्षणाप्रवीणानामपि गोपालवालावलादीनां तथाव्यवहारदर्शनात् । ततश्च प्रमाणलक्षणस्याविसंवादिज्ञानं प्रमाणमित्यादेरुक्तौ प्रतिपादने । ज्ञायते उपलभ्यते न नैव प्रयोजनं फलम् । 'वर्तते नेति' वक्तव्ये 'ज्ञायते नेति' यदुक्तमाचार्येण तदतिवचनपारुष्यपरिहारार्थम् । यस्त्वत्रायमुदयनस्योपालम्भः'–ये तु प्रमाणमेव सर्वस्य व्यवस्थापकं, न तु लक्षणं, तदपेक्षायामनवस्थेत्याहुस्तेषां "निन्दामि च पिबामि चेति" न्यायापातः । यतोऽव्याप्त्यतिव्याप्तिपरिहारेण तत्तदर्थव्यवस्थापकं तत्तद्व्यवहारव्यवस्थापकं च प्रमाणमुपाददते तदेव तु लक्षणम् । 'अनुवादः स' इति चेदस्माकमप्यनुवाद एव, न ह्यलौकिकमिह किञ्चिदुच्यते । न चानवस्था वैद्यके रोगादिलक्षणवद्व्याकरणादौ शब्दादिवच्च व्यवस्थोपपत्तेः, तत्रापि संमुग्धव्यवहारमाश्रित्य लक्षणैरेव व्युत्पादनादिति" । स त्वत्र न शोभते, यतो वयं प्रमाणस्यार्थव्यवस्थापकत्वे व्यवहारव्यवस्थापकत्वे वा लक्षणं न प्रयोजकमिति ब्रूमो न तु सर्वत्रैव तदप्रयोजकमिति । समानासमानजातीयव्यवच्छेदस्य तदर्थस्य तत्र तत्र व्यवस्थितत्वात् । सामान्यतो व्युत्पन्नस्य तच्छास्त्रादधिकृतविशेषप्रतीतिपर्यवसानेनानवस्थाभावात् केवलं केवलव्यतिरेक्येव लक्षणमिति नादरः, प्रमेयत्वादेरपि पदार्थलक्षणत्वव्यवस्थितेरित्यन्यत्र विस्तरः । वस्तुतो धर्मवादे लक्षणस्य नोपयोगः, स्वतन्त्रसिद्धाहिंसादीनां तादृशधर्मान्तरसंशयजिज्ञासाविचारद्वारकतत्त्वज्ञानेनासद्ग्रहनिवृत्तेः । अन्यथैवोपपत्तेरितरभिन्नत्वेन ज्ञानस्य तत्साध्यस्यात्रानुपयोगात्संमुग्धज्ञानेनैव कार्यसिद्धिरित्यत्र तात्पर्यम् ॥८-१२॥

"પ્રત્યક્ષ વગેરે પ્રમાણો પ્રસિદ્ધ છે. તેમ જ પ્રમાણાદિથી કરાતો સ્નાન - પાનાદિ વ્યવહાર (પ્રવૃત્તિ) પણ પ્રસિદ્ધ છે. પ્રમાણલક્ષણના નિર્વચનનું કોઈ પ્રયોજન જણાતું નથી." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો ભાવ એ છે કે પ્રત્યક્ષ, અનુમાન આદિ પ્રમાણો જગતમાં પ્રસિદ્ધ છે. તે સ્વતઃ (સ્વભાવથી) જ રૂઢ થયેલાં છે. પ્રમાણનું લક્ષણ કરનારા શાસ્ત્રકારશ્રીનાં વચનોથી પ્રત્યક્ષાદિ પ્રમાણો સિદ્ધ કરાયેલાં નથી. તેમ જ સ્નાન, પાન, દહન (સળગાવવું) રાંધવું વગેરે ક્રિયા સ્વરૂપ વ્યવહાર પણ સ્વયં પ્રસિદ્ધ છે. કારણ કે પ્રમાણલક્ષણને વિશે જેઓ પ્રવીણ નથી એવા ગોવાળિયા, બાળકો અને

સ્ત્રીઓ વગેરે લોકો પણ તેવા પ્રકારના સ્નાન - પાન વગેરેનો વ્યવહાર સારી રીતે કરે છે. આથી સમજી શકાય છે કે પ્રમાણના લક્ષણ વિના જ પ્રત્યક્ષાદિ પ્રમાણો અને તેનાથી થતા સ્નાન - પાન, દહન કે પચન વગેરે સ્વરૂપ વ્યવહાર પ્રસિદ્ધ છે. તેથી પ્રમાણના લક્ષણ 'અવિસંવાદી જ્ઞાનને પ્રમાણ કહેવાય છે.'... ઇત્યાદિનું કોઇ જ પ્રયોજન દેખાતું નથી.

યદ્યપિ આ રીતે પ્રમાણના લક્ષણનું કોઇ જ પ્રયોજન ન હોય તો પૂ. આચાર્યભગવંતે આ શ્લોકમાં '**ज्ञायते न**' ના સ્થાને ('જણાતું નથી'ના બદલે) **वर्त्तते न** (અર્થાત્ પ્રયોજન નથી) - આ પ્રમાણે કહેવું જોઇએ; પરંતુ તે પ્રમાણે (**वर्त्तते न**) કહેવાથી અત્યંત પરુષ - કઠોર વચનનો પ્રયોગ થાય છે. તેથી તેવો પ્રયોગ કર્યા વિના '**ज्ञायते न प्रयोजनम्**' આવો પ્રયોગ કર્યો છે. જેથી અત્યંત કઠોરતાનો પરિહાર થાય છે. અયોગ્ય વસ્તુનું નિરાકરણ કરતી વખતે પણ વચનની અત્યંત પરુષતા થાય નહિ : એનો ખ્યાલ અવશ્ય રાખવો જોઇએ. પ્રતિકાર કરવાનો હોવાથી થોડી પરુષતા તો રહેવાની જ. પરંતુ તેની માત્રા વધવી ના જોઇએ - તે આ શ્લોકથી સારી રીતે જણાવ્યું છે, જે કોઇ પણ રીતે વિસ્મરણીય નથી.

આ વિષયમાં અહીં શ્રી ઉદયનાચાર્યે ('ન્યાયકુસુમાંજલિ' ઇત્યાદિ ન્યાયગ્રંથોના રચયિતા) ઉપાલંભ આપતાં જણાવ્યું છે કે - જેઓ પ્રમાણને જ સર્વ વસ્તુની વ્યવસ્થાને કરનારું માને છે અને પ્રમાણના લક્ષણને સર્વ અર્થનું વ્યવસ્થાપક માનતા નથી, કારણ કે અર્થની વ્યવસ્થા માટે પ્રમાણલક્ષણની અપેક્ષા રાખીએ તો પૂર્વે (શ્લોક નં. ૧૧માં) જણાવ્યા મુજબ અનવસ્થા આવે છે; તેઓ માટે '**निन्दामि च पिबामि च**' - અર્થાત્ હું (મદિરાદિને) નિંદું છું અને પીઉં છું - આ ન્યાય પ્રાપ્ત થાય છે. કારણ કે અર્થના વ્યવસ્થાપક પ્રમાણભૂત જ્ઞાનને કે લક્ષણને સ્વીકારતી વખતે અવ્યાપ્તિ કે અતિવ્યાપ્તિ વગેરે દોષનો તેઓ પરિહાર કરે છે. નિર્દોષ એવા જ પ્રમાણને અને લક્ષણને અર્થવ્યવસ્થાપક તરીકે માને છે. તાદૃશ અવ્યાપ્તિ વગેરે દોષથી જે શૂન્ય છે તેને જ તો લક્ષણ કહેવાય છે. આ રીતે, 'લક્ષણનો ઉપયોગ નથી.' - એમ કહીને નિંદા કરે છે અને અર્થવ્યવસ્થાપના માટે તેનો સ્વીકાર કરે છે. નિંદિતનો સ્વીકાર કરવાથી ઉપર જણાવેલો '**निंदामि च पिबामि च**' - આ ન્યાય પ્રાપ્ત થાય છે.

આશય એ છે કે મિથ્યાજ્ઞાનાદિને લઇને પ્રમાણભૂત પ્રવૃત્તિ કોઇ કરતું નથી. મિથ્યાજ્ઞાનથી જન્ય જે પ્રવૃત્તિ છે; તે ફળને પ્રાપ્ત કરાવનારી બનતી નથી. પ્રવૃત્તિજન્ય ફળને પ્રાપ્ત કરવા પ્રમાણભૂત પ્રવૃત્તિ કરવી જોઇએ, જે પ્રમાણભૂત જ્ઞાનથી એટલે કે ફળની પ્રત્યે અવ્યભિચારી એવા જ જ્ઞાનથી શક્ય બને છે. તે જ્ઞાન અવિસંવાદી(ચોક્કસપણે ફળને પ્રાપ્ત કરાવનારું) હોય છે. વિસંવાદી જ્ઞાન વ્યભિચારી હોય છે. તેને લઇને પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરવાથી ફળની પ્રાપ્તિ થતી ન હોવાથી જ્ઞાનની વિસંવાદિતાનો - (વ્યભિચાર-અતિવ્યાપ્તિનો) પરિહાર કરવાનું જરૂરી છે. આવી જ રીતે વસ્તુના યથાર્થ જ્ઞાન માટે તેનું લક્ષણ ઉપયોગી બને છે. એ લક્ષણ જો અવ્યાપ્તિદોષથી (લક્ષ્યભૂત એક દેશમાં નહિ રહેવા સ્વરૂપ દોષથી) યુક્ત હોય તો તે વસ્તુના યથાર્થજ્ઞાનને કરાવનારું નહિ બને. (દા.ત. શ્વેતરૂપાદિના કારણે ગાયસામાન્યનું યથાર્થ જ્ઞાન નહિ થાય.) તે તે શબ્દપ્રયોગાદિ સ્વરૂપ સમગ્રવ્યવહારનું પ્રયોજક લક્ષણ હોય છે. એમાં અવ્યાપ્તિ વગેરે દોષોનો પરિહાર કરવાનું આવશ્યક છે. અન્યથા પ્રામાણિક વ્યવહાર નહિ થાય. આથી સમજી શકાશે કે અર્થવ્યવસ્થાપક જ્ઞાન અને વ્યવહારપ્રયોજક લક્ષણમાં અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ વગેરેનો પરિહાર કરવાનું આવશ્યક છે. આ રીતે લક્ષણનો ઉપયોગ કરાય છે અને લક્ષણનો ઉપયોગ નથી - એમ કહેવાય છે, જે '**निन्दामि च पिबामि च**' આ ન્યાયને ઉચિત છે.

આ વિષયમાં એમ કહેવામાં આવે કે અર્થવ્યવસ્થાપક જ્ઞાનમાં અને સર્વ શબ્દપ્રયોગાદિ-સ્વરૂપ વ્યવહારપ્રયોજક લક્ષણમાં ઉપર જણાવ્યા મુજબ અવ્યાપ્તિ વગેરે દોષોનો પરિહાર પણ નિસર્ગથી જ થતો હોય છે. લક્ષણાદિના સ્વરૂપનું જ્ઞાન કર્યા વિના એ પ્રસિદ્ધ છે. 'આ રજત છે.' - એમ સમજીને તેને ગ્રહણ કરવા માટે પ્રવૃત્તિ કર્યા પછી જ્યારે તે પ્રાપ્ત ન થાય ત્યારે તે જ્ઞાન સાચું ન હતું - એ સમજાય છે. તે વખતે અવિસંવાદી જ્ઞાન પ્રમાણ છે... ઇત્યાદિ પ્રમાણલક્ષણના જ્ઞાનની આવશ્યકતા હોતી નથી. જગતમાં જે પ્રસિદ્ધ છે તેને જણાવીને માત્ર અનુવાદ જ શાસ્ત્ર કરે છે. એ દૃષ્ટિએ પ્રમાણલક્ષણાદિનો ઉપયોગ નથી - એમ કહીએ છીએ. આના પ્રત્યુત્તરમાં નૈયાયિકો પણ એમ જ કહે છે કે અમે પણ અનુવાદ જ કરીએ છીએ. લોકમાં જે પ્રસિદ્ધ નથી એવી કોઇ જ

અલૌકિક વાત અમે જણાવતા નથી. પ્રમાણલક્ષણાદિનો ઉપયોગ પ્રસિદ્ધના અનુવાદ માટે છે.

પ્રમાણનું જે લક્ષણ કરાય છે તેના નિર્ણય માટે પ્રમાણાંતરની અપેક્ષા છે કે નહિ... ઇત્યાદિ જણાવીને પૂર્વે જે અનવસ્થાના દોષનો પ્રસંગ જણાવ્યો હતો તે પણ બરાબર નથી. કારણ કે જેમ વૈદ્યક શાસ્ત્રો લોકમાં પ્રસિદ્ધ એવા રોગાદિનાં લક્ષણોનું નિરૂપણ કરે છે અને વ્યાકરણશાસ્ત્રો જેમ લોકમાં પ્રસિદ્ધ એવા શબ્દોનું નિરૂપણ કરે છે ત્યાં પ્રમાણાંતરની અપેક્ષા ન હોવાથી અનવસ્થાનો વિષય મનાતો નથી, ત્યાં પણ સંમુગ્ધ - (જેમને વૈદ્યકશાસ્ત્ર કે વ્યાકરણશાસ્ત્ર વગેરેનું જ્ઞાન નથી તેવા) - જનોના વ્યવહારને આશ્રયીને રોગાદિનાં તે તે લક્ષણો દ્વારા બીજા જીવોને સમજાવવામાં આવે છે. એવી જ રીતે અહીં પણ પ્રમાણલક્ષણાદિ દ્વારા લોકમાં પ્રસિદ્ધ અર્થવ્યવસ્થા જણાવાય છે. તેથી પ્રમાણલક્ષણાદિને જણાવવાનું કોઇ પ્રયોજન જણાતું નથી - એ કહેવું યુક્ત નથી - આ પ્રમાણે ઉદયનાચાર્યે ઉપાલંભ આપ્યો છે.

એ ઉપાલંભ યોગ્ય નથી. કારણ કે પ્રમાણથી અર્થવ્યવસ્થાપનામાં અને વ્યવહારની વ્યવસ્થાપનામાં લક્ષણનું કોઇ પ્રયોજન નથી - આ પ્રમાણે અમારું કહેવું છે. સર્વથા પ્રમાણલક્ષણાદિનું કોઇ જ પ્રયોજન નથી આ પ્રમાણે કહેવાનું તાત્પર્ય નથી. કારણ કે સમાનજાતીય (વિસંવાદી જ્ઞાનાદિ સ્વરૂપ પ્રમાણાભાસાદિ) અને અસમાનજાતીય(ઘટપટાદિ)નો વ્યવચ્છેદ કરવા માટે લક્ષણ છે - એવી વ્યવસ્થા તે તે ગ્રંથમાં જણાવી છે. **अविसंवादि ज्ञानं प्रमाणम्**... ઇત્યાદિ પ્રમાણના લક્ષણથી વિસંવાદિ જ્ઞાનમાં અને ઘટપટાદિમાં પ્રામાણ્યનો વ્યવચ્છેદ થાય છે, જે લક્ષણનું પ્રયોજન છે. આથી લક્ષણનું કોઇ જ પ્રયોજન નથી એમ કહેવાનું અહીં તાત્પર્ય નથી... ઇત્યાદિ સમજી શકાય છે.

'સમાનજાતીય અને અસમાનજાતીયનો વ્યવચ્છેદ કરનાર લક્ષણનું લક્ષણ; પછી એનું લક્ષણ... ઇત્યાદિ ક્રમે અનવસ્થા દોષનો પ્રસંગ તો અહીં પણ છે જ.' આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે સામાન્યથી જેને તે તે પદાર્થોનું જ્ઞાન છે; તેને તે શાસ્ત્રથી અધિકૃત પદાર્થની વિશેષ પ્રતીતિ(જ્ઞાન) થઇ ગયા પછી જિજ્ઞાસા શાંત થતી હોવાથી અનવસ્થાદોષનો પ્રસંગ રહેતો નથી. વૈદ્યકશાસ્ત્ર અને શબ્દશાસ્ત્રથી રોગાદિ લક્ષણો વગેરેનું અને યથાર્થશબ્દપ્રયોગાદિનું

જ્ઞાન થયે છતે જેમ જિજ્ઞાસા શાંત થવાથી અનવસ્થાદોષનો પ્રસંગ આવતો નથી તેમ અહીં પણ અનવસ્થાનો અભાવ છે. કહેવાનો આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ સંમુગ્ધ જનોને અર્થની વ્યવસ્થા માટે પ્રમાણની આવશ્યકતા હોય છે, પ્રમાણના લક્ષણની આવશ્યકતા હોતી નથી. 'પ્રમાણનું લક્ષણ કયું છે ?' આવી જિજ્ઞાસા જેને હોય છે; તે સામાન્યથી વ્યુત્પન્ન હોય છે. તેવા આત્માઓને શાસ્ત્રથી પ્રમાણલક્ષણનું વિશિષ્ટ જ્ઞાન થવાથી તેમની જિજ્ઞાસા શાંત થાય છે. તેથી જિજ્ઞાસાના અભાવમાં અનવસ્થાનો પ્રસંગ આવતો નથી.

પરંતુ, લક્ષણ કેવલવ્યતિરેકી જ હોય છે - એ વાતમાં અમે સંમત નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે લક્ષણથી સ્વેતરભેદનું જ્ઞાન કરાવવાનું હોય છે. પૃથ્વી, જલાદિ દ્રવ્ય અને ગુણાદિ પદાર્થ સ્વરૂપ નથી; જલાદિથી ભિન્ન છે. કારણ કે પૃથ્વી ગંધવતી છે. (જે જે ગંધવદ્ હોય છે તે તે ઘટાદિ, જલાદિથી ભિન્ન છે.) જ્યાં જ્યાં ગંધવત્ત્વ છે ત્યાં ત્યાં સ્વેતર(જલાદિ)ભિન્નત્વ છે. આ અન્વયવ્યાપ્તિ માટે કોઇ દૃષ્ટાંત નથી. કારણ કે પૃથ્વીમાત્ર પક્ષ છે. જ્યાં જ્યાં ગંધનો અભાવ છે (જલાદિમાં); ત્યાં ત્યાં સ્વેતર(જલાદિ)ના ભેદનો અભાવ છે. દા.ત. જલાદિ. આ પ્રમાણે વ્યતિરેકવ્યાપ્તિ માટે જ દૃષ્ટાંત પ્રાપ્ત થાય છે. અન્વયદૃષ્ટાંતથી રહિત એવું વ્યતિરેકદૃષ્ટાંતથી સહિત ગંધવત્ત્વસ્વરૂપ લક્ષણ કેવલવ્યતિરેકી છે. સ્વેતરભેદને સિદ્ધ કરવા માટે એ રીતે લક્ષણ કેવલવ્યતિરેકી જ હોય છે - આવું નૈયાયિકો કહે છે. પરંતુ પદાર્થનું પ્રમેયત્વ, જ્ઞેયત્વ વગેરે કેવલાન્વયી લક્ષણ પ્રસિદ્ધ હોવાથી 'કેવલવ્યતિરેકી જ લક્ષણ હોય છે' - આ વાતનો અહીં આદર કરાયો નથી. આ વિષયમાં અધિક વર્ણન અન્યત્ર કર્યું છે. એ જાણવાની ઇચ્છાવાળાએ ત્યાંથી જાણી લેવું જોઇએ.

વસ્તુતઃ ધર્મવાદમાં લક્ષણનો કોઇ ઉપયોગ નથી. સર્વત્ર પ્રમાણલક્ષણના ઉપયોગના નિષેધમાં અહીં તાત્પર્ય નથી. કારણ કે અસદ્ગ્રહની નિવૃત્તિ માટે ધર્મવાદ છે. પ્રમાણના લક્ષણ વિના પણ અસદ્ગ્રહની નિવૃત્તિ થઇ જતી હોય છે. ષષ્ટિતંત્રાદિ પોતપોતાના શાસ્ત્રમાં જણાવેલા અહિંસાદિની વ્યવસ્થા કરતી વખતે તે તે શાસ્ત્રોમાં તેની સાથે વર્ણવેલા એકાંતનિત્યત્વ, પરિણામિત્વ કે ભિન્નત્વાદિ જે બીજા ધર્મો છે તે સંગત છે કે અસંગત છે... ઇત્યાદિ સંશયના કારણે અને તે તે ધર્મના કારણે તે તે શાસ્ત્રનિરૂપિત અહિંસાદિ ધર્મોની વ્યવસ્થા

કઇ રીતે સંગત થાય... ઇત્યાદિ જિજ્ઞાસાના કારણે જે વિચારણા થાય છે તેનાથી અસદ્ગ્રહની નિવૃત્તિ માટે ઉપયોગી એવા તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, જેથી અહિંસાદિ ધર્મના વિષયમાં અસદ્ગ્રહ રહેતો નથી. કારણ કે એકાંતનિત્યત્વાદિ ધર્મની સાથે તે અહિંસાદિનું સ્વરૂપ વગેરે સુસંગત નથી - તે સમજાય છે. આ રીતે એકાંતનિત્યત્વાદિ ધર્મ માનવાનો અસદ્ગ્રહ નિવૃત્ત થાય છે. તેમાં લક્ષણથી સિદ્ધ કરાતા સ્વેતરભેદજ્ઞાનની અપેક્ષા રહેતી નથી. સામાન્ય રીતે આત્મા વગેરે પદાર્થોના; સ્વેતર(અજીવાદિ)ભિન્નત્વ સ્વરૂપે જ્ઞાન માટે લક્ષણનો ઉપયોગ હોય છે. પરંતુ તેના ઉપયોગ વિના જ ઉપર જણાવ્યા મુજબ તે તે જીવાદિ પદાર્થોનું જ્ઞાન સંમુગ્ધ(લોકપ્રસિદ્ધ) જ્ઞાનથી જ થઇ જાય છે. તેથી ધર્મવાદમાં લક્ષણનો કોઇ ઉપયોગ નથી - એ સ્પષ્ટપણે સમજી શકાય છે.

અહીં યાદ રાખવું જોઇએ કે આ શ્લોકનો પરમાર્થ સમજવા માટે થોડી દાર્શનિક પરિભાષા સમજી લેવાનું આવશ્યક છે. ધર્મવાદના નિરૂપણમાં પ્રસંગથી નીકળેલી પ્રમાણલક્ષણાદિની ચર્ચા આપણને બિનજરૂરી લાગે તે બનવાજોગ છે. પરંતુ ધર્મવાદથી જ્યારે અહિંસાદિ ધર્મની વ્યવસ્થાનો નિર્ણય કરવાનો હોય ત્યારે પ્રમાણલક્ષણાદિની વધુ પડતી ચિંતામાં સમય ગુમાવીને મૂળભૂત વસ્તુની વિચારણા રહી ના જાય એ કહેવાનું અહીં મુખ્ય તાત્પર્ય છે. સામાન્ય સમજણ અને સરળતાથી લોકમાં સુપ્રસિદ્ધ એવી વાતો ખૂબ જ સરળતાથી સમજી શકાય છે. એ માટે પ્રમાણ - લક્ષણાદિની વિચારણા આવશ્યક જણાતી નથી. એના વિના પણ અહિંસાદિ ધર્મની વ્યવસ્થાનો નિર્ણય લોકના વ્યવહારાદિથી કરી શકાય છે, જે આ પૂર્વે ઉપર જણાવ્યું છે જ. સામાન્ય જનો જે રીતે લક્ષણાદિના જ્ઞાન વિના પ્રમાણ અને તેનાથી કરાતી ક્રિયાઓમાં પ્રવર્ત્તે છે તેમ ધર્મવાદથી પણ લક્ષણાદિના જ્ઞાન વિના અહિંસાદિ ધર્મની વ્યવસ્થા કરી શકાય છે... એટલું જણાવવાનું અહીં તાત્પર્ય છે. પ્રમાણલક્ષણાદિનો સર્વથા ઉપયોગ નથી : એ પ્રમાણે જણાવવાનું અહીં તાત્પર્ય ન હોવાથી ઉદયનાચાર્યે આપેલો ઉપાલંભ અહીં શોભતો નથી. ॥૮-૧૨॥

नन्वर्थनिश्चयार्थमेव लक्षणोपयोगः, तेन ज्ञानप्रामाण्यसंशयनिवृत्तौ तन्मूलार्थसंशयनिवृत्त्याऽर्थनिश्चयसिद्धेरित्याशङ्कायामाह—

અર્થનિશ્ચય માટે જ લક્ષણનો ઉપયોગ છે. જે જ્ઞાનથી અર્થનો નિર્ણય કરવાનો છે તે જ્ઞાન પ્રમાણભૂત હોવું જોઇએ. એ જ્ઞાનના પ્રામાણ્યમાં જ શંકા થાય તો તેનાથી અર્થનો સંશય થશે, અર્થનો નિશ્ચય નહીં થાય. લક્ષણથી જ્ઞાનના પ્રામાણ્યવિષયક સંશય દૂર થવાથી અર્થવિષયક સંશય પણ દૂર થાય છે, જેથી અર્થના નિર્ણયની સિદ્ધિ થાય છે. આ રીતે અર્થનિર્ણય માટે લક્ષણનો ઉપયોગ હોવાથી 'ધર્મવાદમાં પ્રમાણાદિના લક્ષણનો કોઇ ઉપયોગ નથી.' આ કહેવાનું ઉચિત નથી - આ શંકાનું સમાધાન કરાય છે–

**न चार्थसंशयापत्तिः, प्रमाणेऽतत्त्वशङ्कया ।**
**तत्राप्येतदविच्छेदाद्धेत्वभावस्य साम्यतः ॥८-१३॥**

न चेति–न च प्रमाणेऽतत्त्वशङ्कयाऽप्रामाण्यशङ्कया अर्थसंशयापत्तिः । लक्षणं विनेति गम्यम् । तत्रापि प्रमाणलक्षणेऽपि । एतदविच्छेदादप्रामाण्यशङ्कायाः स्वरसोत्थापिताया अनुपरमात् । हेत्वभावस्य शङ्काकारणाभावस्य । साम्यतः तुल्यत्वात् । प्रमाणलक्षण इव प्रमाणेऽपि शङ्काकारणाभावे शङ्काया अनुत्पत्तेरित्यर्थः ॥८-१३॥

"લક્ષણ વિના પ્રમાણમાં અતત્ત્વ(અપ્રામાણ્ય)ની શંકા પડવાથી અર્થના સંશયની આપત્તિ આવશે : આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે પ્રમાણની જેમ પ્રમાણલક્ષણમાં પણ અપ્રામાણ્યની શંકાનો વિચ્છેદ થતો નથી. બંને સ્થાને શંકાના કારણભૂતના અભાવનું સામ્ય છે." - આ પ્રમાણે તેરમા શ્લોકનો અક્ષરાર્થ છે. ભાવાર્થ એ છે કે - "આ રજત છે"... ઇત્યાદિ જ્ઞાનમાં જો અપ્રામાણ્યની શંકા પડે તો તેના વિષયભૂત રજતમાં પણ શંકા પડે. પરંતુ લક્ષણથી જ્યારે એ જ્ઞાન પ્રમાણ છે એવો નિર્ણય થાય એટલે તેના વિષયભૂત રજતનો પણ નિર્ણય થઇ જાય છે. તેથી એ રીતે અર્થના નિશ્ચય માટે લક્ષણનો ઉપયોગ છે : આ પ્રમાણે કહેવાનું યોગ્ય નથી. કારણ કે જેમ પ્રમાણમાં અપ્રામાણ્યની શંકા પડે તેમ પ્રમાણલક્ષણમાં પણ એવી શંકા પડી શકે છે. પોતાની મેળે સ્વરસથી પ્રમાણલક્ષણને વિશે આ લક્ષણ પ્રમાણ હશે કે નહિ - આવી શંકાને ઉત્પન્ન થતી રોકનાર કોઇ નથી. આમ થવાથી પ્રમાણના અપ્રામાણ્યની પણ શંકા થવાના કારણે લક્ષણનો ઉપયોગ કરવા છતાં અર્થનો સંશય થઇ જ જશે. તેથી પ્રમાણનું લક્ષણ અહીં અર્થના નિશ્ચય માટે નિરુપયોગી છે.

યદ્યપિ પ્રમાણના લક્ષણમાં અપ્રામાણ્યની શંકા થવાનું કોઇ કારણ નથી. તેથી અર્થનો નિશ્ચય ઉપર જણાવ્યા મુજબ થઇ શકે છે. પરંતુ જેમ પ્રમાણ-લક્ષણમાં અપ્રામાણ્યની શંકા થવામાં હેતુ-કારણનો અભાવ છે; તેમ પ્રમાણમાં પણ અપ્રામાણ્યની શંકા થવામાં કારણનો અભાવ છે. તેથી તેવી શંકા ન થવાથી અર્થનો નિશ્ચય થઇ શકે છે. એ માટે લક્ષણનો ઉપયોગ કરવાની આવશ્યકતા નથી... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૮-૧૩॥

अहिंसादिधर्मसाधनग्राहकं हि प्रमाणं परेषां षष्ठितन्त्रादिकं स्वस्वशास्त्रमेव, तत्र चाहिंसादिग्रहणांशे सर्वतन्त्रप्रसिद्धत्वेन न कदापि संशयस्तद्विशेषांशे तु भवन्नयमनुकूल एव, न चैकांशे शङ्कितप्रामाण्यज्ञानमितरांशस्याप्यनिश्चायकमिति युक्तं, घटपटसमूहालम्बनाद् घटांशे प्रामाण्यसंशये पटस्याप्यनिश्चयापत्तेरित्याशयवानाह—

પ્રકારાંતરથી 'લક્ષણ અનુપયોગી છે' તે જણાવાય છે. આશય એ છે કે અહિંસાદિ સ્વરૂપ ધર્મના સાધનને જણાવનાર પ્રમાણ, બીજા દર્શનકારોના માટે ષષ્ટિતંત્ર વગેરે પોતપોતાનાં શાસ્ત્ર જ છે. તે શાસ્ત્રમાં જે અહિંસાદિ જણાવ્યા છે તે ધર્મસાધનો સર્વદર્શનોના શાસ્ત્રમાં વર્ણવેલાં હોવાથી તે અંગે ક્યારે પણ સંશય થવાનું કોઇ જ કારણ નથી. તેના વિશેષ સ્વરૂપમાં એટલે કે તે અહિંસાદિ ધર્મસાધનો બરાબર છે કે નહિ ? તે તે દર્શનમાં તે સંગત છે કે નહિ ?... ઇત્યાદિ વિષયમાં સંશય થઇ શકે છે. પરંતુ આવો સંશય થાય એ તો પરમાર્થના નિર્ણય માટે અનુકૂળ જ છે. યદ્યપિ અન્યદર્શનકારોએ આત્માદિને એકાંતે નિત્ય, અપરિણામી અને સ્થિરૈકસ્વભાવી વગેરે સ્વરૂપે વર્ણવ્યા છે. તેના અપ્રામાણ્યનો નિશ્ચય થવાથી તત્સહચરિત અહિંસાદિ ધર્મસાધનોમાં પણ અપ્રામાણ્યનો સંશય વગેરે થવાથી તેની યથાર્થતાનો નિર્ણય નહીં થાય. પરંતુ આ રીતે એક અંશ(એકાંતનિત્યત્વાદિ અંશ)માં પ્રામાણ્યની શંકા વગેરે પડે તેથી ઇતરાંશ(ધર્મસાધનભૂત અહિંસા વગેરે)માં પણ શંકા વગેરે પડે અને તેથી તેનો નિશ્ચય ન થાય : એ કહેવાનું યુક્ત નથી. અન્યથા એક અંશના સંશયાદિથી તેના બીજા અંશનો નિર્ણય ન થાય - એમ માની લેવામાં આવે તો ઘટપટના સમૂહાલંબનજ્ઞાનથી જ્યારે તેના અંશભૂત ઘટના પ્રામાણ્યમાં સંશય વગેરે હોય ત્યારે તેના અપરાંશ પટનો પણ નિર્ણય ન થવાનો પ્રસંગ આવશે... આ આશયને લઇને જણાવાય છે—

**अर्थयाथात्म्यशंका तु, तत्त्वज्ञानोपयोगिनी ।**
**शुद्धार्थस्थापकत्वं च, तन्त्रं सद्दर्शनग्रहे ।।८-१४।।**

अर्थेति–अर्थस्याहिंसादेर्याथात्म्यस्य स्वतन्त्रप्रसिद्धनित्याश्रयवृत्तित्वानित्याश्रयवृत्तित्वादेः शङ्का तु विचारप्रवृत्त्या तत्त्वज्ञानोपयोगिनी । ततश्च प्रतीयमानं शुद्धार्थस्य सर्वथा शुद्धविषयस्य व्यवस्थापकत्वं [स्थापकत्वं] प्रमितिजनकत्वम् । सद्दर्शनस्य शोभनागमस्य ग्रहे स्वीकारे । तन्त्रं प्रयोजकम्। तद्ग्रहे च तत एव धर्मसाधनोपलम्भात् किं लक्षणेनेति भावः ।।८-१४।।

"અર્થના યથાર્થ સ્વરૂપની શંકા તો તત્ત્વજ્ઞાન માટે ઉપયોગિની બને છે. શુદ્ધ અર્થના યથાર્થજ્ઞાનનું જે જનક છે; તે સદ્દર્શનના સ્વીકાર માટે પ્રયોજક બને છે." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે ષષ્ટિતંત્રાદિ શાસ્ત્રોમાં સામાન્યથી સર્વજનપ્રસિદ્ધ ધર્મસાધનભૂત અહિંસાદિનું નિરૂપણ કર્યું છે. સાથે સાથે આત્માદિ પદાર્થોનું પણ નિરૂપણ કર્યું છે. તે તે શાસ્ત્રમાં વર્ણવેલા એકાંતનિત્ય કે એકાંત-અનિત્ય એવા આત્મા વગેરેનું જ્ઞાન થવાથી તેમાં અહિંસાદિ ધર્મસાધનો ઘટે છે કે નહિ... ઈત્યાદિ સ્વરૂપે અહિંસાદિમાં; પોતપોતાના દર્શનશાસ્ત્રપ્રસિદ્ધ એકાંતનિત્યાદિ સ્વરૂપ આશ્રયવૃત્તિત્વ વગેરેની શંકા થાય છે. તેને અહિંસાદિ સ્વરૂપ અર્થના યાથાત્મ્યની શંકા કહેવાય છે. આ શંકા તત્ત્વજ્ઞાનની પ્રત્યે અર્થાત્ અહિંસાદિ ધર્મસાધનના નિશ્ચય માટે ઉપયોગી બને છે. કારણ કે તે શંકા અહિંસાદિ ધર્મસાધનના યથાર્થસ્વરૂપની વિચારણામાં પ્રવૃત્ત થયેલી છે.

એ વિચારણાથી આત્માદિ પદાર્થોના વાસ્તવિક સ્વરૂપનો નિર્ણય થવાથી અહિંસાદિ ધર્મસાધનોનો શુદ્ધવિષય(શુદ્ધ આશ્રય) કેવો હોવો જોઈએ તેનું તાત્ત્વિક જ્ઞાન થાય છે, જેથી તાત્ત્વિક જ્ઞાનનું કારણભૂત કયું દર્શન છે - તેની પ્રતીતિ થાય છે. અને તેનાથી મુમુક્ષુ આત્માઓ સદ્દર્શનનો સ્વીકાર કરે છે. આ રીતે એ શંકા 'તત્ત્વજ્ઞાન'ની પ્રત્યે ઉપયોગિની બને છે. સદ્દર્શનનો સ્વીકાર થવાથી તે દર્શનનો ગ્રહ જ યથાર્થ એવા અહિંસાદિ ધર્મસાધનોનો ઉપલંભ કરાવે છે. તેથી લક્ષણ(પ્રમાણલક્ષણાદિ)નું કોઈ જ પ્રયોજન નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે સઘળાંય દર્શનશાસ્ત્રોએ અહિંસાદિ ધર્મસાધનોનું નિરૂપણ કરવા સાથે આત્માદિનું સ્વરૂપ વર્ણવ્યું છે. એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય વગેરે સ્વરૂપે આત્માદિ હોય તો તેમાં અહિંસાદિ ધર્મો રહી શકતા (સંગત થતા) નથી અને તેથી તે તે સ્વરૂપે આત્માદિનું નિરૂપણ કરનારાં શાસ્ત્રોમાં અહિંસાદિ ધર્મસાધનો યથાર્થ કઇ રીતે સંભવે ? આવી શંકાથી જે વિચારણા થાય; તેથી આત્માદિના યથાર્થસ્વરૂપના પ્રતિપાદક શાસ્ત્ર-દર્શનનો સહજ રીતે સ્વીકાર શક્ય બને છે, જેથી ત્યાં પ્રતિપાદન કરાયેલાં અહિંસાદિ ધર્મસાધનોનો યથાર્થ સ્વરૂપે નિશ્ચય થાય છે. એમાં પ્રમાણલક્ષણાદિનો કોઇ જ ઉપયોગ નથી - એ સમજી શકાય છે. ॥૮-૧૪॥

અહિંસાદિ ધર્મસાધનસ્વરૂપ અર્થની યથાર્થતાના જ્ઞાન માટે આત્માદિની યથાર્થતાનો વિચાર કરવા જણાવાય છે–

**तत्रात्मा नित्य एवेति, येषामेकान्तदर्शनम् ।**
**हिंसादयः कथं तेषां, कथमप्यात्मनोऽव्ययात् ? ॥८-१५॥**

तत्रेति–तत्र धर्मसाधने विचारणीये । आत्मा नित्य एव इति येपां साङ्ख्यादीनामेकान्तदर्शनम् । तेषां हिंसादयः कथं मुख्यवृत्त्या युज्यन्त इति शेपः । कथमपि खण्डितशरीरावयवैकपरिणामेनापि आत्मनोऽव्ययादखण्डनात् । न हि बुद्धिगतदुःखोत्पादरूपा हिंसा साङ्ख्यानामात्मनि प्रतिबिम्बोदयेनानुपचरिता सम्भवति न वा नैयायिकानां स्वभिन्नदुःखरूपगुणरूपा सा आत्मनि समवायेन, प्रतिविम्वसमवाययोरेव काल्पनिकत्वात् । न च कथमपि स्वपर्यायविनाशाभावे हिंसाव्यवहारः कल्पनाशतेनाप्युपपादयितुं शक्यत इति । तदिदमाह–"निष्क्रियोऽसौ ततो हन्ति हन्यते वा न जातुचित् । कश्चित्केनचिदित्येवं न हिंसाऽस्योपपद्यते" ॥८-१५॥

"ધર્મના સાધનભૂત અહિંસાદિની વિચારણાના વિષયમાં 'આત્મા નિત્ય જ છે' આવું જે સાંખ્યાદિનું એકાંતદર્શન છે; તેમને ત્યાં કોઇ પણ રીતે આત્માનો વ્યય (ખંડન) થતો ન હોવાથી મુખ્યપણે હિંસા વગેરે કઇ રીતે સંગત થાય ?" - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અક્ષરાર્થ છે. આ કથનનું તાત્પર્ય એ છે કે આત્માને સર્વથા નિત્ય માનનારા સાંખ્યો અને નૈયાયિકો છે. કોઇ પણ રીતે તેની ઉત્પત્તિ કે તેનો નાશ થતો નથી, તે સ્થિર એક સ્વભાવવાળો છે. આવા પ્રકારના તેમના

એકાંતદર્શનમાં કોઇ પણ રીતે હિંસા વગેરેનો સંભવ નથી. કારણ કે તે કૂટસ્થ - સ્થિર એક સ્વભાવવાળો હોવાથી ખંડિત થયેલા શરીરાવયવની સાથે એક પરિણામ માનીએ તોપણ આત્માનો વ્યય શક્ય નથી. અન્યથા આત્માના એ સ્વભાવની હાનિ થશે.

યદ્યપિ સાંખ્યદર્શનમાં પ્રકૃતિના વિકારભૂત બુદ્ધિના દુઃખનું પ્રતિબિંબ પુરુષ-આત્મામાં પડવા સ્વરૂપ જે દુઃખની ઉત્પત્તિ છે તત્સ્વરૂપ હિંસા સંગત છે. તેમ જ નૈયાયિકોના મતમાં આત્માથી સર્વથા ભિન્ન એવો તેનો દુઃખસ્વરૂપ ગુણ; સમવાયસંબંધથી આત્મામાં રહેવાથી તત્સ્વરૂપ હિંસા સંગત છે. પરંતુ પ્રતિબિંબ કાલ્પનિક હોવાથી અને સમવાય પણ કાલ્પનિક હોવાથી તેને લઇને હિંસા વગેરે સંગત નથી; ઔપચારિક છે, મુખ્ય નથી. જ્યાં પુષ્પાદિના સંનિધાનથી સ્ફટિકમાં જે લાલ રૂપ વર્ત્તાય છે, તેની જેમ બુદ્ધિમાં રહેલા દુઃખનું જે પ્રતિબિંબ પુરુષ-આત્મામાં પડે છે તે કાલ્પનિક છે, વાસ્તવિક નથી. તેમ જ આત્માથી સર્વથા ભિન્ન એવું દુઃખ સમવાયસંબંધથી રહે તોપણ તે વાસ્તવિક - (તેના ગુણસ્વરૂપ) બની શકે નહિ, તે ઔપચારિક જ બની રહે છે. કોઇ પણ રીતે આત્માના પર્યાયનો વિનાશ માનવામાં ન આવે તો સેંકડો કલ્પના કરવાથી પણ હિંસાનો વ્યવહાર ઘટી શકતો નથી. કલ્પના વાસ્તવિકતાનું બીજ નથી... ઇત્યાદિ ભણાવનાર પાસેથી અથવા તો મુક્તાવલી વગેરેનું અધ્યયન કરીને સમજી લેવું જોઇએ.

શ્રી અષ્ટકપ્રકરણમાં એ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે સર્વથા ક્રિયાથી રહિત એવો વિભુ અકર્ત્તા એવો આત્મા કોઇનાથી હણાતો નથી અને કોઇને હણતો નથી. તેથી હિંસા ઉપપન્ન (સંગત) બનતી નથી. આશય એ છે કે કોઇ પણ વસ્તુ પોતાનાં કાર્યો ક્રમે કરીને અથવા એકી સાથે કરે. સર્વથા નિત્ય સ્થિર એક સ્વભાવવાળી વસ્તુ અનંતાનંત કાળનાં બધાં કાર્યો એકી સાથે કરે : તે પ્રત્યક્ષથી બાધિત છે અને ક્રમે કરીને કરે તો તેમ કરવાથી તેના અનેક સ્વભાવ માનવા પડે... વગેરે કારણે એકાંતનિત્યપક્ષે ક્રિયાનો સંભવ જ નથી. તેથી ત્યાં હિંસા વગેરે વાસ્તવિક રીતે સંગત નથી... ઇત્યાદિ અન્ય ગ્રંથથી સમજી લેવું જોઇએ. અહીં તો માત્ર દિશાસૂચન છે. વિસ્તારથી આ વિષય અન્યત્ર (શ્રી વીતરાગસ્તોત્રની ટીકા વગેરે સ્થળે) વર્ણવ્યો છે. ॥૮-૧૫॥

એકાંતનિત્યાદિપક્ષમાં તેઓએ જણાવેલા હિંસાદિના સંભવને જણાવીને તેના અસંભવને જણાવાય છે–

**मनोयोगविशेषस्य, ध्वंसो मरणमात्मनः ।**
**हिंसा तच्चेन्न तत्त्वस्य, सिद्धेरर्थसमाजतः ।।८-१६।।**

मन इति–मनोयोगविशेषस्य स्मृत्यजनकज्ञानजनकमनःसंयोगस्य ध्वंस आत्मनो मरणं तद्धिंसा । इयं ह्यात्मनोऽव्ययेऽप्युपपत्स्यते । अतिसान्निध्यादेव हि शरीरखण्डनादात्मापि खण्डित इति लोकानामभिमानो नायं विशेषदर्शिभिरादरणीय इति चेन्न, तत्त्वस्योक्तध्वंसत्वस्य अर्थसमाजतोऽर्थवशादेव सिद्धेः । स्मृतिहेत्वभावादेव स्मृत्यजननाच्चरममनःसंयोगस्यापि संयोगान्तरवदेव नाशात् । तथा च नेयं हिंसा केनचित् कृता स्यादिति सुस्थितमेव सकलं जगत् स्यात् ।।८-१६।।

"મનોયોગવિશેષનો ધ્વંસ : એ આત્માનું મરણ છે; તે હિંસા છે - આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે તે મનોયોગવિશેષનો ધ્વંસ તેના કારણસમુદાયથી જ સિદ્ધ છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે સામાન્ય રીતે જ્ઞાનમાત્રની પ્રત્યે આત્મમનઃસંયોગ કારણ છે અને જ્ઞાન સ્મૃતિનું કારણ છે. મરણ સમયે જે જ્ઞાન થાય છે તેનાથી સ્મૃતિ થતી નથી. સ્મૃતિને ઉત્પન્ન કરનાર જ્ઞાનની પ્રત્યે જે આત્મમનઃસંયોગ છે અને સ્મૃતિની પ્રત્યે કારણ નહીં બનનાર જ્ઞાનને ઉત્પન્ન કરનાર એવો જે આત્મમનઃસંયોગ છે : એ બંન્ને જુદા છે. એક મરણાવસ્થાની પૂર્વેનો છે અને બીજો મરણક્ષણાવ્યવહિત પૂર્વક્ષણવૃત્તિ છે... અહીં સ્મૃતિના અજનક એવા જ્ઞાનના કારણભૂત આત્મમનઃસંયોગવિશેષનું ગ્રહણ કરવાનું છે.

આ મનઃસંયોગવિશેષના ધ્વંસ સ્વરૂપ આત્માનું મરણ છે અને તે હિંસા છે. આ હિંસા આત્માનો વ્યય ન થાય તોપણ ઉપપન્ન (સંગત) થઇ શકશે. આકાશમાં કોઇ પણ જાતનો વ્યય ન થવા છતાં આકાશઘટના સંયોગનો ધ્વંસ સંભવી શકે છે તેમ મનઃસંયોગવિશેષના ધ્વંસની ઉપપત્તિ શક્ય બને છે. 'આત્માનો કોઇ પણ રીતે વ્યય થતો ન હોય તો આત્મા ખંડિત થયો... વગેરે વ્યવહાર કઇ રીતે સંગત થાય ?' આવી શંકા કરવી નહિ. કારણ કે શરીરની સાથે અત્યંત સાંનિધ્ય હોવાથી શરીરના ખંડનથી 'આત્મા પણ ખંડિત થયો.'

આવા પ્રકારનું અભિમાન લોકને થાય છે. શરીર અને આત્મા : એ બેમાં ભેદના જ્ઞાનને ધારણ કરનાર વિશેષદર્શી પ્રાજ્ઞ પુરુષોને તે આભિમાનિક પ્રતીતિ આદર કરવા માટે ઉચિત નથી. તેથી ઉપર જણાવ્યા મુજબ આત્મમનઃ-સંયોગવિશેષના ધ્વંસ સ્વરૂપ મરણને હિંસા માનવાથી આત્માનો કથંચિદ્ વ્યય ન થવા છતાં હિંસા ઉપપન્ન થઇ શકે છે.

પરંતુ એ બરાબર નથી. કારણ કે તાદૃશ આત્મમનઃસંયોગવિશેષનો ધ્વંસ તેના કારણસામગ્રીથી જ થઇ શકે છે. તેના માટે કોઇએ પ્રયત્ન કરવાની જરૂર નથી, કે જેથી તેવા પ્રયત્નને લઇને હિંસક વગેરેનો વ્યવહાર માનવો પડે. સ્મૃતિની કારણસામગ્રી ત્યાં વિદ્યમાન ન હોવાથી સ્મૃતિની ઉત્પત્તિ થતી નથી. ચરમમનઃસંયોગ પણ બીજા સંયોગની જેમ નાશ પામે છે. તે માટે કોઇના પ્રયત્નની અપેક્ષા નથી. આશય એ છે કે આત્મમનના સંયોગવિશેષનો કે ચરમમનઃસંયોગનો ધ્વંસ સ્વાભાવિક મરણ વખતે જે રીતે થઇ જાય છે તે રીતે જ કોઇના પ્રહારાદિથી થતા મરણ (હિંસાથી થતા મરણ) વખતે મનઃસંયોગવિશેષનો કે ચરમમનઃસંયોગનો ધ્વંસ થઇ શકે છે. તેથી ત્યાં કોઇએ પણ હિંસા કરી છે - એમ માનવાની આવશ્યકતા નથી. આથી જગત સમગ્ર હિંસાદિ પાપના ભય વિનાનું થવાથી સુસ્થિત બનશે - એ સમજી શકાય છે. પાપના ભય વિનાની સર્વ વસ્તુ અનિષ્ટ છે - એ ન સમજાય એવી વાત નથી. ||૮-૧૬||

आत्मन एकान्तनित्यत्वाभ्युपगमे दूषणान्तरमाह–

આત્માને એકાંતે નિત્ય માનવામાં દૂષણાંતર જણાવાય છે–

**शरीरेणापि सम्बन्धो, नित्यत्वेऽस्य न सम्भवी ।**
**विभुत्वेन च संसारः, कल्पितः स्यादसंशयम् ||८-१७||**

शरीरेणापीति–नित्यत्वे सति अस्य आत्मनः शरीरेणापि समं सम्बन्धो न सम्भवी । नित्यस्य हि शरीरसम्बन्धः पूर्वरूपस्य त्यागे वा स्यादत्यागे वा ? आद्ये स्वभावत्यागस्यानित्यलक्षणत्वान्नित्यत्वहानिः । अन्त्ये च पूर्वस्वभावविरोधाच्छरीरासम्बन्ध एवेति । विभुत्वेन चाभ्युपगम्यमानेन हेतुना संसारोऽसंशयं कल्पितः स्यात्, सर्वगतस्य परलोकगमनरूपमुख्यसंसारपदार्थानुपपत्तेः । अथवा विभुत्वे च संसारो न

स्यात्, स्याच्चेदसंशयं कल्पितः स्यादिति योजनीयं । तदिदमुक्तं–"शरीरेणापि सम्वन्धो नात एवास्य सङ्गतः । तथा सर्वगतत्वाच्च संसारश्चाप्यकल्पितः ।।१।।" इति ।।८-१७।।

"આત્માને એકાંતે નિત્ય માનવામાં આવે તો તેનો શરીરની સાથે સંબંધ સંભવિત નથી અને આત્માને વિભુ(સર્વગત) સ્વરૂપે માની લેવામાં આવે તો તેનો સંસાર કલ્પિત થશે અથવા તેના સંસારનો સંભવ જ નથી. હોય તો ચોક્કસ-સંશય વિના એ (સંસાર) કલ્પિત હશે." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે આત્માને નિત્ય માનનારને પૂછવું જોઇએ કે નિત્ય(એકાંતે નિત્ય) એવો આત્મા શરીરની સાથે સંબંધ કરે (જોડાય) તો; પૂર્વસ્વરૂપનો ત્યાગ કરીને કરે કે પૂર્વસ્વરૂપનો ત્યાગ કર્યા વિના કરે. બંન્ને વિકલ્પમાં દોષ છે.

નિત્ય આત્મા પોતાના પૂર્વસ્વરૂપનો ત્યાગ કરીને શરીરની સાથે સંબંધ કરે છે - આ પહેલા વિકલ્પનો સ્વીકાર કરાય તો એ રીતે સ્વભાવ(પૂર્વસ્વરૂપાદિ)નો ત્યાગ કરવો : તે અનિત્યનું લક્ષણ હોવાથી પોતાના એકાંતનિત્યત્વની (સ્વભાવની) હાનિ થવા સ્વરૂપ દોષનો પ્રસંગ આવે છે. તેના નિવારણ માટે 'નિત્ય આત્મા પૂર્વસ્વરૂપનો ત્યાગ કર્યા વિના શરીરની સાથે સંબંધ કરે છે.' - આ બીજા વિકલ્પનો સ્વીકાર કરવામાં આવે તો ઉપર જણાવ્યા મુજબનો સ્વભાવ-હાનિનો પ્રસંગ તો ન આવે પરંતુ પૂર્વસ્વભાવ, ઉત્તરસ્વભાવનો વિરોધી હોવાથી તેના ત્યાગ વિના શરીરના સંબંધનો સંભવ જ નથી. આશય સમજી શકાય છે કે શરીરની સાથે સંબદ્ધ થવાની પૂર્વે આત્માનું સ્વરૂપ શરીરાસંબદ્ધ હતું. તેનો ત્યાગ કરીને તે શરીરસંબદ્ધ બની શકે પરંતુ તેથી સ્વભાવની હાનિ થાય છે. શરીરાસંબદ્ધત્વનો ત્યાગ ન કરે તો તે શરીરસંબદ્ધત્વનો વિરોધી હોવાથી શરીરાસંબદ્ધત્વની વિદ્યમાનતામાં શરીરનો સંબંધ જ નહીં થાય. આ રીતે એકાંતનિત્યપક્ષમાં બંન્ને રીતે દોષ છે.

આત્માને વિભુ(સર્વગત-લોકવ્યાપી) માનવામાં આવે તો એક ભવથી બીજા ભવમાં જવા રૂપ એટલે કે પરલોકગમનસ્વરૂપ વાસ્તવિક (ઉપચારરહિત-મુખ્ય) સંસારની ઉપપત્તિ થતી નથી. અથવા ઉપર જણાવેલા શ્લોકમાં **विभुत्वेन च** આ સ્થાને '**विभुत्वे न च**' - આવો પાઠ સમજી લઇએ તો ઉપર જણાવ્યા મુજબ વિભુ એવા આત્માને સંસારનો સંભવ જ નથી અને હોય તો તે નિઃસંદેહ કલ્પિત

છે, મુખ્ય-વાસ્તવિક નથી - આ પ્રમાણે અર્થ સમજવો. આ વાતને જણાવતાં શ્રી અષ્ટકપ્રકરણમાં જણાવ્યું છે કે - 'આત્માને નિત્ય માનવાથી જ તેનો શરીરની સાથે સંબંધ શક્ય બનતો નથી અને તે સર્વગત હોવાથી તેનો અકલ્પિત-મુખ્ય (વાસ્તવિક ઉપચારરહિત) સંસાર પણ સંગત થતો નથી.' ||૮-૧૭||

परः शङ्कते–

આત્માને એકાંતે નિત્ય માનનારા સંસારને ઉપપન્ન કરતાં જણાવે છે–

**अदृष्टाद् देहसंयोगः, स्यादन्यतरकर्मजः ।**
**इत्थं जन्मोपपत्तिश्च, न तद्योगाविवेचनात् ।।८-१८।।**

अदृष्टादिति–अदृष्टात् प्राग्जन्मकृतकर्मणो लब्धवृत्तिकात् । देहसंयोगोऽन्यतरकर्मजः स्यात् । आत्मनो विभुत्वेनोभयकर्माभावेऽपि देहस्य मूर्तत्वेनान्यतरकर्मसम्भवादिति । इत्थं जन्मनः संसारस्योपपत्तिरूर्ध्वलोकादौ शरीरसम्बन्धादेवोर्ध्वलोकगमनादिव्यपदेशोपपत्तेः । इत्थमपि विभुत्वाव्ययात् पूर्वशरीरत्यागोत्तरशरीरोपादानैकस्वभावत्वाच्च न नित्यत्वहानिः, एकत्र ज्ञाने नीलपीतोभयाकारवदेकत्रोक्तैकस्वाभाव्याविरोधात् कार्यक्रमस्य च सामग्र्यायत्तत्वादित्याशयः । सिद्धान्तयति–न तद्योगस्य शरीरसंयोगस्याविवेचनात् । तथाहि–किमयमात्मशरीरयोर्भिन्नो वा स्यादभिन्नो वा ? आद्ये तत्सम्बन्धभेदादिकल्पनायामनवस्था । अन्त्ये च धर्मिद्वयातिरिक्तसम्बन्धाभावेऽतिप्रसङ्ग इति ।।८-१८।।

"કોઈ એકની ક્રિયાથી ઉત્પન્ન થનાર શરીરસંયોગ અદૃષ્ટથી થાય છે, આ રીતે જન્મ- (સંસાર)ની ઉપપત્તિ શક્ય બને છે - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ; કારણ કે શરીરસંયોગનું વિવેચન કર્યું નથી." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પૂર્વજન્મમાં ઉપાર્જિત એવા વિપાકોન્મુખ થયેલા કર્મના કારણે આત્માની સાથે શરીરનો સંયોગ બેમાંથી એક(શરીર)ની ક્રિયાથી ઉત્પન્ન થાય છે. આત્મા વિભુ હોવાથી આત્મા અને શરીર : ઉભયની ક્રિયાનો અભાવ હોવા છતાં મૂર્ત્ત એવા શરીરની(અન્યતરની) ક્રિયાના કારણે એ શરીરસંયોગ થાય છે. આ રીતે તે સ્વરૂપ સંસાર(જન્મ)ની ઉપપત્તિ થાય છે. ઊર્ધ્વલોક કે અધોલોક વગેરેમાં રહેલા તે તે શરીરની સાથે સંબંધ થવાથી

આત્માના ઊર્ધ્વગમન કે અધોગમનાદિનો વ્યવહાર થતો હોય છે. આમ છતાં આત્માના વિભુત્વનો વ્યય થતો ન હોવાથી અને પૂર્વશરીરના ત્યાગપૂર્વક ઉત્તરશરીરને ગ્રહણ કરવાનો એક સ્વભાવ જ હોવાથી આત્માના નિત્યત્વની હાનિ થતી નથી. એક જ જ્ઞાનમાં નીલાકાર અને પીતાકાર સ્વરૂપ ઉભયાકાર જેમ સંગત મનાય છે તેમ પૂર્વશરીરત્યાગોત્તરશરીરોપાદાનૈક સ્વભાવ માનવામાં કોઇ વિરોધ નથી. 'આ રીતે અનંતાનંત ઉત્તર શરીરો ગ્રહણ કરવાના એક સ્વભાવવાળો આત્મા હોય તો ક્રમે કરીને એક એક ઉત્તર શરીરને તે કેમ ગ્રહણ કરે છે, એક કાળમાં બધાનું ગ્રહણ કેમ કરતો નથી ?' - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે કાર્યનો ક્રમ તેની સામગ્રીને આધીન છે. જેમ જેમ સામગ્રીનો યોગ થતો જાય તેમ તેમ તદનુકૂલ કાર્ય થતું જાય. આ પ્રમાણે આત્માને નિત્ય (એકાંતે નિત્ય) માનનારાનો આશય છે.

તે વિષયમાં જણાવાય છે - **न तद्योगाविवेचनात्** - આશય એ છે કે આત્માને એકાંતે નિત્ય માનનારા જે રીતે શરીરના સંયોગને લઇને જન્મ-સંસારની ઉપપત્તિ કરે છે તે બરાબર નથી. કારણ કે શરીરના સંયોગનું વિવેચન કરી શકાય એવું નથી. જેમ કે - આ આત્મશરીરસંયોગ આત્મા અને શરીરથી ભિન્ન છે કે અભિન્ન છે ? આ બે વિકલ્પમાંથી પ્રથમ વિકલ્પ માનવામાં આવે તો આત્મા અને શરીરથી ભિન્ન એવા સંયોગને રાખવા માટે નવા (સંયોગથી અતિરિક્ત) સંબંધની કલ્પના કરવી પડે છે. ત્યાર પછી તેના માટે પણ એક બીજો સંબંધ... ઇત્યાદિ કલ્પનાથી 'અનવસ્થાદોષ'નો પ્રસંગ આવે છે. તેથી બીજો વિકલ્પ માનવામાં આવે તો અનવસ્થા તો નહિ આવે પરંતુ અતિપ્રસંગ આવશે. અર્થાત્ જ્યાં (મૃતાવસ્થામાં) આત્મા અને શરીરનો સંયોગ હોતો નથી; ત્યાં પણ એ સંબંધ માનવાનો પ્રસંગ આવશે. કારણ કે આત્મા અને શરીર : આ બે ધર્મીને છોડીને અન્ય કોઇ જ અહીં સંબંધ માન્યો નથી. બંન્ને ધર્મીઓ સ્વરૂપ જ સંબંધ માન્યો છે; અને તે તો છે જ... ઇત્યાદિ સમજી શકાય છે. ॥૮-૧૮॥

આત્માને વિભુ માનવામાં દૂષણાંતર જણાવાય છે—

**आत्मक्रियां विना च स्यान्मिताणुग्रहणं कथम् ।**
**कथं संयोगभेदादिकल्पना चापि युज्यते ? ॥८-१९॥**

आत्मेति–आत्मनो यावत्स्वप्रदेशैरेकक्षेत्रावगाढपुद्गलग्रहणव्यापाररूपां क्रियां विना च । मिताणूनां नियतशरीरारम्भकपरमाणूनां ग्रहणं कथं स्यात् ? सम्बद्धत्वाविशेषे हि लोकस्थाः सर्व एव ते गृह्येरन् न वा केचिदपि, अविशेषाद् । अदृष्टविशेषान्मिताणुग्रहोपपत्तिर्भविष्यतीति चेन्न, अदृष्टे पुण्यपापरूपे साङ्कर्याज्जातिरूपस्य विशेषस्यासिद्धेः । मिताणुग्रहार्थस्य विशेषस्य जातिरूपस्यादृष्टकल्पनापेक्षया क्रियावत्त्वरूपस्यात्मन्येव कल्पयितुं युक्तत्वात् । तत्सङ्कोचविकोचादिकल्पनागौरवस्योत्तरकालिकत्वेनाबाधकत्वाच्छरीरावच्छिन्नपरिणामानुभवस्य सार्वजनीनत्वेन प्रामाणिकत्वाच्चेति भावः । तथा आत्मनः क्रियां विना नियतशरीरानुप्रवेशानभ्युपगमे सर्वेषां शरीराणां संयोगाविशेषेण सर्वभोगावच्छेदकत्वापत्तिभिया तदात्मभोगे तदीयादृष्टविशेषप्रयोज्यसंयोगभेदादिकल्पनापि कथं युज्यते ? अनन्तसंयोगभेदादिकल्पने गौरवाद् । अवच्छेदकतया तदात्मवृत्तिजन्यगुणत्वावच्छिन्नं प्रति तादात्म्येन तच्छरीरत्वेन हेतुत्वे तु बाल्यादिभेदेन शरीरभेदाद्व्यभिचारः । अवच्छिन्नत्वसम्बन्धेन तद्व्यक्तिविशिष्टे तद्व्यक्तित्वेन हेतुत्वे तु सुतरां गौरवमिति न किञ्चिदेतदधिकं लतायाम् ॥८-१९॥

"આત્માની ક્રિયા વિના શરીરપ્રાયોગ્ય પરમાણુઓનું ગ્રહણ કઇ રીતે શક્ય છે ? તેમ જ સંયોગવિશેષાદિની કલ્પના પણ કઇ રીતે યોગ્ય છે ?" - આ પ્રમાણે ઓગણીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આત્માને વિભુ માનવામાં આવે તો તે નિષ્ક્રિય હોવાથી પોતાના સર્વ પ્રદેશોથી એક ક્ષેત્રમાં રહેલાં પુદ્ગલોને ગ્રહણ કરવાની ક્રિયા કરી ન શકે અને તેથી એ ક્રિયા વિના, શરીરનો આરંભ કરનારા નિયત પરમાણુઓનું ગ્રહણ કઇ રીતે શક્ય બને ? કારણ કે આત્માને વિભુ માનવામાં આવે તો તેનો સંબંધ જગતના બધા જ પદાર્થો સાથે હોવાથી સંબંધમાં કોઇ વિશેષતા ન હોવાના કારણે વિભુ આત્મા વડે લોકની અંદર રહેલા સમગ્ર પરમાણુઓનું ગ્રહણ થાય અથવા કોઇનું પણ ગ્રહણ ન થાય. કેમ કે ગ્રહણ અને અગ્રહણમાં કોઇ નિયામકવિશેષ નથી.

'અદૃષ્ટવિશેષના કારણે પરિમિત પરમાણુઓનું ગ્રહણ આત્મા કરે છે.' - આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે શરીર-પ્રયોજક પુણ્યપાપસ્વરૂપ અદૃષ્ટમાં; સાંકર્યદોષ આવવાથી જાતિસ્વરૂપ વિશેષની સિદ્ધિ થતી નથી. શરીરપ્રયોજક પુણ્ય સ્વરૂપ અદૃષ્ટમાં વૃત્તિ એ જાતિસ્વરૂપ વિશેષ; ભોગજનક પુણ્યમાં નથી. શરીરપ્રયોજક પાપસ્વરૂપ અદૃષ્ટમાં પુણ્યત્વ નથી. અને

શરીરપ્રયોજક પુણ્યસ્વરૂપ અદૃષ્ટમાં એ જાતિવિશેષ અને પુણ્યત્વ બંન્ને છે. અર્થાત્ તાદૃશવિશેષાભાવવત્ પુણ્યમાં (ભોગજનક પુણ્યમાં) પુણ્યત્વ વૃત્તિ છે અને પુણ્યત્વાભાવવત્ તાદૃશ પાપમાં તાદૃશ વિશેષ વૃત્તિ છે. તેમ જ શરીરપ્રયોજક પુણ્યસ્વરૂપ અદૃષ્ટમાં તાદૃશવિશેષ અને પુણ્યત્વ બંન્ને વૃત્તિ છે. આ રીતે પુણ્યત્વાદિની સાથે સાંકર્ય હોવાથી શરીરપ્રયોજક - અદૃષ્ટવિશેષવૃત્તિ જાતિવિશેષની સિદ્ધિ થતી નથી.

યદ્યપિ સાંકર્યને બધા જ દોષાધાયક માને છે એવું ન હોવાથી શરીરપ્રયોજક - અદૃષ્ટવિશેષવૃત્તિ જાતિવિશેષની સિદ્ધિ થઇ શકે છે અને તે સ્વરૂપે મિતાણુગ્રહણની ઉપપત્તિ શક્ય છે. પરંતુ આ રીતે મિતાણુગ્રહણની ઉપપત્તિ માટે ઉપર જણાવ્યા મુજબ અદૃષ્ટમાં જાતિવિશેષસ્વરૂપ વિશેષની કલ્પના કરવા કરતાં આત્મામાં જ ક્રિયાની કલ્પના કરવાનું ઉચિત છે. અર્થાત્ 'આત્મા પોતાની ક્રિયા વડે તે તે ક્ષેત્રમાં અવગાઢ પુદ્ગલોનું ગ્રહણ કરે છે', એમ માનવાનું ઉચિત છે. "આ રીતે આત્માને ક્રિયાવાન-અવિભુ માનીએ તો તે તે શરીરની અપેક્ષાએ આત્મામાં સંકોચ અને વિકોચ આદિની પણ કલ્પના કરવી પડશે, એ ગૌરવની અપેક્ષાએ તો આત્માને વિભુ માનવામાં જ લાઘવ છે." આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે આત્માને વિભુ માનવામાં જે મિતાણુગ્રહણની અનુપપત્તિ થાય છે તે અનુપપત્તિના કારણે આત્મામાં અવિભુત્વની સિદ્ધિ થાય છે. આ સિદ્ધિના ઉત્તરકાળમાં આત્મામાં સંકોચ અને વિકોચાદિની કલ્પના કરવાનું ગૌરવ થાય છે. પરંતુ તે આત્માના 'અવિભુત્વ'ની સિદ્ધિમાં બાધક નથી. યદ્યપિ આ રીતે સર્વત્ર ગૌરવદોષની બાધકતા નહિ રહે; પરંતુ શરીરાવચ્છિન્ન (શરીરના પ્રમાણ મુજબ) પરિમાણનો આત્મામાં બધાને જ અનુભવ થતો હોવાથી આત્માની સંકોચ અને વિકોચ (વિકાસશીલ) અવસ્થાની કલ્પના પ્રામાણિક હોવાથી તે ગૌરવ દોષાધાયક નથી. અપ્રામાણિક ગૌરવ દોષાધાયક છે જ.

ઉપર જણાવ્યા મુજબ આત્માને અવિભુ (સક્રિય) માનવો જોઇએ. આત્માને જો એ રીતે અવિભુ માનવામાં ન આવે તો આત્મામાં કોઇ પણ જાતની ક્રિયા ન હોવાથી એ ક્રિયા વિના કોઇ નિયત શરીરમાં તેનો પ્રવેશ માની શકાશે નહિ. ચોક્કસ કોઇ એક શરીરમાં પ્રવેશના અભાવમાં સામાન્ય રીતે બધાં જ

શરીરોની સાથે તેનો(આત્માનો) સંયોગ સમાન હોવાથી સર્વ શરીરો દ્વારા કરાતા ભોગનો અનુભવ આત્માને થશે. અર્થાત્ આત્મા જે ભોગનો અનુભવ કરે તેના અવચ્છેદક(આશ્રય) સર્વ શરીરોને માનવાં પડશે. તેના (તે પ્રસંગના) નિવારણ માટે એમ કહેવામાં આવે કે 'તે તે આત્માના ભોગ(સુખદુઃખાદિના સાક્ષાત્કાર)ની પ્રત્યે તે તે આત્માના અદૃષ્ટથી પ્રયોજ્ય(અદૃષ્ટના કારણે થવાવાળા) સંયોગવિશેષ કારણ છે. આ સંયોગ વિશેષ હોવાથી; દરેક (સર્વશરીર) સંયોગને કારણ માનવાની આવશ્યકતા નથી.' આ પ્રમાણે માનવાથી અનંત સંયોગવિશેષની કલ્પના કરવી પડતી હોવાના કારણે ગૌરવ થાય છે.

આશય એ છે કે આત્માના અદૃષ્ટથી ઉત્પન્ન થનાર તે તે શરીરનો સંયોગ ભિન્ન ભિન્ન હોવાથી તદાશ્રય શરીરમાં તે તે આત્માને ભોગની પ્રાપ્તિ થઇ શકે છે. તેથી સર્વશરીરમાં ભોગના પ્રસંગનું નિવારણ કરી શકાય પરંતુ તેમ માનવાથી અનંત સંયોગવિશેષની કલ્પના કરવી પડતી હોવાથી ખૂબ જ ગૌરવ થાય છે. આ ગૌરવ ન થાય એ માટે એમ કહેવામાં આવે કે અવચ્છેદકતા સંબંધથી તે આત્માના જન્યગુણોની પ્રત્યે તાદાત્મ્યસંબંધથી તે શરીર કારણ છે. આ પ્રમાણે માનવાથી અનંત સંયોગવિશેષની કલ્પનાના કારણે જે ગૌરવ થતું હતું તે નહિ થાય. ન્યાયની પરિભાષાને સમજનારા સમજી શકે છે કે, અવચ્છેદકતાસંબંધથી આત્માના જન્ય ગુણો શરીરમાં ઉત્પન્ન થાય છે. શરીરમાં ઉત્પન્ન થનારા એ ગુણોની પ્રત્યે શરીર તાદાત્મ્યસંબંધથી (અર્થાત્ શરીર પોતે જ) કારણ બને છે. **अवच्छेदकतासम्बन्धावच्छिन्नात्मवृत्तिजन्यगुणत्वावच्छिन्नकार्यता-निरूपिततादात्म्यसंबंधावच्छिन्नकारणता** શરીરમાં છે - આ પ્રમાણે માનવાથી તે તે શરીરમાં જ ભોગની સિદ્ધિ થશે. જેથી સર્વશરીરમાં આત્માનો સંયોગ હોવા છતાં સર્વ શરીર દ્વારા ભોગનો પ્રસંગ નહિ આવે; પરંતુ બાલ્ય અવસ્થા યુવાવસ્થાદિના ભેદથી શરીરનો ભેદ હોવાથી તે તે અવસ્થામાં ઉત્પન્ન થયેલા ભોગ(જન્ય જ્ઞાનાદિ ગુણ)સ્થળે તેનાથી જુદી અવસ્થાવાળા તે તે શરીરનો અભાવ હોવાના કારણે વ્યભિચાર (કાર્યના અધિકરણમાં તે તે કારણનો અભાવ હોવાથી) આવે છે. તેના નિવારણ માટે બાલ્યાદિ અવસ્થામાં રહેલા તે તે શરીરાવચ્છિન્ન આત્મામાં ઉત્પન્ન થનારા તે તે જન્ય ગુણોની પ્રત્યે તે તે બાલ્યાદિ અવસ્થાના શરીરને તે તે વ્યક્તિ સ્વરૂપે (શરીરત્વેન નહિ) કારણ માની લઇએ તો ઉપર

જણાવ્યા મુજબ વ્યભિચાર નહિ આવે; કારણ કે તે તે જન્યગુણોના અધિકરણમાં તે તે શરીરનો અભાવ નથી... પરંતુ આ રીતે તે તે શરીરને તે તે વ્યક્તિસ્વરૂપે કારણ માનવાથી ગૌરવ ખૂબ જ સ્પષ્ટ છે... ઈત્યાદિ સમજી શકાય છે. તેથી આત્માને વિભુ માનવા વગેરેની વાતમાં તથ્ય નથી. આ વિષયમાં અધિક વર્ણન સ્યાદ્વાદ કલ્પલતામાં છે. જિજ્ઞાસુઓએ ત્યાંથી જ એ જાણી લેવું જોઈએ. ।।૯-૧૯।।

ઉપર જણાવ્યા મુજબ એકાંતનિત્યપક્ષમાં આત્માને વિભુ મનાતો હોવાથી હિંસા વગેરે સંગત થતા નથી, તે જણાવ્યું. હવે એકાંત-અનિત્યપક્ષમાં પણ તે સંગત નથી - એ જણાવાય છે–

**अनित्यैकान्तपक्षेऽपि, हिंसादीनामसम्भवः ।**
**नाशहेतोरयोगेन, क्षणिकत्वस्य साधनात् ।।८-२०।।**

अनित्येति–अनित्यैकान्तपक्षेऽपि क्षणिकज्ञानसन्तानरूपात्माभ्युपगमेऽपि हिंसादीनामसम्भवो मुख्यवृत्त्याऽयोगः । नाशहेतोरयोगेन क्षयकारणस्यायुज्यमानत्वेन । क्षणिकत्वस्य क्षणक्षयित्वस्य साधनात् । इयं हि परेषां व्यवस्था–नाशहेतुभिर्घटादेर्नाशस्ततो भिन्नोऽभिन्नो वा विधीयेत ? आद्ये घटादेस्तादवस्थ्यम् । अन्त्ये च घटादिरेव कृतः स्यादिति स्वभावत एवोदयानन्तरं विनाशिनो भावा इति । इत्थं च हिंसा न केनचित्क्रियत इत्यनुपप्लवं जगत्स्यादिति भावः ।।८-२०।।

"વસ્તુના વિનાશના હેતુ સંગત ન હોવાથી વસ્તુમાત્રમાં ક્ષણિકત્વ સિદ્ધ કરાય છે. તેથી એકાંત-અનિત્યપક્ષનો સ્વીકાર કરાય છે. એ અનિત્યપક્ષમાં હિંસાદિનો સંભવ નથી." - આ પ્રમાણે વીશમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે - 'બધું જ ક્ષણિક છે.' આ પ્રમાણે માનનારા બૌદ્ધ દર્શનમાં ક્ષણિક જ્ઞાનના સંતાન (ધારા-પ્રવાહ-પરંપરા) સ્વરૂપ આત્મા મનાય છે. તેમના પક્ષમાં પણ હિંસાદિ મુખ્ય-તાત્ત્વિક રીતે સંભવતા નથી. કારણ કે તેઓએ નાશના હેતુઓનો યોગ થતો ન હોવાથી વસ્તુમાત્રને સ્વભાવથી જ વિનાશી માની છે. ક્ષણવારમાં જ પોતાની મેળે ક્ષય પામવાનો વસ્તુનો સ્વભાવ છે. બૌદ્ધો નીચે જણાવ્યા મુજબ કહે છે.

નાશનાં કારણો દ્વારા ઘટપટાદિનો જે નાશ કરાય છે તે નાશ; ઘટપટાદિથી ભિન્ન છે કે અભિન્ન છે : આ બે વિકલ્પ છે. જો ઘટનો નાશ ઘટથી ભિન્ન હોય તો

ઘટનું અસ્તિત્વ કાયમ જ છે અને જો એ નાશ ઘટથી અભિન્ન હોય તો નાશના હેતુએ ઘટને જ કર્યો છે એમ જ કહેવું પડે. આથી સમજી શકાશે કે વસ્તુમાત્રના નાશના કારણની કલ્પના શક્ય નથી; તેથી સ્વભાવથી જ ઉત્પત્તિના અનંતર ક્ષણમાં વિનાશ પામવાવાળા ભાવો છે. બૌદ્ધોની એવી માન્યતા હોવાથી તેમના મતે કોઇ પણ હિંસા કરતું નથી અને તેથી જગતમાં કોઇ જ ઉપપ્લવ નહિ રહે. ॥૮-૨૦॥

ननु जनक एव हिंसकः स्यादतो न दोष इत्यत्र जनकः किं सन्तानस्य क्षणस्य वा इति विकल्प्याद्ये दोषमाह–

ઉપર જણાવ્યા મુજબ બૌદ્ધોના મતે આત્માનો કોઇ જ નાશ કરતું ન હોવાથી આત્માની હિંસા વગેરે સંગત થતી નથી. તેની સંગતિ કરવા માટે એમ કહેવામાં આવે કે જે જનક છે તે જ હિંસક છે. આ પ્રમાણે માનવાથી હિંસા વગેરે ઉપપન્ન થઇ શકે છે; તો આ વિષયમાં બે વિકલ્પો ઉદ્ભવે છે. સંતાનના જનકને હિંસક કહેવાય છે કે ક્ષણના જનકને હિંસક કહેવાય છે ? આ બે વિકલ્પમાંના આદ્યવિકલ્પને જણાવવાપૂર્વક તેમાં દોષને જણાવાય છે–

**न च सन्तानभेदस्य, जनको हिंसको मतः ।**
**सांवृतत्वादजन्यत्वाद्, भावत्वनियतं हि तत् ॥८-२१॥**

न चेति–न च सन्तानभेदस्य हिंस्यमानशूकरक्षणसन्तानच्छेदेनोत्पत्स्यमानमनुष्यादिक्षणसन्तानस्य जनको लुब्धकादिर्हिंसको भवेत्, तद्विसदृशसन्तानोत्पादकत्वेनैव तद्धिंसकत्वव्यवहारोपपत्तेरिति वाच्यं, सांवृतत्वात् काल्पनिकत्वात् सन्तानभेदस्य । अजन्यत्वाद् लुब्धकाद्यसाध्यत्वात् । तद्धि जन्यत्वं हि भावत्वनियतं सत्त्वव्याप्तं, सांवृतं च खरविपाणादिवदसदेवेति भावः ॥८-२१॥

"'સંતાનવિશષનો જનક હિંસક થશે' એ પ્રમાણે માનવાનું બરાબર નથી. કારણ કે સંતાનવિશેષ કાલ્પનિક છે; અજન્ય છે. સત્ત્વ(ભાવત્વ) જન્યત્વનું વ્યાપક છે." - આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે બૌદ્ધોના મતે ભાવમાત્ર ક્ષણસ્વરૂપ છે. ઘટાદિ ક્ષણોની પરંપરા સ્વરૂપ સંતાન છે. પૂર્વપૂર્વક્ષણ ઉત્તર-ઉત્તર-ક્ષણના જનક છે. જનક પૂર્વક્ષણ છે, તે ઉત્તરક્ષણના નાશક બની શકે એમ નથી. તેથી જે જેનો જનક છે તેનો તે નાશક

છે - એવો અર્થ અભિપ્રેત નથી. પરંતુ જે જનક છે તે તેનાથી અવ્યવહિત પૂર્વનો નાશક છે : આવો અર્થ અભિપ્રેત છે.

શિકારી હિંસક છે અને શૂકરાદિ હિંસ્યમાન છે. શૂકરાદિ સ્વરૂપ હિંસ્યમાન સંતાનનો ઉચ્છેદ કરીને તેનાથી વિસદૃશ ભવિષ્યમાં ઉત્પન્ન થનાર મનુષ્યાદિ સંતાનનો જનક શિકારી છે. તે જ હિંસક થશે. વિસદૃશ સંતાનનો તે ઉત્પાદક હોવાથી તેમાં હિંસકત્વનો વ્યવહાર સંગત છે. અર્થાત્ તેને હિંસક મનાય છે - આ પ્રમાણે કહી શકાય એવું નથી. કારણ કે સંતાનવિશેષ કાલ્પનિક છે. કાલ્પનિક વસ્તુ સત્ નથી અસત્ છે. સદ્ જન્ય હોય છે. અસદ્ (ખરશૃંગાદિ) જન્ય હોતા નથી. તેથી ખરશૃંગાદિની જેમ અસદ્ એવા સંતાનવિશેષ અજન્ય હોવાથી શિકારી વગેરેને તેના જનક(હિંસક) માની શકાશે નહિ. તેથી 'સંતાનવિશેષના જનક હિંસક છે' એ કહી શકાય એવું નથી. ॥૮-૨૧॥

द्वितीये त्वाह–

'ઉત્તરક્ષણનો જનક પૂર્વક્ષણનો હિંસક છે.' - આ બીજા વિકલ્પમાં દૂષણ જણાવાય છે–

**नरादिक्षणहेतुश्च, शूकरादेर्न हिंसकः ।**
**शूकरान्त्यक्षणेनैव, व्यभिचारप्रसङ्गतः ॥८-२२॥**

नरादीति–नरादिक्षणहेतुश्च लुब्धकादिः शूकरादेर्हिंसको न भवति, शूकरान्त्यक्षणेनैव व्यभिचारस्य हिंसकत्वातिव्याप्तिलक्षणस्य प्रसङ्गतः । म्रियमाणशूकरान्त्यक्षणोऽपि ह्युपादानभावेन नरादिक्षणहेतुरिति लुब्धकवत् सोऽपि स्वहिंसकः स्यादितिभावः ॥८-२२॥

"મનુષ્યાદિ ક્ષણના કારણભૂત લુબ્ધકાદિ(શિકારી વગેરે)ને શૂકરાદિના હિંસક માની શકાશે નહિ. કારણ કે શૂકરાદિના અંત્ય ક્ષણની સાથે વ્યભિચારનો પ્રસંગ આવે છે." આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે શૂકરાદિના અંત્ય ક્ષણના ઉત્તરક્ષણ સ્વરૂપ જે નરાદિ ક્ષણ છે, તેના જનક લુબ્ધકાદિને; શૂકરાદિના હિંસક તરીકે માનવાનું ઉચિત નથી. કારણ કે તે નરાદિ ક્ષણનો જનક જેમ લુબ્ધકાદિ છે તેમ શૂકરનો અંત્ય ક્ષણ પણ છે. મરતા એવા શૂકરનો અંત્યક્ષણ પણ ઉપાદાન (પરિણામી - સમવાયિકારણ) ભાવે નરાદિક્ષણનો હેતુ છે. નરાદિક્ષણનો હેતુ હોવાથી લુબ્ધકની જેમ શૂકરનો

અંત્યક્ષણ પણ પોતાનો હિંસક છે - એમ માનવાનો અતિપ્રસંગ (વ્યભિચાર) આવશે. શૂકરાદિના અંત્યક્ષણમાં નરાદિક્ષણહેતુત્વ છે પરંતુ ત્યાં હિંસકત્વ મનાતું નથી. આથી સમજી શકાશે કે શૂકરાદિ અંત્યક્ષણમાં વ્યભિચારનો પ્રસંગ આવતો હોવાથી 'ઉત્તર ક્ષણનો જનક; પૂર્વક્ષણનો હિંસક છે.' - આ પ્રમાણે માનવાનું ઉચિત નથી. ॥૮-૨૨॥

इष्टापत्तौ व्यभिचारपरिहारे त्वाह–

"સ્વધ્વંસની પ્રત્યે સ્વ પણ કારણ હોવાથી શૂકરના અંત્ય ક્ષણને તેના વિનાશની પ્રત્યે કારણ માનવાનું ઈષ્ટ હોવાથી સ્વમાં સ્વહિંસકત્વ ઈષ્ટ જ છે તેથી વ્યભિચારનો પ્રસંગ આવતો નથી." - આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી, તે જણાવાય છે–

**अनन्तरक्षणोत्पादे, बुद्धलुब्धकयोस्तुला ।**
**नैवं तद्विरतिः क्वापि, ततः शास्त्राद्यसङ्गतिः ॥८-२३॥**

अनन्तरेति–अनन्तरक्षणोत्पादे स्वाव्यवहितोत्तरविसदृशक्षणोत्पादे हिंसकत्वप्रयोजकेऽभ्युपगम्यमाने इति गम्यम् । बुद्धलुब्धकयोस्तुला साम्यमापद्येत, बुद्धलुब्धकयोरनन्तरक्षणोत्पादकत्वाविशेषाद् । एवमुक्तप्रकारेण तद्विरतिर्हिंसाविरतिः क्वापि न स्यात् । ततः शास्त्रादीनामहिंसाप्रतिपादकशास्त्रादिनामसङ्गतिः स्यात् । न चैतदिष्टं परस्य–"सव्वे तसंति दंडेन सव्वेसिं जीवितं पियं । अत्तानं उपमं कत्ता नेव हन्ने न घातये ॥१॥" इत्याद्यागमस्य परैरभ्युपगमात् ॥८-२३॥

"પોતાના અનંતરક્ષણ(વિસદૃશ ક્ષણ)ની ઉત્પત્તિની પ્રત્યે પોતાને હિંસક માનવામાં આવે તો બુદ્ધ અને લુબ્ધક : એ બંન્નેમાં સામ્ય આવશે અને તેથી કોઈ પણ સ્થાને હિંસાની વિરતિનો સંભવ નહિ રહે. તેથી અહિંસાદિપ્રતિપાદક શાસ્ત્રોની અસંગતિ થશે." - આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે સ્વાવ્યવહિતોત્તર વિસદૃશ ક્ષણની ઉત્પત્તિને વિશે હિંસકત્વનું પ્રયોજકત્વ માની લેવામાં આવે તો બુદ્ધ અને લુબ્ધક બંન્નેમાં સામ્યનો પ્રસંગ આવશે. તાત્પર્ય એ છે કે શૂકરાદિના અંત્ય ક્ષણ પછી જે વિસદૃશ નરાદિ ક્ષણની ઉત્પત્તિ થાય છે, તે વિસદૃશ ક્ષણની ઉત્પત્તિના કારણે તેના નિમિત્તભૂત પૂર્વક્ષણમાં હિંસકત્વ મનાય છે. તેથી હિંસકત્વનો પ્રયોજક તાદૃશ

વિસદૃશક્ષણનો ઉત્પાદ છે. આ રીતે સ્વાવ્યવહિતોત્તર વિસદૃશક્ષણના ઉત્પાદક તરીકે હિંસકત્વ માની લેવામાં આવે તો લુબ્ધક અને બુદ્ધમાં સામ્ય આવશે. કારણ કે વિસદૃશ તાદૃશ ક્ષણના ઉત્પાદક બંન્ને છે. એ દૃષ્ટિએ બંન્નેમાં કોઇ વિશેષતા નથી, પરંતુ સામ્ય છે.

આ રીતે હિંસાથી વિરામ પામવાનું કોઇ પણ રીતે શક્ય નહીં બને તેથી અહિંસાદિપ્રતિપાદક શાસ્ત્ર અને તદનુસાર અપાતા ઉપદેશ વગેરે અસંગત થશે. "આ વાત ઇષ્ટ જ છે." - આ પ્રમાણે બૌદ્ધો કહી શકશે નહિ. કારણ કે **सव्वे तसंति**... ઇત્યાદિ આગમથી તેઓએ જણાવ્યું છે કે બધા પ્રહારાદિથી ત્રાસ પામે છે. બધાને જીવવાનું પ્રિય છે. પોતાની જેમ બધા જીવોને માનીને કોઇને પણ હણે નહિ અને હણાવે નહિ. આ રીતે હિંસાથી વિરામ પામવાનું જણાવનારાને હિંસાદિથી વિરામ પામવાનું અસંભવિત બને તે ઇષ્ટ ન જ હોય - એ સમજી શકાય છે. ॥૮-૨૩॥

એકાંતનિત્ય અને એકાંત-અનિત્ય પક્ષમાં અહિંસા સંગત નથી એ જણાવીને હવે સત્ય વગેરે સંગત થતા નથી - એ જણાવાય છે—

**घटन्ते न विनाऽहिंसां, सत्यादीन्यपि तत्त्वतः ।**
**एतस्या वृत्तिभूतानि, तानि यद् भगवाञ्जगौ ॥८-२४॥**

घटन्त इति—अहिंसां विना सत्यादीन्यपि न घटन्ते । यत एतस्या अहिंसाया वृत्तिभूतानि तानि सत्यादीनि भगवान् जगौ सर्वज्ञो गदितवान् । न च सस्यादिपालनीयाभावे वृत्तौ विद्वान् यतत इति । ननु हन्मीति सङ्कल्प एव हिंसा, तद्योगादेव च हिंसकत्वं, तदभावाच्चाहिंसायास्ततश्च तद्वृत्तिभूतसत्यादीनां नानुपपत्तिरिति चेन्न, हन्मीति सङ्कल्पक्षणस्यैव सर्वथाऽनन्वये कालान्तरभाविफलजनकत्वानुपपत्तेः, कथञ्चिदन्वये चास्मत्सिद्धान्तप्रवेशापाताच्चेत्यधिकमन्यत्र ॥८-२४॥

"અહિંસા વિના સત્ય વગેરે વાસ્તવિક રીતે ઘટતા નથી; કારણ કે અહિંસાદિની વૃત્તિ (વાડ) સ્વરૂપે તે સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહને ભગવંતે કહ્યા છે." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય ખૂબ જ સ્પષ્ટ છે કે જે કારણે શ્રી સર્વજ્ઞભગવંત શ્રી તીર્થંકરપરમાત્માએ

અહિંસાધર્મની રક્ષા માટે વાડ જેવા સત્ય વગેરેને જણાવ્યા છે. તે કારણે અહિંસાધર્મની સંગતિને લઇને જ સત્ય વગેરે સંગત થઇ શકે છે.

ઉપર જણાવ્યા મુજબ એકાંતનિત્ય કે એકાંત-અનિત્ય પક્ષમાં અહિંસા સંગત ન હોવાથી તેની રક્ષા માટે વાડતુલ્ય સત્યાદિ પણ સંગત નથી. ધાન્યાદિ રક્ષણ કરવા યોગ્ય વસ્તુના અભાવમાં કોઇ પણ વિદ્વાન વાડ માટે પ્રયત્ન કરતો નથી - એ સમજી શકાય છે. આથી સ્પષ્ટ છે કે અહિંસા સંગત ન બને તો તેની રક્ષા માટેના સત્ય વગેરે પણ સંગત ન જ બને.

'હું આને હણું' આવો સંકલ્પ જ હિંસા છે. તેવા સંકલ્પને ધારણ કરનારમાં જ હિંસકત્વ મનાય છે. એ સંકલ્પનો અભાવ અહિંસા છે. આ રીતે અહિંસાની સંગતિ થતી હોવાથી તેની રક્ષા માટે વાડસ્વરૂપ જે સત્ય વગેરે જણાવ્યા છે તે પણ સંગત જ છે, તેથી કોઇ અનુપપત્તિ થતી નથી : આ પ્રમાણે કહેવાનું પણ ઉચિત નથી. કારણ કે 'હું આને હણું' આ સંકલ્પાત્મક ક્ષણ સર્વથા(નિરન્વય) નષ્ટ થતો હોવાથી કાલાંતરે(જન્માંતરમાં) પ્રાપ્ત થનાર ફળ(નરકાદિ ગતિ વગેરે)ની પ્રત્યે તે કારણ બની શકશે નહિ. તેથી તેનાથી વિરામ પામવા સ્વરૂપ અહિંસા અને તેની વાડ સ્વરૂપ સત્ય વગેરેની કલ્પના પણ સંગત નહિ થાય. હિંસાને સંગત કરવા માટે એમ કહેવામાં આવે કે તાદૃશ ક્ષણનો તજ્જન્યસંસ્કારાદિસંબંધની વિદ્યમાનતામાં નાશ થાય છે અર્થાત્ કથંચિત્ (સાન્વય) નાશ થાય છે, જેથી કાલાંતરભાવી એવા ફળની પ્રત્યે તે કારણ બની શકે છે તો એમ માનવાથી અમારા(જૈનના) સિદ્ધાંતને માનવાનો પ્રસંગ આવશે... ઇત્યાદિ અન્ય ગ્રંથોમાં જણાવ્યું છે. જિજ્ઞાસુઓએ તે તે ગ્રંથોના અધ્યયનથી તે જાણી લેવું જોઇએ. અહીં તો દિશાસૂચન જ કર્યું છે. ॥૮-૨૪॥

એકાંતનિત્ય કે એકાંત-અનિત્ય પક્ષમાં અહિંસાદિ ઘટતા નથી તો તે કયા પક્ષમાં સંગત થાય છે - તે જણાવાય છે–

**मौनीन्द्रे च प्रवचने, युज्यते सर्वमेव हि ।**
**नित्यानित्ये स्फुटं देहाद्, भिन्नाभिन्ने तथात्मनि ॥८-२५॥**

मौनीन्द्र इति–मौनीन्द्रे वीतरागप्रतिपादिते प्रवचने सर्वमेव हि हिंसाहिंसादिकं युज्यते । नित्यानित्ये तथा स्फुटं प्रत्यक्षं देहाद्भिन्नाभिन्ने आत्मनि सति । तथाहि–आत्मत्वेन

नित्यत्वमात्मनः प्रतीयते, अन्यथा परलोकाद्यभावप्रसङ्गात् । मनुष्यत्वादिना चानित्यत्वम्, अन्यथा मनुष्यादिभावानुच्छेदप्रसङ्गात् । धर्मिग्राहकमानेन तत्र नित्यत्वसिद्धावनित्यत्वधियः शरीरादिविषयकत्वमेवास्त्विति चेन्न, धर्मिग्राहकमानेन त्रैलक्षण्यकलितस्यैव तस्य सिद्धेर्घटाद्युपादानस्येव ज्ञानाद्युपादानस्य पूर्वोत्तरपर्यायनाशोत्पादान्वितध्रुवत्वनियतत्वात् । यथा च भ्रान्तत्वाभ्रान्तत्वे परमार्थसंव्यवहारापेक्षया परेषां न ज्ञानस्य विरुद्धे, यथा चैकत्र संयोगतदभावौ, तथा द्रव्यतो नित्यत्वं पर्यायतश्चानित्यत्वं नास्माकं विरुद्धम् । अनपेक्षितविशिष्टरूपं हि द्रव्यं, अपेक्षितविशिष्टरूपं च पर्याय इति । तथा शरीरजीवयोर्मूर्तामूर्तत्वाभ्यां भेदः, देहकण्टकादिस्पर्शे वेदनोत्पत्तेश्चाभेद इति । तदुक्तं– "जीवसरीराणं पि हु भेआभेओ तहोवलंभाओ । मुत्तामुत्तत्तणओ छिक्कंमि पवेयणाओ अ ॥१॥" न चेदेवं ब्राह्मणो नष्टो ब्राह्मणो जानातीत्यादिव्यवहारानुपपत्तिः, विना ब्राह्मणत्वस्य व्यासज्यवृत्तित्वमित्यादिकमुपपादितमन्यत्र ॥८-२५॥

"શરીરથી ભિન્નાભિન્ન એવો નિત્યાનિત્ય આત્મા જેમાં મનાય છે તે મૌનીન્દ્ર શ્રી વીતરાગપરમાત્માના પ્રવચનમાં અહિંસા વગેરે બધું જ સ્પષ્ટ રીતે ઘટે છે." - આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે શ્રી વીતરાગપરમાત્માથી પ્રતિપાદન કરાયેલા પ્રવચનમાં આત્માને નિત્યાનિત્ય મનાયો છે અને આત્માને શરીરથી ભિન્નાભિન્ન મનાય છે. તેથી આવા આત્મસ્વરૂપવાળા પ્રવચનમાં હિંસા, અહિંસા, પરલોક, પુણ્ય, પાપ વગેરે બધું જ સ્પષ્ટપણે ઘટે છે.

આત્મત્વની અપેક્ષાએ આત્મા નિત્ય મનાય છે. આત્માને એ રીતે નિત્ય માનવામાં ન આવે તો પરલોકગમન અને મોક્ષ વગેરે સંગત નહિ થાય. એના અભાવનો પ્રસંગ આવશે. કારણ કે આત્મા નિત્ય ન હોય તો તેના અસ્તિત્વના અભાવમાં પરલોકગમનાદિ શક્ય નથી. મનુષ્યાદિની અપેક્ષાએ આત્મા અનિત્ય છે. એ રીતે આત્માને અનિત્ય ન માનીએ તો ક્યારે પણ મનુષ્યાદિભાવનો નાશ નહિ થાય. સદાને માટે એ જ ભાવનું અસ્તિત્વ રહેશે. તેથી આત્મત્વની અપેક્ષાએ આત્મામાં નિત્યત્વ અને મનુષ્યાદિની અપેક્ષાએ અનિત્યત્વ હોવાથી ત્યાં નિત્યાનિત્યત્વ સ્પષ્ટ છે.

"જ્ઞાનાદિ ભાવસ્વરૂપ કાર્ય હોવાથી તેનું કોઈ પણ ઉપાદાનકારણ હોવું જોઈએ. દા.ત. ઘટનું ઉપાદાનકારણ મૃત્પિંડ છે. શરીરાદિમાં જ્ઞાનાદિની

કારણતા બાધિત હોવાથી જ્ઞાનાદિના ઉપાદાનકારણ તરીકે આત્મદ્રવ્યની સિદ્ધિ થાય છે. આ ધર્મિગ્રાહક પ્રમાણ છે. આ પ્રમાણથી આત્મત્વસ્વરૂપે આત્મામાં નિત્યત્વ સિદ્ધ થયા પછી આત્મામાં જે અનિત્યત્વની પ્રતીતિ થાય છે તે શરીરાદિવિષયક છે. કારણ કે નિત્યત્વ જ્યાં હોય ત્યાં અનિત્યત્વ મનાય નહિ. બંન્નેને પરસ્પર વિરોધ છે.'' - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે ધર્મિગ્રાહકમાનથી આત્મામાં નિત્યત્વ સિદ્ધ થતું નથી. પરંતુ ત્રૈલક્ષણ્યની સિદ્ધિ થાય છે. ઘટનું ઉપાદાન મૃત્પિંડ જેમ પૂર્વપર્યાયનો નાશ; ઉત્તરપર્યાયનો ઉત્પાદ અને મૃદ્દ્રવ્ય(માટી)રૂપે ધ્રુવત્વ(સ્થિતિ) - આ ત્રણ લક્ષણથી યુક્ત છે તેમ આત્મદ્રવ્ય પણ એ ત્રણ લક્ષણથી યુક્ત જ્ઞાનાદિના ઉપાદાનરૂપે સિદ્ધ થાય છે. તેમાં પર્યાયની અપેક્ષાએ અનિત્યત્વ અને દ્રવ્યની અપેક્ષાએ નિત્યત્વ છે. એક જ દ્રવ્યમાં નિત્યત્વ અને અનિત્યત્વ માનવામાં કોઈ વિરોધ નથી. ''પરમાર્થથી જ્ઞાનમાં ભ્રાંતત્વ છે અને સંવ્યવહારની અપેક્ષાએ અભ્રાંતત્વ છે.'' આવી માન્યતાવાળાને જેમ ભ્રાંતત્વ અને અભ્રાંતત્વ માનવામાં કોઈ વિરોધ નથી; તેમ જ એક જ વૃક્ષમાં શાખાની અપેક્ષાએ કપિ(વાંદરો)સંયોગ અને મૂળની અપેક્ષાએ કપિસંયોગનો અભાવ માનવામાં જેમ વિરોધ નથી તેમ મનુષ્યાદિની અપેક્ષાએ આત્મામાં અનિત્યત્વ અને આત્મત્વની અપેક્ષાએ નિત્યત્વ માનવામાં કોઈ જ વિરોધ નથી. આથી સમજી શકાશે કે દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ વસ્તુ અનિત્ય છે. વસ્તુના વિશિષ્ટ સ્વરૂપની જ્યારે અપેક્ષા(વિવક્ષા) ન હોય ત્યારે તે દ્રવ્ય તરીકે જણાય છે અને જ્યારે તેના વિશિષ્ટ સ્વરૂપની વિવક્ષા હોય છે ત્યારે તે પર્યાયસ્વરૂપે જણાય છે. દા.ત. મૃદ્ અને ઘટ વગેરે. **अनपेक्षितविशिष्टरूपं हि द्रव्यम्** અને **अपेक्षितविशिष्टरूपञ्च पर्यायः** આ અનુક્રમે દ્રવ્ય અને પર્યાયનું સ્વરૂપ વર્ણવ્યું છે. ખૂબ જ ઓછા શબ્દોમાં સરળ રીતે વસ્તુસ્વરૂપને માર્મિક શૈલીથી જણાવવાની ગ્રંથકાર પરમર્ષિની અદ્ભુત કળાનું અહીં દર્શન થાય છે.

આવી જ રીતે શરીર અને આત્માને ભેદાભેદ છે. શરીર મૂર્ત્ત(રૂપી) છે અને આત્મા અમૂર્ત્ત છે. મૂર્ત્તત્વ અને અમૂર્ત્તત્વની અપેક્ષાએ શરીરથી આત્મા ભિન્ન છે. અર્થાત્ મૂર્ત્તત્વ અને અમૂર્ત્તત્વને લઈને તે બંન્નેમાં ભેદ છે. શરીરને કાંટા વગેરેનો સ્પર્શ થવાથી આત્માને વેદનાનો અનુભવ થાય છે. એની અપેક્ષાએ શરીર અને

આત્મામાં અભેદ છે. આ વાતને જણાવતાં અન્યત્ર કહ્યું છે કે– “જીવ અને શરીરમાં ભેદાભેદ છે. કારણ કે તેવો જ (ભેદાભેદનો જ) ઉપલંભ થાય છે. મૂર્ત્તત્વ અને અમૂર્ત્તત્વના કારણે ભેદ છે. શરીરના સ્પર્શે વેદના થાય છે; તેથી અભેદ છે.”

આ રીતે શરીર અને આત્મામાં ભેદાભેદ માનવામાં ન આવે તો **ब्राह्मणो नष्टः** અને **ब्राह्मणो जानाति** આ પ્રતીતિ સંગત નહીં થાય. કારણ કે **ब्राह्मण** શબ્દનો અર્થ બ્રાહ્મણનું શરીર કરીએ તો 'બ્રાહ્મણ જાણે છે.' આ પ્રતીતિ શક્ય બનતી નથી અને **ब्राह्मण** શબ્દનો અર્થ બ્રાહ્મણનો આત્મા કરીએ તો 'બ્રાહ્મણ નાશી ગયો' આ પ્રતીતિ સંગત થતી નથી. બંન્ને પ્રતીતિના આધારે નષ્ટ થવાની ક્રિયાના આશ્રય તરીકે બ્રાહ્મણનું શરીર અને જ્ઞાનના આશ્રય તરીકે બ્રાહ્મણનો આત્મા : એ બંન્ને અર્થ **ब्राह्मण** શબ્દથી વિવક્ષિત છે, જે શરીર અને આત્મા ભિન્નાભિન્ન હોય તો જ શક્ય બને છે. આથી સમજી શકાશે કે બ્રાહ્મણનું શરીર અને આત્મા બંન્ને સર્વથા ભિન્ન હોય તો ઉપર જણાવ્યા મુજબની બંન્ને પ્રતીતિને સંગત કરવા બ્રાહ્મણત્વને વ્યાસજ્યવૃત્તિ માનવાનો પ્રસંગ આવશે. ઘટપટોભયત્વ જેમ વ્યાસજ્યવૃત્તિ ધર્મ છે પરંતુ જાતિ નથી તેમ બ્રાહ્મણત્વ પણ શરીરાત્મોભયવૃત્તિ ધર્મ માનવો પડશે, તેને જાતિ નહીં મનાય. તેથી પ્રતીતિના અનુરોધથી શરીર અને આત્માને કથંચિદ્ અભેદ છે એમ માનીને જ બ્રાહ્મણત્વને જાતિ માની શકાશે અને તેને વ્યાસજ્યવૃત્તિ ધર્મ માનવાના પ્રસંગને દૂર કરી શકાશે... ઇત્યાદિ અન્ય ગ્રંથમાં ગ્રંથકારશ્રીએ જણાવ્યું છે. ॥૮-૨૫॥

આત્માને નિત્યાનિત્ય અને શરીરથી ભિન્નાભિન્ન માનવાથી જે રીતે હિંસા સંગત થાય છે; તે જણાવાય છે–

**पीडाकर्त्तृत्वतो देहव्यापत्त्या दुष्टभावतः ।**
**त्रिधा हिंसागमप्रोक्ता न हीत्थमपहेतुका ॥८-२६॥**

पीडेति–पीडाकर्तृत्वतः पीडायां स्वतन्त्रव्यापृतत्वात् । देहस्य व्यापत्तिर्विनाशस्तया कथञ्चित्तद्व्यापत्तिसिद्धिरिति भावः । दुष्टभावतो हन्मीति सङ्क्लेशात् । त्रिधा जिनप्रोक्ता हिंसा । इत्थमुक्तरूपात्माभ्युपगमे । न ह्यपहेतुका हेतुरहिता भवति ॥८-२६॥

“પીડા કરવાથી, દેહનો વિનાશ થવાથી અને દુષ્ટ ભાવથી હિંસા થાય છે. આગમમાં વર્ણવેલી એ ત્રણ પ્રકારની હિંસા, આ રીતે આત્માને

નિત્યાનિત્યાદિ સ્વરૂપ માનવાથી હેતુરહિત બનતી નથી. (સંગત થાય છે.)" - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સામા જીવને પીડા પહોંચાડવાનું કામ કરવાથી હિંસા થાય છે. આગમમાં જણાવેલી આ હિંસા આત્માને એકાંતે નિત્ય કે અનિત્ય માનવાથી શક્ય થતી નથી. નિત્યૈકસ્વભાવમાં કર્તૃત્વ માની શકાતું નથી. અન્યથા સ્વભાવહાનિનો પ્રસંગ આવે છે. એકાંતે અનિત્ય માનવાથી આત્મા એ કાર્યના ફળને પ્રાપ્ત કરી શકશે નહિ; જેથી કૃતનાશાદિ દોષનો પ્રસંગ આવે છે. આત્માને નિત્યાનિત્ય માનવાથી એ પ્રસંગ આવતા નથી. પર્યાયની અપેક્ષાએ સ્વભાવમાં પરિવર્ત્તનાદિ સંગત છે.

શરીરનો નાશ કરવાથી હિંસા થાય છે. આગમમાં જણાવેલી આ હિંસા શરીરથી આત્માને એકાંતે ભિન્ન કે અભિન્ન માનવાથી સંગત થતી નથી. કારણ કે તેથી આત્માને કાંઇ જ થતું નથી, જે કાંઇ થાય છે તે જડ શરીરને જ થાય છે. પરંતુ શરીરથી આત્માને કથંચિદ્ ભિન્નાભિન્ન માનવાથી શરીરના વિનાશથી તે સ્વરૂપે આત્માનો વિનાશ સિદ્ધ થાય છે. તેથી હિંસા સંગત બને છે.

આવી જ રીતે 'હું આને હણું' આવા દુષ્ટભાવસ્વરૂપ સંક્લેશના કારણે હિંસા થાય છે - એમ આગમમાં જણાવ્યું છે. આત્માને એકાંતે અનિત્ય કે નિત્ય માનવાથી પૂર્વે જણાવ્યા મુજબ (૨૪મા શ્લોકમાં જણાવ્યા મુજબ) એ હિંસા સંગત થતી નથી. આત્માને કથંચિદ્ નિત્યાનિત્ય માનવાથી એ સંક્લેશના કારણે કાલાંતરે ફળ પ્રાપ્ત થઇ શકતું હોવાથી હિંસા સંગત થાય છે... ઇત્યાદિ વિચારવાથી સમજી શકાશે કે આગમમાં જણાવેલી હિંસા સહેતુક છે, હેતુરહિત નથી. ॥૮-૨૬॥

अत्रैव प्रकारान्तरेणासम्भवं दूषयितुमुपन्यस्यति–

આ પ્રમાણે મૌનીન્દ્ર પ્રવચનમાં હિંસાનો સંભવ હોવા છતાં પ્રકારાંતરથી (બીજી રીતે) તેનો સંભવ નથી : એ જણાવીને તેનું નિરાકરણ કરાય છે–

**हन्तुर्जाग्रति को दोषो, हिंसनीयस्य कर्मणि ।**
**प्रसक्तिस्तदभावे चान्यत्रापीति मुधा वचः ॥८-२७॥**

हन्तुरिति–हिंसनीयस्य कर्मणि हिंसानिमित्तादृष्टे । जाग्रति लब्धवृत्तिके सति । हन्तुः को दोषः ? स्वकर्मणैव प्राणिनो हतत्वात्, तत्कर्मप्रेरितस्य च हन्तुरस्वतन्त्रत्वेना-

दुष्टत्वव्यवहारात् । तदभावे च हिंसनीयकर्मविपाकाभावे च । अन्यत्राप्यहिंसनीयेऽपि प्राणिनि प्रसक्ति र्हिंसापत्तिरिति हिंसाऽसम्भवप्रतिपादकं वचो मुधाऽनर्थकम् ।।८-२७।।

"જેની હિંસા થઇ રહી હોય એવા હિંસનીય જીવનું અશુભ કર્મ ઉદયમાં આવ્યું હોય ત્યારે તે જીવને હણનારને કયો દોષ છે ? હિંસનીય જીવના અશુભ કર્મનો વિપાક ન હોય તો હિંસનીય પ્રાણીની જેમ અહિંસનીય પ્રાણીની પણ હિંસાનો પ્રસંગ આવશે - આ, હિંસાના અસંભવને જણાવનારું વચન નિરર્થક છે." આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો ભાવ એ છે કે - જે કોઇની પણ જે કોઇ જ્યારે પણ હિંસા કરે છે ત્યારે તે હિંસનીય પ્રાણીનું અશુભ કર્મ ઉદયમાં આવ્યું હોવાથી તેને લઇને તે જીવ હિંસા કરે છે. ખરી રીતે તો તે તે પ્રાણીઓ પોતપોતાના કર્મથી જ હણાયેલા છે. તેના કર્મથી પ્રેરાયેલ પ્રાણી સ્વતંત્ર ન હોવાથી પરાધીનતાને કારણે હણવાની પ્રવૃત્તિ કરનારાનો કોઇ જ અપરાધ નથી. તેથી તેમાં દુષ્ટત્વનો વ્યવહાર નહિ કરવો જોઇએ. હિંસનીય પ્રાણીના કર્મનો ઉદય હિંસામાં કારણ નથી અને હિંસક જ એમાં કારણ છે : એમ માની લેવામાં આવે તો અહિંસનીય પ્રાણીની પણ હિંસા કરવાનો પ્રસંગ આવશે. તેથી હિંસનીયની હિંસામાં હિંસકને કોઇ દોષ ન હોવાથી હિંસાનો વાસ્તવિક રીતે સંભવ જ નથી, આ પ્રમાણે બીજાઓ દ્વારા કહેવાય છે પરંતુ તે અર્થહીન છે. - એ સત્તાવીસમા શ્લોકનો ભાવાર્થ છે. ॥૮-૨૭॥

ઉપર જણાવ્યા મુજબ હિંસાના અસંભવને જણાવનારું વચન જે કારણે અર્થહીન છે : તે જણાવાય છે—

**हिंस्यकर्मविपाके यद्, दुष्टाशयनिमित्तता ।**
**हिंसकत्वं न तेनेदं, वैद्यस्य स्याद् रिपोरिव ।।८-२८।।**

हिंस्येति—हिंस्यस्य प्राणिनः कर्मविपाके सति । यद्यस्मात् । दुष्टाशयेन हन्मीति सङ्क्लेशेन निमित्तता प्रधानहेतुकर्मोदयसाध्यां हिंसां प्रति निमित्तभावो हिंसकत्वम् । तेन कारणेनेदं हिंसकत्वं रिपोरिव वैद्यस्य न स्यात्, तस्य हिंसां प्रति निमित्तभावेऽपि दुष्टाशयानात्तत्वात् । तदिदमाह—"हिंस्यकर्मविपाकेऽपि निमित्तत्वनियोगतः । हिंसकस्य भवेदेषा दुष्टा दुष्टानुबन्धतः ।।१।।" परप्रेरितस्यापि चाभिमरादेरिव दुष्टत्वं व्यपदिश्यत

एव । हिंस्यकर्मनिर्जरणसहायत्वेऽपि च तथाविधाशयाभावान्न हिंसकस्य वैयावृत्त्यकरत्वव्यपदेश इति द्रष्टव्यम् ।।८-२८।।

"હિંસનીય પ્રાણીના અશુભ કર્મનો ઉદય થયે છતે તે પ્રાણીની હિંસામાં બીજા પ્રાણીનો દુષ્ટાશય જેથી નિમિત્ત બને છે, એ નિમિત્તતા હિંસકત્વ છે, તેથી શત્રુની જેમ વૈદ્યમાં હિંસકતા મનાતી નથી." - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે હિંસનીય પ્રાણીના કર્મનો ઉદય થાય ત્યારે તે સ્વરૂપ મુખ્ય કારણે થનારી હિંસામાં; 'આને હું હણું' - આવો બીજાનો(હિંસકનો) સંક્લેશસ્વરૂપ દુષ્ટાશય નિમિત્ત બને છે. એ નિમિત્તતા જ હિંસકનું હિંસકત્વ છે. આથી સમજી શકાશે કે હિંસાની પ્રત્યે હિંસનીય પ્રાણીના અશુભ કર્મનો ઉદય પ્રધાન - મુખ્ય કારણ છે અને હિંસક પ્રાણીનો તાદૃશસંક્લેશ સ્વરૂપ દુષ્ટાશય નિમિત્ત છે, તત્સ્વરૂપ હિંસકત્વ છે. તેથી આવી જાતિનું હિંસકત્વ શત્રુમાં મનાય છે. પરંતુ શસ્ત્રક્રિયાને કરનાર વૈદ્યમાં મનાતું નથી. કારણ કે વૈદ્યને એવો દુષ્ટ આશય નથી. શસ્ત્રક્રિયાજન્ય હિંસામાં વૈદ્ય નિમિત્ત હોવા છતાં એ નિમિત્તતા દુષ્ટાશયને આધીન નથી. તેથી શત્રુની જેમ વૈદ્યમાં હિંસકત્વ મનાતું નથી. આ વાતને જણાવતાં શ્રી અષ્ટકપ્રકરણમાં જણાવ્યું છે કે– "હિંસનીય પ્રાણીના અશુભ કર્મનો વિપાક હોવા છતાં તેની હિંસામાં નિમિત્ત બનવાથી આ હિંસા દુષ્ટ આશયના કારણે હિંસા કરનાર માટે દોષનું કારણ બને છે.

પૂ. ગુરુભગવંતાદિને નિર્જરામાં સહાયક બનવાના કારણે સહાયકને જેમ વૈયાવચ્ચ કરનાર તરીકે વર્ણવાય છે તેમ હિંસા કરનાર પણ હિંસનીયનાં અશુભ કર્મોની નિર્જરામાં નિમિત્ત બની સહાયક થતો હોવાથી તેને દુષ્ટ નહિ મનાય - આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે હિંસા કરનારને 'આને હું હણું...' ઈત્યાદિ સંક્લેશસ્વરૂપ દુષ્ટ આશય હોવાથી નિર્જરામાં સહાયક થવાનો આશય નથી. તેથી તેવા પ્રકારના આશયના અભાવના કારણે હિંસકમાં વૈયાવચ્ચ કરનાર તરીકે વ્યવહાર કરવામાં આવતો નથી... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. ।।૮-૨૮।।

આ રીતે હિંસા વગેરેનો મૌનીન્દ્ર પ્રવચનમાં સંભવ હોવાથી તેની વિરતિ વગેરેનો પણ ત્યાં જ સંભવ છે - તે જણાવાય છે–

**इत्थं सदुपदेशादेस्तन्निवृत्तिरपि स्फुटा ।**
**सोपक्रमस्य पापस्य, नाशात् स्वाशयवृद्धितः ॥८-२९॥**

इत्थमिति–इत्थं परिणामिन्यात्मनि हिंसोपपत्तौ । सतां ज्ञानगुरूणामुपदेशादेः । आदिना अभ्युत्थानादिपरिग्रहः । तदाह–"अब्भुठ्ठणे विणए परक्कमे साहुसेवणाए य । संमद्दंसणलंभो विरयाविरईइ विरईए ॥१॥" सोपक्रमस्यापवर्तनीयस्य । पापस्य चारित्रमोहनीयस्य नाशात् । तन्निवृत्तिरपि हिंसानिवृत्तिरपि । स्फुटा प्रकटा । स्वाशयस्य शुभाशयस्य न कमपि हन्मीत्याकारस्य वृद्धितोऽनुबन्धात् ॥८-२९॥

"આ રીતે પરિણામી આત્મા વગેરેને માનવાથી પૂ. ગુરુદેવાદિના સદુપદેશશ્રવણાદિના કારણે સોપક્રમ પાપનો નાશ થતો હોવાથી પરિણામની વૃદ્ધિને લઈને હિંસાની નિવૃત્તિ સ્પષ્ટ છે." - આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે પૂર્વે જણાવ્યા મુજબ આત્માને પરિણામી નિત્યાનિત્ય અને શરીરથી ભિન્નાભિન્ન માનવાથી મૌનીન્દ્રના પ્રવચનમાં હિંસાદિનો સંભવ હોવાથી જ્ઞાની ગુરુભગવંતોના ઉપદેશશ્રવણથી તેમ જ તેઓશ્રીની પ્રત્યે વિનય આચરવાદિથી હિંસાદિથી નિવૃત્ત થવાનું પણ શક્ય બને છે. પૂ. ગુરુદેવશ્રીને જોતાંની સાથે ઊભા થવું, તેઓશ્રી આવે ત્યારે લેવા માટે સામે જવું, તેઓશ્રીને બેસવા માટે આસન આપવું... વગેરે અભ્યુત્થાનાદિ વિનય છે. આ અંગે શાસ્ત્રમાં જણાવ્યું છે કે - "અભ્યુત્થાન, વિનય, ધર્મમાં પરાક્રમ અને સાધુ મહાત્માઓની સેવાથી સમ્યગ્દર્શન, દેશવિરતિ અને સર્વવિરતિનો લાભ થાય છે.

જ્ઞાની ગુરુભગવંતોના ઉપદેશાદિથી સોપક્રમ-અપવર્ત્તનીય(અનિકાચિત) એવા ચારિત્રમોહનીયસ્વરૂપ પાપકર્મનો નાશ થવાથી હિંસાદિથી નિવૃત્તિ શક્ય બને છે. ચારિત્ર-મોહનીયકર્મના ઉદયથી અવિરતિ હોય છે. ચારિત્રમોહનીયકર્મના તાદૃશ નાશથી વિરતિ પ્રાપ્ત થાય છે. ચારિત્રમોહનીયકર્મના નાશ માટે પૂ. ગુરુભગવંતોના પરમતારક ઉપદેશનું શ્રવણ, અભ્યુત્થાનાદિ વિનય અને સંયમમાં પુરુષાર્થ વગેરે પ્રબળ સાધનો છે. ચારિત્ર-મોહનીયકર્મ નિકાચિત ન હોય તો તેની સ્થિતિ અને રસનું અપવર્ત્તન તે સાધનોથી થાય છે અને તેથી તે પાપકર્મનો નાશ થવાથી હિંસાદિના પરિણામથી નિવૃત્તિની પ્રાપ્તિ થતી હોય છે.

હિંસાદિની પ્રવૃત્તિનો અભાવ અને તેના પરિણામનો અભાવ : એ બંન્નેમાં ઘણો ફરક છે. ચારિત્રમોહનીયકર્મના નાશ વિના પણ હિંસાદિની પ્રવૃત્તિ અટકી શકે છે. પરંતુ હિંસાદિના પરિણામની નિવૃત્તિ તો ચારિત્રમોહનીયકર્મના નાશ વિના શક્ય નથી. એ કર્મના નાશથી 'આને હું હણું' - આવા સંક્લેશની નિવૃત્તિ થાય છે અને 'કોઈને પણ હું ન હણું'... ઈત્યાદિ શુભ પરિણામનો સતત અનુબંધ ચાલતો હોવાથી તે શુભ પરિણામની વૃદ્ધિ થાય છે. પરંતુ આ બધું મૌનીન્દ્ર શ્રી વીતરાગપરમાત્માના પરમતારક પ્રવચનમાં જ સંગત છે, અન્ય દર્શનોમાં એ બધું સંગત બનતું નથી. પરમાર્થથી હિંસા, અહિંસા વગેરે વ્યવસ્થા અહીં શ્રી જૈન દર્શનમાં જ સંગત છે. ॥૮-૨૯॥

જ્ઞાની ગુરુભગવંતોના ઉપદેશશ્રવણાદિથી સોપક્રમ એવું ચારિત્ર-મોહનીયકર્મ નાશ પામે છે - એ બરાબર; પરંતુ ચારિત્રમોહનીયકર્મ સોપક્રમ છે કે નિરુપક્રમ છે - એ કઇ રીતે જણાય ?... ઈત્યાદિ શંકાનું સમાધાન જણાવાય છે–

**तथारुच्या प्रवृत्त्या च, व्यज्यते कर्म तादृशम् ।**
**संशयं जानता ज्ञातः, संसार इति हि श्रुतिः (स्थितिः) ।।८-३०।।**

तथारुच्येति–तथारुच्या सदाचारश्रद्धया प्रवृत्त्या च । तादृशं स्वप्रयत्नोपक्रमणीयं कर्म व्यज्यते । प्रवृत्तिरेवोपक्रमणीयकर्मानिश्चयादुपायसंशये कथं स्यादिति चेदर्थानर्थसंशययोः प्रवृत्तिनिवृत्त्यङ्गत्वादित्याशयवानाह–संशयमर्थानर्थगतं जानता हेयोपादेयनिवृत्तिप्रवृत्तिभ्यां परमार्थतः संसारो ज्ञात इति हि स्थितिः प्रेक्षावतां मर्यादा । तथा चाचारसूत्रं–"संसयं परिजाणतो संसारे परिन्नाते भवति, संसयं अपरिजाणतो संसारे अपरिन्नाते भवतीति" ।।८-३०।।

"ઉપદેશશ્રવણ, અભ્યુત્થાનાદિ વિનય વગેરે સદાચારની શ્રદ્ધા અને તેની પ્રવૃત્તિને જોઇને તે તે આત્માનું ચારિત્રમોહનીય કર્મ સોપક્રમ છે - એ જણાય છે. સંશયના જાણકારે સંસાર જાણી લીધો છે - એમ આગમનું વચન છે." - આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આત્માને ઉપર જણાવ્યા મુજબના પૂ. ગુરુભગવંતના ઉપદેશશ્રવણમાં તેમ જ તેઓશ્રીની પ્રત્યે આચરવા યોગ્ય અભ્યુત્થાનાદિ વિનય વગેરે સદાચારની શ્રદ્ધા થાય અને આત્મા

તેમાં પ્રવૃત્તિ કરે તો તેથી પોતાના તાદશ પ્રયત્ન વડે ચારિત્રમોહનીયકર્મ ઉપક્રમ લગાડવા યોગ્ય છે - એમ જણાય છે. તેવા પ્રકારની શ્રદ્ધા અને પ્રવૃત્તિ ચારિત્રમોહનીયકર્મના ઉપક્રમ માટે કારણભૂત છે.

યદ્યપિ ચારિત્રમોહનીયસ્વરૂપ કર્મ ઉપક્રમ પામવા યોગ્ય હોય તો જ ઉપદેશશ્રવણાદિના વિષયમાં શ્રદ્ધા, પ્રવૃત્તિ થવાની છે. તાદશ પાપકર્મની ઉપક્રમણીયતાનો નિશ્ચય જ ન હોય તો શ્રદ્ધા, પ્રવૃત્તિનો સંભવ નથી. કારણ કે ઉપાય(પ્રવૃત્તિ)માં સંશય હોવાથી અર્થાત્ પ્રવૃત્તિથી પાપકર્મનો ઉપક્રમ થશે કે નહિ - આવો સંશય હોવાથી ઉપાયમાં પ્રવૃત્તિ જ અશક્ય છે. પરંતુ અર્થનો સંશય અને અનર્થનો સંશય અનુક્રમે પ્રવૃત્તિ અને નિવૃત્તિનું અંગ છે - એ આશયથી જણાવાય છે... **संशयं जानता**... ઇત્યાદિ. આશય એ છે કે આનાથી લાભ થશે કે નહિ : આવો સંશય હોય તોપણ તાદશ અર્થના સંશયથી પ્રવૃત્તિ થાય છે અને આનાથી મને નુકસાન થશે કે નહિ : આવો સંશય હોય તો તાદશ અનર્થના સંશયથી નિવૃત્તિ થાય છે - એ સ્પષ્ટ છે. આ રીતે અર્થ(લાભ)ના સંશયથી ઉપાદેયમાં પ્રવૃત્તિ થાય છે અને અનર્થના સંશયથી હેયમાં નિવૃત્તિ થાય છે. આ પ્રવૃત્તિ અને નિવૃત્તિના કારણે પરમાર્થથી સંસારનું જ્ઞાન થયેલું મનાય છે. બુદ્ધિમાન પુરુષોની એ મર્યાદા છે. આથી જ શ્રી આચારાંગસૂત્રમાં ફરમાવ્યું છે કે અર્થગત સંશય અને અનર્થગત સંશયના જ્ઞાનવાનને સંસાર પરિજ્ઞાત છે અને એવો સંશય જેને નથી તેને સંસારનું જ્ઞાન પણ નથી. મારું કર્મ ઉપક્રમણીય હશે એવી સંભાવનાથી તત્પ્રયુક્ત ઉપદેશશ્રવણાદિમાં પણ પ્રવૃત્તિનો સંભવ છે. કારણ કે તે અર્થગત સંશયથી શક્ય છે. ॥૮-૩૦॥

ઉપર જણાવ્યા મુજબ સંભાવનાપ્રયુક્ત વિરતિસ્વરૂપ અહિંસા વગેરે જ પારમાર્થિક છે - તે જણાવાય છે–

**अपवर्गतरोर्बीजं, मुख्याऽहिंसेयमुच्यते ।**
**सत्यादीनि व्रतान्यत्र, जायन्ते पल्लवा नवाः ॥८-३१॥**

अपवर्गेति–स्पष्टः ॥८-३१॥

“મોક્ષસ્વરૂપ વૃક્ષના બીજભૂત આ અહિંસા મુખ્ય કહેવાય છે અને એ બીજમાંથી સત્ય, અચૌર્ય વગેરે વ્રતો સ્વરૂપ નવા પલ્લવો ઉત્પન્ન થાય છે.” -

આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે શ્રી વીતરાગપરમાત્માએ આત્માદિનું જે સ્વરૂપ વર્ણવ્યું છે; તેને યથાર્થ સ્વરૂપે માનવામાં ન આવે તો હિંસાદિ પાપો અને તેનાથી સર્વથા વિરામ પામવા સ્વરૂપ અહિંસાદિ વ્રતો વગેરે કોઇ પણ રીતે સંગત નહિ થાય. જેમ ધર્મ પારમાર્થિક છે તેમ તેનાં સાધનો પણ પારમાર્થિક છે. પૂર્વે જણાવ્યા મુજબ હિંસાની વિરતિનો સંભવ હોવાથી આ અહિંસા મુખ્ય છે, ઔપચારિક નથી. મોક્ષની પ્રાપ્તિ માટે તે મૂળભૂત કારણ હોવાથી તેને અપવર્ગતરુના બીજસ્વરૂપે વર્ણવી છે અને તેના કારણે આવિર્ભૂત સત્ય, અચૌર્ય વગેરે વ્રતોને નૂતન પલ્લવ તરીકે વર્ણવ્યા છે. આ બધાની તાત્ત્વિકતાનું મૂળ શ્રી વીતરાગપરમાત્માનું પરમતારક પ્રવચન છે. ॥૮-૩૧॥

પ્રકરણાર્થનો ઉપસંહાર કરાય છે–

**विषयो धर्मवादस्य, निरस्य मतिकर्दमम् ।**
**संशोध्यः स्वाशयादित्थं, परमानन्दमिच्छता ॥८-३२॥**

विषय इति–मतिकर्दममादावेव प्रमाणलक्षणप्रणयनादिप्रपञ्चम् ॥८-३२॥

"બુદ્ધિના કાદવને દૂર કરીને પોતાના શુભાશયથી ધર્મવાદના વિષયને પરમાનંદસ્વરૂપ મોક્ષને ઇચ્છતા આત્માએ સારી રીતે શોધવો જોઇએ."... આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે ધર્મનું સ્વરૂપ, તેના હેતુઓ અને તેનું ફળ : સામાન્ય રીતે એ ધર્મવાદના વિષય છે. ધર્મની પારમાર્થિક વિચારણામાં મુખ્યપણે એનો વિચાર કરવામાં આવે છે. તેની વિચારણાના અંતે ધર્મનો યથાર્થ રીતે નિર્ણય કરીને મુમુક્ષુ આત્મા પરમપદનો અર્થી બની ધર્મની આરાધનામાં પ્રયત્નશીલ બને તો પરમપદની પ્રાપ્તિ દૂર નથી.

ધર્મની આરાધનાના પ્રારંભમાં જ પ્રમાણ, પ્રમેય વગેરેના લક્ષણના પ્રણયન, પરીક્ષાદિની ચર્ચામાં પડવું - વગેરેને અહીં બુદ્ધિના કાદવ તરીકે જણાવ્યો છે. બુદ્ધિ મોક્ષે લઇ જાય છે. એ મોક્ષમાર્ગમાં જ જો કાદવ હોય તો કેવી વિકટ પરિસ્થિતિ સર્જાય - એ આપણે સારી રીતે સમજી શકીએ છીએ. જે માર્ગે શ્રદ્ધાથી જવાનું છે; ત્યાં બુદ્ધિ વિઘ્ન નાખવાનું કામ કરે ત્યારે તે બુદ્ધિ કાદવવાળી બને છે. જિજ્ઞાસા તત્ત્વજ્ઞાનનું સાધન છે, પરંતુ એ જિજ્ઞાસા એવી તો ન જ હોવી જોઇએ કે જે શ્રદ્ધાને નષ્ટ કરે અને બુદ્ધિને કાદવગ્રસ્ત કરે. મુમુક્ષુ આત્માઓએ ધર્મની

તાત્ત્વિકતા સમજાય એટલે ધર્મની આરાધનાની શરૂઆતમાં પ્રમાણ-પ્રમેયાદિના લક્ષણાદિની ચર્ચામાં પડવાની આવશ્યકતા નથી. ધર્મની આરાધનામાં સ્થિરતા કેળવી લીધા પછી એ ચર્ચા બાધક નહીં બને. સમર્થ દાર્શનિકો પણ જો મોક્ષમાર્ગને પ્રાપ્ત કરવા અસમર્થ બન્યા હોય તો આ મતિકર્દમને લઈને ! અજ્ઞાન અને આગ્રહ : આ બંન્નેનું જોર વધે એટલે મતિકર્દમ પણ વધવાનો. અંતે આ શ્લોકમાં ગ્રંથકાર પરમર્ષિના જણાવ્યા મુજબ મતિકર્દમને દૂર કરી ધર્મવાદના વિષયને શોધવાના પ્રયત્નથી આપણે સૌ પરમાનંદના ભાજન બની રહીએ એ જ એક શુભાભિલાષા. ।।૮-૩૨।।

॥ इति वादद्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

वादनिरूपणानन्तरं तत्सजातीया कथा निरूप्यते–
વાદના નિરૂપણ પછી હવે તેની સમાન કથાનું નિરૂપણ કરાય છે–

**अर्थकामकथा धर्मकथा मिश्रकथा तथा ।**
**कथा चतुर्विधा तत्र, प्रथमा यत्र वर्ण्यते ॥९-१॥**

अर्थेति–अर्थकथा कामकथा धर्मकथा तथा मिश्रकथा, एवं चतुर्विधा कथा । तत्र प्रथमाऽर्थकथा सा, यत्र यस्यां वर्ण्यते प्रतिपाद्यते ॥९-१॥

આ પૂર્વેની આઠમી બત્રીશીમાં વાદનું નિરૂપણ કર્યું. તત્ત્વના નિર્ણય માટેનું એ અદ્ભુત સાધન છે. ધર્મવાદથી ધર્મની વાસ્તવિકતાનો જેમ નિર્ણય થાય છે; તેમ કથાથી પણ ધર્મની વાસ્તવિકતાનો નિર્ણય થાય છે. એ અપેક્ષાએ વાદની સજાતીય(સમાન) કથા છે. તેથી વાદના નિરૂપણ પછી આ બત્રીશીમાં કથાનું નિરૂપણ કરાય છે.

કથામાં વાદનું સામ્ય હોવા છતાં બીજી અનેક રીતે તેમાં ફરક છે. 'વાદ' શબ્દ સાંભળતાંની સાથે નિસર્ગથી જ ઉગ્રતા પ્રતીત થતી હોય છે. વાદી-પ્રતિવાદીના પક્ષો આંખ સામે આવતા હોય છે અને તેનો વિષય ધર્મ જ જણાતો હોય છે. કથામાં આવું હોતું નથી. નિસર્ગથી જ તેનું સ્વરૂપ સૌમ્ય હોય છે. વાદી-પ્રતિવાદીના પક્ષ હોતા નથી અને તેમાં વિષયો વિવિધ હોય છે. કથા શબ્દનો કોઇ અદ્ભુત પ્રભાવ છે કે જેના શ્રવણમાત્રથી જ અદ્ભુત રમણીય દશ્ય કલ્પનામાં ઉપસ્થિત થતું હોય છે. ઘરે ઘરે આવી કથાઓ ચાલતી હોય છે. કેટલીક કથાઓ ખરેખર જ વ્યથાને હરી લેતી હોય છે અને કેટલીક વ્યથાને વધારી જતી હોય છે. એમાંથી ભવવ્યથાને દૂર કરનારી કથાને ઉદ્દેશીને મુખ્યપણે અહીં વિચાર કરાય છે. ભવની વ્યથાને વધારનારી કથાનું પ્રસંગથી નિરૂપણ કરીને ભવની વ્યથાને સર્વથા દૂર કરનારી કથાનું નિરૂપણ આ બત્રીશીથી કરાયું છે.

"અર્થકથા, કામકથા, ધર્મકથા અને મિશ્રકથા : આ ચાર કથા છે. એમાંની પ્રથમ કથા તે છે કે જેમાં (હવે પછી જણાવાશે) તે વર્ણવાય છે..." આ પ્રમાણે પહેલા શ્લોકનો અર્થ છે. એનો ભાવાર્થ ખૂબ જ સ્પષ્ટ છે. તે તે નામ ઉપરથી જ તે

તે કથાનો સામાન્ય અર્થ સમજી શકાય છે. શ્લોકનો ચોથા પાદથી પ્રથમ કથાના વર્ણનની શરૂઆત કરી છે. બીજા શ્લોકના અંતે તેનો સંબંધ છે. બંન્ને શ્લોકોમાં જણાવેલા અર્થનું અનુસંધાન કરવાથી શ્લોકાર્થ સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે. ll૯-૧ll

પ્રથમ કથામાં જે વર્ણવાય છે, તે જણાવાય છે–

**विद्या शिल्पमुपायश्चानिर्वेदश्चापि सञ्चयः ।**
**दक्षत्वं साम भेदश्च, दण्डो दानं च यत्नतः ।।९-२।।**

विद्येति–विद्यादयोऽर्थोपाया यत्र वर्ण्यन्ते साऽर्थकथेति भावः ।।९-२।।

"વિદ્યા, શિલ્પ, ઉપાય, નિર્વેદ, સંચય, દક્ષત્વ, સામ, ભેદ, દંડ અને દાન ઈત્યાદિ અર્થપ્રાપ્તિના ઉપાયો જ્યાં યત્નથી વર્ણવ્યા છે, તેને અર્થકથા કહેવાય છે." - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. મંત્ર, તંત્ર અને જ્યોતિષ વગેરે વિદ્યાઓ અર્થોપાર્જનાદિના ઉપાયોનું વર્ણન કરનારી અર્થકથા છે. પ્રાસાદાદિને નિર્માણ કરવા અંગેના શિલ્પશાસ્ત્રાનુસાર અર્થોપાર્જનાદિના ઉપાય સ્વરૂપ શિલ્પનું વર્ણન કરનારી કથા અર્થકથા છે.

આવી જ રીતે વાણિજ્યાદિ ઉપાયોનું જેમાં વર્ણન કરવામાં આવ્યું હોય તે કથા અર્થકથા છે. અર્થોપાર્જનાદિમાં નિર્વેદ(કંટાળો) ન કરવો; યોગ્ય સમયે માલ ભરી રાખવો; મૂડી પૂરતા પ્રમાણમાં ભેગી કરવી વગેરે સંચય પણ અર્થોપાર્જનાદિનો ઉપાય છે. તેનું વર્ણન કરનારી અર્થકથા છે. વ્યાપારાદિની નિપુણતા; સૌમ્ય ભાષણ; બીજાને ત્યાં જનારા ગ્રાહકોને તોડવા; કોઈ પૈસા વગેરે ન આપે તો શિક્ષા-દંડ કરવો અને અવસરે અવસરે ગ્રાહકોને ભેટ વગેરે આપીને ખુશ રાખવા... ઈત્યાદિ અર્થપ્રાપ્ત્યાદિના ઉપાયોનું જેમાં ખૂબ જ ઉપયોગપૂર્વક વર્ણન કરવામાં આવ્યું હોય - તે કથા અર્થકથા છે. આવી તો કંઈકેટલીય અર્થકથાઓ પ્રસિદ્ધ છે. વર્તમાનપત્રો અને પુસ્તકો દ્વારા એ કથાઓ વિસ્તરતી જ જાય છે. અર્થના ઉપાર્જન, સંવર્ધન અને સંરક્ષણ માટે અનેકાનેક જાતની યોજનાઓ આપણને અનેક માધ્યમોથી જાણવા મળે છે. એ બધા જ માધ્યમોથી ચાલતી કથાઓ 'અર્થકથા' છે. ll૯-૨ll

બીજી 'કામકથા'નું સ્વરૂપ વર્ણવાય છે–

**रूपं वयश्च वेषश्च, दाक्षिण्यं चापि शिक्षितम् ।**
**दृष्टं श्रुतं चानुभूतं, द्वितीयायां च संस्तवः ॥९-३॥**

रूपमिति—रूपं सुन्दरं, वयश्चोदग्रं, वेषश्चोज्ज्वलः, दाक्षिण्यं च मार्दवं, शिक्षितमपि विषयेषु, दृष्टमद्भुतदर्शनमाश्रित्य, श्रुतं चानुभूतं च, संस्तवश्च परिचयश्च द्वितीयायां कामकथायाम् । रूपादिवर्णनप्रधाना कामकथेत्यर्थः ॥९-३॥

"રૂપ, વય, વેષ, દાક્ષિણ્ય, શિક્ષિત (અભ્યસ્ત) જોયેલું, સાંભળેલું, અનુભવેલું અને પરિચય વગેરેનું વર્ણન જેમાં કરાય છે તે બીજી કામકથા છે." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. એનો આશય સમજી શકાય છે કે રૂપ, વય, વેષ વગેરે કામનાં સાધનો છે. વિષયનો ભોગવટો એ કામ છે. સામાન્ય રીતે વિષયના ભોગ-અનુભવ દ્વારા સુખનો અનુભવ કરવા માટે જે ઇચ્છાય છે તેને કામ કહેવાય છે. કામ શબ્દનો અર્થ ખૂબ જ પ્રસિદ્ધ હોવાથી તે સમજાવવાની આવશ્યકતા નથી. બોલતાંની સાથે અર્થ પ્રતીત થાય એવો કામ શબ્દ જ્યારે પણ શ્રવણાદિનો વિષય બને છે; ત્યારે ક્ષણવાર તો તેનો અભિલાષ અનાદિકાળના અભ્યાસથી થઇ જાય : એમાં આશ્ચર્ય નથી. વિચિત્રતા અનુભવ્યા પછી પણ એ અનાદિકાળના સંસ્કાર નષ્ટ થતા નથી. એના અનુબંધનું સાતત્ય સતત અનુભવવા મળે એવા એ વિચિત્ર સંસ્કારો છે.

વિષયોનું સુંદર સ્વરૂપ; ભોગસમર્થ યૌવનાદિ વય; આકૃષ્ટ કરે એવાં ઉજ્જ્વળ વસ્ત્રાદિનું પરિધાન; સ્વભાવની મૃદુતા; કામના વિષયોનું પરિજ્ઞાન; જોયેલી, સાંભળેલી તેમ જ અનુભવેલી અદ્ભુત વસ્તુ અને વિષયોનો અત્યંત નિકટનો પરિચય... વગેરે કામનાં સાધનો છે. તેના જ્ઞાનથી કામની અભિલાષા દ્વારા જીવ તેની પ્રાપ્તિ વગેરે માટે પ્રયત્નરત બને છે. આ રીતે રૂપાદિનું (કામને ઉદ્દેશીને) વર્ણન જેમાં કરાય છે, તે કથા કામકથા છે. કામને હેય માનીને રૂપાદિનું અસારાદિ સ્વરૂપે જેમાં વર્ણન કરાય છે તે કામકથા નથી. કામમાં પ્રવૃત્તિ કરાવવાના ઉદ્દેશથી જ્યારે કામપ્રધાન કથા કરાય છે ત્યારે તે રૂપાદિના વર્ણનના પ્રાધાન્યવાળી કથાને અહીં કામકથા તરીકે વર્ણવી છે... ઇત્યાદિ વિવેકપૂર્વક સમજી લેવું. ॥૯-૩॥

હવે ત્રીજી ધર્મકથાનું સ્વરૂપ વર્ણવાય છે—

**तृतीयाक्षेपणी चैका, तथा विक्षेपणी परा ।**
**अन्या संवेजनी निर्वेजनी चेति चतुर्विधा ।।९-४।।**

तृतीयेति–तृतीया धर्मकथा च एका आक्षेपणी, तथा परा विक्षेपणी, अन्या संवेजनी, च पुनर्निर्वेजनी इति चतुर्विधा ।।९-४।।

"ત્રીજી ધર્મકથા - 'આક્ષેપણી, વિક્ષેપણી, સંવેજની અને નિર્વેજની' આ ચાર પ્રકારની છે." આ ચોથા શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. ધર્મપ્રધાન કથાને ધર્મકથા કહેવાય છે. ઉપર જણાવ્યા મુજબ તેના ચાર પ્રકાર છે. દરેક પ્રકારનું વર્ણન હવે પછી કરાય છે. સામાન્ય રીતે તે તે શબ્દના અર્થ ઉપરથી તેનું સ્વરૂપ સમજી શકાય છે. શ્રોતાઓના ચિત્તને તત્ત્વ પ્રત્યે આકૃષ્ટ કરે એવી કથાને આક્ષેપણીકથા કહેવાય છે. તત્ત્વની પ્રત્યે શ્રોતાઓના ચિત્તને જે વિક્ષિપ્ત કરે તેને વિક્ષેપણીકથા કહેવાય છે. સંવેગને પ્રાપ્ત કરાવનારી કથાને સંવેજનીકથા કહેવાય છે અને શ્રોતાઓને નિર્વેદને પ્રાપ્ત કરાવનારી કથાને નિર્વેજનીકથા કહેવાય છે. સંવેગ અને નિર્વેદનું વર્ણન હવે પછી તે તે શ્લોકમાં જણાવાશે. ॥૯-૪॥

ચાર પ્રકારની ધર્મકથામાંથી પહેલી આક્ષેપણીકથાનું નિરૂપણ કરાય છે–

**आचाराद् व्यवहाराच्च, प्रज्ञप्तेर्दृष्टिवादतः ।**
**आद्या चतुर्विधा श्रोतुश्चित्ताक्षेपस्य कारणम् ।।९-५।।**

आचारादिति–आचारं व्यवहारं प्रज्ञप्तिं दृष्टिवादं चाश्रित्य आद्याक्षेपणी चतुर्विधा । श्रोतुश्चित्ताक्षेपस्य तत्त्वप्रतिपत्त्याभिमुखलक्षणस्य अपूर्वशमरसवर्णिकास्वादलक्षणस्य वा कारणम् ।।९-५।।

"ધર્મકથામાં પ્રથમ જે આક્ષેપણીકથા છે; તેના આચાર, વ્યવહાર, પ્રજ્ઞપ્તિ અને દૃષ્ટિવાદ : આ ચારના કારણે ચાર પ્રકાર છે. આચારાદિના કારણે શ્રોતાના ચિત્તના આક્ષેપનું એ કથા કારણ બને છે. તેથી તે કથાને આક્ષેપણીકથા કહેવાય છે. (આચારાદિનું સ્વરૂપ છઠ્ઠા શ્લોકમાં જણાવ્યું છે.)" - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે. જે કથાના શ્રવણથી શ્રોતાનું ચિત્ત તત્ત્વની પ્રતિપત્તિ(સ્વીકાર)ને અભિમુખ બને છે; તેને આક્ષેપણીકથા કહેવાય છે. '**इदमित्थमेव** આ આમ જ છે' - આવી માન્યતા તત્ત્વપ્રતિપત્તિસ્વરૂપ છે. ધર્મની કથાના શ્રવણાદિનું એ

તત્ત્વપ્રતિપત્તિ ફળ છે. સામાન્યથી કોઈ પણ કથા શ્રોતાને તત્ત્વપ્રતિપત્તિ કરાવવાની ભાવનાથી પ્રવર્ત્તતી હોય છે. કથા સાંભળવામાત્રથી તત્ત્વપ્રતિપત્તિ થતી નથી. પરંતુ બોધ અને મીમાંસા (તત્ત્વની વિચારણા) દ્વારા તત્ત્વપ્રતિપત્તિ થાય છે. આક્ષેપણીધર્મકથાના શ્રવણથી સાક્ષાત્ તત્ત્વપ્રતિપત્તિ થતી ન હોવા છતાં તેને અભિમુખ શ્રોતાનું ચિત્ત બને છે.

અથવા; ધર્મકથાની પ્રારંભાવસ્થામાં શ્રોતાને તત્ત્વાતત્ત્વનો એવો કોઈ વિચાર હોતો નથી કે જેને લઈને તે તત્ત્વપ્રતિપત્તિને અભિમુખ ચિત્તવાળો બને તેથી અહીં શ્રોતાના ચિત્તનો આક્ષેપ એક પ્રકારના આનંદના અનુભવ સ્વરૂપ સમજવો. આચારાદિનું વર્ણન સાંભળવાથી શ્રોતાને અપૂર્વ એવા શાંતરસાસ્વાદનો અનુભવ થાય છે, જેથી ચિત્ત ત્યાં જ આક્ષિપ્ત રહે છે. આચારાદિની અદ્ભુતતાની જેમ જેમ પ્રતીતિ થતી જાય છે તેમ તેમ શ્રોતાને વિષયકષાયની શાંતાવસ્થાનો અનુભવ થતો જાય છે અને તેથી શ્રોતાનું ચિત્ત અપૂર્વ એવા શાંતરસના આસ્વાદમાં લીન બને છે. ધર્મકથાનો હેતુ(પ્રયોજન) જ એ છે કે જીવને શમની પ્રાપ્તિ થાય. જે વિષયકષાયની પરિણતિના કારણે જીવનો સંસાર છે, તેની શમાદિ અવસ્થાને પ્રાપ્ત કર્યા વિના જીવના સંસારનો અંત કઈ રીતે થાય ? ધર્મનું સ્વરૂપ જ સંસારનો અંત લાવનારું છે. આથી સમજી શકાશે કે ધર્મકથા અપૂર્વ એવા શમરસના વર્ણનથી ગર્ભિત હોવી જોઈએ. ધર્મકથાનો સ્થાયીભાવ 'શમ' છે. તેના વર્ણનના આસ્વાદથી શ્રોતાનું ચિત્ત આક્ષિપ્ત રહે છે. શ્રોતાના ચિત્તને આક્ષિપ્ત બનાવવાનું કાર્ય આક્ષેપણી સ્વરૂપ પ્રથમ ધર્મકથાનું છે. ॥૯-૫॥

જેના કારણે આક્ષેપણીધર્મકથાના ચાર પ્રકાર જણાવ્યા છે; તે આચારાદિ ચારનું સ્વરૂપ જણાવાય છે–

**क्रिया दोषव्यपोहश्च, सन्दिग्धे साधु बोधनम् ।**
**श्रोतुः सूक्ष्मोक्तिराचारादयो ग्रन्थान् परे जगुः ॥९-६॥**

क्रियेति–क्रिया लोचास्नानादिका । दोषव्यपोहश्च कथञ्चिदापन्नदोषशुद्ध्यर्थ-प्रायश्चित्तलक्षणः । सन्दिग्धे संशयापन्नेऽर्थे । साधु मधुरालापपूर्वम् । बोधनमुत्तरप्रदानम् । श्रोतुः सूक्ष्मोक्तिः सूक्ष्मजीवादिभावकथनम् । आचारादयः क्रमेणाचारव्यवहारप्रज्ञप्ति-

दृष्टिवादा अभिधीयन्ते । परे आचार्या आचारादीन् ग्रन्थान् जगुस्तैराचाराद्यभिधानादिति भावः ॥९-६॥

"ક્રિયા; દોષ દૂર કરવા; સંશયાન્વિતને સારી રીતે સમજાવવું અને શ્રોતાને સૂક્ષ્મ ભાવોને જણાવવા; તેને અનુક્રમે આચાર; વ્યવહાર; પ્રજ્ઞપ્તિ અને દૃષ્ટિવાદ કહેવાય છે. બીજા આચાર્ય-ભગવંતો તે તે ગ્રંથોને આચાર, વ્યવહાર, પ્રજ્ઞપ્તિ અને દૃષ્ટિવાદ કહે છે." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો સામાન્ય અર્થ છે.

આશય એ છે કે મોક્ષસાધક ધર્મની પ્રત્યે શ્રોતાનું ચિત્ત આકૃષ્ટ બને : એ માટે કરાતી પ્રથમ ધર્મકથામાં મુખ્યપણે પૂ. સાધુભગવંતોના આચારોનું વર્ણન કરાય છે. જગતના જીવોને જોવા અને સાંભળવા પણ ન મળે એવા પૂ. સાધુભગવંતોના ઉત્કટ આચારોનું વર્ણન આ આચારકથામાં કરવામાં આવે છે. લોચ કરવો; દેશથી કે સર્વથા ક્યારે પણ સ્નાન ન કરવું અને નિરવદ્ય રસકસ વગરની ભિક્ષાને ગ્રહણ કરવી... વગેરે પૂ. સાધુમહાત્માઓને ઉદ્દેશીને જે ક્રિયાઓ વિહિત છે તે આચાર સ્વરૂપે અહીં વર્ણવાય છે. સર્વવિરતિસંબંધી ક્રિયાઓ સ્વરૂપ આચારનું વર્ણન સાંભળવાથી શ્રોતાઓને આશ્ચર્ય અને બહુમાન થાય છે. પોતાના આચારની અપેક્ષાએ ખૂબ જ દુષ્કર એ આચાર છે અને કોઇ પણ રીતે એ આચરી જ શકાય એવા નથી - આવી માન્યતાને ધારણ કરનારને એ આચારનું સાક્ષાદ્ દર્શન થાય ત્યારે અહોભાવ (સાશ્ચર્ય બહુમાન) ઉત્પન્ન થાય - એ સમજી શકાય છે. એ અહોભાવ જ પછી શ્રોતાના ચિત્તને આકૃષ્ટ બનાવે છે.

અત્યંત કઠોર એવા તે લોચાદિ આચારોનું પાલન કરતી વખતે પ્રમાદાદિના કારણે કોઇ દોષ થઇ જાય તો તેની આલોચનાદિ દ્વારા શુદ્ધિ થઇ શકે છે, જેથી આત્મા દોષથી મુક્ત બને છે... ઇત્યાદિનું વર્ણન વ્યવહારકથાથી કરાય છે. પ્રાપ્ત થયેલા તે તે દોષોની શુદ્ધિ માટે જે પ્રાયશ્ચિત્ત છે; તેને અહીં વ્યવહાર કહેવાય છે. આચારની શુદ્ધિને જાળવવા માટે એ એક અનિવાર્ય સાધન છે. એના વર્ણનને સાંભળવાથી અનંતજ્ઞાની ભગવંતોએ કરેલા અનુગ્રહની પ્રતીતિ થવાથી જીવનું ચિત્ત તેમાં આક્ષિપ્ત બને છે. રોગની ચિકિત્સા કરનારાદિની તે તે વાતો સાંભળવામાં જેમ ચિત્ત તન્મય બને છે તેમ અહીં પણ વ્યવહારકથાના અવસરે બનતું હોય છે. આ વ્યવહારકથાથી પણ જીવનું ચિત્ત; અનંતજ્ઞાનીઓએ ઉપદેશેલા પરમતારક ધર્મને અભિમુખ થતું હોય છે. અન્યથા પરમતારક ધર્મના

આચારમાં અનુપયોગાદિના કારણે કોઇ દોષ થઇ જવાનો પૂર્ણ સંભવ હોય અને ત્યારે તેની શુદ્ધિનો કોઇ ઉપાય જાણવા ન મળે તો શ્રોતાનું ચિત્ત; પરમતારક ધર્મથી વિમુખ થઇ જાય. તેથી આ વ્યવહારકથા પણ એક આક્ષેપણીકથા છે - એ સમજી શકાય છે.

ત્રીજી આક્ષેપણીકથા પ્રજ્ઞપ્તિના કારણે થાય છે. આપણે શ્રોતાને જે આચારાદિ સમજાવતા હોઇએ ત્યારે શ્રોતાને કોઇ અર્થમાં સંશય થાય તો તેને દૂર કરવા માટે સૌમ્ય ! વત્સ ! ઇત્યાદિ મધુર વચનોના પ્રયોગપૂર્વક તે તે ચોક્કસ અર્થને જણાવવાનું જે કથામાં બને છે તે કથાને પ્રજ્ઞપ્તિથી થયેલી આક્ષેપણીકથા કહેવાય છે. વક્તાના વચનની મધુરતાના કારણે શ્રોતાનું ચિત્ત ધર્મ તરફ આકર્ષાય છે. વક્તા અને શ્રોતાના સંવાદથી ગર્ભિત આ કથા પણ શ્રોતાના ચિત્તને આક્ષિપ્ત કરનારી છે. એમાં મુખ્યપણે પદાર્થ કરતાં; પદાર્થનું નિરૂપણ કરનારની મધુર શૈલી કારણ બને છે.

શ્રોતાની અપેક્ષાએ સૂક્ષ્મ જીવાદિ ભાવોનું પ્રતિપાદન જે કથાથી કરાય છે તે ચોથી દૃષ્ટિવાદના કારણે થનારી આક્ષેપણીકથા કહેવાય છે. કેટલાક શ્રોતાઓ સૂક્ષ્મપદાર્થને જાણવાની રુચિ ધરાવતા હોય છે. તેમની તે રુચિને અનુરૂપ સૂક્ષ્મબુદ્ધિગમ્ય એવા જીવ, કર્મવર્ગણા, તેના બંધઉદય તેમ જ તેના પરિણામ વગેરે સ્વરૂપ સૂક્ષ્મ પદાર્થોનું વર્ણન કરવાથી તેના શ્રવણમાં શ્રોતાને અપૂર્વ આનંદ આવતો હોય છે, જેથી એ પદાર્થોને વર્ણવતા ધર્મને વિશે તેનું ચિત્ત આકૃષ્ટ બને છે.

બીજા આચાર્યભગવંતો આચારાદિનું સ્વરૂપ જણાવતાં તે તે ગ્રંથોને આચારાદિ જણાવે છે. કારણ કે તે તે ગ્રંથથી આચારાદિનું નિરૂપણ કરાયું છે. નિરૂપક-ગ્રંથને નિરૂપણીય-આચારાદિ ઉપચારથી કહી શકાય છે. આચારાંગસૂત્ર વગેરે આચાર છે. વ્યવહારસૂત્ર વગેરે વ્યવહાર છે, ભગવતીસૂત્ર વગેરે પ્રજ્ઞપ્તિ છે અને અનુયોગદ્વાર વગેરે સૂત્રો દૃષ્ટિવાદ છે. તે તે સૂત્રને અનુલક્ષીને પ્રવર્ત્તતી આક્ષેપણીકથા ચાર પ્રકારની છે - એ સમજી શકાય છે. ॥૯-૬॥

આક્ષેપણીકથાનું કાર્ય જણાવાય છે—

**एतैः प्रज्ञापितः श्रोता, चित्रस्थ इव जायते ।**
**दिव्यास्त्रवन्न हि क्वापि, मोघाः स्युः सुधियां गिरः ।।९-७।।**

एतैरिति–व्यक्तः ।।९-७।।

"આચાર, વ્યવહાર, પ્રજ્ઞપ્તિ અને દૃષ્ટિવાદ દ્વારા સમજાવવામાં આવે તો શ્રોતા ચિત્રમાં અંકિત માણસની જેમ સ્થિર થઇ જાય છે. દિવ્ય અસ્ત્ર જેમ ક્યારે પણ નિષ્ફળ જતું નથી તેમ બુદ્ધિમાનની વાણી ક્યારે પણ નિષ્ફળ કઇ રીતે જાય ?" - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. એનો આશય સમજી શકાય એવો છે. આક્ષેપણી કથામાં વર્ણવાતા આચારાદિના શ્રવણથી શ્રોતા ચિત્રમાં આલેખિત મૂર્ત્તિની જેમ સ્થિર થઇ જાય છે. જેમાં રસ પડે તેમાં આવી સ્થિરતા દુનિયામાં પ્રસિદ્ધ છે. અર્થ અને કામની કથામાં કંઇકેટલીય વાર આપણને અનુભવવા મળતી એ સ્થિતિ સર્વજનપ્રસિદ્ધ છે. પરંતુ ધર્મકથાના શ્રવણથી એવી ચિત્રસ્થતા ક્વચિદ્ અનુભવાતી હોય છે. અર્થકામની કથામાં કલાકો વીતી જાય તો ય સમયનું ભાન રહેતું નથી. ધર્મકથામાં એવી સ્થિતિ આક્ષેપણીકથાથી થતી હોય છે.

બુદ્ધિમાન પુરુષોની વાણીની એ વિશેષતા છે કે તેના શ્રવણથી શ્રોતા તેમાં તન્મય બની જાય છે. શ્રોતાની રુચિને અનુકૂળ વાણીના પ્રયોગથી શ્રોતાના હૈયાને વીંધવાની અદ્ભુત કલા બુદ્ધિમાનોને વરેલી હોય છે. દેવતાસંબંધી મૂકેલું અસ્ત્ર જેમ લક્ષ્યને વીંધ્યા વિના રહેતું નથી તેમ બુદ્ધિમાનોની વાણી પણ શ્રોતાઓના હૈયાને વીંધ્યા વિના રહેતી નથી. શ્રોતાની રુચિ, એને નડતા રાગાદિ દોષો, તેનાથી મુક્ત બનાવવાના અવન્ધ્ય ઉપાયો વગેરેનો પૂર્ણ ખ્યાલ બુદ્ધિમાનને હોય છે અને મર્મસ્થાન ઉપર ઘા કરવાની અનન્યસાધારણ પ્રતિભા બુદ્ધિમાન એવા ધર્મકથિકને પ્રાપ્ત થાય છે. તેથી ધર્મકથા કરવાનો એકમાત્ર અધિકાર બુદ્ધિમાનને હોય છે. તેમને છોડીને બીજાઓ જો ધર્મકથા કરે તો તે શ્રોતાઓ માટે વિવક્ષિત ફળને પ્રાપ્ત કરાવનારી બનતી ન હોવાથી તે અમોઘ નથી બનતી, નિષ્ફળ જાય છે. ।।૯-૭।।

આક્ષેપણીકથા જેને લઇને અમોઘ-સફળ બને છે; તે જણાવાય છે–

**विद्या क्रिया तपो वीर्यं, तथा समितिगुप्तयः ।**
**आक्षेपणीकल्पवल्ल्या, मकरन्द उदाहृतः ।।९-८।।**

विद्येति–विद्या ज्ञानमत्यन्तापकारिभावतमोभेदकम् । क्रिया चारित्रम् । तपोऽनशनादि । वीर्यं कर्मशत्रुविजयानुकूलः पराक्रमः । तथा समितय ईर्यासमित्याद्याः ।

गुप्तयो मनोगुप्त्याद्याः । आक्षेपणीकल्पवल्ल्या मकरन्दो रस उदाहृतः । विद्यादिबहुमान-जननेनैवेयं फलवतीति भावः ॥९-८॥

"વિદ્યા, ક્રિયા, તપ, વીર્ય તેમ જ સમિતિ અને ગુપ્તિઓ; આક્ષેપણી સ્વરૂપ કલ્પવેલડીના રસ તરીકે વર્ણવી છે." - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. ધર્મસ્વરૂપ કલ્પવૃક્ષની વેલડી સ્વરૂપ આક્ષેપણીકથા છે. તે વેલડીના રસ વિદ્યા, ક્રિયા અને તપ વગેરે છે. એ વિદ્યાદિ સ્વરૂપ રસને ઉત્પન્ન કરવાથી જ આક્ષેપણીકથા ફળવતી છે. અન્યથા વિદ્યાદિનું કારણ એ કથા ન બને તો તે નિષ્ફળ મનાય છે. શ્રોતાને વિદ્યા વગેરેની જેનાથી પ્રાપ્તિ ન થાય તે કથા નિરર્થક બને છે.

વિદ્યા; જ્ઞાનને કહેવાય છે. અત્યંત અપકાર કરવાના સ્વભાવવાળું એવું જે ભાવતમસ્ (અજ્ઞાન) છે, તેના નાશને કરનારું જ્ઞાન છે. આમ તો જ્ઞાનનું સ્વરૂપ સુપ્રસિદ્ધ છે. અહીં વર્ણવેલું તેનું સ્વરૂપ યાદ રાખવું જોઈએ. અજ્ઞાન સ્વરૂપ ભાવાંધકારના કારણે આપણને અત્યંત અપકાર થાય છે. અંધકારની અપકારિતાનો આપણને પૂરતો ખ્યાલ છે. તેથી તેનો નાશ કરવા માટે આપણે શક્ય એટલો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ ભાવાંધકારની અત્યંત અપકારિતાનો આપણને સહેજ પણ ખ્યાલ નથી, જેથી તેના નાશ માટે પ્રયત્નનો લેશ પણ થતો નથી. સાચું કહું તો તેના નાશનો વિચાર જ આવતો નથી. પૂ. ગુરુભગવંતની પરમતારક ધર્મદેશનાના શ્રવણથી આપણા અજ્ઞાનનો નાશ થાય છે. અજ્ઞાનનાશકવિદ્યાની પ્રાપ્તિ : તે આક્ષેપણી કથાનો એક રસ છે. અજ્ઞાનનો એ રીતે નાશ થવાથી જ્ઞાનના ફળ સ્વરૂપે આત્માને ચારિત્રની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન ગમે તેટલું મળે પરંતુ અજ્ઞાનનો નાશ ન થાય તો ચારિત્રની પ્રાપ્તિ કોઈ પણ રીતે નહિ થાય. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જ્ઞાન મળે છે અને મિથ્યાત્વમોહનીયની મંદતાદિના કારણે અજ્ઞાનનો નાશ થાય છે. અન્યદર્શન-પ્રસિદ્ધ અવિદ્યા કે મોહ વગેરે જેઓ સમજે છે તેમને અજ્ઞાન અને જ્ઞાનનો અભાવ : એ બંન્નેમાં જે ભેદ છે તે સમજતાં વાર નહીં લાગે.

ક્રિયાઓ અનેક જાતની છે. આપણા માટે ક્રિયાઓ કોઈ નવી વસ્તુ નથી. પરંતુ સર્વસંવરભાવને અનુક્રમે જે પ્રાપ્ત કરાવે છે તે ચારિત્રસ્વરૂપ ક્રિયાની અહીં વિવક્ષા છે, જે ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થતી હોય છે. આક્ષેપણીકથાસ્વરૂપ કલ્પવેલડીનો એ પણ રસ છે. ચારિત્રની ક્રિયાથી નવા

કર્મબંધને રોકવા છતાં ભૂતકાળમાં બાંધેલાં કર્મની નિર્જરા માટે તપ વિહિત છે. બાર પ્રકારના તપનો લગભગ સૌને પરિચય છે. આક્ષેપણીકથાના પુણ્યશ્રવણથી શ્રોતાને તપધર્મની પ્રાપ્તિ થાય છે. નવા કર્મબંધને રોક્યા પછી ભૂતકાળના કર્મની નિર્જરા માટે તપ વિના બીજું કોઇ સાધન નથી. અનશનાદિ અને પ્રાયશ્ચિતાદિ સ્વરૂપ તપ આક્ષેપણીકથાનો રસ છે.

વિદ્યા, ક્રિયા અને તપની પ્રાપ્તિ માટે મુખ્યપણે આત્માનું વીર્ય કારણ છે. સુખના ભોગમાં અને દુઃખના પ્રતિકારમાં એ વીર્ય(બળ, ઉત્સાહ, પરાક્રમ...)નો ઉપયોગ સારી રીતે થતો હોય છે. પરંતુ કર્મશત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે એ છે કે કેમ, તે વિચારવું પડે તેવું છે. આક્ષેપણીકથાના શ્રવણથી એ વીર્ય કર્મશત્રુને જીતવા માટે બનતું હોય છે. આત્માનું અચિંત્ય વીર્ય છે. અર્થ અને કામ માટે અત્યાર સુધી એનો ઉપયોગ જેટલો કર્યો છે; તેની કોઇ ગણતરી નથી. પૂ. ગુરુભગવંતની ધર્મકથાના શ્રવણથી આત્માને તે વીર્ય કર્મશત્રુની ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે અનુકૂળ બને છે. ધર્મકથાનો એ પ્રભાવ છે કે જેથી આત્માને વીર્યાંતરાયકર્મનો સુંદર ક્ષયોપશમભાવ પ્રાપ્ત થાય છે. છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકેથી આગળ વધવા માટે અને ત્યાં સ્થિર રહેવા માટે વીર્યની પ્રાપ્તિ ખૂબ જ અનિવાર્ય છે. ધર્મી ગણાતા વર્ગમાં એ તરફનું લક્ષ્ય લગભગ જોવા મળતું નથી. ઉલ્લાસ વધે અથવા થાય તો ધર્મ કરીએ એ વાત જોવા મળે પરંતુ ઉલ્લાસ મેળવીને ધર્મ કરવાની વાત આજે લગભગ નાશ પામવા લાગી છે. અપેક્ષાએ વિચારીએ તો સમજાશે કે વીર્યાંતરાયનો ક્ષયોપશમ સર્વ સિદ્ધિઓનું મૂળ છે. એ ક્ષયોપશમ આક્ષેપણી કથાથી પ્રાપ્ત થાય છે. તેથી તેના રસ તરીકે અહીં વીર્યને વર્ણવ્યું છે.

આ રીતે ઉલ્લાસ પામતા વીર્યથી વિશુદ્ધ તપમાં પ્રયત્નશીલ બનેલા આત્માઓ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં ખૂબ જ અપ્રમત્ત હોય છે. આશ્રવના નિરોધ માટે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન છે. કર્મબંધને અટકાવવા માટે આશ્રવનો નિરોધ વિહિત છે. આક્ષેપણીકથાના અનવરત શ્રવણથી સમિતિ તથા ગુપ્તિના પાલન માટે અનુકૂળતા પ્રાપ્ત થાય છે. સમિતિ-ગુપ્તિનું સ્વરૂપ સુપ્રતીત છે. વિદ્યા, ક્રિયા અને તપ વગેરેની પ્રત્યે બહુમાન ઉત્પન્ન કરાવવા દ્વારા જ આ આક્ષેપણી ધર્મકથા ફળવતી છે. અન્યથા વિદ્યાદિ પ્રત્યે બહુમાન ન થાય તો એ કથાનો કોઇ અર્થ નથી. માત્ર કાનને પ્રિય લાગે એટલા માત્રથી કથા ફળવતી

નથી. શ્રોતાનું હૈયું વીંધાય એ રીતે કરાયેલી કથાથી ઉપર જણાવ્યા મુજબ શ્રોતાને આક્ષેપણીકથા સ્વરૂપ કલ્પવેલડીના રસ સ્વરૂપ વિદ્યા, ક્રિયા વગેરેની પ્રાપ્તિ થાય છે, જે શ્રોતાના ચિત્તને કથામાં આકૃષ્ટ કરે છે. ॥૯-૮॥

બીજી વિક્ષેપણીકથા સ્વરૂપ ધર્મકથાનું નિરૂપણ કરાય છે–

**स्वपरश्रुतमिथ्यान्यवादोक्त्या सङ्क्रमोत्क्रमम् ।**
**विक्षेपणी चतुर्धा स्याद्, ऋजोर्मार्गाभिमुख्यहृत् ॥९-९॥**

स्वेति–स्वपरश्रुते स्वसमयपरसमयौ, मिथ्यान्यवादौ मिथ्यावादसम्यग्वादौ, तयोरुक्त्या प्रतिपादनेन । सङ्क्रमोत्क्रमं पूर्वानुपूर्वीपश्चानुपूर्वीसहितं यथा स्यात्तथा । चतुर्धा विक्षेपणी स्यात् । तथा च सम्प्रदायः–"विक्खेवणी सा चउव्विहा पन्नत्ता, तं जहा-ससमयं कहित्ता परसमयं कहेइ, परसमयं कहित्ता ससमयं कहेइ, मिच्छावायं कहित्ता सम्मावायं कहेइ, सम्मावायं कहित्ता मिच्छावायं कहेइ । तत्थ पुव्विं ससमयं कहित्ता परसमयं कहेइ ससमयगुणे दीवेइ परसमयदोसे उवदंसेत्ति, एसा पढमा विक्खेवणी गता । इदाणिं वितिया भण्णति–पुव्विं परसमयं कहित्ता तस्सेव दोसे उवदंसेति पुणो ससमयं कहेति गुणे य से उवदंसेति, एसा वितिया विक्खेवणी गया । इदाणिं ततिया–परसमयं कहित्ता तेसु चेव परसमएसु जे भावा जिणप्पणीएहिं भावेहिं सह विरुद्धा असंता चेव विअप्पिया ते पुव्वं कहित्ता दोसा तेसिं भाविऊण पुणो जे जिणप्पणीयभावसरिसा घुणक्खरमिव कहवि सोभणा भणिआ ते कहेति, अहवा मिच्छावादो णत्थित्तं भण्णति, सम्मावादो अत्थित्तं भणति । तत्थ पुव्विं णाहियवादीणं दिट्ठीओ कहित्ता पच्छा अत्थित्तपक्खवादीणं दिट्ठीओ कहेइ, एसा ततिआ विक्खेवणी गया । इदाणिं चउत्था विक्खेवणी - सा वि एवं चेव, णवरं पुव्विं सोभणे कहेइ पच्छा इतरेत्ति । एवं विक्खिवइ सोयारं" । इयं च ऋजोर्मुग्धस्य । मार्गाभिमुख्यहृत् स्वरूपतो मार्गरुचिहर्त्री ॥९-९॥

"સંક્રમે અથવા ઉત્ક્રમે સ્વ અને પર શ્રુતના તેમ જ મિથ્યા અને સમ્યગ્વાદના કથનથી ચાર પ્રકારની વિક્ષેપણી કથા મુગ્ધ શ્રોતાના માર્ગની રુચિને હણનારી છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. કહેવાનો ભાવ એ છે કે સ્વશ્રુત(જૈનદર્શન) અને પરશ્રુતને આશ્રયીને તેમ જ મિથ્યાવાદ અને સમ્યગ્વાદને આશ્રયીને વિક્ષેપણીકથાના ચાર પ્રકાર થાય છે. સ્વશ્રુતના વર્ણનપૂર્વકની પરશ્રુતના વર્ણનવાળી વિક્ષેપણીકથા; પરશ્રુતના વર્ણનપૂર્વકની

સ્વશ્રુતના વર્ણનવાળી વિક્ષેપણીકથા; મિથ્યાવાદના વર્ણનપૂર્વકની સમ્યગ્વાદના વર્ણનવાળી વિક્ષેપણીકથા તેમ જ સમ્યગ્વાદના વર્ણનપૂર્વકની મિથ્યાવાદના વર્ણનવાળી વિક્ષેપણીકથા : આ ચાર પ્રકારની વિક્ષેપણીકથા છે.

એ ચાર પ્રકારની વિક્ષેપણીકથાના વિષયમાં પૂર્વમહર્ષિઓએ જણાવ્યું છે કે– શાસ્ત્રમાં ચાર પ્રકારની વિક્ષેપણી કથા જણાવી છે. સ્વશ્રુતને જણાવીને પરશ્રુતને જણાવે છે, પરશ્રુતને જણાવીને સ્વશ્રુતને જણાવે છે, મિથ્યાવાદને કહીને સમ્યગ્વાદ જણાવે છે અને સમ્યગ્વાદને કહીને મિથ્યાવાદ જણાવે છે. આ ચાર પ્રકારની કથામાં પહેલી વિક્ષેપણીકથા તે છે કે જેમાં પહેલા સ્વસમય(જૈનશાસનાનુસાર)નું પ્રતિપાદન કરીને જૈનેતર દર્શનાનુસાર-પરસમયનું પ્રતિપાદન કરાય છે. તે વખતે સ્વસમય(સિદ્ધાંતો)ના ગુણો દર્શાવીને પરસમયના દોષો જણાવાય છે - આ પહેલી વિક્ષેપણીકથા છે. બીજી વિક્ષેપણીકથા તેને કહેવાય છે કે જેમાં પરસમયનું પ્રતિપાદન પ્રથમ કરાય છે અને ત્યારે તેના દોષોનું પણ નિરૂપણ કરાય છે. ત્યાર પછી સ્વસમયનું નિરૂપણ કરાય છે અને ત્યારે તેના ગુણો પણ જણાવાય છે.

હવે ત્રીજી વિક્ષેપણીકથાનું સ્વરૂપ જણાવાય છે. પ્રથમ પરદર્શનનું નિરૂપણ કરીને તે તે દર્શનમાં જે ભાવો(પદાર્થો); શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા ભાવોથી વિરુદ્ધ છે અને અસદ્-વિકલ્પેલા છે. તેનું વર્ણન કરીને તેમાં રહેલા દોષોનું પરિભાવન કરવામાં આવે અને ત્યાર પછી તે તે દર્શનોમાં ઘુણાક્ષરન્યાયે જે ભાવો શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા ભાવો જેવા છે તેને આશ્રયીને જણાવવામાં આવે કે તે ભાવો સારા જણાવ્યા છે. આવી કથા ત્રીજી વિક્ષેપણી કથા છે. અથવા પ્રથમ મિથ્યાવાદનું નિરૂપણ કરીને પછી સમ્યગ્વાદનું નિરૂપણ કરાય ત્યારે ત્રીજી વિક્ષેપણીકથા કહેવાય છે. 'નથી' (આત્મા નથી, પરલોક નથી, કર્મ નથી... ઇત્યાદિ) - આ પ્રમાણે જણાવવું તે મિથ્યાવાદ કહેવાય છે અને 'છે' - આ પ્રમાણે જણાવવું તે સમ્યગ્વાદ કહેવાય છે. આથી સમજી શકાશે કે પ્રથમ નાસ્તિકવાદીની દૃષ્ટિએ નિરૂપણ કરીને પછી આસ્તિકવાદીની દૃષ્ટિએ જેમાં નિરૂપણ થાય છે તે ત્રીજી વિક્ષેપણીકથા છે.

હવે ચોથી વિક્ષેપણીકથાનું નિરૂપણ કરાય છે. આ ચોથી વિક્ષેપણીકથા ઉપર જણાવ્યા મુજબ ત્રીજી વિક્ષેપણી કથા જેવી જ છે. ફક્ત એમાં પ્રથમ

સમ્યગ્વાદનું નિરૂપણ કરાય છે અને પછી મિથ્યાવાદનું નિરૂપણ કરાય છે. આ પ્રમાણે ચારે ય વિક્ષેપણીકથાઓ શ્રોતાના ચિત્તને વિક્ષિપ્ત કરે છે. સામાન્ય રીતે શ્રોતાઓને તેવો કોઈ ધર્મનો ગાઢ પરિચય હોતો નથી. માંડ માંડ ધર્મ સમજવાની શરૂઆત થાય ત્યાં વિષયાંતર થવાથી ચિત્તની સ્થિરતા નષ્ટ થાય છે. ચિત્ત ચંચળ થવાથી માર્ગના જ્ઞાનની વાત તો દૂર રહી પણ જે થોડી-ઘણી માર્ગ પ્રત્યે અભિરુચિ મેળવી હતી તેને દૂર કરવાનું કાર્ય વિક્ષેપણીકથા કરે છે. ઉત્તમ વસ્તુ પણ આપતાં ન આવડે તો ઉત્તમ વસ્તુ પ્રત્યેની રુચિ નાશ પામે : એ સમજાય એવું છે. ॥૯-૯॥

ઋજુ શ્રોતાઓની માર્ગાભિમુખતાને વિક્ષેપણીકથા જે રીતે દૂર કરે છે તે જણાવાય છે–

**अतिप्रसिद्धसिद्धान्तशून्या लोकादिगा हि सा ।**
**ततो दोषदृशा शङ्का स्याद्, वा मुग्धस्य तत्त्वधीः ॥९-१०॥**

अतिप्रसिद्धेति–हि यतः सा विक्षेपणी । अतिप्रसिद्ध आचारादिवत्साम्प्रतमपि प्रसिद्धो यः सिद्धान्तस्तच्छून्या, अन्यथा हि विधिप्रतिषेधद्वारेण विश्वव्यापकत्वात् स्वसिद्धान्तस्य तच्छून्यकथाया एवाप्रसिद्धिः । लोकपदार्थो रामायणादिः, आदिना वेदसाङ्ख्यशाक्यसिद्धान्तादिग्रहः, तेषु गच्छतीति लोकादिगा । तत उक्तहेतोरृजुमते रामायणादिकथायां श्रूयमाणायां कथकदत्तया दोषदृशा "अहो मत्सरिण एते" इत्येवंरूपा शङ्का स्यादेकेन्द्रियप्रायस्य, स्याद्वा तत्र शोभनार्थश्रवणादियमपि प्रमाणमेवेति तत्त्वधीरचिरेण सिद्धान्तप्रामाण्यधीविरोधिनी ॥९-१०॥

"અત્યંત પ્રસિદ્ધ એવા સિદ્ધાંતોથી શૂન્ય (રહિત) અને લોકાદિ પદાર્થોને અનુસરનારી તે વિક્ષેપણીકથા હોવાથી તેનાથી મુગ્ધ શ્રોતાને દોષદષ્ટિના કારણે શંકા થાય અથવા તત્ત્વબુદ્ધિ થાય." - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે - આ વિશ્વમાં વિધિ અથવા નિષેધ મુખે સ્વસિદ્ધાંતો (જૈનદર્શનપ્રસિદ્ધ) સર્વત્ર પ્રસિદ્ધ છે. દરેકે (દરેક દર્શનકારે) પોતાના દર્શનમાં કાં તો તેનું પ્રતિપાદન કર્યું છે અને કાં તો તેનું નિરાકરણ કર્યું છે. આ રીતે સ્વસિદ્ધાંત અત્યંત પ્રસિદ્ધ છે. તેનાથી શૂન્ય કથા ઉપલબ્ધ નથી. તેથી અતિપ્રસિદ્ધ આચારાદિની જેમ વર્તમાનમાં પણ જે સિદ્ધાંતો પ્રસિદ્ધ છે, તેનાથી શૂન્ય એવી

કથાની અહીં વિવક્ષા છે. યમ-નિયમાદિ આચારોની જેમ વર્તમાનમાં માર્ગાનુસારીપણાના નીતિનિયમોના સિદ્ધાંતથી પણ જે કથા શૂન્ય હોય અને લોકપ્રસિદ્ધ રામાયણાદિ તેમ જ વિદ્વજ્જનોમાં પ્રસિદ્ધ વેદ, શાક્ય, સાંખ્ય વગેરેના સિદ્ધાંતોને અનુસરનારી હોય તે વિક્ષેપણીકથા છે. આવી રામાયણાદિની કથા સાંભળતી વખતે; કથા કરનારે જે દોષો દર્શાવ્યા હોય તે દોષના દર્શનથી મુગ્ધ શ્રોતાને એમ થાય કે 'અહો ! આ લોકો માત્સર્યવાળા છે, સારું તો એમને દેખાતું જ નથી'... ઇત્યાદિ પ્રકારની શંકા તે એકેન્દ્રિયજેવા (તદ્દન જડ જેવા) શ્રોતાને થતી હોય છે. અથવા તે કથાને સાંભળતી વખતે જે પણ થોડું સારું સાંભળવા મળે ત્યારે શ્રોતાને એમ થાય કે 'આ પણ બરાબર(પ્રમાણ) છે.' આ રીતે તે શ્રોતાને તે વાતમાં પ્રામાણ્યનું જ્ઞાન થાય છે, જે ખરેખર તો થોડા સમયમાં સિદ્ધાંતના પ્રામાણ્યનું વિરોધી બને છે. એ પ્રામાણ્યનું જ્ઞાન જ્યાં સુધી હોય ત્યાં સુધી સિદ્ધાંતના પ્રામાણ્યનું જ્ઞાન થતું નથી.

અહીં યાદ રાખવું જોઇએ કે ધર્મકથાસ્વરૂપ વિક્ષેપણી કથાનું નિરૂપણ કરવાનું અહીં તાત્પર્ય છે. પારમાર્થિક ધર્મને સમજાવવાથી ધર્મકથા ધર્મકથા તરીકે થતી હોય છે. એ અપેક્ષાએ ધર્મકથા સ્વસમયને આશ્રયીને પ્રવર્ત્તે છે. સહજ રીતે શ્રોતા જ્યારે માર્ગને અભિમુખ થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબની વિક્ષેપણીકથા શ્રોતાના ચિત્તને વિચલિત બનાવે છે અને તેથી થોડા જ સમયમાં શ્રોતાની માર્ગરુચિ નાશ પામે છે. આથી સમજી શકાય છે કે ધર્મકથા કરનારે વિક્ષેપણીકથા કરવાથી શક્ય પ્રયત્ને દૂર ને દૂર જ રહેવું જોઇએ. શ્રોતાને માર્ગાભિમુખ બનાવવાના બદલે તેની માર્ગ પ્રત્યેની રુચિ જ ગુમ થઇ જાય - એ કેટલું વિચિત્ર છે ?... તે સમજી પણ ના શકાય, એવી વાત નથી. ||૯-૧૦||

अस्या अकथने प्राप्ते विधिमाह–

ઉપર જણાવ્યા મુજબ આ વિક્ષેપણીકથા કરવી ના જોઇએ તે સમજાય છે. પરંતુ એ મુજબ વિક્ષેપણીકથા કરવામાં ન આવે તો પરદર્શનમાં દોષોનું દર્શન કરાવી નહિ શકાય, તેથી તે કઇ રીતે કરવું તે અંગે જણાવાય છે -

**क्षिप्त्वा दोषान्तरं दद्यात्, स्वश्रुतार्थं परश्रुते ।**
**व्याक्षेपे चोच्यमानेऽस्मिन्मार्गाप्तौ दूषयेददः ।।९-११।।**

क्षिप्त्वेति–स्वश्रुतार्थं परश्रुते क्षिप्त्वा तत्र दोषान्तरं दद्याद् यथा स्वश्रुतस्य दार्ढ्यं भवति परश्रुतस्य चाप्रतिपत्तिरिति । तथाहि–यथाऽस्माकमहिंसादिलक्षणो धर्मः साङ्ख्यादीनामप्येवम्, हिंसा नाम भवेद्धर्मो न भूतो न भविष्यतीत्यादि वचनात् । किं त्वसावपरिणामिन्यात्मनि न युज्यते, एकान्तनित्यानित्ययोर्हिंसाया अभावादिति । वाऽथवाऽस्मिन् परश्रुते उच्यमाने शोभनोहशालिनः श्रोतुर्व्याक्षेपे मार्गाभिमुख्यलक्षणे जातेऽदः परश्रुतं दूषयेद् । इत्थं हि दूषणार्थं केवलस्यापि तस्य कथनं प्राप्तम् । तदिदमुक्तं– "जा ससमएण पुव्विं अक्खाया तं छुभेज्ज परसमए । परसासणवक्खेवा परस्स समयं परिकहेइ ॥१॥" ॥९-११॥

"પરશ્રુતમાં સ્વશ્રુતાર્થને નાંખીને પરશ્રુતમાં દોષાંતર જણાવવા અથવા પરશ્રુતનું નિરૂપણ કરતી વખતે શ્રોતા માર્ગપ્રાપ્તિમાં અભિમુખ થયો છે - એમ દેખાય પછી પરશ્રુતમાં દોષ જણાવવા." - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સ્વસમયનો જે અર્થ છે તેને પરસમયમાં નાંખીને અર્થાત્ બંન્ને એક જ છે : એમ જણાવીને પરશ્રુતમાં દોષાંતર જણાવવા કે જેથી શ્રોતાને સ્વશ્રુતમાં દૃઢતા પ્રાપ્ત થાય અને તે પરશ્રુતનો સ્વીકાર ન કરે.

શ્રોતાને એ પ્રમાણે જણાવતાં ફરમાવવું કે - જેમ અમારો અહિંસાદિ સ્વરૂપ ધર્મ છે તેમ સાંખ્ય વગેરેનો પણ અહિંસાદિ સ્વરૂપ ધર્મ છે. 'હિંસા(હિંસાદિ) સ્વરૂપ ધર્મ થાય -' એવું થયું નથી અને થવાનું નથી - ઇત્યાદિ વચનો હોવાથી અમારી જેમ જ સાંખ્ય વગેરેનો પણ ધર્મ અહિંસાદિ સ્વરૂપ છે. પરંતુ સાંખ્યાદિદર્શનમાં આત્મા એકાંતે અપરિણામી તેમ જ એકાંતે અનિત્ય... વગેરે સ્વરૂપે મનાતો હોવાથી અહિંસાદિ ધર્મ ઘટતો નથી. કારણ કે એકાંતનિત્ય કે એકાંત - અનિત્ય પક્ષમાં હિંસાદિ સંભવતા નથી. (આ પૂર્વે વાદબત્રીશીમાં એ જણાવ્યું છે.) આ રીતે સ્વશ્રુતમાં વર્ણવેલા અર્થને પરશ્રુતાર્થની સાથે જણાવીને પરશ્રુતાર્થની અસંગતિ જણાવવાથી શ્રોતા અસંગત એવા પરસમયને સ્વીકારતો નથી, તેથી સ્વસમયમાં તે દૃઢ બને છે.

અથવા જે વખતે પરશ્રુતનું વર્ણન કરાતું હોય ત્યારે સારી વિચારણાને કરતો એવો શ્રોતા માર્ગપ્રાપ્તિને વિશે માર્ગાભિમુખ થયો છે - એમ જણાય તો પરશ્રુતમાં દૂષણ બતાવવાં. આ રીતે પરશ્રુતમાં દૂષણ જણાવવા એકલા પરસમયની કથા પણ કરી શકાય છે. તે પ્રમાણે અન્યત્ર જણાવ્યું છે કે 'જે વાત

પ્રથમ સ્વસમયમાં જણાવી હોય તે પરસમયમાં નાંખવી. પરશાસનમાં દોષ જણાવવા પરસમયને જણાવવું.' (પ્રતમાં છપાયેલા શ્લોકમાં '**चोच्यमाने**' આ પાઠના સ્થાને '**वोच्यमाने**' આવો પાઠ હોવો જોઈએ.) ॥૯-૧૧॥

श्रोतुः परसमयदूषणे माध्यस्थ्यं ज्ञात्वैव विक्षेपणी कथनीयेति फलितमाह–

ઉપર જણાવ્યા મુજબ પરસમયમાં દૂષણ જણાવવાનું તાત્પર્ય હોય ત્યારે શ્રોતાનું માધ્યસ્થ્ય છે કે નહિ - તે જાણીને પછી જ વિક્ષેપણીકથા કરવી જોઈએ એ સ્પષ્ટ થાય છે, તે જણાવાય છે–

**कटुकौषधपानाभां, कारयित्वा रुचिं सता ।**
**इयं देयान्यथा सिद्धि, र्न स्यादिति विदुर्बुधाः ॥९-१२॥**

कटुकेति–स्पष्टः ॥९-१२॥

"શ્રોતાને કડવી દવાના પાન જેવી માર્ગ પ્રત્યેની રુચિને ઉત્પન્ન કરાવીને વિદ્વાન ધર્મોપદેશકે આ વિક્ષેપણી દેશના (કથા) આપવી (કરવી) જોઈએ. અન્યથા તેવી રુચિને કરાવ્યા વિના તે દેશના કરવાથી કોઈ જ સિદ્ધિ થતી નથી - એમ વિક્ષેપણીકથાના જાણકારો કહે છે." - આ પ્રમાણે શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. ગ્રંથકારશ્રીએ આ બારમા શ્લોકનો અર્થ સ્પષ્ટ છે : એટલું જ જણાવ્યું છે. તેથી વિશેષ કશું જ જણાવ્યું નથી. પરંતુ એ અર્થનો વિચાર કરવાથી સમજી શકાશે કે વિક્ષેપણીકથા; રુચિનો અભાવ હોય તો તે સિદ્ધિનું કારણ બનતી નથી. ધર્મદેશનાના શ્રવણથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ દ્વારા પરમાત્મતત્ત્વની સમ્પ્રાપ્તિ થતી હોય છે. ધર્મકથા કરનારનો એ એકમાત્ર ઉદ્દેશ હોય છે.

શ્રોતાને માર્ગ પ્રત્યે રુચિ ન હોય તો એ ઉદ્દેશ સિદ્ધ થતો નથી. આમ તો વિક્ષેપણીકથા સામાન્યથી કરવાની નથી પરંતુ ઉપર જણાવ્યા મુજબ પરસમયમાં દૂષણ બતાવવાનું જ્યારે આવશ્યક બને ત્યારે તે કથા કરવાનો પ્રસંગ આવે છે. આવા પ્રસંગે શ્રોતાને રુચિ જાગે ત્યાં સુધી પ્રતીક્ષા કર્યા વિના બીજો કોઈ ઉપાય નથી. એ માટે જરૂર પડે શ્રોતાને રુચિ જાગે તેવો પ્રયત્ન પણ કરવો જોઈએ. રોગીને કડવી દવા પિવરાવવા માટે જેમ અનેક ઉપાય કરવા પડે છે તેમ અહીં શ્રોતાને એવી રુચિ પ્રાપ્ત કરાવવા પણ પ્રયત્ન કરવો પડે. સામાન્ય રીતે રોગીને દવા લેવાની ઇચ્છા થાય પરંતુ કડવી દવા લેવાની ઇચ્છા ન હોય.

તેમ અહીં પણ ધર્મશ્રવણની ઇચ્છા હોવા છતાં પરસમયમાં દૂષણ બતાવતી વખતે તેને અરુચિ થવાનો સંભવ છે. તેથી ધાર્યું પરિણામ લાવવા માટે શ્રોતા કેટલો મધ્યસ્થ છે તે જાણી લેવું જોઇએ. ધર્મબિંદુમાં આ અંગેના ઉચિત વિધિનું વર્ણન છે. જિજ્ઞાસુઓએ ત્યાંથી તે જાણી લેવું... કહેવાનો આશય એટલો જ છે કે શ્રોતા માર્ગવિમુખ બને નહિ : એનો પૂરતો ખ્યાલ રાખી પરસમયમાં દૂષણ જણાવવા વિક્ષેપણીકથા કરવી જોઇએ. ॥૯-૧૨॥

હવે ત્રીજી ધર્મકથાનું વર્ણન કરાય છે—

**मता संवेजनी स्वान्यदेहेहप्रेत्यगोचरा ।**
**यया संवेज्यते श्रोता, विपाकविरसत्वतः ॥९-१३॥**

मतेति—यया कथया । विपाकविरसत्वतो विपाकवैरस्यात् प्रदर्शितात् । श्रोता संवेज्यते संवेगं ग्राह्यते । सा संवेजनी । स्वान्यदेहेहप्रेत्यगोचरा स्वशरीरपरशरीरेहलोकपरलोकविषया चतुर्विधा मता । अत्रायं सम्प्रदायः—“संवेअणी कहा चउव्विहा पन्नत्ता, तं जहा-आयसरीरसंवेअणी, परसरीरसंवेअणी, इहलोअसंवेअणी, परलोअसंवेअणी । तत्थ आयसरीरसंवेयणी जहा-जमेयं अम्हच्चयं सरीरं एयं सुक्कसोणियमंसवसामेदमज्जट्ठिण्हारुचम्मकेसरोमणहदंतअन्नादिसंघातनिप्फण्णत्तणेण मुत्तपुरीसभायणत्तणेण असुइत्ति कहेमाणो सोयारस्स संवेदं उप्पाएत्ति, एसा अत्तसरीरसंवेअणी । एवं परसरीरसंवेअणी वि परसरीरं एरिसं चेव असुइ । अहवा परस्स सरीरं वण्णेमाणो सोआरस्स संवेदमुप्पाएत्ति, परसरीरसंवेदणी गता । इदाणीं इहलोअसंवेयणी जहा—सव्वमेव माणुसत्तणं असारमधुवं कदलीथंभसमाणं एरिसं कहं कहेमाणो धम्मकही सोतारस्स संवेदमुप्पाएति, इहलोअसंवेयणी गया । इयाणिं परलोगसंवेयणी जहा-देवा वि इस्साविसायमयकोहलोहाइएहिं दुक्खेहिं अभिभूया किमंग पुण तिरियनारया एयारिसं कहं कहेमाणो धम्मकही सोआरस्स संवेदमुप्पाए त्ति, एसा परलोअसंवेयणी गता” इति ॥९-१३॥

“જે કથા વડે તેમાં વર્ણવેલા વિપાકની વિરસતાને લઇને શ્રોતાને સંવેગની પ્રાપ્તિ થાય છે તે સંવેજનીકથા; સ્વશરીર, પરશરીર, આ લોક અને પરલોક : આ વિષયોને આશ્રયીને ચાર પ્રકારની વર્ણવી છે.” - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે સ્વશરીર, પરશરીર, આ લોક અને પરલોકની અસારતાદિનું વર્ણન કરનારી કથાના શ્રવણથી શ્રોતાને વિપાકની વિરસતાની

પ્રતીતિ થાય છે, જેથી શ્રોતા સંવેગ(મોક્ષનો અભિલાષ)ને પ્રાપ્ત કરે છે. આ સંવેગને પ્રાપ્ત કરાવનારી કથાને 'સંવેજની' કથા કહેવાય છે. સ્વશરીર, પરશરીરાદિ વિષયના ભેદથી તે ચાર પ્રકારની છે. આ કથાનું વર્ણન કરતાં પૂર્વના મહાપુરુષોએ નીચે મુજબ ફરમાવ્યું છે.

સંવેજની કથા ચાર પ્રકારની વર્ણવી છે. આત્મશરીરસંવેજની; પરશરીરસંવેજની; ઇહલોકસંવેજની અને પરલોકસંવેજની. આ ચાર પ્રકારની સંવેજની કથામાં પહેલી સંવેજનીકથાનું સ્વરૂપ વર્ણવતાં જણાવ્યું છે કે "આ જે અમારું શરીર છે: તે શુક્ર, શોણિત, માંસ, ચરબી, મેદ, મજ્જા, હાડકાં, સ્નાયુ, ચામડું, કેશ, રોમ, નખ અને આંતરડાદિના સંઘાત(પિંડ-સમુદાય)થી નિષ્પન્ન છે; તેથી તેમ જ મૂત્ર અને વિષ્ટાનું ભાજન હોવાથી અશુચિ (અપવિત્ર-ગંદું) છે." - આ પ્રમાણે કહીને જે કથાથી શ્રોતાને સંવેગ પ્રાપ્ત કરાવાય છે; તે કથાને 'આત્મશરીરસંવેજની' કથા કહેવાય છે. આવી જ રીતે બીજાના શરીરની અપવિત્રતાનું વર્ણન કરીને જે કથાથી શ્રોતાને સંવેગ પ્રાપ્ત કરાવાય છે તે કથાને 'પરશરીરસંવેજની' કથા કહેવાય છે. અથવા શરીરનું વર્ણન કરીને બીજા શ્રોતાને સંવેગ પ્રાપ્ત કરાવાય છે. તેથી તે કથાના 'પરશરીરસંવેજની' કથા કહેવાય છે.

ઇહલોકસંવેજનીકથા તેને કહેવાય છે કે જે કથાથી શ્રોતાને 'આ બધું મનુષ્યપણું અસાર, અધ્રુવ, કેળના સ્તંભ જેવું છે'... ઇત્યાદિનું વર્ણન કરીને સંવેગ પ્રાપ્ત કરાવવામાં આવે. અહીં વક્તાની અપેક્ષાએ 'ઇહલોક' મનુષ્યભવ છે. એના સિવાયના દેવાદિભવો પરલોક છે. મનુષ્યભવ-સંબંધી અસારતાદિનું વર્ણન કરીને શ્રોતાને સંવેગ પ્રાપ્ત કરાવનારી કથા ઇહલોકસંવેજની કથા છે. 'પરલોક-સંવેજની' કથાનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે "ઇર્ષ્યા, વિષાદ, મદ, ક્રોધ અને લોભ વગેરે કારણે દુઃખથી દેવો પણ અભિભૂત છે તો તિર્યંચો અને નારકીઓનાં દુઃખો અંગે શું કહેવું ?" આવા પ્રકારની કથાને કહેનારા ધર્મકથિક મહાત્માઓ શ્રોતાને સંવેગ પ્રાપ્ત કરાવે છે. તેઓશ્રીએ કહેલી તે કથાને 'પરલોકસંવેજની' કથા કહેવાય છે. ॥૯-૧૩॥

હવે સંવેજનીકથાના રસ(સાર)નું વર્ણન કરાય છે–

**वैक्रियद्ध्यादयो ज्ञानतपश्चरणसम्पदः ।**
**शुभाशुभोदयध्वंसफलमस्या रसः स्मृतः ॥९-१४॥**

वैक्रियेति–वैक्रियद्‌र्ध्यादयो गुणा इति गम्यम् । तत्र वैक्रियर्द्धिर्वैक्रियनिर्माणलक्षणा । आदिना जङ्घाचारणादिलब्धिग्रहः । तथा ज्ञानतपश्चरणसम्पदस्तत्र ज्ञानसम्पच्चतुर्दशपूर्विण एकस्माद्‌घटादेर्घटादिसहस्रनिर्माणलक्षणा । तपःसम्पच्च "जं अन्नाणी कम्मं खवेइ" इत्यादिलक्षणा । चरणसम्पच्च सकलफलसिद्धिरूपा । एते गुणाः सम्पदश्च । शुभोदयस्याशुभध्वंसस्य च फलमस्याः संवेजन्या रसः स्मृतः ।।९-१४।।

"શુભકર્મના ઉદયનું અને અશુભકર્મના ધ્વંસનું ફળ વૈક્રિય ઋદ્ધિ વગેરે ગુણો તેમ જ જ્ઞાન, તપ અને ચારિત્રની સંપત્તિ છે : તે આ સંવેજનીકથાનો રસ છે." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે શુભકર્મના(પુણ્યના) ઉદયથી અને અશુભ કર્મના ક્ષયથી ગુણો અને સંપત્તિ પ્રાપ્ત થાય છે. આત્માને તપના સામર્થ્યથી પ્રાપ્ત થયેલા વીર્યના સામર્થ્યથી વૈક્રિયલબ્ધિ તેમ જ જંઘાચારણ, આકાશગમન વગેરે લબ્ધિઓ પ્રાપ્ત થાય છે - એ ગુણો છે. તેમ જ જ્ઞાનાદિના પ્રભાવે પ્રાપ્ત થનારી સિદ્ધિઓ સંપત્તિ છે. ચૌદ પૂર્વને ધરનારા મહાત્માઓ એક ઘડા વગેરેથી હજારો ઘડા બનાવી શકે છે. તે જ્ઞાનસંપત્તિ છે. અનેકાનેક વર્ષ કોટી(કરોડો વર્ષ) વડે અજ્ઞાની જે કર્મ ખપાવે છે તે કર્મો એક જ શ્વાસોશ્વાસમાં જ્ઞાની ખપાવે છે... વગેરે તપની (આભ્યંતર તપની) સંપદા છે અને સકલફળની સિદ્ધિ(મોક્ષ) સ્વરૂપ સંપદા ચારિત્રની છે. આ ગુણો અને સંપદા શુભકર્મના ઉદયથી અને અશુભકર્મના ધ્વંસથી પ્રાપ્ત થાય છે. એ ગુણ અને સંપદા સંવેજની કથાનો રસ છે. સંવેજનીકથામાંથી એનો અનવરત પ્રવાહ વહેતો હોય છે. જે કથામાં આવો પ્રવાહ વહેતો ન હોય તે કથા સંવેજની હોતી નથી. સ્વ-પરશરીરની અશુચિતા અને આ લોક-પરલોકની દુઃખરૂપતાદિનું વર્ણન સંવેગનું કારણ ન બને : એવું ક્વચિદ જ બને. લઘુકર્મી આત્માઓને એ વર્ણનના શ્રવણથી સંવેગની પ્રાપ્તિ સરળ રીતે થાય છે. અહીં જે રીતે સંવેજની કથાના રસનું વર્ણન કર્યું છે, એનાથી જુદી રીતે પણ તેનું વર્ણન અન્યત્ર ઉપલબ્ધ છે. ગ્રંથકારશ્રીના આશય મુજબ તે સમજી લેવું જોઈએ. ।।૯-૧૪।।

હવે ચોથી નિર્વેજનીધર્મકથાનું સ્વરૂપ વર્ણવાય છે–

**चतुर्भङ्गीं समाश्रित्य, प्रेत्येहफलसंश्रयाम् ।**
**पापकर्मविपाकं या, ब्रूते निर्वेजनी तु सा ।।९-१५।।**

चतुर्भङ्गीमिति—या कथा पापकर्मविपाकं । प्रेत्येहफलसंश्रयामिहलोकपरलोक-भोगाश्रिताम् । चतुर्भङ्गीं समाश्रित्य ब्रूते । सा तु निर्वेजनी चतुर्भिरेव भङ्गैः प्रतिपाद्यमानैश्चतुर्विधेति भावः । अत्रायं सम्प्रदायः—"इदाणिं निव्वेदणी-सा चउव्विहा पन्नत्ता, तं जहा-इहलोए दुच्चिन्नाइं कम्माइं इहलोए दुहविवागसंजुत्ताइ भवंति । तं जहा—चोराणं पारदारियाणं एवमादी एसा पढमा निव्वेदणी । इदाणिं बितिया निव्वेदणी—इहलोए दुच्चिण्णा कम्मा परलोए दुहविवागसंजुत्ता भवंति, तं जहा-नेरइयाणं अन्नंमि भवे कयं कम्मं निरयभावफलं देइ, एसा बितिया निव्वेयणी । इयाणिं ततिआ निव्वेदणी-परलोए दुच्चिन्ना कम्मा इहलोए दुहविवागसंजुत्ता भवंति, कहं ? जहा-बालप्पभितिमेव अंतकुलेसु उप्पन्ना खयकोढाइएहिं रोगेहिं दारिद्देण य अभिभूया दीसंति, एसा ततिया निव्वेदणी । इदाणिं चउत्था निव्वेदणी-परलोए दुच्चिन्ना कम्मा परलोए दुहविवागसंजुत्ता भवंति, कहं ? जहा-पुव्विं दुच्चिन्नेहिं कम्मेहिं जीवा संडासतुंडेहिं पक्खीहिं उववज्जंति तउ ते नरयप्पाउग्गाणि कम्माणि असंपुन्नाणि ताए जातीए पूरिंति, पूरिऊण नरयभवे वेदिंति, एसा चउत्था निव्वेयणीगया । एवं इहलोगो परलोगो य पण्णवयं पडुच्च भवति । तत्थ पन्नवयस्स मणुस्सभवो इहलोगो, सेसा उ तिण्णि वि गईउ परलोगो" ॥९-१५॥

"આ લોક અને પરલોક સંબંધી ફળને આશ્રયીને થનારા ચાર ભાંગાની અપેક્ષાએ પાપકર્મના વિપાકનું વર્ણન જે કથા કરે છે તે કથાને 'નિર્વેજનીકથા' કહેવાય છે. અર્થાત્ પ્રતિપાદન કરાતા ચાર ભાંગાના કારણે નિર્વેજની કથા ચાર પ્રકારની છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. એનો આશય વર્ણવતાં પૂર્વમહાપુરુષોએ ફરમાવ્યું છે કે - નિર્વેજની કથા ચાર પ્રકારની છે. તે ચાર પ્રકાર નીચે જણાવ્યા મુજબ છે. નિર્વેજનીકથાને નિર્વેદનીકથા પણ કહેવાય છે.

આ લોકમાં દુષ્ટપણે આચરેલાં કર્મો આ લોકમાં દુષ્ટ વિપાકથી યુક્ત (દુષ્ટ ફળને આપનાર) થાય છે. દા.ત. ચોરી અને પરસ્ત્રીનું સેવન વગેરે કરનારા ચોર અને વ્યભિચારી વગેરેને આ લોકમાં આચરેલાં તે તે દુષ્કર્મો આ લોકમાં દુઃખને આપનારાં બને છે. આ પહેલી નિર્વેજની કથા છે.

હવે બીજી નિર્વેદની (નિર્વેજની) કથાનું વર્ણન કરાય છે. આ લોકમાં દુષ્ટપણે કરેલાં કર્મો પરલોકમાં દુઃખ-વિપાકથી યુક્ત બને છે. દા.ત. નારકીઓને પૂર્વભવોમાં કરેલાં તેમનાં દુષ્કર્મો નારકીના ભવમાં દુઃખ આપનારાં થાય છે. આ બીજી નિર્વેદનીકથા છે.

હવે ત્રીજી નિર્વેદનીકથા વર્ણવાય છે. પરલોકમાં દુષ્ટપણે આચરેલાં દુષ્કર્મો આ લોકમાં દુઃખવિપાકથી યુક્ત બને છે. દા.ત. બાલ્યકાળથી જ અંતકુળોમાં જન્મેલા અને ક્ષય, કોઢ... વગેરે રોગોથી અને દરિદ્રતાથી પરાભવ પામેલા જીવો દેખાય છે. ગયા ભવમાં કરેલા કર્મના ઉદયે તે જીવો આ મનુષ્યપણામાં દુઃખ ભોગવી રહ્યા છે. આ ત્રીજી નિર્વેદનીકથા છે.

હવે ચોથી નિર્વેજનીકથા વર્ણવાય છે. પરલોકમાં દુષ્ટપણે આચરેલાં દુષ્ટકર્મો પરલોકમાં દુઃખવિપાકથી યુક્ત થાય છે. દા.ત. પૂર્વમાં આચરેલાં દુષ્ટ કર્મોના કારણે જીવો તીક્ષ્ણ મુખવાળાં પક્ષીઓમાં ઉત્પન્ન થાય છે. ત્યાર પછી તેઓ ત્યાં નરકપ્રાયોગ્ય બધાં (જે બાકી હતાં તે) કર્મોને પૂર્ણ કરે છે અને ત્યાર પછી નરકના ભવે તેના વિપાક અનુભવે છે. - આ ચોથી નિર્વેદનીકથા છે. અહીં પૂર્વે જણાવ્યા મુજબ પ્રજ્ઞાપક(વક્તા-કથા કહેનાર) મહાત્માની અપેક્ષાએ મનુષ્યભવ આ લોક છે અને બાકીના ભવો પરલોક છે. તેથી સ્પષ્ટ છે કે પક્ષીના ભવ સ્વરૂપ પરલોકમાં કરેલાં દુષ્કર્મોને નરકના ભવ સ્વરૂપ પરલોકમાં ભોગવે છે. તે ચોથી નિર્વેદનીકથાનો વિષય છે.

આ પ્રમાણે ચાર પ્રકારે પાપકર્મના દુઃખ સ્વરૂપ વિપાકના વર્ણનને સાંભળવાથી શ્રોતાઓ ભવથી નિર્વેદને પ્રાપ્ત કરે છે તેથી આ કથાને નિર્વેદની-નિર્વેજનીકથા કહેવાય છે, જે ઉપર જણાવ્યા મુજબના ચાર ભાંગાને આશ્રયીને કરાય છે તેથી ચાર પ્રકારની છે. તિર્યગ્ચપણું, નારકપણું અને ખરાબ મનુષ્યપણું શ્રોતાને નિર્વેદનું કારણ બને છે. પાપના ફળ સ્વરૂપે પ્રાપ્ત થનારી તે તે સ્થિતિને જોઇને નિર્વેદ થાય : એ અસંભવિત નથી. ॥૯-૧૫॥

નિર્વેજનીકથાના રસનું વર્ણન કરાય છે–

**स्तोकस्यापि प्रमादस्य, परिणामोऽतिदारुणः ।**
**वर्ण्यमानः प्रबन्धेन, निर्वेजन्या रसः स्मृतः ॥९-१६॥**

स्तोकस्यापीति–स्पष्टः ॥९-१६॥

"અલ્પ પણ પ્રમાદનો પરિણામ અત્યંત દારુણ છે. આ પ્રમાણે વિસ્તારથી વર્ણન કરાતો તે પરિણામ નિર્વેજની કથાનો રસ-સાર છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. નિર્વેજનીકથાના સ્વરૂપનો વિચાર કરવાથી સમજાશે

કે એ કથાના શ્રવણથી ભવ પ્રત્યે નિર્વેદ પ્રાપ્ત કરવાનો એક જ આશય છે. એ આશય સિદ્ધ થાય અને એનો કોઇ પણ રીતે વ્યાઘાત ન થાય : એ કથા કરનારે જોવું જોઇએ. ભવ પ્રત્યે સહેજ પણ આસક્તિ થઇ જાય તો ભવનો નિર્વેદ પ્રાપ્ત કરવાનું શક્ય નહિ બને.

આ સંસારમાં સુખ આપનારાં સાધનો પરમાર્થથી ન હોવા છતાં અજ્ઞાનને આધીન બની કંઇ-કેટલાય પદાર્થોને સુખ આપનારા આપણે માની લઇએ છીએ. આપણી માન્યતાની વિચિત્રતા ત્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે કે જ્યારે પાપને પણ આપણે સુખનું સાધન માની લઇએ છીએ અને એ મુજબ સુખની પ્રાપ્તિ માટે પાપ કરવાની પ્રવૃત્તિ શરૂ કરીએ છીએ. પૂ. ભવનિસ્તારક ગુરુભગવંતની પાસે ધર્મકથાના શ્રવણથી એ વિચિત્રતા સમજાય એટલે જીવ પાપથી વિરામ પામવા માટે પ્રયત્ન કરે છે. આમ જોઇએ તો સામાન્ય રીતે રાગ, દ્વેષ અને મોહ : આ ત્રણના કારણે જીવ પાપમાં પ્રવર્તે છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ : આ કર્મબંધનાં કારણ છે. જ્યાં સુધી એ કારણો છે ત્યાં સુધી આત્મા સતત કર્મનો બંધ કરે છે. મિથ્યાત્વ, અવિરતિ અને કષાયની અપેક્ષાએ પ્રમાદની ભયંકરતા અધિક છે. છઠ્ઠા ગુણસ્થાનકે પહોંચ્યા પછી પણ પ્રમાદને દૂર કરવાનું કામ ઘણું જ કપરું છે. શ્રુતકેવલી મહાત્માઓને પણ નિગોદાદિ અવસ્થામાં જવું પડતું હોય તો તે પ્રમાદને લઇને.

આ સંસારથી મુક્ત થવા માટે તત્પર બનેલા મહાત્માઓને પ્રમાદની ભયંકરતાનો ખ્યાલ તો હોય જ. પરંતુ એને દૂર કરવા માટે પણ એક પ્રકારનો પ્રમાદ થતો હોય છે. મિથ્યાત્વાદિને આધીન ન બનનારા પણ પ્રમાદને આધીન બનતા જોવા મળે ત્યારે પ્રમાદની ભયંકરતા સ્પષ્ટપણે પ્રતીત થાય છે. શ્લોકના પૂર્વાર્ધમાં પ્રમાદની ભયંકરતા માર્મિક રીતે વર્ણવી છે. અલ્પ એવા પ્રમાદનો પરિણામ(વિપાક) અત્યંત ભયંકર છે. 'ઉપદેશ-પ્રાસાદ' વગેરે ગ્રંથમાં આ વિષયમાં 'યશોધર' રાજાદિનું દૃષ્ટાંત જણાવ્યું છે, જે મુમુક્ષુ આત્માઓએ યાદ રાખવું જોઇએ. પ્રાણીવધ કોઇ પણ સંયોગોમાં નહિ કરવાનું સત્ત્વ ધરાવતા હોવા છતાં નહિ જેવા પ્રમાદને પરવશ બની લોટના કૂકડાનો વધ કર્યો તો તેમને સાત ભવ સુધી અનેક જાતના દુઃખના વિપાકો અનુભવવા પડેલા... ઇત્યાદિ પ્રસિદ્ધ ચરિત્ર આ વિષયમાં સ્મરણીય છે. નિદ્રા, વિકથા, વિષય, કષાય અને મદિરા -

આ પાંચ પ્રમાદ તેમ જ અજ્ઞાન, સંશય, સ્મૃતિભ્રંશ, વિપર્યાસ, અશુભયોગ, ધર્મમાં અનાદર, રાગ અને દ્વેષ - આ આઠ પ્રમાદ પ્રસિદ્ધ છે. એનો અલ્પ પણ અંશ અત્યંત દારુણ વિપાકનો અનુભવ કરાવનાર છે... ઇત્યાદિ નિર્વેજનીકથામાં વિસ્તારથી વર્ણવાય છે, જેને અહીં નિર્વેજનીકથાના રસ તરીકે વર્ણવાય છે. આ કથાનું વર્ણન કરતી વખતે શ્રોતાને પ્રમાદની ભયંકરતાનો ખ્યાલ આવે તે રીતે એ રસ જળવાય એ માટે અપ્રમત્ત બની રહેવું જોઇએ. ॥૯-૧૬॥

ઉપર જણાવ્યા મુજબની ચાર પ્રકારની ધર્મકથાઓમાંથી કઇ કોને કહેવી તે જણાવાય છે–

**आदावाक्षेपणीं दद्याच्छिष्यस्य धनसन्निभाम् ।**
**विक्षेपणीं गृहीतेऽर्थे वृद्ध्युपायमिवादिशेत् ॥९-१७॥**

आदाविति–स्पष्टः ॥९-१७॥

“શિષ્યને સૌથી પ્રથમ ધનના જેવી આક્ષેપણીકથા સ્વરૂપ દેશના આપવી જોઇએ. ત્યાર પછી શ્રોતા દ્વારા અર્થ ગ્રહણ કરાયે છતે તેની વૃદ્ધિના ઉપાય જેવી વિક્ષેપણી કથા કહેવી.” - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે - પૂર્વે જણાવેલી ધર્મકથા શિષ્યને આપવી જોઇએ. અન્ય ગ્રંથમાં શિષ્યને વૈનેયક તરીકે વર્ણવ્યો છે. જે વિનય આચરે છે, રાત અને દિવસ વિનયથી જ જે જીવન વિતાવે છે તેને વૈનેયક-શિષ્ય કહેવાય છે. એવા શિષ્યને ધર્મકથા સંભળાવવી.

ધર્મનો અર્થી હોય પરંતુ વિનયી ન હોય તો તેને ધર્મદેશના આપવી ના જોઇએ. પૂ. ગુરુદેવશ્રીના પરમતારક વચનને માનવા સ્વરૂપ જ અહીં મુખ્ય વિનય છે. શાસન કરી શકાય એવી જેનામાં યોગ્યતા છે; તેને શિષ્ય કહેવાય છે. શાસ્ત્રીય પરિભાષામાં એને પ્રજ્ઞાપનીય તરીકે વર્ણવાય છે. એવા પ્રજ્ઞાપનીય આત્માઓને જ ધર્મકથા કહેવી. બીજાઓને એવી કથા કહેવાથી કોઇ લાભ નથી.

યોગ્ય શિષ્યને પણ સૌથી પ્રથમ પૂર્વે જણાવ્યા મુજબની આક્ષેપણીકથા કહેવી. એ આક્ષેપણીકથા ધન જેવી છે. આજીવિકા માટે ધન જેમ મુખ્ય સાધન છે તેમ ધર્મકથામાં મુખ્ય આક્ષેપણીકથા છે. આજીવિકાનો આધાર જેમ ધન છે તેમ બાકીની ધર્મકથાઓનો આધાર આક્ષેપણી કથા છે. મોહથી તત્ત્વ પ્રત્યે જીવ

આકર્ષાય નહિ તો તે જીવો પ્રત્યે ધર્મકથાનો કોઇ ઉપયોગ નથી. તત્ત્વ પ્રત્યે આકૃષ્ટ શ્રોતાને ખૂબ જ સરળતાથી તત્ત્વ સમજાવી શકાય છે.

આક્ષેપણીકથામાં જણાવેલા અર્થને શિષ્ય ગ્રહણ કરી લે પછી એ અર્થ(ધનજેવા અર્થ)ની વૃદ્ધિના ઉપાય જેવી વિક્ષેપણીકથા કહેવી. આપણી પાસે ધન હોય તો તેની વૃદ્ધિ માટેના જેમ ઉપાયો યોજાય છે તેમ આક્ષેપણીકથાથી જણાવેલા અર્થની દૃઢતાદિ માટે તેના ઉપાય તરીકે વિક્ષેપણીકથા કહેવી જોઇએ. ॥૯-૧૭॥

શિષ્યને પ્રથમ આક્ષેપણી અને પછી વિક્ષેપણીકથા કહેવી જોઇએ : આવું શા માટે ? તે જણાવાય છે—

**आक्षेपण्या किलाक्षिप्ता, जीवाः सम्यक्त्वभागिनः ।**
**विक्षेपण्यास्तु भजना, मिथ्यात्वं वाऽतिदारुणम् ॥९-१८॥**

आक्षेपण्येति—आक्षेपण्याक्षिप्ता आवर्जिताः किल जीवाः । सम्यक्त्वभागिनो नियोगेन सम्यक्त्वलाभवन्तोऽसति प्रतिबन्धे तथावर्जनेन मिथ्यात्वमोहनीयकर्मक्षयो-पशमोपपत्तेः । विक्षेपण्यास्तु सकाशात् फलप्राप्तौ भजना कदाचित्ततः सम्यक्त्वं लभन्ते कदाचिन्नेति । तच्छ्रवणात्तथाविधपरिणामानियमादतिदारुणं महाभयङ्करं मिथ्यात्वं वा ततः स्यात् । जडमतीनामभिनिविष्टानाम् । तदुक्तं—“अक्खेवणिअक्खित्ता जे जीवा ते लहंति सम्मत्तं । विक्खेवणीइ भज्जं गाढयरागं च मिच्छत्तं ॥१॥” ॥९-१८॥

“આક્ષેપણીકથાથી આક્ષિપ્ત બનેલા જીવો સમ્યકત્વના ભાજન બને છે. વિક્ષેપણીકથાથી તો ફળની પ્રાપ્તિમાં ભજના છે. અર્થાત્ કોઇ વાર ફળ પ્રાપ્ત થાય છે. અને કોઇ વાર ફળ મળતું નથી. અથવા કોઇ વાર અત્યંત ભયંકર મિથ્યાત્વના પરિણામને પ્રાપ્ત કરે છે...” તેથી શરૂઆતમાં આક્ષેપણીકથા કરીને પછી જ વિક્ષેપણીકથા કરવી... આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આક્ષેપણીકથાથી આવર્જિત થયેલા જીવો સમ્યક્ત્વના ભાજન બને છે. અર્થાત્ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. કારણ કે કોઇ પણ જાતનો તેવો પ્રતિબંધ ન હોય તો તત્ત્વની પ્રત્યે થયેલા આવર્જનથી મિથ્યાત્વમોહનીય-કર્મનો ક્ષયોપશમ થાય છે. અનાદિકાળથી મિથ્યાત્વાદિના કારણે તત્ત્વ પ્રત્યે ખૂબ જ અરુચિ હતી. આક્ષેપણીકથાના શ્રવણથી તત્ત્વ પ્રત્યે શ્રોતાઓ આવર્જિત બને

છે. તેથી મિથ્યાત્વમોહનીયકર્મનો ક્ષયોપશમ થાય છે, જે જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું કારણ બને છે.

આક્ષેપણીકથાના બદલે સૌથી પ્રથમ વિક્ષેપણી કથા કરવામાં આવે તો કોઇ વાર તેનાથી ફળ પ્રાપ્ત થાય છે અને કોઇ વાર નથી પણ થતું. આથી સ્પષ્ટ છે કે સમ્યક્ત્વપ્રાપ્તિ સ્વરૂપ ફળની પ્રત્યે વિક્ષેપણીકથામાં ભજના છે. કારણ કે વિક્ષેપણીકથાનું શ્રવણ કરવાથી સંવેગ-નિર્વેદનો પરિણામ થાય જ એવો નિયમ નથી. જીવવિશેષની યોગ્યતાએ કોઇ વાર વિક્ષેપણીકથાના શ્રવણથી કોઇને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. પરંતુ કોઇ વાર જડબુદ્ધિવાળા અભિનિવેશી શ્રોતાને સમ્યગ્દર્શનની તો પ્રાપ્તિ થતી નથી, પરંતુ ગાઢતર એવા મિથ્યાત્વને તે પ્રાપ્ત કરે છે. શ્રી દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિમાં એ અંગે જણાવ્યું છે કે– "આક્ષેપણીકથાથી આક્ષિપ્ત જીવો સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. વિક્ષેપણીકથાથી એ અંગે ભજના છે. અર્થાત્ કોઇ વાર એ ફળ મળે છે અથવા નથી મળતું. ગાઢ એવી મિથ્યાત્વદશાને જીવ પામે છે." વિક્ષેપણીકથાને સાંભળનારો શ્રોતા જડબુદ્ધિવાળો હોય તો તેને તે કથાના શ્રવણથી એમ જ થાય છે કે 'આ લોકોનો સ્વભાવ જ નિંદા કરવાનો છે. એમને બીજાનું સારું દેખાતું જ નથી...' ઇત્યાદિ અભિનિવેશના કારણે આવા શ્રોતાને પરસમયમાં બતાવેલા દોષોનું જ્ઞાન થતું નથી. તેથી પૂર્વનો મિથ્યાત્વનો પરિણામ ગાઢતર બને છે. આ રીતે કોઇ વાર શ્રોતાની જડતાના કારણે વિક્ષેપણીકથા અનિષ્ટ ફળને આપનારી બને છે. ॥૯-૧૮॥

विक्षेपण्याः परिकर्मिताया एव गुणावहत्वं नान्यथेति समर्थयन्नाह–

ઉપર જણાવ્યા મુજબ વિક્ષેપણીકથા એકાંતે ફળને આપનારી ન હોવાથી તે પરિકર્મિત હોય તો જ ગુણનું કારણ બને છે. અન્યથા તે ગુણનું કારણ બનતી નથી, તે જણાવાય છે–

**आद्या यथा शुभं भावं, सूते नान्या कथा तथा ।**
**यादृग्गुणः स्यात् पीयूषात्, तादृशो न विषादपि ॥९-१९॥**

आद्येति–पीयूषवन्नेयं स्वरूपतो गुणावहा, किं तु वच्छनागवत्परिकर्मितैवेति तात्पर्यम् ॥९-१९॥

"પહેલી ધર્મકથા જેમ શુભ ભાવને ઉત્પન્ન કરે છે તેવો શુભ ભાવ બીજી કથાથી ઉત્પન્ન થતો નથી. જેવો ગુણ અમૃતથી થાય છે તેવો ગુણ વિષથી પણ થતો નથી." - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે. તેનો આશય એ છે કે આક્ષેપણીકથા અમૃત જેવી છે. સ્વરૂપથી જ તે ગુણનું કારણ બને છે. અમૃતને જેમ પરિકર્મિત કરવું પડતું નથી તેમ આક્ષેપણીકથાને પણ પરિકર્મિત કરવી પડતી નથી. સ્વરૂપથી જ તે ગુણનું કારણ બને છે.

વિક્ષેપણીકથા વિષ જેવી છે. વિષ પરિકર્મિત કરાય તો તે ઔષધસ્વરૂપે ગુણનું કારણ બને છે. યોગ્ય વૈદ્યના ઉપદેશથી યોગ્ય રીતે યોગ્ય જીવો તેનું જો આસેવન કરે તો તે જીવોને તે પરિકર્મિત વિષ રોગાદિના નિવારણ દ્વારા ગુણનું કારણ બને છે. આવી જ રીતે વિક્ષેપણીકથા પૂ. ગીતાર્થમહાત્માએ યોગ્ય રીતે અભિનિવેશથી રહિત શ્રોતાઓને ઉપદેશેલી હોય તો તેના શ્રવણથી ગુણની પ્રાપ્તિ થતી હોય છે. આવી રીતે પરિકર્મિત જ વિક્ષેપણીકથા પરિકર્મિત વિષની જેમ ગુણનું કારણ બનતી હોય છે. પરંતુ અમૃતસ્વરૂપ આક્ષેપણીકથાથી જેવો ગુણ થાય છે; તેવો ગુણ આ વિષતુલ્ય (પરિકર્મિત પણ) વિક્ષેપણીકથાથી થતો નથી... એ સમજી શકાય છે. ॥૯-૧૯॥

ચાર પ્રકારની કથામાંની છેલ્લી ચોથી 'મિશ્રકથા'નું સ્વરૂપ જણાવાય છે–

**धर्मार्थकामाः कथ्यन्ते, सूत्रे काव्ये च यत्र सा ।**
**मिश्राख्या विकथा तु स्याद्, भक्तस्त्रीदेशराड्गता ॥९-२०॥**

धर्मेति–यत्र सूत्रे काव्ये च धर्मार्थकामा मिलिताः कथ्यन्ते । सा मिश्राख्या कथा, सङ्कीर्णपुरुषार्थाभिधानात् । विकथा कथालक्षणविरहिता तु स्यात् । भक्तस्त्रीदेशराड्गता भक्तादिविषया । यदाह–"इत्थिकहा भत्तकहा रायकहा चोरजणवयकहा य । नडनट्टजल्लमुट्ठियकहा उ एसा भवे विकहा ॥१॥" ॥९-२०॥

"જે સૂત્રમાં અને કાવ્યમાં ધર્મ, અર્થ અને કામ ભેગા કહેવાય છે તેને મિશ્રકથા કહેવાય છે. કારણ કે તેમાં ધર્મ, અર્થ વગેરે પુરુષાર્થોનું સંકીર્ણ કથન છે. કથાના લક્ષણથી જે રહિત છે, તેને વિકથા કહેવાય છે. તેના ભક્ત, સ્ત્રી, દેશ અને રાજા : આ ચારને આશ્રયીને ચાર પ્રકાર છે." - આ પ્રમાણે વીશમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય સ્પષ્ટ છે કે સામાન્ય રીતે લોકમાં, વેદમાં અને સ્વદર્શનમાં મિશ્રકથા પ્રસિદ્ધ છે. સૂત્રસ્વરૂપે કે કાવ્યસ્વરૂપે ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થનું જ્યાં સંકીર્ણ વર્ણન કરાય છે તે મિશ્રકથા છે. લોકમાં રામાયણ, મહાભારત વગેરે, વેદમાં યજ્ઞક્રિયા વગેરે અને સ્વદર્શનમાં તરંગવતી વગેરે સ્વરૂપ મિશ્રકથા છે. આ રીતે ચાર પ્રકારની કથાનું નિરૂપણ કરીને હવે કથાથી વિપરીત એવી વિકથાનું સ્વરૂપ '**विकथा तु...**' ઇત્યાદિ પદોથી જણાવાય છે.

એનો આશય સ્પષ્ટ છે. ભક્તકથા, સ્ત્રીકથા, દેશકથા અને રાજકથા - આ ચાર પ્રકારની વિકથા છે. અર્થકથા અને કામકથા જેવી જ જણાતી વિકથામાં થોડો ફરક છે. કથા, સામાન્યથી તે તે પુરુષાર્થને સિદ્ધ કરે છે. જ્યારે વિકથા તેમાં અંતરાયસ્વરૂપ બને છે. જેમાં મળે કાંઇ નહિ અને માત્ર વાતો ઘણી - એવું સ્વરૂપ વિકથાનું છે. એક પ્રકારના અનર્થદંડ સ્વરૂપ વિકથા છે - એમ કહી શકાય. ભોજનાદિ સ્વરૂપનું વર્ણન કરનારી પ્રથમ વિકથા છે. સ્ત્રીના સ્વરૂપનું વર્ણન કરનારી બીજી વિકથા છે. દેશ-રાષ્ટ્રના સ્વરૂપનું વર્ણન કરનારી ત્રીજી વિકથા છે અને રાજાદિનું વર્ણન કરનારી ચોથી વિકથા છે. વિકથાઓ ખૂબ જ પ્રસિદ્ધ છે. કોઇ પણ રીતે તે કરવા જેવી નથી... એ કહેવાની જરૂર નથી. ઓછા વધતા પ્રમાણમાં એનાં કડવાં ફળોનો સ્વાદ આપણને અનુભૂત જ છે. પરંતુ વિકથાની પક્કડમાંથી છૂટવાનું ખૂબ જ કપરું છે. સમયનો સદુપયોગ કરવાનું જાણે એ એક જ સાધન છે - એમ સમજીને આપણે વિકથામાં પ્રવર્ત્તતા હોઇએ એમ લાગ્યા વિના નહિ રહે.

શ્રી દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિમાં વિકથાનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે સ્ત્રીકથા, ભક્તકથા, રાજકથા, ચૌરકથા, જનપદ(દેશ)કથા, નટકથા, નર્ત્તકકથા, જલ્લકથા અને મુષ્ટિકકથા... વગેરે વિકથા છે. ચામડાના દોરડા (પટ્ટા) ઉપર ચઢીને રમનારને જલ્લ કહેવાય છે. મલ્લને મુષ્ટિક કહેવાય છે. આથી સમજી શકાશે કે વિકથાના આવા તો કેટલા ય પ્રકારો વર્ણવી શકાય છે. દિવસે દિવસે વિકથાના વિષયોમાં ખૂબ જ ઝડપથી વધારો થતો જાય છે. સ્વાધ્યાયમાં તીવ્ર રુચિ કેળવ્યા વિના વિકથાની કથામાંથી બહાર નીકળવાનું કોઇ પણ રીતે શક્ય નથી. આજે નહિ તો કાલે વિકથા ઉપર વિરામ મૂકવો જ પડશે. ॥૯-૨૦॥

કથા અને વિકથાનું નિરૂપણ કરીને હવે પ્રજ્ઞાપકને આશ્રયીને અકથાદિ સ્વરૂપે તે બને છે અર્થાત્ પ્રજ્ઞાપકને આશ્રયીને કથાઓ આશયવિશેષને લઈને અકથાદિ સ્વરૂપ બને છે, તે જણાવાય છે–

**प्रज्ञापकं समाश्रित्य, कथा एता अपि क्रमात् ।**
**अकथा विकथा वा स्युः, कथा वा भावभेदतः ।।९-२१।।**

प्रज्ञापकमिति–प्रज्ञापकं वक्तृपुरुषविशेषं समाश्रित्य एता उक्तलक्षणाः कथा अपि अकथा विकथाः कथा वा स्युः । भावभेदत आशयवैचित्र्यात् सम्यक्श्रुतादिवत् । तत एव पुरुषार्थप्रतिपत्त्यभावतद्विरोधतत्प्रतिपत्तिफलभेदात् । तदुक्तं–"एया चेव कहाओ पन्नवगपरूवगं समासज्ज । अकहा कहा व विकहा हविज्ज पुरिसंतरं पप्प ।।१।। अत्र प्रज्ञापकप्ररूपकमित्यत्र कर्मधारयाश्रयणादवबोधकप्ररूपको व्याख्यातो घरट्टभ्रमणकल्पश्च व्यवच्छिन्नो, द्वन्द्वाश्रयणे तु द्वित्वे बहुवचनापत्तिरित्यवधेयम् ।।९-२१।।

"કથા કહેનાર(પ્રજ્ઞાપક)ને આશ્રયીને આ કથાઓ પણ ક્રમે કરીને અકથા, વિકથા અને કથા સ્વરૂપે ભાવભેદથી બને છે." - આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો ભાવ એ છે કે, વક્તા પુરુષવિશેષને આશ્રયીને; પૂર્વે વર્ણવેલી તે કથાઓ આશયવિશેષના કારણે અકથાસ્વરૂપ અથવા વિકથાસ્વરૂપ અથવા કથાસ્વરૂપ બને છે. જેમ એક જ આચારાંગાદિ લોકોત્તરશ્રુત સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિથી પરિગૃહીત હોય તો તે અનુક્રમે સમ્યક્શ્રુત અને મિથ્યાશ્રુત રૂપે પરિણમે છે તેમ અહીં પણ પ્રજ્ઞાપકને આશ્રયીને ભાવ(આશય)વિશેષે તે કથાઓ અકથા, વિકથા અથવા કથા સ્વરૂપે પરિણમે છે. તેથી અનુક્રમે પુરુષાર્થ(ધર્માદિ)ની પ્રતિપત્તિ(સ્વીકાર)નો અભાવ; પુરુષાર્થનો વિરોધ અને પુરુષાર્થની પ્રતિપત્તિ સ્વરૂપ ફળ(કાર્ય) થાય છે. એ ફળના ભેદથી(વિશેષથી) તે કથાઓ અનુક્રમે અકથા, વિકથા અને કથા સ્વરૂપે થતી હોય છે. પુરુષાર્થની પ્રતિપત્તિનો અભાવ અકથાથી થાય છે. પુરુષાર્થનો વિરોધ વિકથાનું કાર્ય છે અને કથાનું કાર્ય પુરુષાર્થની પ્રતિપત્તિ છે. એ ફળવિશેષને આશ્રયીને કથાઓ અનુક્રમે અકથા, વિકથા અને કથા સ્વરૂપે પરિણમે છે. પ્રજ્ઞાપકના ભાવવિશેષે એ ફલવિશેષ છે.

શ્રી દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિમાં પ્રજ્ઞાપકને આશ્રયીને આ કથાઓમાં અકથાદિનું પ્રાધાન્ય હોય છે : તે જણાવતાં ફરમાવ્યું છે કે - પ્રરૂપક એવા પ્રજ્ઞાપકને આશ્રયીને શ્રોતાવિશેષને પામીને આ કથાઓ અકથા, વિકથા કે કથા સ્વરૂપ બને છે. આ ગાથામાં '**पन्नवगपरूवगं**' આવો પાઠ છે. ત્યાં પ્રજ્ઞાપક એવા પ્રરૂપક આવો અર્થ અભિપ્રેત છે. એ અર્થ કરવાથી અવબોધક એવા પ્રરૂપકનું ગ્રહણ થાય છે. ઘરેડ મુજબ બોલનાર વક્તાનો તેથી વ્યવચ્છેદ થાય છે. અરહટ્ટના ભ્રમણની જેમ સમજણ વગર ચીલાચાલુ બોલનાર પ્રરૂપકની અહીં વિવક્ષા નથી. સમજદાર અને અવસરાદિના જાણકાર એવા પ્રજ્ઞાપકપ્રરૂપકને આશ્રયીને શ્રોતાની વિશેષતાએ ઉપર જણાવેલી કથાઓ અકથાદિ બને છે. **पन्नवगपरूवगं** અહીં ઉપર જણાવ્યા મુજબ કર્મધારયસમાસની વિવક્ષા ન કરીએ અને 'પ્રજ્ઞાપક અને પ્રરૂપક' - આ પ્રમાણે દ્વન્દ્વસમાસની વિવક્ષા કરીએ તો દ્વિત્વના વિષયમાં બહુવચનના પ્રયોગનો પ્રસંગ આવશે. જેથી '**पन्नवगपरूवगे**' આવો પાઠ માનવાનો પ્રસંગ આવશે. આથી સમજી શકાશે કે પ્રરૂપક પ્રજ્ઞાપક હોવા જોઈએ. ધર્મકથાદિને કરનારા પ્રજ્ઞાપક ન હોય તો તેમના દ્વારા કરાતી કથાના કારણે ઈષ્ટનો લાભ નહિ થાય. ધર્માદિની પ્રાપ્તિ કરવી : એ કથાશ્રવણનું મુખ્ય પ્રયોજન છે. એ પ્રયોજનની સિદ્ધિ; કથાના પ્રરૂપક મહાત્માની કથાના શ્રવણને આધીન છે. પ્રરૂપક પ્રજ્ઞાપક ન હોય તો પરિણામ કેવું આવે તે આપણે સમજી શકીએ છીએ. વક્તાનો અવબોધ જ શ્રોતાને અવબોધનું કારણ બનતો હોય છે. શ્રોતા તો અબુધ હોય છે પરંતુ તેને અવબુદ્ધ બનાવવાનું કાર્ય; પ્રજ્ઞાપક પ્રરૂપક કરે છે. આ પ્રજ્ઞાપકને આશ્રયીને આશયભેદે કથાઓ અકથાદિ સ્વરૂપ બને છે. ॥૯-૨૧॥

પૂર્વે કથા અકથા બને છે... આ પ્રમાણે જણાવ્યું. ત્યાં અકથાનું સ્વરૂપ જણાવાય છે–

**मिथ्यात्वं वेदयन् ब्रूते, लिङ्गस्थो वा गृहस्थितः ।**
**यत् साऽकथाशयोद्भूतेः, श्रोतुर्वक्त्रनुसारतः ॥९-२२॥**

मिथ्यात्वमिति–मिथ्यात्वं वेदयन् विपाकेनानुभवन् । लिङ्गस्थो द्रव्यप्रव्रजितोऽङ्गारमर्दकादिप्रायो, गृहस्थितो वा कश्चिद्यद् ब्रूते साऽकथा । श्रोतुर्वक्त्रनुसारतो

वक्त्राशयानुगुण्येनैवाशयोद्भूते र्भावोत्पत्तेः प्रतिविशिष्टफलाभावात् । तदिदमुक्तं–“मिच्छत्तं वेयंतो जं अन्नाणी कहं परिकहेइ । लिंगत्थो व गिही वा सा अकहा देसिआ समए ॥१॥” ॥९-२२॥

“મિથ્યાત્વના ઉદયવાળો દ્રવ્યથી પ્રવ્રજ્યા ગ્રહણ કરનાર અથવા ગૃહસ્થ જે કહે છે તે અકથા છે. કારણ કે વક્તાના આશય મુજબ શ્રોતાને ભાવની પ્રાપ્તિ થાય છે.” - આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે વિપાક(રસ) વડે મિથ્યાત્વમોહનીયકર્મનો જે અનુભવ કરે છે તેવા દ્રવ્યથી જ પ્રવ્રજ્યાને ધારણ કરનારા અંગારમર્દકાદિ આચાર્ય જેવા અથવા ગૃહસ્થપણામાં રહેલા એવા કોઈ પણ જે કાંઈ બોલે છે તે અકથા છે. કારણ કે વક્તાનો જેવો આશય-ભાવ હોય તે મુજબ જ શ્રોતાને ભાવની ઉત્પત્તિ થતી હોય છે. અહીં વક્તા મિથ્યાત્વનું વિપાકથી વેદન કરતો હોવાથી શ્રોતાને તદનુરૂપ તેની જ પ્રાપ્તિ થતી હોય છે. પૂર્વે પણ શ્રોતા એનો અનુભવ કરતો હતો અને કથાશ્રવણ પછી પણ તેનો જ વિશેષે કરી અનુભવ કરવાનું થાય છે. તેથી પ્રતિવિશિષ્ટ (પૂર્વતન કરતાં વિલક્ષણ) ફળની પ્રાપ્તિ થતી નથી. કથાશ્રવણનું પ્રયોજન પ્રતિવિશિષ્ટ ફળને પામવાનું છે. એના અભાવમાં અહીં કથા, કથા રહેતી નથી. પરંતુ અકથાસ્વરૂપે પરિણમે છે.

એ વાતને જણાવતાં શ્રી દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિમાં (૩જું અધ્યયન ગાથા-૨૦૯) ફરમાવ્યું છે કે; “દ્રવ્યથી જ પ્રવ્રજ્યાને ધારણ કરનારા અથવા ગૃહસ્થ એવા અજ્ઞાની મિથ્યાત્વમોહનીયકર્મનો અનુભવ કરનારા જે કથાને કહે છે તે કથાને આગમમાં અકથા કહી છે.” અહીં કથા કહેનારને અજ્ઞાની તરીકે જે વર્ણવ્યા છે; તે તેમના મિથ્યાત્વમોહનીયકર્મના વેદન(વિપાકના અનુભવ)ના કારણે વર્ણવ્યા છે. જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી ગમે તેટલું (સાડા નવ પૂર્વ જેટલું પણ) જ્ઞાન મળે તોય તે વખતે મિથ્યાત્વમોહનીયકર્મનો ઉદય હોય તો જ્ઞાનને અજ્ઞાન કહેવાય છે અને એવા જ્ઞાનીને અજ્ઞાની કહેવાય છે. કારણ કે જ્ઞાનના ફળ સ્વરૂપે તેમને વિરતિ પ્રાપ્ત થતી નથી. જેનું જે ફળ છે; તેનાથી તે ફળ ન મળે તો તે વાસ્તવિક રીતે વસ્તુ નથી હોતી.

યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ મિથ્યાત્વમોહનીયકર્મના અનુભવને કરવાના કારણે તે તે આત્માને જો અજ્ઞાની કહેવાતા હોય તો ગાથામાં **मिच्छंतो**

**वेयंतो** આ પ્રમાણે પદ હોવાથી તેથી જ અજ્ઞાની અર્થ જણાય છે. આથી ગાથામાં **जं अन्नाणी** - આ પ્રમાણે **अन्नाणी** પદનું ગ્રહણ અનર્થક છે. કારણ કે જે મિથ્યાત્વનું વેદન કરે છે તે અજ્ઞાની જ હોય છે. મિથ્યાત્વીના ગ્રહણથી અજ્ઞાનીનું ગ્રહણ થઈ જ જાય છે. તેથી '**अन्नाणी**' આ પદનું કોઈ પ્રયોજન નથી. પરંતુ મિથ્યાત્વમોહનીયકર્મનું પ્રદેશથી વેદન કરનારા સમ્યગ્દૃષ્ટિ(ક્ષાયોપશમિક સમ્યક્ત્વવંત) આત્માઓ ઉપર જણાવ્યા મુજબ અજ્ઞાની હોતા નથી. મિથ્યાત્વનું વેદન કરનારા અજ્ઞાની જ હોય છે : આવો નિયમ નથી. તેથી '**अन्नाणी**' પદનું ગ્રહણ નિરર્થક નથી. વિપાકથી(રસ-અનુભાગથી) મિથ્યાત્વમોહનીયકર્મનું વેદન કરનારા નિયમે કરી અજ્ઞાની હોય છે. મિથ્યાત્વમોહનીયકર્મનાં શુદ્ધ દળિયાંનો અનુભવ કરનારા સમ્યગ્દૃષ્ટિ આત્માઓ અજ્ઞાની નથી, જેથી **अन्नाणी** આ પદથી સમ્યગ્દૃષ્ટિ આત્માઓનો સંગ્રહ થતો નથી... ઇત્યાદિ સમજી લેવું જોઈએ. ॥૯-૨૨॥

કથા કથાસ્વરૂપે જ્યારે બને છે ત્યારનું તેનું સ્વરૂપ વર્ણવાય છે—

**ज्ञानक्रियातपोयुक्ताः, सद्भावं कथयन्ति यत् ।**
**जगज्जीवहितं सेयं, कथा धीरैरुदाहृता ॥९-२३॥**

ज्ञानेति—ज्ञानक्रियातपोभिर्युक्ताः । सद्भावं परमार्थं यत् कथयन्ति जगज्जीवहितम् । सेयं धीरैः कथोदाहृता, निर्जराख्यफलसाधनाद्, वक्तुः श्रोतुश्च कुशलपरिणामोत्पादनाद्, अन्यथा तु तत्र भजनापि स्यादिति । तदिदमुक्तं—"तवसंजमगुणधारी जं चरणरया कहंति सब्भावं । सव्वजगज्जीवहिअं सा उ कहा देसिआ धम्मे ॥१॥" ॥९-२३॥

"જ્ઞાન, ક્રિયા અને તપથી યુક્ત એવા મહાત્માઓ જે જગતના જીવોને હિતકર એવા પરમાર્થને કહે છે તેને ધીર શ્રી તીર્થંકરપરમાત્માઓએ આ કથા તરીકે વર્ણવી છે." - આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે આ કથા કહેનારા મહાત્માઓ જ્ઞાન, ક્રિયા અને તપથી યુક્ત હોવા જોઈએ. શ્રોતાઓના હિત માટે કથાને કરનારા મહાત્માઓ માર્ગના જ્ઞાતા આચારસંપન્ન અને ઇચ્છાના નિરોધ સ્વરૂપ તપમાં નિરત હોય તો ધારણા મુજબ

તેઓ અનુગ્રહ કરી શકે છે. અજ્ઞાન ટળે, સંવર પ્રાપ્ત થાય અને નિર્જરાથી કર્મનો વિગમ થાય તો શ્રોતાઓનું એકાંતે હિત સિદ્ધ થયા વિના નહિ રહે.

આવા પરમાત્માઓ જગતના જીવોના હિતના કારણભૂત પરમાર્થને કહે છે. આ કથાને ધીર એવા શ્રી તીર્થંકરપરમાત્માદિએ કથા તરીકે વર્ણવી છે. કારણ કે એ કથાથી શ્રોતાને કુશલ પરિણામ ઉત્પન્ન થાય છે અને વક્તાને નિર્જરાસ્વરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. આવી કથાથી પણ જો શ્રોતાને એવા કુશલ પરિણામની પ્રાપ્તિ ન થાય તો શ્રોતા માટે તે કથા કથારૂપે પરિણમતી નથી. આથી સમજી શકાશે કે આ કથા કથાસ્વરૂપે બને છે અને નથી પણ બનતી. આ વાતને જણાવતાં શ્રી દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિમાં ફરમાવ્યું છે કે– "તપ-સંયમગુણને ધરનારા, ચારિત્રમાં પ્રતિબદ્ધ એવા મહાત્માઓ, સર્વજગતના જીવોના હિત સ્વરૂપ પરમાર્થને જે કહે છે; તેને આગમમાં કથા તરીકે વર્ણવી છે.

અહીં યાદ રાખવું જોઈએ કે શ્રી દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિની ગાથા નં. ૨૦૮માં **अकहा कहा य विकहा हविज्ज** - આ પ્રમાણે **अकथा, कथा** અને **विकथा** આવો ક્રમ છે. તેથી અહીં એ ક્રમે શ્લોક નં. ૨૨-૨૩ અને ૨૪થી એ રીતે વર્ણન કર્યું છે. અન્યથા શ્લોક નં. ૨૧માં જણાવેલા ક્રમે અકથાના નિરૂપણ પછી વિકથાનું નિરૂપણ કરવું જોઈએ. ॥૯-૨૩॥

કથા જ્યારે વિકથાસ્વરૂપ બને છે; ત્યારનું તેનું સ્વરૂપ વર્ણવાય છે–

**यः संयतः प्रमत्तस्तु, ब्रूते सा विकथा मता ।**
**कर्त्तृश्रोत्राशये तु स्याद्, भजना भेदमञ्चति ॥९-२४॥**

य इति–यः संयतः प्रमत्तः कषायादिवशगस्तु ब्रूते सा विकथा मता । तथाविधपरिणामनिबन्धनत्वात् । तदुक्तं–"जो संजओ पमत्तो रागद्दोसवसगो परिकहेइ । सा उ विकहा पवयणे पन्नत्ता धीरपुरिसेहिं ॥१॥" कर्तृश्रोत्राशये तु भेदमञ्चति सति भजना स्यात्, तं प्रति कथान्तरापत्तेः ॥९-२४॥

"જે સંયત મહાત્મા પ્રમત્ત થઈને કથાને કરે છે; તે કથાને વિકથા કહેવાય છે. કારણ કે તે કથાથી કર્ત્તા અને શ્રોતાને પુરુષાર્થપ્રતિપત્તિના વિરોધનો પરિણામ પ્રાપ્ત થાય છે. પરંતુ એ બંન્નેના આશયમાં વિશેષતા હોય તો શ્રોતાની અપેક્ષાએ તે કથા વિકથાસ્વરૂપ બનતી નથી. અર્થાત્ કથાના વિકથાસ્વરૂપમાં

ભજના(હોય પણ અને ન પણ હોય) થાય છે." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો સામાન્યાર્થ છે.

કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે સંયમી મહાત્માઓ જ્યારે કષાય - વિષય - નિદ્રાદિ પ્રમાદને પરવશ બની જે કહે છે તેને આગમમાં વિકથા તરીકે વર્ણવી છે. કારણ કે પ્રમાદને આધીન બની કરાયેલી કથા શ્રોતા અને વક્તાના પુરુષાર્થપ્રતિપત્તિના વિરોધી પરિણામનું કારણ બને છે. વિકથાનું અને પ્રમાદવશ કરાયેલી કથાનું કાર્ય એક જ હોવાથી તેવી કથાને વિકથા તરીકે વર્ણવી છે. શ્રી દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિમાં એ વિષયમાં ફરમાવ્યું છે કે, "રાગ અને દ્વેષને વશ બનેલો પ્રમત્ત એવો સંયત (મધ્યસ્થ નહીં, રાગદ્વેષને આધીન બનેલો) જે કહે છે તેને પ્રવચન(આગમ)માં શ્રી તીર્થંકરપરમાત્માદિ ધીર પુરુષોએ વિકથા તરીકે વર્ણવી છે."

કષાયાદિ પરવશ બની કથા કહેનારના આશયના કારણે શ્રોતાને પણ તેના જેવો જ ભાવ આવવાથી એ કથા બંન્ને માટે વિકથાસ્વરૂપ પરિણમે છે. પરંતુ યોગ્યતાવિશેષના કારણે શ્રોતાને પુરુષાર્થપ્રતિપત્તિનો પરિણામ પ્રાપ્ત થાય તો શ્રોતાને આશ્રયીને એ કથા કથાંતર બને છે. આ રીતે વિકથાના સ્વરૂપના વિષયમાં ભજના છે. આશયવિશેષે અકથા, કથા અને વિકથાનું સ્વરૂપ સમજવું જોઈએ. યોગ્ય વક્તા અને શ્રોતાને આશ્રયીને કથાનું સ્વરૂપ કથાસ્વરૂપે રહે છે. અન્યથા તે અકથાદિસ્વરૂપે પરિણમે છે. ॥૯-૨૪॥

પૂ. શ્રમણભગવંતોએ જેવી કથા કરવી ના જોઈએ - તે જણાવાય છે–

**सन्धुक्षयन्ती मदनं, शृङ्गारोक्तैरुदर्चिषम् ।**
**कथनीया कथा नैव, साधुना सिद्धिमिच्छता ।।९-२५।।**

"શૃંગારરસનાં વચનોથી ઉદ્દીપ્ત (જાજ્વલ્યમાન) એવા કામને જે કથાઓ ઉત્તેજિત કરે છે તેવી કથા; સિદ્ધિને ઇચ્છતા એવા પૂ. સાધુભગવંતે કહેવી નહિ." - આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે સામાન્ય રીતે મોહનીયકર્મના પ્રબળ ઉદયથી વિષયસેવનની ઇચ્છા સ્વરૂપ કામ ઉદ્દીપ્ત હોય છે. અગ્નિ - જેવા કામના વિકારો જ્વાળાઓની જેમ પ્રગટપણે જણાય છે. શૃંગાર-રસનાં પોષક એવાં વચનોથી જે કથાઓ એ કામને

પ્રજ્વલિત કરે છે, એવી કથા સિદ્ધિને ઇચ્છતા એવા પૂ. સાધુમહાત્માએ નહિ કરવી જોઇએ.

અનાદિ-અનંત આ સંસારમાં આપણને સિદ્ધિ મળી નથી; એનું કારણ વિષયની આસક્તિ છે. સિદ્ધિની પ્રતિબંધક એ આસક્તિનો કોઇ પણ રીતે સર્વથા નાશ ન થાય ત્યાં સુધી સિદ્ધિની પ્રાપ્તિ શક્ય નથી. વિષયની આસક્તિ વધે એવી કોઇ પણ પ્રવૃત્તિથી મોહનીયકર્મ ગાઢ રીતે બંધાય છે. કથા કહેનારા પૂ. શ્રમણભગવંત સ્વપરની સિદ્ધિને ઇચ્છતા હોવાથી સ્વપરસિદ્ધિનો બાધ કરનારી કથા તેઓશ્રીએ નહીં કહેવી જોઇએ. મુખ્યપણે શ્રોતાની વિષયની પરિણતિ મંદ પડે અને સર્વથા નષ્ટ થાય... ઇત્યાદિ આશયથી કથા કરવા માટે વક્તા પ્રયત્નશીલ બને છે. ત્યારે વક્તાએ એટલો તો ઉપયોગ રાખવો જોઇએ કે પોતે કહેલી કથાને સાંભળીને શ્રોતાને મોહનો ઉદય થાય નહિ. શ્રોતાના મોહના ઉદયને શમાવવો એ કથાની સિદ્ધિ છે. આવી સિદ્ધિને ઇચ્છતા એવા શ્રમણભગવંતે મોહનું ઉદ્દીપન કરનારા એવા શૃંગારરસનાં પોષક વચનોથી કથા નહિ કરવી જોઇએ - કારણ કે તેનાથી શ્રોતાને અકુશલ ભાવની પ્રાપ્તિ થતી હોય છે. ॥૯-૨૫॥

હવે વક્તાએ કેવી કથા કરવી જોઇએ તે જણાવાય છે–

**तपोनियमसारा तु, कथनीया विपश्चिता ।**
**संवेदं वाऽपि निर्वेदं, यां श्रुत्वा मनुजो व्रजेत् ।।९-२६।।**

"બુદ્ધિમાન વક્તાએ તપ અને નિયમ સારભૂત જેમાં છે; તેવી કથા કરવી જોઇએ, જે સાંભળીને મનુષ્ય સંવેદ અને નિર્વેદને પ્રાપ્ત કરે." - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. વિદ્વાન એવા વક્તાએ અનશનાદિ બાહ્ય તપ અને પ્રાયશ્ચિત્તાદિ આભ્યંતર તપનું મુખ્યપણે વર્ણન જેમાં થાય તેવી કથા કરવી જોઇએ. કર્મની નિર્જરા માટે તપ પ્રધાનતમ સાધન છે. વર્તમાનમાં કર્મબંધ ન થાય તોપણ ભૂતકાળમાં બાંધેલાં કર્મની નિર્જરા થાય નહિ તો આત્માને મોક્ષની પ્રાપ્તિ નહીં થાય. બાર પ્રકારના તપથી આઠ કર્મની નિર્જરા થાય છે. પ્રાણાતિપાત, મૃષાવાદ વગેરે પાંચ આશ્રવોથી વિરામ પામવું; મનઃશુદ્ધ્યાદિ સ્વરૂપ શૌચ, સંતોષ વગેરે સ્વરૂપ નિયમ છે. કર્મબંધનો

પ્રતિબંધ કરવા માટે નિયમોનું પાલન અનિવાર્ય છે... ઇત્યાદિ રીતે તપ અને નિયમની પ્રધાનતાએ વિદ્વાન મહાત્માએ કથા કરવી જોઇએ.

તે કથાના ઉપયોગપૂર્વક શ્રવણથી શ્રોતાને સંવેગ (સંવેદ) અને નિર્વેદની પ્રાપ્તિ થાય છે. યોગ્ય શ્રોતાને સંવેગ(મોક્ષની અભિલાષા) અને નિર્વેદ(સંસાર ઉપરનો કંટાળો)ની પ્રાપ્તિ માટે વિદ્વાન વક્તા દ્વારા કરાતી કથા પ્રબળ કારણ બને છે. કારણ કે શ્રી દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિમાં જણાવ્યા મુજબ આ કથા વિરાગપૂર્ણ હોય છે. આ લોકસંબંધી કે પરલોકસંબંધી કોઇ પણ જાતિના ફળની આશંસા સ્વરૂપ નિદાન(નિયાણા)થી રહિત હોય છે. વિરાગસહિત કથાના શ્રવણથી શ્રોતાને સંવેદ અને નિર્વેદનું કારણ આ કથા બને - એ સમજી શકાય છે. આ કાળમાં આવા વિદ્વાન કથા કરનારનો સદ્‌યોગ પ્રાપ્ત થવો : એ એક અદ્‌ભુત યોગ છે. ॥૯-૨૬॥

કથા કઇ રીતે કરવી તે જણાવાય છે–

**महार्थापि कथाऽकथ्या, परिक्लेशेन धीमता ।**
**अर्थं हन्ति प्रपञ्चो हि, पीठक्ष्मामिव पादपः ॥९-२७॥**

"બુદ્ધિમાન વક્તાએ પરિક્લેશ વડે મહાન અર્થવાળી પણ કથા કહેવી નહિ. કારણ કે વૃક્ષ જેમ પોતાની પીઠિકાની ભૂમિને પોતાના વિસ્તારથી ભેદી નાંખે છે તેમ કથાનો વિસ્તાર પરિક્લેશના કારણે અર્થને હણે છે." આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે અર્થથી મહાન એવી કથા પણ બુદ્ધિમાન એવા વક્તાએ એવી રીતે વિસ્તારથી કહેવી ના જોઇએ કે જેથી પોતાને અને શ્રોતાને પરિક્લેશ પ્રાપ્ત થાય. કથાના શ્રવણ વખતે શ્રોતાને સંક્લેશ થાય તો તે કથાનો અર્થ; શ્રોતા સમજી શકતો નથી. જેથી કહેવાની વાત જ મરી જાય છે. વાત કહેતા વક્તાને ક્લેશ થાય અને તે સમજતા શ્રોતાને ક્લેશ થાય એવી રીતે વાત કરવાનો કોઇ જ અર્થ નથી.

શ્રી દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિમાં આ વિષયને અનુલક્ષી ફરમાવ્યું છે કે મહાર્થવાળી પણ કથા બહુપરિક્લેશ ન થાય તે રીતે કહેવી. અર્થાત્ અત્યંત વિસ્તારપૂર્વક કહીને અર્થ ગહન બનવાથી પરિક્લેશ થાય તે રીતે કથા ન કહેવી. કારણ કે અત્યંત વિસ્તારથી કથા કરવાના કારણે તે ભાવાર્થનો નાશ કરનારી

બને છે. તેથી બુદ્ધિમાન વક્તાએ મહાન અર્થવાળી પણ કથા અત્યંત વિસ્તારથી કહેવી નહિ. ॥૯-૨૭॥

કોઇ વાર વિસ્તારથી પણ કથા કરવામાં દોષ નથી - તે જણાવાય છે—

**प्रपञ्चितज्ञशिष्यस्यानुरोधे सोऽप्यदोषकृत् ।**
**सूत्रार्थादिक्रमेणातोऽनुयोगस्त्रिविधः स्मृतः ॥९-२८॥**

"વિસ્તારથી કહેલા અર્થને સમજી શકે એવા શિષ્યનો અનુરોધ હોતે છતે કથાસંબંધી પ્રપઞ્ચ પણ દોષનું કારણ નથી. આથી જ સૂત્રાર્થાદિના ક્રમે અનુયોગ ત્રણ પ્રકારનો વર્ણવાય છે." - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે. એનો ભાવાર્થ એ છે કે આ પૂર્વે જણાવ્યા મુજબ મહાન અર્થવાળી પણ કથા પરિક્લેશ ન થાય એ રીતે અત્યંત વિસ્તારથી ન કહેવી - તે જણાવ્યું છે. પરંતુ અત્યંત વિસ્તારથી જણાવેલા અર્થને ગ્રહણ કરવા શિષ્ય જો યોગ્ય હોય તો શિષ્યના અનુરોધ(આગ્રહપૂર્ણ ઇચ્છા)થી એવી કથા કરવામાં કોઇ દોષ નથી. કથાનો પ્રપઞ્ચ - વિસ્તાર એકાંતે દુષ્ટ નથી. કથઞ્ચિદ્, એવા(વિસ્તારરુચિ) શિષ્યના અનુરોધથી અત્યંત વિસ્તારથી કથા કરવામાં કોઇ દોષ નથી.

તેથી જ અનુયોગના ત્રણ પ્રકાર વર્ણવ્યા છે. સામાન્ય રીતે સૂત્રના અર્થનું વર્ણન કરવું : તેને અનુયોગ કહેવાય છે. સૌથી પ્રથમ સૂત્રના અનુસારે અર્થ જણાવવા સ્વરૂપ સૂત્રાર્થાનુયોગ નામનો પ્રથમ અનુયોગ છે. ત્યાર પછી સૂત્રની નિર્યુક્તિના અર્થ સાથે સૂત્રનો અર્થ જણાવવા સ્વરૂપ નિર્યુક્તિમિશ્રિત સૂત્રાર્થાનુયોગ - એ દ્વિતીય અનુયોગ છે અને ત્યાર બાદ ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા વગેરેને આશ્રયીને થતા સમગ્ર અર્થની સાથે સૂત્રનો અર્થ જણાવવા સ્વરૂપ સમગ્ર (નિરવશેષ) સૂત્રાર્થાનુયોગ : આ ત્રીજો અનુયોગ છે. જો પૂર્વે જણાવ્યા મુજબ અત્યંત વિસ્તારથી કથા કરવાની જ ન હોય તો આ રીતે વર્ણવેલા અનુયોગના ભેદો અકિઞ્ચિત્કર થશે. તેથી સમજી શકાશે કે શ્રોતા-શિષ્યની રુચિ વગેરેને આશ્રયીને અત્યંત વિસ્તારથી પણ કથા કરવામાં કોઇ દોષ નથી. શ્રોતાની રુચિ અને ક્ષમતાદિને જોયા વિના કરાયેલો કથાપ્રપઞ્ચ દોષાધાયક છે. ॥૯-૨૮॥

કથા કરનારની પટુતાદિનું વર્ણન કરવા દ્વારા કથા કરવા સંબંધી વિધિને જણાવાય છે—

**विध्युद्यमभयोत्सर्गापवादोभयवर्णकैः ।**
**कथयन्न पटुः सूत्रमपरिच्छिद्य केवलम् ॥९-२९॥**

"વિધિ, ઉદ્યમ, ભય, ઉત્સર્ગ, અપવાદ, તદુભય અને વર્ણક... ઇત્યાદિ સ્વરૂપે સૂત્રને જાણ્યા વિના માત્ર જે કથા કરે છે તે પટુ (નિપુણ) નથી." - આ પ્રમાણે ઓગણત્રીશમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે વિધિ, ઉદ્યમ, ભય અને ઉત્સર્ગ... વગેરે સંબંધી સૂત્રના વિભાગને જાણીને તે દ્વારા તે તે સૂત્રને અનુલક્ષી કથા કરનાર ખરેખર જ પટુ છે. અર્થાત્ વિધિ વગેરેનો ખ્યાલ રાખી તે તે સંબંધી સૂત્રની કથા વક્તાએ કરવી જોઇએ. એવો કોઇ ખ્યાલ રાખ્યા વિના સૂત્રનો પરિચ્છેદ ન કરતાં કથાને કરનાર પટુ (હોશિયાર) નથી.

વિધિસૂત્ર, ઉદ્યમસૂત્ર, ભયસૂત્ર, ઉત્સર્ગસૂત્ર, અપવાદસૂત્ર, ઉભય(તદુભય)સૂત્ર અને વર્ણકસૂત્ર... વગેરે પ્રકારે સૂત્રો અનેક પ્રકારનાં છે. શ્રી તીર્થંકરપરમાત્માએ ઉપદેશેલાં તે તે અનુષ્ઠાનો કઇ રીતે કરવાં જોઇએ તે જણાવનારાં વિધિસૂત્રો છે. '**संपत्ते भिक्खकालंमि** (શ્રી દશવૈકાલિક સૂત્ર, અ.-૫)...' ઇત્યાદિ સૂત્રો વિધિસૂત્રો છે. 'ભિક્ષાનો કાળ પ્રાપ્ત થાય ત્યારે મુનિભગવંતે સંભ્રાંતિરહિત અને મૂર્ચ્છારહિત થઇને આ ક્રમના યોગ વડે ભાતપાણીની ગવેષણા કરવી' ઇત્યાદિ જણાવીને તે તે સૂત્રોમાં પિંડાદિગ્રહણ વગેરેનો વિધિ જણાવ્યો છે.

'રંગનો સમૂહ જતો રહી પીળાં પડી ગયેલાં વૃક્ષોનાં પાંદડાં જેમ પડી જાય છે તેમ મનુષ્યનું જીવન ક્ષણિક છે. માટે હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ કરવો યોગ્ય નથી.'... ઇત્યાદિ અર્થને જણાવનારાં **दुमपत्तएपंडुए** (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અ.-૧૦)... ઇત્યાદિ સૂત્રો ઉદ્યમ સૂત્રો છે. તે ઉદ્યમ કરવાનું જણાવે છે. નરકને વિશે માંસ, લોહી વગેરેનું જે જે સૂત્રોથી વર્ણન કરવામાં આવ્યું છે, તે નરકાદિનો ભય દેખાડવા માટે પ્રસિદ્ધ વસ્તુને લઇને જ કરવામાં આવ્યું છે. ખરી રીતે તો વૈક્રિયશરીરોમાં તે હોતાં નથી. તેમ જ દુઃખના વિપાકોનું જે વર્ણન કરાય છે તે તે વર્ણનો; ભય પેદા કરાવીને પાપની નિવૃત્તિ કરાવવા માટે છે. એવાં વર્ણનોવાળાં વિપાકસૂત્રાદિ ભયસૂત્રો છે.

'ઇત્યાદિ છ જીવનિકાયનો સ્વયં દંડ ન આરંભે...' ઇત્યાદિ અર્થને જણાવનારાં '**इच्चेसिं छण्हं जीवनिकायाणं** (શ્રી દશવૈકાલિક સૂત્ર, અ.-૪)...' ઇત્યાદિ ઉત્સર્ગસૂત્રો છે. 'ગુણથી અધિક અથવા સમાન એવો નિપુણ સહાયક ન મળે તો પાપકર્મનો ત્યાગ કરી તેમ જ કામભોગની આસક્તિનો ત્યાગ કરી એકલો પણ વિચરે'... ઇત્યાદિ અર્થને જણાવનારાં '**न या लभिज्जा निउणं**... (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અ.-૩૨)' ઇત્યાદિ તેમ જ છેદગ્રંથોનાં સૂત્રો અપવાદસૂત્રો છે. અપવાદ અને ઉત્સર્ગ જેમાં એક સાથે વર્ણવેલા હોય તે તદુભય (ઉત્સર્ગાપવાદ) સૂત્રો છે. ''આર્ત્તધ્યાન થતું ન હોય તો સમ્યક્ પ્રકારે રોગ સહન કરવો; પરંતુ આર્ત્તધ્યાન થતું હોય તો વિધિપૂર્વક રોગનો પ્રતિકાર કરવા પ્રયત્નશીલ બનવું... ઇત્યાદિ અર્થને જણાવનારા '**अट्टझाणाभावे संम्मं अहियासियव्वओ वाही**'... વગેરે સૂત્રો તદુભયસૂત્રો છે. તેમ જ જ્ઞાતાધર્મકથાદિનાં સૂત્રો વર્ણકસૂત્રો છે. તેમાં મહાપુરુષોનાં જીવનચરિત્રો અને નગર વગેરેનાં વર્ણન કરાયેલાં હોવાથી તે વર્ણકસૂત્રો છે. આવી જ રીતે સ્વસમય-પરસમય; વ્યવહાર-નિશ્ચય અને જ્ઞાન, ક્રિયા વગેરેનું વર્ણન કરનારાં અનેક પ્રકારનાં સૂત્રો છે. તે તે પ્રકારે તે તે સૂત્રોના વિષયવિભાગને સમજ્યા વિના જેઓ નિરૂપણ કર્યે રાખે છે તેઓ પટુ (નિપુણ) નથી હોતા. જેઓ ઉપર જણાવ્યા મુજબ વિધ્યાદિસૂત્રોના વિષય-વિભાગને સમજીને કથા કરે છે; તેઓ પટુ છે. ॥૯-૨૯॥

ઉપર જણાવ્યા મુજબ વિધ્યાદિ સૂત્રોના વિષય-વિભાગને જાણ્યા વિના કથા કરવાથી જે વિપરીત ફળની પ્રાપ્તિ થાય છે - તે જણાવવાપૂર્વક કથાના વિષયમાં અધિકારી જણાવાય છે–

**एवं ह्येकान्तबुद्धिः स्यात्, सा च सम्यक्त्वघातिनी ।**
**विभज्यवादिनो युक्ता, कथायामधिकारिता ॥९-३०॥**

''આ પ્રમાણે વિધિ, ઉદ્યમ અને ભય વગેરે સૂત્રોનો પરિચ્છેદ કર્યા વિના દેશના આપવાથી એકાંતબુદ્ધિ ઉત્પન્ન થાય છે અને તે સમ્યક્ત્વનો ઘાત કરનારી બને છે. તેથી વિધ્યાદિસૂત્રના વિષયનો વિભાગ કરીને અનેકાંતવાદ(સ્યાદ્વાદ)ને જાણનારામાં કથા કરવાની અધિકારિતા (યોગ્યતા) ઉચિત છે.'' આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે જ્ઞાનાવરણીયાદિ કર્મના પ્રબળ

ઉદયથી કથા કરનારાને જ્યારે તે તે સૂત્રના વિધિ, ઉદ્યમ અને ભય વગેરે વિષયોના વિભાગનું જ્ઞાન નથી રહેતું ત્યારે મૂઢની જેમ એકાદ વસ્તુને પકડીને કથા કરવાનું ચાલુ રાખે છે, જેથી સૂત્રકાર પરમર્ષિના આશયને સમજવાનું બનતું નથી.

જમાલિ વગેરે નિહ્નવો આ વિષયમાં સુપ્રસિદ્ધ દૃષ્ટાંતો છે. સમ્યગ્જ્ઞાનાદિને પ્રાપ્ત કર્યા પછી પણ શાસ્ત્રકાર પરમર્ષિઓની અપેક્ષા સમજી ન શકવાદિના કારણે તેઓની કથા એકાંતબુદ્ધિનું જ કારણ બની; જેથી પોતાના સમ્યક્ત્વગુણનો તો ઘાત થયો જ, પરંતુ કંઇ-કેટલાય ભવ્યાત્માઓના સમ્યક્ત્વાદિ ગુણોનો તેનાથી ઘાત કરવામાં તે કથા કારણ બની. તેથી એવા વાદીઓને કથા કરવાનો અધિકાર અપાયો નથી. અનધિકૃતપણે કરાતી કથા સ્વ-પરના સમ્યક્ત્વાદિ ગુણોનો ઘાત કરનારી છે - એનો ખ્યાલ રાખી વક્તા અને શ્રોતાએ કથા કરવામાં અને શ્રવણમાં પ્રવૃત્ત થવું જોઇએ. અન્યથા સમ્યક્ત્વાદિ ગુણોનો ઘાત થયા વિના નહીં રહે.

આથી સ્પષ્ટ રીતે સમજાશે કે કથા કહેવાની યોગ્યતા બધામાં નથી મનાતી. વિધ્યાદિ સૂત્રના વિષયનો વિભાગ કરીને સ્યાદ્વાદને આશ્રયીને જે મહાત્મા કથા કરી શકે; તેઓશ્રીમાં તેવી યોગ્યતા મનાય છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઇએ. આ ધર્મકથાની પ્રવૃત્તિ; સમ્યક્ત્વાદિ ગુણોની પ્રાપ્તિ માટે વિહિત છે. જે કથા સમ્યક્ત્વાદિ ગુણોનો ઘાત કરનારી બને તે કથાને કરનારા ખરેખર જ કથા કહેવા માટેની અધિકારિતા(યોગ્યતા)ને ધારણ કરનારા નથી. અનધિકારી લોકો ઉત્તમોત્તમ વસ્તુના મહત્ત્વને ઘણી જ હાનિ પહોંચાડે છે. તેથી ખૂબ જ અપ્રમત્ત બની એવા અનધિકારી વક્તાઓથી આપણે દૂર રહી; અધિકારી કથા કરનારા આપણી ઉપર અનુગ્રહ કરી શકે એવી યોગ્યતા પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બની રહેવું જોઇએ. ॥૯-૩૦॥

અધિકૃત ધર્મકથા કરનારાની સ્તવના કરાય છે–

**विधिना कथयन् धर्मं, हीनोऽपि श्रुतदीपनात् ।**
**वरं न तु क्रियास्थोऽपि, मूढो धर्माध्वतस्करः ॥९-३१॥**

"વિધિપૂર્વક ધર્મકથાને કરનાર શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરાવતો હોવાથી ક્રિયાથી હીન હોય તોપણ સારું છે. પરંતુ ક્રિયાનિષ્ઠ હોવા છતાં મૂઢ એવો ધર્મમાર્ગનો ચોર હોય તો સારું નથી." - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું

તાત્પર્ય એ છે કે સામાન્યથી કથા કરનાર ક્રિયાવાન હોય અને તે વિધિપૂર્વક કથા કરે તો શ્રોતાના શ્રુતજ્ઞાનને તે દેદીપ્યમાન કરે છે. પરંતુ તે ક્રિયાનિષ્ઠ ન હોય તોપણ વિધિપૂર્વક કથા કરવાથી શ્રોતાના શ્રુતજ્ઞાનને ઉજ્જ્વળ બનાવે છે. શ્રોતાના શ્રુતજ્ઞાનને દેદીપ્યમાન બનાવવાનું સામર્થ્ય કથા કરવાની વિધિમાં છે. વિધિપૂર્વકની કથાના કારણે બાલાદિ જીવોને સ્વસ્વપ્રાયોગ્ય દેશનાશ્રવણથી અપેક્ષિત શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય છે. શ્રી ષોડશકપ્રકરણાદિમાં વર્ણવેલ દેશનાવિધિથી કથા કરવામાં આવે તો ચોક્કસ જ શ્રોતાના ઉપકારનું તે કારણ બને છે. અન્યથા શ્રોતાની યોગ્યતાદિનો વિચાર કર્યા વિના અવિધિપૂર્વક કરાયેલી તે તે કથા પરસ્થાનદેશનાસ્વરૂપ બને છે અને તેથી શ્રોતાને મહાન અપાયનું કારણ બને છે.

આવી દેશના આપનારા ખરેખર તો મૂઢ છે. ધર્મસ્વરૂપ માર્ગના તેઓ ચોર છે. આવા લોકો ગમે તેટલી ઉત્તમોત્તમ ક્રિયામાં સ્થિત હોય તોપણ તે સારા નથી. પોતાની મૂઢતાના કારણે બીજાને મૂઢ બનાવવાની તેમની પ્રવૃત્તિ સારી મનાતી નથી. ક્રિયામાં રહેલા હોવા છતાં તેઓ માર્ગસ્થ ન હોવાથી તેમને સારા નથી માન્યા... ઇત્યાદિ સમજી શકાય છે. ॥૯-૩૧॥

પ્રકરણાર્થનો ઉપસંહાર કરાય છે–

**इत्थं व्युत्पत्तिमात्रायां, कथयन् पण्डितः कथाम् ।**
**स्वसामर्थ्यानुसारेण, परमानन्दमश्नुते ॥९-३२॥**

सन्धुक्षयन्तीत्याद्यारभ्याष्टश्लोकी प्रायः सुगमा विधिसूत्रादिविवेकश्चान्यत्र प्रपञ्चित इति ॥९-३२॥

"પોતાનું જેટલું જ્ઞાન છે એટલા પ્રમાણમાં પોતાના સામર્થ્યને અનુસાર પંડિત આત્મા કથાને કરતાં પરમાનંદને પ્રાપ્ત કરે છે." - આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે બુદ્ધિમાન વક્તાને કથા કહેવાનો અધિકાર છે. એ બુદ્ધિમાને પણ જેટલા પ્રમાણમાં પોતાને શ્રુતજ્ઞાન મળ્યું હોય તેટલા પ્રમાણમાં જ કથા કરવી જોઇએ. જે વિષયમાં એવું જ્ઞાન મળ્યું ન હોય તો તે વિષયને આશ્રયીને કથા નહિ કરવી જોઇએ. વ્યાકરણ, ન્યાયાદિ-દર્શનશાસ્ત્ર, સાહિત્ય, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, કર્મગ્રંથો, પ્રકરણો, ચરિત્રો, આગમ અને અન્ય દર્શનોના આચારગ્રંથો ઇત્યાદિ અનેકાનેક વિષયોનું જેટલા પ્રમાણમાં જ્ઞાન

હોય તેને અનુસરીને તે તે વિષયને અનુલક્ષીને ધર્મકથા કરવી જોઇએ. શ્રોતાઓ ઉપર પ્રભાવ પાડવા માટે આજે જે વિષયની જાણકારી નથી તે વિષયને અનુલક્ષીને ઘણી વાર કથા કરવાનું સાહસ કેટલાક વક્તાઓ કરે છે, તેવું ના કરવું.

જે વિષયમાં જાણકારી હોય તે વિષયમાં પણ પોતાની નિરૂપણ કરવાની શક્તિનો વિચાર કરીને ધર્મકથા કરવી જોઇએ. શ્રુતના પરમાર્થ સુધી પહોંચવા માટે મતિજ્ઞાનનો વિશિષ્ટ ક્ષયોપશમ અપેક્ષિત છે. શ્રુતજ્ઞાનનું અક્ષરની દૃષ્ટિએ સામ્ય હોવા છતાં મતિજ્ઞાનના ક્ષયોપશમના કારણે શ્રુતાર્થજ્ઞાનમાં તરતમતા હોય છે. અસાધારણ વિદ્વત્તા અને અદ્ભુત પ્રતિભા : એ બંન્નેમાં ઘણું અંતર છે. ઉપકાર માટે પ્રતિભા આવશ્યક છે, જે મતિજ્ઞાનના ક્ષયોપશમવિશેષથી પ્રાપ્ત થાય છે. અહીં 'સ્વસામર્થ્ય' સ્વરૂપે તેનું વર્ણન છે. કેટલીક વાર સારા વિદ્વાનો, પદાર્થનું નિરૂપણ કરતાં કરતાં ખૂબ વિસ્તાર કરી પોતે જ ગૂંચવાઇ જતા હોય છે. એમાં મુખ્યપણે પ્રતિભાનો અભાવ કારણ બને છે. આવા સંયોગોમાં કથા કરનારા કથાથી અનુગ્રહ કરી શકતા નથી. તેથી બુદ્ધિમાન વક્તાએ પોતાના જ્ઞાનના પ્રમાણમાં સ્વસામર્થ્યને અનુસરીને ધર્મકથા કરવી જોઇએ. આવી રીતે ધર્મકથાને કહેનારા બુદ્ધિમાન ધર્મદેશકો પરમાનંદસ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરનારા બને છે. શ્રી તીર્થંકરપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ કરાતી કોઇ પણ પ્રવૃત્તિ મોક્ષનું કારણ છે. પરમતારક શ્રી વીતરાગપરમાત્માના શાસનની પ્રભાવનાને કરનારી આ ધર્મકથાથી મોક્ષની પ્રાપ્તિ થાય - એ સમજી શકાય છે.

અંતે ઉપર જણાવ્યા મુજબ વિધ્યાદિસૂત્રના વિષય-વિભાગનો પરિચ્છેદ કરી ધર્મકથા કરનારા પૂ. ગુરુદેવશ્રીની પાસે વિધિપૂર્વક કથાનું પુણ્યશ્રવણ કરી આપણે સૌ પરમાનંદસ્વરૂપ મોક્ષ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા. ॥૯-૩૨॥

**॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां कथाद्वात्रिंशिका ॥**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**

Tejas Printers
AHMEDABAD M. 98253 47620